છેલ્લા ૩૪ વર્ષથી દર મહિનાની
૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું
"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર
**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**
અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
સૂરજલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)

**વિવિધ વિભાગો**
**વલોવતન**
પોપટલાલ નેણશી ઘરોડ (૦૭૯-૨૭૪૮૫૮૧૨)
**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)
**શબ્દ રમત**
સૂરજલાલ મોતીલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)
**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**
ચંદ્રા મહેન્દ્ર શાહ

**ભારતમાં લવાજમ**

| | | |
|---|---|---|
| ૧ વર્ષના | : | રૂા. ૧૫૦/- |
| ૩ વર્ષના | : | રૂા. ૪૦૦/- |
| ૫ વર્ષના | : | રૂા. ૬૦૦/- |
| આજીવન (૧૫ વર્ષના) | : | રૂા. ૧,૫૦૦/- |

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નામનો ચેક (**Payable at AHMEDABAD**) / ડ્રાફ્ટ મોકલવા વિનંતી.

**મુંબઈમાં લવાજમ/જાહેરાત સ્વીકારવાના સ્થળો**

૧. **રમણભાઈ એન. શેઠિયા**
વીરા શોપિંગ સેન્ટર, ત્રીજે માળે,
સ્ટેશનની સામે, ડોંબીવલી (ઇસ્ટ),
મહારાષ્ટ્ર-૪૨૧ ૨૦૧.
ફોન : ૦૨૫૧-૨૮૬૧૧૬૧

૨. **શેઠિયા ટુર્સ**
૨૫-ડી, ગ્રાઉન્ડ ફ્લોર,
કેશવજી નાયક રોડ, ફુવારાની સામે,
ભાતબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯.
ફોન : ૦૨૨-૨૩૭૭૩૬૬૩

૩. **રશ્મિન્ ખોના**
સી-૧૩, ઇન્દ્રદીપ સોસાયટી,
એલ.બી.એસ. રોડ,
ઘાટકોપર (વેસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૮૬.
ફોન : ૦૨૨-૨૫૧૧૭૯૩૦

# અનુક્રમણિકા

*લેખ* *લેખક* *પાના નં.*

- તંત્રી લેખ : શ્રી મુકેશભાઈ ઝવેરીની નર્મદા નિગમના ડાયરેક્ટર તરીકે નિમણૂક... અશોક મહેતા ........ ૫

*લેખ વિભાગ* :

## મેરા ભારત મહાન!

- ટ્રસ્ટી બને છે, રુશવત - કલંક - શિરોમણિ (પ્રકરણ-૧) ... વિશ્લેષણ અહેવાલ : પ્રવીણચંદ્ર શાહ ...... ૧૧
- **RTI** મારફત મળેલી માહિતી ........ પ્રેષક : શાંતિલાલ સંઘવી ...... ૧૫
- ભૂકંપના કૌભાંડો અને કૌભાંડોનો ભૂકંપ – (૫) ........ પ્રવીણચંદ્ર શાહ ...... ૧૭
- સંશોધન લેખશ્રેણી : લેખાંક-૮
  હજારો વિસ્થાપિતોના પુનઃવસનની જૈસી-તૈસી! ........ પ્રવીણચંદ્ર શાહ ...... ૨૩

## કચ્છ

- કચ્છમાં જૈન સંસ્કૃતિ : એક દૃષ્ટિપાત (પ્રકરણ-૯) ........ ડૉ. નીતા ઠાકર ...... ૨૫
- ઝારાનો ભીષણ સંગ્રામ : વિધિની વક્રતા (પ્રકરણ-૧૨) ........ ઠાકરશી પુરુષોત્તમ કંસારા ...... ૨૭

## ધર્મ

- આધ્યાત્મિક્તા, દેશહિત, જૈન વિચાર દર્શનના અનન્ય
  જ્ઞાની માર્ગદર્શકનો કાળધર્મ ........ ધન રામપરીઆ ...... ૩૦

## માહિતી

- સૂર ના સજે ક્યા ગાઉ મૈં ........ મગનલાલ સંઘવી ...... ૩૧
- ભારતના ગુજરાતી સમાજ (લેખાંક-૧) ........ નરેશ પ્રદ્યુમનરાય અંતાણી ...... ૩૩
- શતાબ્દી અવસર (૧૯૧૦-૨૦૧૦)
  ૨૦૧૦ની મહિલા શતાબ્દી પ્રતિભાઓ ........ ભરત'કુમાર' પ્રા. ઠાકર ...... ૩૫
- જૂન માસ દરમ્યાન દેશ-વિદેશની વિશિષ્ટ વ્યક્તિઓની જન્મતારીખ........ ગુલાબચંદ ધારશી રાંભિયા....... ૩૯

## વિચાર-વિમર્શ

- સંગઠન ........ મૂરજી ગડા ...... ૪૦
- સભાનું ઔચિત્ય ........ શાંતિલાલ સંઘવી ...... ૪૧
- સ્થળાંતર - ધર્માંતર - વિચારાંતર ........ મૂરજી ગડા ...... ૪૨
- માનવ અન મંદિર ........ અનિલ હેમરાજ શાહ (મોતા) ...... ૪૫

## સમાજ દર્પણ - સાહિત્ય આચમન

- સ્વ. કનુભાઈ મહેતા : સામાન્યતાથી મુઠ્ઠી ઊંચેરી અસામાન્યતા ........ ધન રામપરીઆ ...... ૪૬
- સાચી વારસદાર ........ પદ્મા ફડિયા ...... ૪૯

## પ્રવાસ વર્ણન

- સમ મ્યુટ ઈન ગ્લોરિયસ મિલ્ટન હિયર મેં રેસ્ટ... ........ ડૉ. ગિરીશ વીછીવોરા ...... ૫૧

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા
ઘર : ૨૬૭૫ ૧૪૧૫, ઓ. ૨૭૫૭ ૩૩૬૬
મો. ૯૮૨૫૦ ૦૭૨૫૪

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦


**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## તંદુરસ્તી


- યુરિનરી લીકેજ ........ ડૉ. નીતા ઠાકરે ...... ૫૩
- મેનોપોઝ દરમ્યાન થતા અનિયમિત માસિકની સમસ્યા ........ ડૉ. કલ્પના કોઠારી, એમ.ડી. ...... ૫૪
- કિડની બડે કામ કી ચીજ હૈ ........ પ્રેષક : વલ્લભજી હીરજી 'કેવલ' ...... ૫૫
- તુલસી : અનુભૂત પ્રયોગો ........ યશ રાય ...... ૫૭
- ક્રોધ (પ્રકરણ-૨) ........ ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) ...... ૫૯


## હળવું વાંચન


- બાળ વાર્તા : વિક્રમ અને વૈતાળ (પ્રકરણ-૧૩) ........ ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૬૧


## હાસ્ય


- બાલુડેં જ્યું ગાલિયું ........ ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૬૪
- હળવાશની ક્ષણોમાં — પોલીસ પર લાઠીચાર્જ! ........ ચિત્રસેન શાહ ...... ૬૫


## નિયમિત વિભાગો


- આંજો કાગર ........ ૬૭
- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૭૫
- મંગલ મંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ ........ સંકલન : ચંદ્રા મહેન્દ્ર શાહ ...... ૭૯
- 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ........ ૮૦
- 'મંગલ મંદિરના એપ્રિલ/મે-૨૦૧૦ દરમ્યાન પરત આવેલ અંકોના નામોની યાદી ........ ૮૧
- જાણવા જેવું ........ સંકલન : સૂરજલાલ મહેતા ...... ૮૨
- શબ્દ રમત-૪૯ ........ સંકલન : સૂરજલાલ મહેતા ...... ૮૩
- સુડોકુ – ૧૦૦૬ ........ હરખચંદ સાવલા ...... ૮૫
- વલોવતન ........ સંકલન : પોપટલાલ નેણશી ધરોડ ...... ૮૮
- સમાજ દર્પણ ........ ૯૩
- સંસ્થા સમાચાર ........ ૯૪
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક સમાચાર ........ ૧૦૨
- ઉડતી નજરે ........ ૧૦૬
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
  વર્ષ ૨૦૧૦ની વિવિધ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાઓનું માહિતીપત્રક ........ ૧૦૭


Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Ashish Offset**, 1 Ajay Industrial Estate, Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## શ્રી મુકેશભાઈ ઝવેરીની નર્મદા નિગમના ડાયરેક્ટર તરીકે નિમણૂક

*– અશોક મહેતા*

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના એક પ્રતિનિધિ મંડળે માર્ચ-૨૦૧૦ના અંતભાગે સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટરશ્રી એસ. જગદીશનની મુલાકાત લીધેલ હતી અને આવતા દિવસોમાં "કચ્છ બ્રાંચ કેનાલ"ના કરવામાં આવનાર કાર્યોની વિગત મેળવેલ હતી.

"મંગલ મંદિર"ના એપ્રિલ-૨૦૧૦ના અંકના તંત્રીલેખમાં "શુકનવંતા સમાચાર : કચ્છ બ્રાંચ કેનાલના કામો ચાલુ થવા પર"ના મથાળા હેઠળ વિગતવાર સમાચાર આપવામાં આવેલ હતા અને આ બાબતે નર્મદા નિગમમાં શરૂ થયેલ ગતિવિધિની માહિતી આપવામાં આવેલ હતી.

ત્યારબાદ "મંગલ મંદિર"ના મે-૨૦૧૦ના અંકના મુખ્ય લેખમાં "કચ્છ બ્રાંચ કેનાલે ફરી કચ્છીઓમાં આશા જગવી"ના મથાળા હેઠળ અનેકવિધ માહિતીઓ આપવામાં આવેલ હતી. સાથે સાથે એ જ અંકમાં કચ્છ બ્રાંચ કેનાલનું કાર્ય પૂર્ણ કરવા આવતા દિવસોમાં અંદાજિત રૂા. ૩૫૦૦ કરોડની જરૂરિયાત રહેશે તેની વિગતવાર અને વિભાગવાર માહિતી પણ આપવામાં આવેલ હતી.

કચ્છીઓ માટે ફરી એક વધુ સારા સમાચાર આવેલ છે. ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ, ભૂતકાળમાં કચ્છના હીર સમાન સાબિત થયેલ શ્રી મુકેશભાઈ ઝવેરીની પહેલી મે ના ગુજરાત દિન પછી તરતમાં એટલે કે ૫ (પાંચ) મે, ૨૦૧૦ના દિવસે નર્મદા નિગમના ડાયરેક્ટર તરીકે નિમણૂક કરાયાની જાહેરાત કરેલ છે અને આવતા બે-ત્રણ વર્ષોમાં સમગ્ર ગુજરાતની નર્મદા કેનાલોના કામ પૂરા કરાવવાની જવાબદારી સોંપેલ છે. જે યોજના ગુજરાત રાજ્યના પ્રાણ સમાન છે એ યોજનાના સંચાલક મંડળમાં એક કચ્છી અગ્રતાક્રમે જવાબદારી નિભાવે તેનાથી વધુ રૂડું કચ્છીઓ માટે શું હોઈ શકે?

અનેકવિધ સંભાવનાઓ અને વિવિધ પંચોના તારણ બાદ ૧૯૭૯માં જળપંચનો ચુકાદો આવ્યા બાદ અને વર્ષ ૧૯૮૮માં સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડની રચના થયા અગાઉ આ યોજનાના કાર્યોની શરૂઆત ગુજરાત સરકારે આરંભી દીધેલ હતી. જળપંચના ચુકાદા બાદ, કચ્છને જરૂરિયાત કરતાં ખૂબજ ઓછા પ્રમાણમાં પાણીનો જથ્થો ગુજરાત સરકારે ફાળવેલ હોવાથી, વીસમી સદીના છેલ્લા દાયકામાં કચ્છીઓનો અસંતોષ અગ્રીમ સીમાએ પહોંચેલ હતો. એકવીસમી સદીના પ્રથમ દાયકામાં પણ આ અસંતોષે માજા મૂકેલ હતી. પરિણામસ્વરૂપે કચ્છને ફાળવવામાં આવેલ સિંચાઈ માટેના ૦.૨ M.A.F. નિયમિત પાણીમાં વધારો કરીને ૦.૫ M.A.F. કરવામાં આવ્યા અને વધારાના પાણીમાંથી કચ્છ માટે ૧.૦૦ M.A.F. પાણીની જાહેરાત કરવામાં આવેલ હતી.

કેટલાક શાણા કચ્છીઓએ ઉપરોક્ત હકીકત સ્વીકારી, જે પાણી કચ્છને ફાળવવામાં આવેલ છે તે પાણી નર્મદા નિગમે નક્કી કરેલ પદ્ધતિથી કચ્છના ખેતરોમાં જલદીથી પહોંચતા થાય અને તેના દ્વારા જે ઉપજ નીપજે તે ગામડાંના ખેડૂતોના હાથમાં સીધી પહોંચે તેવું સ્વીકારી, કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો જલદીથી શરૂ થાય તેવી ઝુંબેશ આદરેલ હતી.

ઉપરોક્ત ઝુંબેશના પરિણામે વર્ષ ૨૦૦૫માં કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો શરૂ કરવામાં આવ્યા અને લોકોને ધરપત બેઠી કે હવે કચ્છમાં નર્મદા નદીના સિંચાઈના પાણી જલદીથી પહોંચી શકશે. પરંતુ આ કામોની મંથર ગતિથી ફરી કચ્છીઓમાં ઉહાપોહ સર્જાયો અને સમગ્ર કચ્છમાં ફરી નિરાશાનું મોજું ફરી વળ્યું. તેમ છતાં આ જાગૃત કચ્છીઓએ હિંમત હાર્યા વગર પોતાના પ્રયાસો જારી રાખ્યા અને તેના શુભ પરિણામો હવે દૃષ્ટિગોચર થવા લાગ્યા છે.

શ્રી મુકેશભાઈ ઝવેરીની સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડના ડાયરેક્ટર તરીકે નિમણૂક થતાં કચ્છીઓમાં આશા ઉત્પન્ન થયેલ છે કે આવતા બે-ત્રણ વર્ષમાં કચ્છના ખેતરોમાં આ પાણીથી ખેતી થઈ શકશે અને અવારનવાર આવતા દુષ્કાળ સામે કચ્છને પૂરતી રાહત મળી શકશે.

*વહેવાર તો તલવારની ધાર જેવો છે.*

શ્રી મુકેશભાઈ ઝવેરીએ 'મંગલ મંદિર'ને આપેલ એક મુલાકાતમાં જણાવેલ છે કે આ કાર્યો પાર પાડવામાં તેમના તરફથી કોઈ જ પ્રકારની કચાશ રહેવા દેવામાં આવશે નહીં. જરૂરિયાત મુજબના કોઈ પણ પ્રકારના સ્ટાફની નિમણૂક તાત્કાલિક ધોરણે કરવામાં આવશે. જરૂરત રહેશે તો આઉટ સોર્સિંગ દ્વારા પણ કાર્યનો વેગ જાળવી રાખવામાં આવશે. કેનાલો માટે જરૂરી જમીન સંપાદન કરવાની પ્રક્રિયા જે-તે વિભાગના ડેપ્યુટી કલેક્ટર કે કલેક્ટર મારફતે આદરી દેવામાં આવેલ છે. જંત્રી પ્રમાણે જમીનના ભાવ ચૂકવવાના ગુજરાત સરકારના નિર્ણયથી, પોતાની જમીન ઉમદા કાર્ય માટે સુપરત કરવામાં ખેડૂતોને કોઈ જ પ્રકારનો હિચકિચાટ રહેશે નહીં. જમીનના મોટાભાગનું પેમેન્ટ જમીન માલિકને સ્થળ પર જ તરતમાં ચૂકવી દેવામાં આવશે. જરૂરી ડિઝાઈન કામ તથા ટેન્ડર પ્રક્રિયા સારી એવી ઝડપે આગળ વધી રહેલ છે. ટેન્ડર બહાર પાડ્યા બાદ તરતમાં જ કોન્ટ્રાક્ટરોની નિમણૂક કરવામાં આવશે. આ રીતે કામ શરૂ થયા બાદ ગુજરાતના અછતવાળા પ્રદેશો એટલે કે કચ્છ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સુરેન્દ્રનગર, ભાવનગર વગેરે પ્રદેશો પર સવિશેષ ધ્યાન આપવાનું રહેશે અને આ પ્રદેશોના આયોજનોને અગ્રતાક્રમે લેવાના રહેશે.

તદુપરાંત શ્રી મુકેશભાઈએ જણાવેલ છે કે તેઓએ કચ્છ બ્રાંચ કેનાલનું ૦.૦થી ૩૬૦.૦ કિ.મી.નું નિરીક્ષણ પરિક્રમા કરી પૂરું કરેલ છે અને હવે પછીના સમયમાં દરેક સ્થળોએ વિભાગવાર ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત અને અન્ય સામાજિક આગેવાનો સાથે મિટિંગ કરી, આ કાર્ય કઈ રીતે ઝડપી પ્રક્રિયા દ્વારા પૂરું થાય અને કોઈ પણ પ્રકારના હવે પછી વિઘ્ન ન આવે તેની ચર્ચા-વિચારણા કરી, તેના પર ખાસ નજર રાખશે.

'મંગલ મંદિર'ને આપેલ મુલાકાતમાં શ્રી મુકેશભાઈએ જણાવેલ કે ગુજરાત સરકારે આ કાર્યો ઝડપી પ્રક્રિયા દ્વારા પાર પાડવા, પ્રથમ તબક્કે રૂા. ૪૦૦૦ કરોડની ફાળવણી કરેલ છે. જેમાંથી રૂા. ૯૦૦ કરોડની ફાળવણી તો 'કચ્છ બ્રાંચ કેનાલ' માટે કરવામાં આવેલ છે.

ઉપરોક્ત હકીકતથી વિશ્વાસ બેસે છે કે હવે પછી કચ્છીઓએ નર્મદા નદીના સિંચાઈના પાણી માટે વધુ રાહ જોવી નહીં પડે.

શ્રી મુકેશભાઈ ઝવેરી અગાઉ વર્ષ ૧૯૯૮થી વર્ષ ૨૦૦૨ દરમ્યાન જી.એમ.ડી.સી.ના ચેરમેનપદે બિરાજમાન રહેલ હતા ત્યારે જી.એમ.ડી.સી.ને થયેલ નફામાંથી કરોડો રૂપિયાના દાનો આપી કચ્છમાં અને કચ્છ બહાર અનેક સવલતો ઊભી કરેલ હતી કે જેની યાદગીરી કચ્છીઓના મગજમાં આજે પણ રહેવા પામેલ છે. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ નિર્મિત અને સંચાલિત શાહીબાગ - અમદાવાદ ખાતેનું "શ્રી કચ્છી વિશ્રામ ગૃહ" આ પ્રક્રિયાનું જ પરિણામ છે કે જેના કારણે બહારગામથી સારવાર અર્થે અથવા અન્ય રીતે અમદાવાદ પધારતા દરેક કચ્છી માટે તથા અન્યો માટે પણ એક રાહતરૂપ સગવડ બની રહેલ છે.

આપણે આશા રાખીએ કે શ્રી મુકેશભાઈના નર્મદા નિગમના ડાયરેક્ટર તરીકેના કાર્યકાળ દરમ્યાન માત્ર નર્મદા નદીના સિંચાઈ માટેના નિયમિત પાણી નહીં પરંતુ વધારાના ૧.૦ M.A.F. પાણી કે જે કચ્છને ફાળવાયેલ છે, તેના પર પણ નજર રાખી અને પોતાની વગનો ઉપયોગ કરી, એ પાણીના આયોજનો પણ શક્ય ત્વરાએ કરાવવામાં કામિયાબ રહેશે.

અગર કચ્છની જનતા આ અમૂલ્ય પાણીનો ઉપયોગ ડ્રીપ ઈરિગેશન કે સ્પ્રિંક્લર પદ્ધતિથી કરવાનું સ્વીકારશે તો અત્યારે અંદાજ છે તેના કરતાં બે કે ત્રણ ગણા વધુ વિસ્તારમાં ખેતીનો પાક લઈ શકાશે. આ પ્રકારના ડ્રીપ ઈરિગેશનના અંદાજ મુજબ લગભગ ૮ લાખ હેક્ટર અથવા તો ૨૦ લાખ એકરમાં ખેતી થઈ શકે.

એક તરફ નર્મદા નદીના સિંચાઈ માટેના નિયમિત તથા વધારાના પાણી અને અન્ય તરફ "સરદાર સરોવર સહભાગી યોજનાનાં અધ્યક્ષ તરીકે શ્રી અનંતભાઈ દવેની કામગીરીથી કચ્છમાં વિશાળ માત્રામાં ચેક-ડેમો, બંધારા, તળાવોને ઊંડા કરાવવા વગેરે પ્રકારની જળસંચય યોજનાની કામગીરીથી આવતા પાંચેક વર્ષમાં કચ્છમાં ખેતીના ક્ષેત્રે કાયાપલટ થઈ શકશે, કચ્છને નંદનવન બનાવી શકાશે અને દુષ્કાળને સદાયને માટે તિલાંજલિ આપી શકાશે. ધરતીકંપ પછીના ઔદ્યોગિકીકરણ બાદ ખેતીના ક્ષેત્રે પણ કચ્છીઓને ખુશી ઉપજે તેવા દિવસો આવી રહેલ છે.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૨૬૮૭૨૩૨૮ / ૩૦૧૫૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

*જમાડનારની જીભમાં મિષ્ટતા હોય તેને દરરોજ મિષ્ટાન્ન મળે તેવું વાતાવરણ હોય છે.*

## આગામી કાર્યક્રમો

| | તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| • | રવિવાર, તા. ૨૭-૬-૨૦૧૦ સવારના ૯.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | યુવા વિકાસ સમિતિ આયોજિત શ્રીમતી છાયા વિનોદ દેઢિયા ચિત્રકલા હરીફાઈ |
| • | રવિવાર, તા. ૨૭-૬-૨૦૧૦ સવારના ૯.૧૫ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | યુવા વિકાસ સમિતિ આયોજિત શ્રી હરખચંદ કુંવરજી સાવલા નિબંધ હરીફાઈ |
| • | રવિવાર, તા. ૨૭-૬-૨૦૧૦ સવારના ૧૦.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | યુવા વિકાસ સમિતિ આયોજિત શ્રી કાંતિલાલ રામજી શાહ વક્તૃત્વ હરીફાઈ |
| • | રવિવાર, તા. ૨૭-૬-૨૦૧૦ સવારના ૧૦.૩૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | યુવા વિકાસ સમિતિ આયોજિત શ્રીમતી પ્રભાબહેન શાંતિલાલ મૂળજી સાવલા જનરલ નૉલેજ હરીફાઈ |
| • | રવિવાર, તા. ૧૫-૮-૨૦૧૦ સવારના ૯.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | ધ્વજવંદન કાર્યક્રમ. |
| • | રવિવાર, તા. ૧૫-૮-૨૦૧૦ સવારના ૯.૩૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | પુરસ્કાર સમિતિ આયોજિત સરસ્વતી સન્માન કાર્યક્રમ, (ધોરણ-૮થી ધોરણ-૧૨ અને કૉલેજ કક્ષાના વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન) |
| • | રવિવાર, તા. ૨૬-૯-૨૦૧૦ સવારના ૯.૩૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી | વિવિધ યોજનાઓના પુરસ્કારોનો ઈનામ વિતરણ સમારંભ તથા સ્વામિવાત્સલ્ય જમણવાર. |

## પુસ્તકો – સાભાર સ્વીકાર


નીચેના પુસ્તકો **શ્રી ગુલાબચંદભાઈ ધારશી રાંભિયા** તરફથી સંસ્થાની લાઈબ્રેરી માટે ભેટ મળેલ છે. ખૂબ ખૂબ આભાર.

| પુસ્તકનું નામ | લેખકનું નામ |
|---|---|
| ૧. લગ્ન મંગલ | ભૂપત વડોદરિયા (સદવિચાર પરિવાર) |
| ૨. હૃદયોદ્ગાર | ફાધર વાલેસ |
| ૩. ભર જુવાની | ફાધર વાલેસ |
| ૪. દૃષ્ટાંત બોધ | ફાધર વાલેસ |
| ૫. કૉલેજ જીવન | ફાધર વાલેસ |
| ૬. અનુભવ | ફાધર વાલેસ |
| ૭. નવી પેઢીને | ફાધર વાલેસ |
| ૮. દેહ ધર્મ | ફાધર વાલેસ |
| ૯. જીવન દર્શન | ફાધર વાલેસ |
| ૧૦. અવ્વઈયાર | નેમચંદ ગાલા |
| ૧૧. પરમ સમીપે | કુંદનિકા કાપડિયા |
| ૧૨. નામ સ્મરણની રટ લાગી | કાંતિલાલ કાલાણી |
| ૧૩. વ્યક્તિત્વ ખીલવો ખંતથી | ડૉ. મધુભાઈ કોઠારી |
| ૧૪. જીવન એક ખેલ | કુંદનિકા કાપડિયા |
| ૧૫. કર્મયોગ | સ્વામી વિવેકાનંદ |
| ૧૬. પાયાનું જીવન ઘડતર | મુનિશ્રી ચંદ્રશેખર વિજયજી |
| ૧૭. કૉલેજની હવામાં | ડૉ. ચંદ્રકાંત મહેતા |
| ૧૮. આશાની ક્રાંતિ | એરિક ફ્રોમ |
| ૧૯. પ્રેરણાદાયક સુવિચારો | ગાલા પબ્લિશર્સ (ડૉ. પી.ડી. શર્મા) |
| ૨૦. સંપૂર્ણ ક્રાંતિની ખોજમાં | જયપ્રકાશ નારાયણ |
| ૨૧. જો ખોલો મનના દ્વાર... | દોલતભાઈ દેસાઈ |
| ૨૨. વિચારપંખી | સ્નેહદીપ |
| ૨૩. મોતનો પડકાર | આચાર્ય વિજયરત્નસુંદર સૂરિ |
| ૨૪. પરીક્ષાની જિંદગી | પંન્યાસ રત્નસુંદરવિજયજી |
| ૨૫. પહેલા તમારો સ્વભાવ સુધારો | પં.ચંદ્રશેખર વિજયજી |
| ૨૬. પ્રાર્થનાફૂલ | દોલતભાઈ દેસાઈ |
| ૨૭. યૌવન વ્રત | ફાધર વાલેસ |

નીચેના પુસ્તકો **શ્રી દિનેશચંદ્ર જગજીવન શાહ** તરફથી સંસ્થાની લાઈબ્રેરીને ભેટ મળેલ છે.

| | |
|---|---|
| ૨૮. વ્યવહાર નિશ્ચય વિજ્ઞાન | દાદા ભગવાન |
| સનાતન સુખની ગુરુચાવી (ચાર ભાગમાં) | (સંપુટ ૧ થી ૮) |

*જીવતાં આવડે તો દુ:ખી થવું અઘરું છે.*



મેરા ભારત મહાન!

# ટ્રસ્ટી બને છે, રુશવત-કલંક-શિરોમણિ

(પ્રકરણ-૧)

**રુશવતે આઝમ**
**ડૉ. કેતન દેસાઈ**

**વિશ્લેષણ અહેવાલ**
**પ્રવીણચંદ્ર શાહ**

'વાડ પોતે જ ચીભડાં ગળે' : ગુજરાતી ભાષાના આ પ્રચલિત વાક્યને ડૉ. કેતન દેસાઈએ ખુદ પોતાના જ દૃષ્ટાંત-કુકર્મોથી વધુ સાર્થક કરી બતાવ્યું છે.

ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલ- દિલ્હીના ચેરમેન તરીકે એમની ફરજ હતી વિશ્વાસુ ટ્રસ્ટી તરીકેની, સાબદા રખેવાળ અને જાગૃત ચોકીદાર તરીકેની, સદ્ભાવી માર્ગદર્શક અને રાહબર તરીકેની, કે જેથી ઉચ્ચ મેડિકલ શિક્ષણના પવિત્ર ક્ષેત્રે આખાય દેશમાં ક્યાંય કોઇ ગેરરીતિ પ્રવેશે નહીં યા અજમાવાય નહીં.

તેને બદલે ડૉ. દેસાઈએ સાવ ઉલટું જ કર્યું. અટકાવવાને બદલે એણે પોતેજ પારાવાર રુશવતખોરી અમલી બનાવી. પોતે જ બેહદ ભ્રષ્ટાચાર આચર્યો. એણે પોતે જ ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલ - દિલ્હીની બંધારણીય ફરજોનું ગળુ ઘોંટ્યું. તે પણ એવી રીતે કે તેના ભ્રષ્ટાચારનો વ્યાપ, આખાય દેશની બધી જ મેડિકલ કૉલેજોમાંથી તાલીમ મેળવી ડૉક્ટર તરીકેની પ્રેક્ટિસ કરનારા, વ્યવસાય કરનારા બધા જ ડૉક્ટરોમાં આ દૂષણ ફેલાય અને સંપૂર્ણ સમાજ તેનો કારમો અને સતત ભોગ બનતો રહે.

દર વર્ષના કરોડોની હેરાફેરીની ત્રિરાશી બહુ સરળ હતી. કોઈપણ મેડિકલ કૉલેજ, આખાય દેશમાં ક્યાંય પણ જો શરૂ કરવી હોય કે ચલાવવી હોય તો તેની મંજૂરી, તેનું સત્તાવાર રેકગ્નિશન IMC (ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલ-દિલ્હી) પાસેથી જ માત્ર મળી શકે. બધા જ પ્રકારના કોર્સ અને મેડિકલ ડિગ્રીઓ માત્ર આ કાઉન્સિલ જ પ્રદાન, પ્રમાણિત અને માન્ય કરી શકે. મેડિકલ કૉલેજોના મકાનોની, હોસ્ટેલોની, કૉલેજ સાથે ફરજિયાત હોવી જોઇતી હોસ્પિટલોની, તેના મકાનોની, તેના સ્ટાફની, નર્સોની, પેરા-મેડિકલ સ્ટાફની, દર્દીઓની માન્ય સંખ્યાની, હોસ્પિટલોમાં હોવી જોઈતી જરૂરી મશીનરી સારી અને પૂરતી છે કે નહીં તેની ચોકસાઈ માત્ર આ કાઉન્સિલ જ કરી શકે અને મંજૂરી કે નામંજૂરી આ કાઉન્સિલની મુનસફી પર જ આધાર રાખે. કાઉન્સિલ વતીથી આ બધું કરવા-કરાવવાની, હા કે ના પાડવાની બધી જ સત્તા તેના ચેરમેનની ઇચ્છા-અનિચ્છા, સ્વીકાર કે ઇનકાર પર આધાર રાખે છે.

કાઉન્સિલના ચેરમેન તરીકે ડૉ. દેસાઈએ આ પરિસ્થિતિનું પૂરું શોષણ કર્યું. ડૉ. કેતન દેસાઈએ દેશના વિવિધ પ્રદેશોમાં પોતાના દલાલો, કમિશન એજન્ટોની ખાનગી હારમાળા ગોઠવી કાઢી. આ દલાલો પ્રપોઝલો લાવે. ડૉ. કેતન દેસાઈ એમના મારફતે મેડિકલ કૉલેજો સ્થાપનારા કે ચલાવનારા સંચાલકો, પ્રોપ્રાઈટરો કે ટ્રસ્ટો સાથે સોદા ગોઠવે. કરોડોની લેવડ-દેવડ થાય. દલાલોને કમિશન મળે. ડૉ. દેસાઈએ કાઉન્સિલના ઇન્સ્પેકશન સ્ટાફમાં પોતાની પસંદગીના વીસેક જેટલા ઇન્સ્પેક્ટરો ગોઠવી રાખેલા. આ ઇન્સ્પેક્ટરો પણ ડૉ. કેતન દેસાઇના અર્ધા ઇન્સ્પેક્ટર, અર્ધા દલાલની કામગીરી બજાવે.

કોલેજોની મંજૂરીઓ મેળવવા માટે કરોડોની રુશવત આપનારા કૉલેજ-સંચાલકો, જેમાં ઘણા રાજકારણીઓ પણ હોય, કે કહેવાતા એજ્યુકેશનલ ટ્રસ્ટોના ટ્રસ્ટીઓ પણ હોય, જેઓ સામાજિક -શૈક્ષણિક સેવા કરવાના દાવા કરતા હોય, પણ ખરેખર હકીકતમાં ઉચ્ચ શિક્ષણ, મેડિકલ શિક્ષણની ફેક્ટરીઓ ચલાવતા હોય, એમણે કરેલા કરોડોના રોકાણો આ બધા કોની પાસેથી વસૂલ કરે?

કેપિટેશન ફી તરીકે, યા ડોનેશન તરીકે યા બીજા કોઇ નામ-બિલ્લા હેઠળ મેડિકલના તાલીમાર્થીઓ પાસેથી ૨૦ લાખ, ૩૦ લાખ, ૫૦ લાખ એક સીટના 'એડમિશન' દ્વારા વસૂલ કરે. મેડિકલ સ્ટુડન્ટસના માતા-પિતાઓ પોતાના પુત્ર-પુત્રીઓને ડૉક્ટરો બનાવવાની મહત્વાકાંક્ષામાં ૨૦ લાખ, ૩૦ લાખ, ૫૦ લાખના ઓફિશિયલ કે અનઓફિશિયલ પેમેન્ટ ગરજના માર્યા, મને કે કમને, આપે.

પછી શું થાય? અજગરના જીવલેણ ભરડા જેવી આ પ્રક્રિયા દ્વારા ડૉક્ટરો બનેલાઓ આ નાણા કોને ચૂસીને મેળવે? કોનું શોષણ કરીને મેળવે? કેમ વસૂલે?

તમારા પાસેથી, પ્રિય વાચક, યા તમારા પરિવારમાંના દર્દી પાસેથી, તમારા પિતા, માતા કે મારા દીકરા, દીકરી બહેન, ભાઇ, પત્નીની બીમારી વખતના જે કમ્મરતોડ, અર્ધા મતિભ્રમ કરી નાખનારા બિલો વસૂલ કરાય છે, તેના મૂળમાં ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલના ડૉ. કેતન દેસાઇ જેવા રુશવત-કલંક-શિરોમણિઓ છે. અમર્યાદ લાલચ, લોભ અને તૃષ્ણાનું વિષચક્ર એક વ્યક્તિથી આરંભાય છે,

*કાળને પરિવર્તિત ન કરી શકાય, જીવન પદ્ધતિ બદલી શકાય.*

ઘૂંટાય છે અને પ્રક્રિયાને અંતે આખાય સમાજને ભરખે છે. કૂવામાં, તળાવમાં કે સરોવરના શાંત જળમાં એક સાવ નાની કાંકરી ફેંકાય તો પણ અનેક સ્પંદન વર્તુળો છેક કિનારા સુધી લંબાય છે. આપણી આજની રાજકીય વહીવટી વ્યવસ્થામાં અને સામાજિક આર્થિક માહોલમાં એકાદ જ ડૉક્ટર કેતન દેસાઇ નથી, અનેકાનેક કેતનો, દેસાઇઓ અને ડૉક્ટરો છે.

અમદાવાદની બી.જે. મેડિકલ કૉલેજના યુરોલોજી ડિપાર્ટમેન્ટના મુખ્ય અધિકારી, હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ તરીકે ડૉ. કેતન દેસાઇ, બે-ચાર નહીં, પૂરા ૨૭ વર્ષો સુધી ચીટકી રહ્યા તે કાંઇ અકારણ નહોતું, સકારણ હતુ. ડૉ. દેસાઇની રુશવતખોરીની ટંકશાળનો ભ્રષ્ટાચાર કાંઇ માત્ર ચપટી વગાડવા જેટલો ક્ષણિક નહોતો. કરોડોની આમદની બનાવવામાં સારા જેવા સમયનું એણે ઇન્વેસ્ટમેન્ટ કર્યું હતું. એક આખુંય ખૂફિયા વ્યવસ્થા ષડ્યંત્ર એણે ગોઠવેલું.

ડૉ. કેતન દેસાઇ ગુજરાતના નાના ગામડાંની ગામઠી શાળાના ગરીબ શિક્ષકના પુત્ર છે. ડૉકટરીના અભ્યાસ માટે અમદાવાદની બી.જે. મેડિકલ કૉલેજમાં અભ્યાસ કરવા દરમ્યાન ચળવળીયા, ભાંગફોડિયા અને શારીરિક દાદાગીરીથી જોઇતું મેળવી લેવામાં માનનારા વિદ્યાર્થીઓના જૂથના મોવડી બની ગયેલા. તે પછી સરકારી દવાખાનાના ડૉક્ટર તરીકેની સર્વિસમાં જોડાયા ત્યારે પણ 'ભજ કલદારમ્' એમની કાર્યશૈલીનો મુખ્ય મંત્રવાળું એમનું વલણ રહેતું, એમ એમના તે વખતના સહાધ્યાયીઓ અને સહકારીઓમાંના કેટલાકને આજે પણ યાદ છે. દરમ્યાનમાં એમણે ૧૯૮૩માં 'યુરોલોજી' વિષયમાં પોસ્ટ ગ્રેજ્યુએશન કરી 'યુરોલોજિસ્ટ' બન્યા. તે પછી બી.જે. મેડિકલ કૉલેજ, જ્યાં અભ્યાસના વર્ષો વીતાવેલાં, તેના યુરોલોજી વિભાગના ડિપાર્ટમેન્ટલ હેડ બન્યા. ડૉ. કેતન દેસાઇને જીભનો સદ્ઉપયોગ-પોતાના સ્વાર્થ માટેનો સચોટ ઉપયોગ-કરતાં સારો આવડે છે. બીજાઓને પટાવવાની માનસશાસ્ત્રીય સમજ એમણે કેળવેલી છે.

યુરોલોજી ડિપાર્ટમેન્ટના વિભાગીય વડા (HOD) તરીકે છેલ્લા ૨૭ વર્ષોથી એમની આરામદાયી ખુરશી પર એ ચીટકી રહી શક્યા છે. તે દર્શાવે છે કે ઉપરીઓને અને હાથ નીચે કામ કરનારાઓને આંશિક મતિભ્રમ કરવા-કરાવવામાં પણ તેઓ હર્ષદ મહેતાવાળા સદ્ગુણી છે. એમના 'યુરોલોજી' ડિપાર્ટમેન્ટલ-હેડ, વિભાગીય વડા બન્યા છતાં એમની રોજેરોજની હાજરી તો રહી જ નહોતી. પખવાડિયામાં એકાદ વારની જ રહેતી હતી અને તે પણ શનિ-રવિ કે છુટ્ટીના દિવસોમાં જ. **ડો. કેતન દેસાઇએ શ્રેષ્ઠ મેડિકલ-શિક્ષક તરીકે અપાતો અને માનપાત્ર ગણાતો ડો. બી.સી. રોય એવૉર્ડ, નિયમિત નહીં ભણાવ્યા છતાંય, પોતાની અનેક સિદ્ધિઓમાંની એક સિદ્ધિ તરીકે, પોતાના કોથળા જેવી સાઇઝના ગજવે ઘાલી બતાવ્યો છે.**

આ બધા દરમ્યાનમાં એમણે ગુજરાત યુનિવર્સિટીના સિન્ડિકેટ અને સેનેટ મેમ્બર થતા રહેવાની તકો પણ ઝડપ્યા કરેલી. સાધારણ રીતે ડૉક્ટરો જેવા ભણેલા ગણેલાઓ સ્પર્ધાત્મક ઝંઝટવાળી ચૂંટણીઓની ભાગાદોડીથી દૂર રહેવાનું વલણ ધરાવતા હોય છે. આ સ્થિતિનો લાભ પોતાના હિતમાં લેવાનું ડૉ. કેતન દેસાઇ ચૂક્યા નહીં. વખતો-વખત ચૂંટણીઓમાં ઝંપલાવતા રહીને અને ક્યારેક ક્યારેક, બિનહરીફ તરીકે પણ સ્થાન, હોદ્દા અને મોભા એ ઝીંકતા રહેલા.

'૯૦ વાળા દાયકામાં' ગુજરાત મેડિકલ કાઉન્સિલ'ના અધ્યક્ષની ખુરશી પણ એમણે યેન-કેન પ્રકારેણ મેળવી જ. પછી પાછું વળીને શું જોવાનું હોય? વિવિધ દાવ-પેચો લડાવતા લડાવતાં, ડૉ. કેતન દેસાઇએ આખરે મનધાર્યું નિશાન સર કર્યું જ. 'ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલ - દિલ્હી'ના ચેરમેનપદે પહોંચીને જ એ જંપ્યા! એમની આખરી મકસદ જ એ જ હતી. આ મુકામે પહોંચ્યા પછી તો એ ઠેર ઠેર છવાતા રહ્યા.

ડૉ. કેતન દેસાઇની પોતાની જ WEBSITEમાંથી જ મહાપરાક્રમી ડૉ. કેતન દેસાઇની સિદ્ધિઓ ભરપૂર કારકિર્દીના થોડાએક અંશો પર નજર ફેરવતા પણ આંખને સહેજ શ્રમ પડવા લાગે છે ખરો, પરંતુ તેનાથી કેતન દેસાઇના વ્યક્તિત્વની વિવિધતાઓ સમજવી સરળ પણ બને છે :

- **મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાઃ**

પ્રેસિડેન્ટ, ૧૯૯૬-૨૦૦૧ અને ૨૦૦૯થી તાજેતરમાં રૂા. ૨ કરોડની રુશવત લેતા રંગે હાથ પકડાયા સુધી; ચેરમેન ઓફ કરિક્યુલમ એન્ડ મિનિમમ રિક્વાયમેન્ટસ ફોર અ મેડિકલ કૉલેજ' માટેની કમિટી આનો સાદો સરળ અર્થ એ કે કોઇપણ કૉલેજને કૉલેજ તરીકે હોવા માટેની જે કાંઇ કાયદેસરની આવશ્યકતાઓ હોય અને કૉલેજના અભ્યાસક્રમ માટેના પાઠ્યપુસ્તકો પર મંજૂરીની મહોર મારનારી કમિટીના ચેરમેન. (નાણાં બનાવવા માટેની કેટકેટલી અપાર શક્યતાઓ આમાંથી પેદા કરી શકાય તેની ગણતરી વ્યાપારી દષ્ટિવાળા વાચક મિત્રોએ કેલ્ક્યુલેટર કે કોમ્પ્યુટર પર કરી લેવી.)

- **ઇન્ડિયન મેડિકલ એસોસિએશનઃ**

(મેડિકલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયા જુદી સંસ્થા છે.)

એસોસિએશનના ૨૦૦૧-૨૦૦૨માં અધ્યક્ષ : હમણાં મેમ્બર, (આ સંસ્થા ડૉક્ટરોને પ્રેક્ટિસ કરવા માટેની પરવાનગી અને સનદ આપે છે અને ડૉક્ટરો સામેની ફરિયાદોના નિવેડામાં ભાગ ભજવે છે. નાણા કમાવાની શક્યતા અપાર.)

- **ગુજરાત મેડિકલ કાઉન્સિલ :**

૧૯૯૯થી હમણાં સુધીના ૨૦૧૦ માં રંગે હાથ પકડાયા ત્યાં સુધીના અધ્યક્ષશ્રી.

- **વર્લ્ડ મેડિકલ એસોસિએશન :**

પ્રેસિડેન્ટ : ૨૦૧૦-૨૦૧૧, મેમ્બર ઓફ એથિક્સ કમિટી, એથિક્સ એટલે પવિત્ર નીતિ-નિયમો, તેની જાળવણી કરાવનારી કમિટીના મેમ્બર ડૉ. કેતન દેસાઇ.

- **કોન્ફેડરેશન ઓફ મેડિકલ એસોસિએશન ઇન એશિયા એન્ડ ઓશનિક'ના કાઉન્સિલ મેમ્બર.**

બી.જે. મેડિકલ કૉલેજ એન્ડ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ : પ્રોફેસર અને હેડ

*બંદૂકની ગોળી કદી લોકતંત્ર, ન્યાય અને વિકાસનો પર્યાય ન બની શકે.*

ઓફ ધ યુરોલોજી ડિપાર્ટમેન્ટ, (આ કામગીરીનો પર્દાફાશ ઉપર થઇ ચૂક્યો છે)

- **ડેન્ટલ કાઉન્સિલ ઓફ ઇન્ડિયાઃ**

સભ્ય. (આ હોદ્દાની રુએ દેશભરના દાંતના ડૉક્ટરોની આધી, વ્યાધિ અને ઉપાધિઓના સોદાઓમાંથી નાની-મોટી ટંકશાળો પાડવાની સુવિધા.)

- **ગુજરાત યુનિવર્સિટી :**

ચેરમેન એન્ડ મેમ્બર ઓફ કિલનિકલ બોર્ડ ઓફ સ્ટડીઝ ; મેમ્બર ઓફ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ; મેમ્બર ઓફ એકેડેમિક કાઉન્સિલ; કોર્ટ મેમ્બર એન્ડ એકેડેમિક ડીન (Dean); મેડિકલ ફેકલ્ટી ઓફ ગુજરાત યુનિવર્સિટી, ૧૯૯૧-૧૯૯૭.

- **ઇન્સ્ટિટ્યૂટ બૉડી ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન રિસર્ચ ચંદીગઢ :**

મેમ્બર. (પંજાબની એક કૉલેજના સોદામાં રૂા.૨ કરોડવાળા કિસ્સામાં સી.બી.આઇ.એ ડૉ. કેતન દેસાઇને દિલ્હીમાંથી, તેના બે દલાલ- વચેટિયા કમિશન એજન્ટો સહિત ઝડપ્યા) તે એમના આ અનુસંધાનને કારણે.

- **ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ, ન્યુ દિલ્હી**

ચેરમેન ઓફ સ્ટાફ સિલેકશન બોડી અને એકેડેમિક કમિટી ૧૯૯૯-૨૦૦૧; મેમ્બર, ઇન્સ્ટિટ્યૂટ બૉડી ૧૯૯૯-૨૦૦૧ (આખાય દેશમાં અંદાજે ૮૦૦૦-આઠેક હજાર કૉલેજોમાંથી મેડિકલ કૉલેજો જે પણ હોય, તે દરેક કૉલેજ અને તેની સાથે હોવી જરૂરી હોસ્પિટલોની સ્ટાફની સંખ્યા કેટલી થવા જાય? એકેડેમિક સ્ટાફ પ્રોફેસરો, લેક્ચરરો, એડમિનિસ્ટ્રેટિવ સ્ટાફ અને હોસ્પિટલોનો મેડિકલ સ્ટાફ, ડૉક્ટરો, સ્પેશિયાલિસ્ટો, સુપર સ્પેશિયાલિસ્ટો નર્સો- સિસ્ટર્સ, પેરા મેડિકલ સ્ટાફ, સિક્યોરિટી અને વહીવટી સ્ટાફ. આ બધાની સંખ્યાનો સરવાળો કેટલે પહોંચે? આમાંથી માત્ર દસેક ટકા જેટલા હાયર કક્ષાના સ્ટાફની નિમણૂક કરવાની ફાઈનલ ઓથોરિટી જો એપોઈન્ટમેન્ટોની સામે લાંચ, રુશવત કે ભ્રષ્ટાચારના બદલા માંગે અને દલાલો - કમિશન એજન્ટો મારફતે મેળવતા રહે તોય આવી રકમોનું ટોટલ ક્યાં પહોંચે?)

- **ડ્રગ ટેક્નિકલ એડવાઈઝરી બોર્ડ - ન્યુ દિલ્હી :**

મેમ્બર. (દેશમાં વિવિધ પ્રકારની દવાઓ બનાવનારી હજારો કંપનીઓ છે અને તેમની વિવિધ પ્રોડક્ટ્સ લાખ્ખોની સંખ્યામાં છે. એ બધાની ટેક્નિકલ ક્વોલિટી માટે 'હા' કે 'ના' કરવાના અધિકારો આ બોર્ડને હોય છે. આવા બોર્ડના મેમ્બર ડૉ. કેતન દેસાઈ જેવા સમયસૂચક ચતુર સુજાણો હોય તો પછી બાકી શું રહે?)

- **ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચ :**

ગવર્નીંગ બૉડીના મેમ્બર.

- **નેશનલ બૉર્ડ ઓફ એક્ઝામિનેશન (NBE) :**

ગવર્નિંગ બૉડીના મેમ્બર ૧૯૯૬-૨૦૦૧.

- **બાબા ફરીદ યુનિવર્સિટી ઑફ હેલ્થ સાયન્સીઝ, ફરીદકોટ :**

બૉર્ડ ઓફ મેનેજમેન્ટના મેમ્બર.

- **સરદાર પટેલ યુનિવર્સિટી, ગુજરાત :**

બોર્ડ ઓફ સ્ટડીઝ (ક્લિનિકલ)ના મેમ્બર, ૧૯૯૨-૯૫.

- **નેશનલ કમિશન ઓન પોપ્યુલેશન :**

મેમ્બર

- **મહારાષ્ટ્ર યુનિવર્સિટી ઑફ હેલ્થ સાયન્સીઝ, નાસિક :**

વાઈસ ચાન્સેલરની શોધખોળ માટેની કમિટીના મેમ્બર.

- **એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યુરન્સ કોર્પોરેશન :**

ગવર્નિંગ બૉડીના મેમ્બર.

ઈન્ડિયન મેડિકલ એસોસિએશન અને ડેન્ટીસ્ટ કાઉન્સિલ ઑફ ઈન્ડિયાના પ્રમુખપદની ખુરશીઓ મેળવવા દરમ્યાનમાં એમની કાવાદાવાઈ રસમો પણ ઉઘાડી પડતી થઈ હતી. આ સંબંધના કેસ-કાવલા હાઈકોર્ટ સુધી પણ પહોંચી ચૂક્યા હતા. એક કેસમાં તો હાઈકોર્ટે મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (MCI)ના એમના પ્રમુખપદ બારામાં આકરી ટીકાઓ પણ કરી હોવાની જૈસીતૈસી કરીને MCIના એ ફરીથી ચેરમેન બન્યા હતા.

બે કરોડવાળી રુશવતમાં રંગેહાથ ઝડપાયા પહેલાંનું એમનું કરામાતી 'કૉલેજ ઈન્સ્પેક્શન'નું નાટક કચ્છ - ભુજ ખાતેની અદાણી જૂથ દ્વારા સંચાલિત મેડિકલ કૉલેજનું ભજવાયું હતું.

દરમ્યાન આ લખાય છે ત્યારે (૧૭ મે, ૨૦૧૦) સુધી બાવીસ લક્ષણા ડૉ. કેતન દેસાઈ, સી.બી.આઈ.ની હવાલાત અને પોર્ટુગીઝ પ્રકારની પૂછપરછ અને જાંચ તપાસ હેઠળ છે. એમની પાસેથી દસેક કરોડના એમના બંગલામાંથી, એમની ઓફિસોમાંથી, એમના પત્ની અને પરિવારજનો પાસેથી ઝડપાયેલા કરોડો રૂપિયા, અનેક કિલો સોનું, કરોડોની ફિક્સ ડિપોઝિટ રસીદો અને સ્થાવર જંગમ કરોડોની મિલકતો એમણે કયા રામનામ દ્વારા અને પ્રભુ ભજનો દ્વારા એકઠા કર્યા તેની સઘન પૂછતાછ આગળ વધી રહી છે.

*(ક્રમશઃ)*

*નવરંગ જનરલ સ્ટોર્સ,*
*ઓ.એન.જી.સી. કોલોની,*
*પનવેલ. પીન : ૪૧૦ ૨૨૧.*
*ફોન : (૦૨૧૪૩) ૨૨૦૦૮૦*
*મો. ૦૯૯૩૦૬ ૬૦૨૪૨*

# RTI મારફત મળેલી માહિતી

• પ્રેષક : શાંતિલાલ સંઘવી •

હાલમાં જ NDTV તથા મેગ્સેસે RTI ઍવૉર્ડ વિજેતા ફાઉન્ડેશન દ્વારા બેસ્ટ RTI સીટીઝન - જેમણે અત્યંત અસરકારક રીતે માહિતી અધિકારના કાયદાનો ઉપયોગ કર્યો હોય - તેને આ ઍવૉર્ડ આપવામાં આવ્યા. લગભગ ૨૦ અગ્રગણ્ય સભ્યોની બનેલી જ્યુરીએ દેશભરમાંથી આવેલી લગભગ ૨૫ હજાર જેટલી એન્ટ્રીઓમાંથી કુલ્લે ૧૯ વ્યક્તિઓની પસંદગી કરી. એમાં ગુજરાતમાંથી ભરતસિંહ ઝાલા અને વિનોદ પંડ્યા એમ બે જણની પસંદગી થઇ અને તેમને આ ઍવૉર્ડ મળ્યો.

ગુજરાત સરકારે ગૌરવપૂર્વક જાહેરાત કરેલી કે "અમારા ગુજરાતમાં તો ગામે ગામ ખેડૂતો ગાડીઓ લઇને ફરે છે. અમારા રાજ્યમાં એકપણ ખેડૂતે આત્મહત્યા કરવી પડી નથી."

ભરતસિંહ ઝાલાએ RTI હેઠળ માહિતી માંગી કે "છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યના તમામ જિલ્લાના, તમામ તાલુકાના તમામ ગામોમાં આત્મહત્યા કરનાર ખેડૂતોના નામ તથા આત્મહત્યાના કારણો આપો."

થયું. ગુજરાત સરકારની પોલ ખુલી ગઇ. સરકારે સત્તાવાર રીતે કબૂલ કર્યું કે - કબૂલ કરવું પડ્યું કે- ૫૦૦થી વધારે ખેડૂતોએ આત્મહત્યા કરી છે.

ભરતસિંત તો આત્મહત્યા કરનારા ખેડૂતોની વિધવાઓને લઇને દિલ્હી પહોંચ્યા. ઓલ ઇન્ડિયા પ્રેસ કોન્ફરન્સ બોલાવી અને 'વાઇબ્રન્ટ ગુજરાત મેં કિસાનો કી આત્મહત્યા'ની વિગતો જાહેર કરી.

ઝાલાએ માહિતી માંગી કે ખેડૂત અકસ્મા વીમા યોજના હેઠળ છેલ્લા ૧૦ વર્ષમાં કુલ કેટલા લોકોને કેટલું વળતર મળ્યું? ત્યારે RTIના તે વખતના ઓફિસર જે.બી. ઉપાધ્યાયે નિખાલસ કબૂલાત કરી કે છેલ્લા કેટલાયે વખતથી અવ્યવસ્થિત ચાલતું અમારું તંત્ર તમારી RTI અરજીના કારણે જ સાબદું બન્યું છે. અને હવે એવી સેંકડો વિધવાઓને તમારી RTIના કારણે રૂા. એક લાખનું વળતર મળશે. અને ગણતરીના દિવસોમાં જ ૫૩૦થી વધારે વિધવાઓને રૂા. એક લાખના ચેક મળતા થયા.

સુરેન્દ્રનગર જિલ્લાના ચૂડા અને લીમડી તાલુકાના કેટલાક ગામોમાંથી NREGA (નરેગા) હેઠળ કામની માંગણી કરી હોય, જોબકાર્ડ ઇશ્યુ થઇ ગયા હોય છતાં રોજગારી ચાલુ થઇ જ ન હોય એવી ફરિયાદો ઉઠવા પામી હતી. ઝાલાએ મુખ્ય સેવક (મુખ્યમંત્રી)ના કાર્યાલયમાં વારંવાર ફરિયાદ કરી. છેવટે સરકારે બન્ને તાલુકાના ગામોમાં કામ ચાલુ થાય તે અર્થે રૂા. ૨૦ લાખ મંજૂર કર્યા.

સુરેન્દ્રનગર જિલ્લાના જ સેંકડો ગામોમાં અતિવૃષ્ટિ અને પૂર હોનારતના કારણે સેંકડો ગામોની હજારો એકર જમીનોનું એટલી હદે ધોવાણ થયું કે આગામી ૫-૭ વર્ષો સુધી તેઓ ત્યાં ખેતી કરી જ ન શકે. આ અસરગ્રસ્ત ખેડૂતો માટે સરકારે ૫૯૦ કરોડના કૃષિ પેકેજ તો જાહેર કર્યા પણ તેનો અમલ ચાર વર્ષ સુધી થયો નહીં. ઝાલાએ RTI કરી. જવાબમાં અધૂરી માહિતી મળી. એટલે ખબર પડી કે કૃષિ પેકેજના પૈસા ખેડૂતો સુધી પહોંચ્યા નથી. ઝાલાએ 'જન સંઘર્ષ મંચ'ના ધારાશાસ્ત્રી મુકુલ સિંહા પાસે હાઇકોર્ટમાં જનહિત યાચિકા દાખલ કરાવી. તેના કારણે સરકારે કૃષિ પેકેજ રૂપે તાત્કાલિક રૂા. ૨૬ કરોડ અસરગ્રસ્ત ખેડૂતોને ચૂકવવા પડ્યા.

રિલાયન્સ અને GIDCના કામદારને પૂછશો તો એક જ જવાબ મળે છે કે "છાતી તો ઝાલા બાપુની" જ્યારે ખેડૂતોની વિધવાઓને લઇને ઝાલા સોનિયા ગાંધીને દિલ્હીમાં મળેલા ત્યારે સોનિયાજીએ કોમ્પ્લીમેન્ટ મેળવવા ઝાલાને પૂછ્યું "RTIકા કાનૂન કૈસા લગા?" ઝાલાએ સ્પષ્ટ જણાવ્યું કે 'કાનૂન તો અચ્છા હૈ મગર મુજે સંતોષ નહીં. કિસાનો કી આત્મહત્યા કે આંકડે તો મિલે પરંતુ ઇનકી વિધવાઓં કો કોમ્પેન્શેશન આપ દેંગી ક્યા?'

ઝાલા બાપુ કહે છે 'હું રિલાયન્સમાં કામદાર તરીકે જોડાયો. રિલાયન્સવાળા કામદારોનું શોષણ કરતા હતા. તેમને ઓવરટાઇમનું પૂરું વળતર આપતા નહીં. ગરીબ યુવાનોને એપ્રેન્ટિસ માટે રાખે, એમની પાસે કાળી મજૂરી કરાવે, અને જ્યારે કાયમી કરવાની વાત આવે ત્યારે તગેડી મૂકે. આ બધુ મારાથી વેઠી શકાય નહીં. રિલાયન્સ સાથે ૧૦ વર્ષ સુધી લડ્યો. ૧૦ વર્ષમાં તેમણે મને ત્રણ વાર કાઢી મૂક્યો. પણ દરેક વખતે મજબૂત ફાઇટ આપી એટલે તેમણે મને નોકરીમાં પાછો લેવો પડ્યો. જેમ રિલાયન્સ નાગાઇ કરવાનું બંધ ન કરે એમ હું લડવાનું બંધ ન કરું. આખરે રિલાયન્સના મેનેજમેન્ટને સમજાઇ ગયું કે આ ઝાલો ઝંપવાનો નથી. એકવાર તેમણે ૧૯૮૭માં મારા પર ટાડા લગાડી દીધો પણ હરુભાઇ મહેતા મારો કેસ લડ્યા એટલે છૂટ્યો.

ભરતસિંહ ઝાલા એટલે કામદારોના પ્રશ્નો હોય, કોમી રમખાણોના પીડિતો હોય, ખેડૂત આત્મહત્યાનો મુદ્દો હોય, ખેડૂત અકસ્માત વીમાના પેકેજના અમલીકરણની વાત હોય, બધી જગ્યાએ ઝાલા એકલવીરની જેમ દોડતા રહ્યા છે. તેમણે ૨૦૦૩થી ૨૦૦૯ સુધી 'એકશન એઇડ'માં નોકરી કરી પણ આ

*(અનુસંધાન : જુઓ પાના નં.-૨૧ ઉપર)*

*અપવિત્ર કલ્પના પણ એટલી જ ખરાબ હોય છે, જેટલું અપવિત્ર કર્મ.*

જાન્યુઆરી-૨૦૦૧
જાન્યુઆરી-૨૦૧૦
વચ્ચેના ૯ વર્ષના કચ્છ પુનઃનિર્માણ અને વિકાસને ઝાંખા પાડનાર કૌભાંડોનું દસ્તાવેજી વિહંગાવલોકન કરે છે
પ્રવીણચંદ્ર શાહ
(૫)

# ★ ભૂકંપના કૌભાંડો અને કૌભાંડોનો ભૂકંપ ★

## • ખુદ સરકારી ઓડિટરોની હાયવરાળ •

# ભૂકંપ-રાહતના ૭૦૦ (સાતસો) કરોડમાંથી ૧૬૫ (એકસો પાંસઠ) કરોડ ક્યાં ચવાઇ ગયા? સાહેબો!

પ્રવીણચંદ્ર શાહ

૨૬ જાન્યુઆરી, ૨૦૦૧નો ભૂકંપ કચ્છના ભૂકંપોના લાંબા ઇતિહાસમાં બેવડી રીતે અનોખો અને અનન્ય નીવડ્યો હતો. દેશી આખા બોલી ભાષાના શબ્દોમાં બેવડી રીતે અશુભ અને પારાવાર નુકસાનકર્તા નીવડ્યો હતો. ભૂકંપની આકરી અસરને કારણે સ્થાવર મિલકતોને મરણતોલ ફટકા લાગે, તે અનુભવ છેલ્લા ભૂકંપ વખતે કચ્છ માટે નવો નહોતો. છેલ્લા એકાદ હજાર વર્ષોમાંના દરેક ભૂકંપથી કચ્છમાં જાન-માલને પારાવાર નુકસાન થયા જ હતા. પણ અગાઉના કોઇ ભૂકંપથી કચ્છના કચ્છીઓની ઇમાનદારીને, પ્રામાણિકતાને, નીતિને કે કચ્છીયતને એવા જીવલેણ, સામાજિક-વ્યક્તિગત કે શાસનિક આંચકા અને ફટકા લાગ્યા નહોતા, જેટલા ૨૦૦૧ના ભૂકંપથી અનુભવાયા છે. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ વાળા ભૂકંપે તો કચ્છીઓના સામાજિક-આર્થિક નીતિમત્તાના અત્યંત ઊંડા સંસ્કાર-મૂળિયાને પાયામાંથી જ ખોદી કાઢીને ઝંઝેડી-ઝંઝેડીને સાવ ખેદાનમેદાન જ કરી નાખ્યાં છે. ૨૦૦૧ના ભૂકંપના પરિણામો, જે ૨૦૧૦ સુધીના ૯ વર્ષો દરમ્યાન વખતોવખત, થોડા થોડા સમયના અંતરે નગ્ન રીતે ઉઘાડાં પડતાં રહ્યા છે, તે આ દુઃખદ તારણના અસંખ્ય સબૂત અને પુરાવાઓ છે.

**• ‘કચ્છીયત’ પર તમાચા :**

૨૦૦૧ના ભૂકંપે કચ્છ અને કચ્છીઓ જેના માટે હંમેશાં ગૌરવાન્વિત રહ્યા છે, સેંકડો વર્ષોથી સ્વ-સન્માનીત રહ્યા છે અને જગપ્રસિદ્ધ પણ રહ્યા છે, તે ‘કચ્છીયત’ના બન્ને ગાલ પર, આર્થિક ગાલ અને નૈતિક ગાલ પર એવા જબરદસ્ત તમાચા માર્યા છે, એવા એવા પાશવી પ્રહારો કર્યા છે કે તેના અસહ્ય આઘાતથી બહેર મારી ગયેલા કચ્છીઓ નૈતિકતાનું અને સામાજિક-આર્થિક-શાસન મર્યાદાઓનું, અર્ધ-પાગલ વ્યક્તિની જેમ, પ્રમાણભાન જ ભૂલી ગયા છે. અને આમાં માત્ર કચ્છીઓ જ નથી, કચ્છીઓની સાથે તળ ગુજરાતના ગુજરાતીઓ પણ છે, સૌરાષ્ટ્રીયનો પણ છે, મહારાષ્ટ્રીયનો, ઉત્તર ભારતીયો અને દક્ષિણ ભારતીયો અને પૂર્વ ભારતીયો અને




*ભુજના સીમાડે ખોરાક વહેંચવા ઊભેલી ટ્રક પાસે ભૂકંપગ્રસ્તોએ જઠરાગ્નિ ઠારવા માટે લંબાવેલા હાથ*

*નબળી હોજરીને કારણે ‘‘ધાન’’ ન પચે, નબળા સંસ્કારોને કારણે ‘‘ધન’’ ન પચે.*

પશ્ચિમ ભારતીયોનો પણ સારા જેવો સમાવેશ છે, જેઓ એમની સરકારી નોકરીઓને કારણે ભૂકંપ વખતે અને ભૂકંપ પછીના ૯ વર્ષો દરમ્યાન ચાહે કચ્છમાંથી યા ગાંધીનગરથી શાસકીયા કારણોસર, એક યા બીજા કારણે, કચ્છ સાથે સંકળાયેલા રહ્યા હતા અને રહ્યા છે.

કચ્છીયતને લાગેલા બે પાશવી તમાચાઓમાંથી આર્થિક તમાચાની અને તેની નૈતિક અસરની કેટલીક હકીકતોની વિગતો પર આ લેખમાં નજર કરશું. સદંતર ખાડે ગયેલા નૈતિક અધઃપતનની પ્રાર્થના સભાના અહેવાલ હવે પછીના લેખોથી જાણીશું.

ભૂકંપ ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના ત્રાટક્યો. સંપૂર્ણ કચ્છની સાથે આખોયે દેશ અને સભ્ય જગત શૂન્ય મનસ્ક બની ગયા હતા. તેવે વખતે અખબારી પવિત્ર ફરજ બજાવતા રહેવા માટે ઉપર્યુક્ત કાળજી સેવનારા કચ્છના અખબારોમાનું અગ્રણી અખબાર, દૈનિક ‘કચ્છમિત્ર’, ૦૪ ફેબ્રુઆરી, ૨૦૦૧ના ભૂકંપ પછીના પહેલા જ અઠવાડિયામાં કચ્છીઓને ખાસ તંત્રીલેખ દ્વારા સાવધ કર્યા અને ભલામણના શીર્ષકમાં લખ્યું : “...જો જો કચ્છીયત ઝંખવાય નહિ. માત્ર યુદ્ધ નહીં, કુદરતની આપત્તિ — પછી એ વાવાઝોડું હોય, દુકાળ હોય કે ધરતીકંપ હોય ત્યારે, કચ્છી માડુ પોતાના બાંધવો માટે જે કાંઇ કરવાનું હોય તે કરી છૂટતા અચકાયો નથી. એની એ ભાવના, એ સ્પિરિટ એ વતનપ્રેમ, એ અસ્મિતા એટલે કે કચ્છીયત મૂળ તો કુદરતી આફતો સામે અસ્તિત્વનો જંગ ખેલતા ખેલતા ઉભરી આવેલી માનસિકતા માત્ર છે અને એ અજોડ છે. આ જ આપણું ખમીર છે અને આ જ આપણી કચ્છીયત છે.” ‘કચ્છમિત્ર’ના માધ્યમથી વ્યક્ત કરાયેલી આ ઉમદા ભાવના, ઉમેદ અને અપેક્ષામાં બધાજ કચ્છીઓના સ્વાભિમાનનો ખરો પ્રતિઘોષ જ હતો.


‘કચ્છમિત્ર’ દૈનિક : ૪ ફેબ્રુ. ૨૦૦૧

તંત્રીસ્થાનેથી

# જોજો કચ્છીયત ઝંખવાય નહિ

કાટમાળમાં દબાયેલા માનવ શરીર બહાર ખેંચતા છૂટા પડી ગયેલા રકતભીનાં અંગો કફનમાં બાંધી અંતિમક્રિયાઓ થઇ રહી છે ત્યારે અમારા પૂર્વજ (‘ફૂલછાબ’ના પ્રથમ તંત્રી) ઝવેરચંદ મેઘાણીની પંક્તિ... રકત ટપકતી સોસો ઝોળી સમરાંગણથી આવે... યાદ આવી જાય છે. અત્યારે આખું કચ્છ સમરાંગણમાં પલટાઇ ગયું હોય એવો વિનાશ ચોમેર નજરે પડે છે. ભૂવિસ્ફોટે અસર તો બોમ્બ વરસાદ થયો હોય એવી જ કરી છે. કચ્છે ૧૯૭૧માં યુદ્ધ બરાબરનું જોયું છે પણ એમાં મહાવિનાશ નહોતો અને દુશ્મન સામે દેશદાઝથી કચ્છી પ્રજા એકીઅવાજે બેઠી થઇ ગઇ હતી. હજુ તો હમણાં જ કારગીલ યુદ્ધ કાશ્મીર મોરચે

પરંતુ ભૂકંપ પછીના માત્ર દોઢ બે વર્ષોમાંજ જે કાંઇ બનતું રહ્યું, તે કલ્પનાતીત જ હતું. જલદી માનવામાં ન આવે એવો શાસકીય વહીવટી ઇતિહાસ રચાયો. ગુજરાત રાજ્યની ૫૦ વર્ષોની વહીવટી તવારીખમાં ક્યારેય એવું બન્યું હોવાનું નોંધાયું નથી કે કોઇ જિલ્લાના કલેક્ટર સમાહર્તા- ની, ઇન્ડિયન પિનલ કોડ અને ગવર્નમેન્ટ સરવીસ કોન્ડક્ટ રૂલ્સ-ના ગંભીર ભંગના આરોપસર ધરપકડ કરવામાં આવી હોય. આ ઘટનાની હકીકતો-સરકારી રજૂઆત - તો છેક સાત-આઠ વર્ષે, ૨૦૧૦માં બહાર આવી. ૭૦ કરોડ રૂપિયાના કહેવાતા ભ્રષ્ટાચાર-સંબંધિત ‘કચ્છ-ભુજ જથ્થાબંધ બજાર નવનિર્માણ’ વાળા કૌભાંડનો વિસ્ફોટ થયો. કચ્છના માજી કલેક્ટર પ્રદીપ શર્મા અને બીજા સરકારી અધિકારીઓ અને કેટલાક અગ્રણી વેપારીઓની ધરપકડો થઇ અને હવે આ બાબત નામદાર અદાલતો સમક્ષ છે. (આ વિસ્ફોટની વિસ્તૃત વિગતો ‘મંગલ મંદિર’ના માસ માર્ચ-૨૦૧૦ના અંકમાં સમાવાયેલી છે.)

## ● નંદવાયેલી - ‘કચ્છીયત’ :

ભૂકંપી-કૌભાંડો અને ગંભીર રીતે નંદવાયેલી ‘કચ્છીયત’ના છંછેડાયેલા મધપુડાના ૭૦ કરોડવાળો આ કિસ્સો તો કદાચ પ્રારંભની ઝેરીલી, ડંખીલી એકાદ મધમાખી બને. ભૂકંપ-રાહત, પુનવર્સન અને કચ્છના ‘ઔદ્યોગિક વિકાસ’ના સુફ્ફ, સુફ્ફ છત્રો હેઠળ આચરાયેલા મહાકૌભાંડોની રકમ તો બે અબજ - બસો કરોડથીયે ઉપર પહોંચી ચૂકી હોવાનું જણાય છે.

ભૂકંપ અસરગ્રસ્તોને બેઠા કરવાની સરકારી યોજનાઓ ગંભીર ગેરરીતિઓનો ભોગ બની ચૂકી છે. કેશ ડોલ્સ (મફત નાણાકીય મદદ); સર્વે-રિસર્વે (તપાસણી અને ફેર તપાસણી); ૬૦-૪૦ ની યોજનાઓ, કૃષિ પેકેજની કે કાટમાળ હટાવવાની ફરેબી ‘કામગીરી’, કચ્છ ગુજરાતના ભ્રષ્ટાચારી ગીધોએ તો આ બધામાંથી ખાણી-પીણી અને ઘર ભરવાની જ્યાફતો જ માણી છે. કચ્છ અને કચ્છીઓ માટે આવેલા-ફાળવાયેલા અંદાજે સાતેક અબજ (૭૦૦ કરોડ)માંથી અંદાજે ૨૦૦ કરોડ (બેએક અબજ) આ ભ્રષ્ટાચાર રૂપી ‘સુનામી’ના આભ-ઊંચા મોજાં હજમ કરી ચૂક્યા છે; અને હજુ પણ, ભકૂપં પછીના ૯ મે વર્ષે પણ તેનો પ્રચંડ જોશ શમ્યો નથી.

ભૂકંપની વ્યાપકતાથી બેબાકળી બની, ઠૂંઠવાઇ ગયેલી કેશુભાઇ પટેલની સરકારે તેના ચીર-હરણથી બચવા રોકડ-સહાય, કેશ-ડોલ્સના થીંગડાં, જેવી રાહત-યોજના જાહેર કરેલી. ૧૯ ફેબ્રુઆરી, ૨૦૦૧, એટલે ભૂકંપ પછીના ત્રીજે જ અઠવાડિયે મુંબઇના આખાંબોલાં દૈનિક ‘સમકાલીને’ તેની વિગતોના અહેવાલનું શીર્ષક મૂકેલું : “ભુજમાં લોભિયાઓએ ચાર-ચાર વખત રોકડ સહાય ગજવે ઘાલી..” આ અહેવાલની વિગતોના કેટલાક અંશઃ

*ઈશ્વર પાસે પહોંચવાનો રાજદ્વારી માર્ગ એટલે પ્રાર્થના.*

૧૦ સમકાલીન મુંબઈ, ૧૯ ફેબ્રુઆરી, ૨૦૦૧

# ભૂજમાં લોભિયાઓએ ચાર-ચાર વખત રોકડ સહાય ગજવે ઘાલી

(સમકાલીન ૧૯ ફેબ્રુ. ૦૧)

સમકાલીન સંવાદદાતા

ભુજ, તા. ૧૮: ભૂકંપે માનવમાં રહેલા ગુણો અને અવગુણોને છતા કર્યા છે. આ વાત અવગુણની છે. ભૂકંપને પગલે લોકો કેવા મરણિયા, લોભી અને ધુતારા બની જાય છે તેનો આ વાત પરથી અંદાજ લગાવજો કે ભુજમાં વોર્ડ નંબર ૧૦માં સત્તાવાર રીતે માત્ર ૩૦૦૦ રેશનકાર્ડ હોવા છતાં ૪૫૦૦ કુટુંબોએ રોકડ સહાય મેળવી છે અને રસપ્રદ વાત તો એ છે કે ભૂકંપ બાદ આ વોર્ડમાં મૃત્યુ પામેલા કે ભૂકંપ

આવતાં વહીવટી તંત્રે રોકડ સહાય માત્ર 'મામલતદારની. કચેરીએથી જ આપવાનું નક્કી કર્યુ હતું. અહીં યોગ્ય પુરાવા ચકાસ્યા બાદ જ રોકડ આપવામાં આવે છે.

ભુજ મ્યુનિસિપાલિટીની સ્ટેન્ડિંગ કમિટીના ભૂતપૂર્વ ચેરમેન રસિક મહેતાએ ગેરરીતિ થઈ હોવાની બાબતને સમર્થન આપતાં જણાવ્યું હતું કે હા, એક જ કુટુંબ રહેઠાણના પુરાવાને આધારે ઓછામાં ઓછી ત્રણ વાર રોકડ સહાય લઈ આવ્યું હોય તેમ બન્યું છે. તેમણે આશ્ચર્ય વ્યક્ત

*"ભુજ, તા. ૧૮ : ભૂકંપે માનવમાં રહેલા ગુણો અને અવગુણોને છતા કર્યા છે. આ વાત અવગુણની છે. ભૂકંપને પગલે લોકો કેવા મરણિયા, લોભી અને ધૂતારા બની જાય છે તેનો આ વાત પરથી અંદાજ લગાવજો કે ભુજમાં વોર્ડ નંબર ૧૦માં સત્તાવાર રીતે માત્ર ૩૦૦૦ રેશનકાર્ડ હોવા છતાં ૪૫૦૦ કુટુંબોએ રોકડ સહાય મેળવી છે અને રસપ્રદ વાત તો એ છે કે ભૂકંપ બાદ આ વોર્ડમાં મૃત્યુ પામેલા કે ભૂકંપ બાદ સ્થળાંતર કરી ગયેલા માણસોને તો ગણતરીમાં લીધા જ નથી.*

*"..લોકોએ રાહત પેટે મળતી રોકડ સહાય બને એટલી ગજવે ઘાલવા માટે જાત જાતના નુસખા અજમાવ્યા હતા. રહેઠાણના પુરાવા રોકડ સહાય માટે મેળવવા જરૂરી હોઈ વોર્ડની કચેરીએ પ્રથમ કુટુંબનો એક સભ્ય રેશનકાર્ડ બતાવી રોકડા રૂપિયા લઈ આવે. પછી કુટુંબનો બીજો સભ્ય વીજળીનું બિલ રહેઠાણના પુરાવા તરીકે રજૂ કરી બીજીવાર રોકડ સહાય લઈ આવે. પછી કુટુંબનો ત્રીજો સભ્ય ટેલિફોનનું બિલ રહેઠાણના પુરાવા તરીકે રજૂ કરી રોકડ સહાય લે. આમ આ છેતરપિંડી અને લાલચની કથા ચાલ્યા જ કરતી હતી. આમ એક જ કુટુંબે ત્રણ-ચાર વાર રોકડ સહાય ગજવે ઘાલતાં, રખડી પડેલાં મોટા ભાગનાં કુટુંબોની હાલત હવે કફોડી થઈ છે. ગુરુવાર સુધી વોર્ડની કચેરીમાંથી આ રોકડ સહાય અપાતી હતી. પછી આ ગેરરીતિ બહાર આવતાં વહીવટી તંત્રે રોકડ સહાય માત્ર મામલતદારની કચેરીએથી જ આપવાનું નક્કી કર્યું હતું. અહીં યોગ્ય પુરાવા ચકાસ્યા બાદ જ રોકડ (સહાય) આપવામાં આવે છે. ભુજ મ્યુનિસિપાલિટીની સ્ટેન્ડિંગ કમિટીના ભૂતપૂર્વ ચેરમેન રસિક મહેતાએ ગેરરીતિ થઈ હોવાની બાબતને સમર્થન આપતાં જણાવ્યું હતું કે હા, એક જ કુટુંબ રહેઠાણના પુરાવાને આધારે ઓછામાં ઓછી ત્રણ વાર રોકડ સહાય લઈ આવ્યું હોય તેમ બન્યું છે. તેમણે આશ્ચર્ય વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ડૉક્ટર અને એન્જિનિયર જેવા સંપન્ન માણસો તેમના રહેઠાણો અકબંધ હોવા છતાં ગરીબો માટેની રોકડ સહાય મેળવવા લાઈનમાં ઊભા રહી ગયા હતા. રોકડ સહાય આપવાનું મામલતદાર કચેરીમાંથી શરૂ થતાં ત્યાં બાકીના લોકોએ અંતહીન લાઈન લગાવી છે. એક સ્થાનિક રહીશ પોપટલાલ ગોરે જણાવ્યું હતું કે હું આ શહેરનો રહીશ છું અને રહેઠાણના પુરાવા મેં રજૂ કર્યા હોવા છતાં આજે બીજે દિવસે પણ મને સહાય મળી નથી. તમે અગાઉ વોર્ડની કચેરીએથી આ સહાય કેમ ન મેળવી તેવા પ્રશ્નના ઉત્તરમાં ગોરે જણાવ્યું હતું કે મને માત્ર બે દિવસ પૂર્વે જ આ રોકડ સહાય અપાતી હોવાની જાણ થઈ હતી, કેમકે તેની અગાઉથી કોઈ જાહેરાત કરવામાં આવી ન હતી. અગાઉ મારા વિસ્તારમાં ઘણાએ આવા કોઈ પુરાવા રજૂ કર્યા વગર જ રોકડ સહાય મેળવી હતી."*

- **વિકલાંગ સરકાર :**

આ અહેવાલ અને આવા જ બીજા સંખ્યાબંધ અખબારી અહેવાલોનો વહીવટી અરાજકતા, સરકારી નીતિ-રીતિની છિન્નતા,

ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા : ફેબ્રુઆરી ૧૮, ૨૦૦૧

# Keshubhai rejects charges of corruption in relief work

FEB 18 2001

**The Times of India News Service**


NEW DELHI: Gujarat's Kutch district—the size of Haryana—and parts of Saurashtra and Ahmedabad—stretched 600 km apart—experienced more damage because of the January 26 quake than what the entire of Europe saw during World War II, chief minister Keshubhai Patel told the central leadership at an extensive review undertaken here.

The chief minister, not known to be media-savvy, was forthright while talking to the media here, rejecting charges of corruption and mismanagement at the hands of the bureaucracy. "*Naukarshahi* has done its job well," he told a private TV channel.

Mr Patel had special word of praise for countries far and near, which had sent 98 planeloads of relief material so far. To underline the Maharashtra government, an alliance led by the Congress and the Nationalist Congress Party. At the instance of NCP chief Sharad Pawar, Maharashtra ministers have been involved in the relief work. Scores of injured have been airlifted to Mumbai, Pune and other places for medical treatment. Mumbai witnessed the combination of efforts by Murli Deora of the Congress and Kirit Somaiya, the BJP Lok Sabha member, whose office formed the nucleus of the initial relief effort.

More relief is expected to arrive from abroad in the coming weeks and the four control centres set up in Mumbai are being geared to facilitate the arrival of aircraft, procedural work, and transport to the affected areas 900 km away, Ravi Saxena, officer on special duty coordinating the effort, said.

*ધાર્મિક ગ્રંથો અને પુસ્તકો સંસ્કારની ગંગોત્રી છે.*



Gujarat chief minister Keshubhai Patel (left) at a meeting at Ghatkopar in Mumbai on Wednesday. ( ૨૨ : ૦૨ : ૨૦૦૧ )

ફેબ્રુઆરી ૧૮ અને ૨૩, ૨૦૦૧ના 'ટાઇમ્સ ઓફ ઇન્ડિયા'ના બે વિસ્તૃત અહેવાલોમાં કેશુભાઇ પટેલની મુંબઇ મુલાકાત દરમ્યાનની પ્રવૃત્તિઓના અખબારો અને ટીવીના પ્રતિનિધિઓ સાથેની પ્રેસ કોન્ફરન્સ દરમ્યાનની પ્રશ્નોત્તરીઓ અને મહારાષ્ટ્ર સરકારના અગ્રણીઓ સાથેના સંવાદો દરમ્યાન કેશુભાઇ પટેલે જે સદંતર નર્યા જુઠ્ઠાણાઓ કે અર્ધસત્યો કે નામના સત્યોની જાહેર લહાણીઓ કરી તેના મુખ્ય સારાંશ આ પ્રમાણે હતા. ૧૮ ફેબ્રુઆરી, ૨૦૦૧ના 'ટાઇમ્સ'ના અહેવાલનું અંગ્રેજી હેડીંગ-શીર્ષક-આ પ્રમાણે હતુંઃ 'Keshubhai rejects chrarges of corruption in relief work' સાદાં સરળ ગુજરાતીમાં એનો અર્થ થાય કે 'રાહત કામોમાં ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપોનો કેશુભાઇ ઇન્કારે છે.' ૨૩ ફેબ્રુઆરી ૨૦૦૧ ના 'ટાઇમ્સ'ના અહેવાલનું અંગ્રેજી શીર્ષક હતું : 'Delay has been misconstrued as denial of aid: Gujarat CM' આનો સરળ ગુજરાતી અર્થ થાય કે 'ગુજરાતના મુખ્ય મંત્રી કહે છે કે રાહત પહોંચાડવામાં થયેલા વિલંબને રાહતનો ઇન્કાર ગણી લેવાયો છે.'

મૂઢ અને ગૂંગી અને બહેરી અને આંધળી અને સર્વાંગે વિકલાંગ બની ચૂકેલી સરકારના વહિવટીતંત્રની હિમશિલાના ટોપકાનાં જ પ્રતીક હતાં. જે સપ્તાહમાં, ફેબ્રુઆરી ૨૦૦૧ના બીજા ત્રીજા અઠવાડિયામાં ન માત્ર કચ્છના, સૌરાષ્ટ્રના કે ગુજરાતના અગ્રણી પ્રતિષ્ઠિત અખબારો ઉપરાંત દેશભરના અંગ્રેજી, મરાઠી, બંગાલી, હિન્દી, તામિલ, તેલુગુ, મલયાલી, ઉર્દૂ અને બીજી ભાષાઓના અખબારોના ખાસ પ્રતિનિધિઓ કચ્છમાં ઠેર ઠેર પહોંચીને ખરી હકીકતોના આંખે દેખ્યા અહેવાલો દેશ અને વિદેશના અખબારોના પહેલા પાના પર પ્રકાશિત કરી દુનિયાભરને કચ્છમાં પ્રવર્તતી અંધાધૂંધી, વહીવટી ભ્રષ્ટાચાર અને અણઆવડતની રજેરજ માહિતી પહોંચાડી રહ્યા હતા અને દૂરદર્શન સહિતની અનેકાનેક ટીવી ચેનલો કચ્છમાંની દારુણ પરિસ્થિતિનાં કલાકોના કલાકો લાંબા અહેવાલો વિશ્વભરમાં પ્રસારિત કરી રહ્યા હતા ત્યારે ગુજરાતની મૂક-બધીર વિકલાંગ સરકારના મુખ્ય પ્રધાન શ્રી કેશુભાઇ પટેલ મુંબઇમાં પોતાની સરકારના 'સફળતમ વહીવટ'ના ગાણાં ગાઇ રહ્યા હતા!

ગુજરાતના મુખ્ય પ્રધાન જેવી જવાબદાર વ્યક્તિના આવા બણગાં, દાવાઓ અને જાહેર ઇન્કારોના ખુદ સરકારી 'સત્તાવાર એજન્સીઓ અને ખાતાઓએ જ લીરે લીરા, ચીંથરે ચીંથરાં અને કાંકરે કાંકરા કરી નાખ્યા. ૨૭ ઓક્ટોબર, ૨૦૦૨ના દેશભરના અખબારોએ ગુજરાત સરકાર દ્વારા ભૂકંપ સહાયમાં દોઢસો કરોડ, એટલે કે દોઢ અબજ, રૂપિયાની થયેલી ગેરરીતિઓના વિસ્તૃત અહેવાલો પ્રગટ કર્યા અને તેની બધી સિલસિલાબંધ વિગતો જાહેરમાં મૂકી. આવી સ્ફોટક વિગતો અંદરખાનેથી કેમ ફૂટી ગઇ હશે, તેના કોઇ જાહેર ખુલાસા કરાયા નહોતા પણ રાજકોટ સ્થિત એકાઉન્ટન્ટ જનરલ-એજી-ની કચેરીના ઓડિટરો (હિસાબ-કિતાબની તપાસણી-ચકાસણી કરનારા સત્તાવાર હિસાબી અધિકારીઓએ) આટલી જંગી ગરબડ પકડી પાડી હોવાનું મુંબઇના 'ગુજરાત સમાચાર'ના ૨૭ ઓક્ટોબર, ૨૦૦૨ રવિવારના અંકમાં ભ્રષ્ટાચારનો આ ટાઇમ-બોંબનો વિસ્ફોટ થયેલો હતો. તેના મુખ્ય મુદ્દાઓ આ પ્રમાણે હતાં

- **જંગી ગરબડ :**

શીર્ષક હતું : 'કચ્છના ભૂકંપ પીડિતોને અપાતી સહાયમાં દોઢસો કરોડની ગેરરીતિઓ.'

મુખ્ય વિગતો આ પ્રમાણે હતી : રાજકોટ સ્થિત એકાઉન્ટન્ટ જનરલ કચેરીના ઓડિટરોએ


**કચ્છના ભૂકંપપીડિતોને અપાતી સહાયમાં દોઢસો કરોડની ગેરરીતિઓ**

અંજાર, તા. ૨૬
રાજકોટ સ્થિત એકાઉન્ટ જનરલ કચેરીનાં ઓડિટરોએ કચ્છની ભુકંપ પિડિત પ્રજાને મકાન સહાય પેટે ચૂકવાયેલી રકમમાં પણ દોઢ અબજથી વધુની ગરબડ પકડી પાડી ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીનાં માધ્યમથી પૂછાણું લેતાં ... સરખાવી લીધેલા વાંધામાં પુછયું છે કે વસ્તી કરતાં મકાનો વધી કેમ ગયા?

રૂા દોઢ અબજથી વધુની રકમનો આ વાંધો હોવાનો આખે આખા જિલ્લાને તંત્રને કામેલાગવું પડયું છે. એક તરફ આ ગૂંચ ઉકેલાતી નથી ત્યાં બીજી બાજુ વધુમાં વધુ સંખ્યામાં અન્વેષકો આ કોયડાનો ઉકેલ ... મળેલ હોવાથી કોઈ કહેતા કોઈનાં પેટનું પાણી હાલતું નથી. અને આજે ગાડી સડસડાટ ચાલી રહી છે. પરંતુ આ પ્રકરણ બહાર લાવતાં જ હવે મોટો ભડકો થવાની પુરેપુરી સંભાવનાઓ છે.

આ ગરબડ જેમ બને તેમ જલદી ઉકેલવાનો આદેશ રાજયની ડિઝાસ્ટર

*ગુજરાત સમાચાર, મુંબઈ, ૨૭ : ઓક્ટો. ૨૦૦૨

**આપીને જે આનંદ વધારે તે અમીર, લઈને જે લાલસા વધારે તે ગરીબ.**

'ધ ઇન્ડિઅન એક્સ્પ્રેસ' : ૧૧ ફેબ્રુ. ૨૦૦૧

# Greed rules heart in Gujarat as the mighty corner relief...

JIGNESH VASAVADA
RAPAR, FEB 10

TWO trucks carrying relief supplies to Adesar, Ghedi and Vijapur villages in Rapar taluka of Gujarat were attacked and looted by villagers on Wednesday. It was later revealed that certain communities are hoarding supplies being provided by the government and NGOs.

There seem to be many loopholes in the distribution of relief supplies. Government supplies are dispatched along-with officials and security forces. In many villages the sarpanch or the mamlatdar supervises the distribution of relief materials. But in many villages, the villagers swarm the trucks, creating problems in distribution. "We cannot even enforce discipline in these circumstances. It becomes difficult to control the crowd, so we either let them do as they please, or come back without distributing," claims an official.

Might rules here. Villagers who are demanding get most of the stock, while ... ones get left out. "This mostly happens when NGOs distribute supplies on their own. We do not go out and beg, while a number of people who do so end up with a lot of material," claims Devabhai Patel of Adesar village, where all the houses have collapsed. The inhabitants of the village, who are living in makeshift arrangements, have more than 1,520 blankets and food supplies for a couple of months for only three members.

"The NGOs are not aware of the number of people and how many have already received relief material. They get carried away by people's emotions and distribute accordingly. This has been happening for quite some time now," says Sanjibhai Patel, sarpanch of Kalyanpar village.



HELP, AT LAST: An elderly woman welcomes *The Indian Express* relief team at Eval, a village near the Indo-Pak border. The team was the first to reach there. *Express photo by Ramesh Nair*

Moreover, the supplies have concentrated more on the villages near the roads, while those in the interiors have received relief only from the tenth day. "A number of villages in the border area have been given to willing NGOs, who are touring the areas and providing relief," claims A.K. Sharma, who is in charge of relief in Rapar.

But the government control room at Rapar continues to get complaints from villagers who claim that they haven't received relief, despite trucks having been dispatched to these areas.

"These people are living in fields away from the villages and are not present when distribution takes place," defends Sharma. "It is impossible to personally check each case."

There is a huge shortage of tents in these areas.

Despite this, about 125 tents are waiting to be lifted by the mamlatdars and taluka development officers of various areas, for the past five days. "We have strictly instructed them to pick up the tents and set up offices in each area," says Sharma.

કચ્છની ભૂકંપપીડિત પ્રજાને મકાન સહાય પેટે ચૂકવાયેલી રકમમાં પણ દોઢ અબજથી વધુની ગરબડ પકડી પાડી ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના માધ્યમથી પૂછાણું લેતા અત્યારે સ્થાનિક તંત્રની (ગુજરાત સરકાર અને કચ્છના વહિવટીતંત્રની) ઉંઘ હરામ થઇ જવા પામેલ છે અને ખોટી રીતે ચૂકવાયેલી રકમ પરત મેળવવાની દિશામાં ગંભીરતાથી કામગીરી શરૂ થઇ ગઇ છે.

રૂા. ૧૬૫ કરોડની આ ગરબડ આવનારા દિવસોમાં (ગુજરાત) સરકાર માટે મુંઝવણભરી સ્થિતિ પેદા કરે તેવી શક્યતા છે.

ગુજરાત સરકારે કચ્છ જિલ્લાના ભૂકંપ પીડિતોને તા. ૧૭-૧૦-૨૦૦૨ સુધી રૂા. ૭૦,૯૦૫.૪૩ લાખ એટલે કે રૂા. ૭ અબજ, ૯ કરોડની રકમ ચૂકવાઇ છે. પરંતુ માર્ચ, ૨૦૦૨ સુધીમાં જેટલી રકમ ચૂકવાઇ હતી તેમાંથી રૂા. ૧૬૫ કરોડનો મેળ હાલે ક્યાંય ખાતો નથી. આ નાણાં ક્યાં ગયાં, તેનો જવાબ છેલ્લા છ-સાત માસથી તૈયાર થઇ રહ્યો છે પરંતુ એ.જી. (એકાઉન્ટન્ટ જનરલ)ની કચેરી, રાજકોટને હજુ સંતોષ થયો નથી.

કચ્છમાં મકાન સહાયનું ચૂકવણું વધુ થઇ ગયેલ હોવા સંદર્ભે, જિલ્લા વિકાસ અધિકારી રાજીવ ટોપનેનો સંપર્ક કરવામાં આવતા તેમણે કહ્યું હતું કે, અનેક જણ એકની એક મિલકતના અલગ અલગ આધારો આપી સહાય લઇ ગયા હોવાનું તંત્રના ધ્યાન પર આવે છે. નાણાની વસૂલાત પણ શરૂ થઇ છે. હજુ સુધી કેટલી વ્યક્તિઓ પાસેથી નાણા પરત આવ્યાં તે પ્રશ્નને ટાળતાં જિલ્લા વિકાસ અધિકારીએ બે દિવસ બાદ બાકીની વિગતો પૂરી પાડવાની ખાતરી આપી હતી.

સરકારના નાણાનો નિયમાનુસાર ઉપયોગ થાય અને દુરુપયોગ અટકે તે જોવાનું કાર્ય કરતી એકાઉન્ટન્ટ જનરલ કચેરીએ માર્ચ ૨૦૦૨ - અંતિમ ઓડિટ રિપોર્ટ ડ્રાફ્ટમાં, મકાન સહાયનો લાભ લેનારા પરિવારોની સંખ્યા અને વસતી ગણતરીનો સત્તાવાર આંક સરખાવીને લીધેલા વાંધામાં પૂછ્યું છે કે વસતી કરતાં મકાનો વધી કેમ ગયાં?

રૂા. દોઢ અબજથી વધુની રકમનો આ વાંધો (ઓબ્જેક્શન) હોવાથી આખે આખા (કચ્છ) જિલ્લાના તંત્રને કામે લાગવું પડ્યું છે. એક તરફ આ ગૂંચ ઉકેલાતી નથી, ત્યાં બીજી બાજુ વધુમાં વધુ સંખ્યામાં અન્વેષકો (તપાસ-ચકાસણી અધિકારીઓ) આ કોયડાનો ઉકેલ મેળવવા કચ્છની સરકારી કચેરીઓ, તાલુકા પંચાયતોમાં ગોઠવાતા જતા હોવાથી આ ગરબડ (કચ્છ) જિલ્લાના ઇતિહાસમાં મોટું સ્થાન લે તેવી સંભાવના છે.

***(પોણા બે અબજ રૂપિયાનું આ 'રાહત-કૌભાંડ' અમલી કેમ બનાવાયું, તેની વિગતો, હવે પછીના લેખમાં તમે વાંચી શકશો)***

***(ક્રમશઃ)***

***નવરંગ જનરલ સ્ટોર્સ,***
***ઓ.એન.જી.સી. કોલોની,***
***પનવેલ. પીન : ૪૧૦ ૨૨૧.***

---

## RTI મારફત મળેલી માહિતી

**(અનુ. પાના નં.-૧૫ ઉપરથી ચાલુ)**

બધા કહેવાતા એક્ટીવિસ્ટોની રંગત-ઓફિસમાં બેઠા બેઠા રિપોર્ટ બનાવવાનું અને એ.સી. હોલમાં સેમિનારો કરવાનું ઝાલાને ફાવ્યું નહીં. લડ્યા વગર એને ચેન ન પડે! જ્યાં અન્યાય દેખાય ત્યાં કૂદી પડે. કોઇના બાપની સાડી બારી રાખ્યા વગર નિઃસ્વાર્થ નિસ્બતથી લડતા રહેવું એજ એમની જિંદગી.

ગુજરાતમાંથી બીજા પસંદ થયા વિનોદ પંડ્યા. વિનોદ પંડ્યાએ RTI હેઠળ એવી માહિતી માંગી કે અમદાવાદ શહેરની ખાનગી પ્રાથમિક શાળાઓમાંથી કઇ શાળાઓમાં સરકારી ધારાધોરણ મુજબ લાયકાત ધરાવતો સ્ટાફ છે?

સરકારે જવાબ આપ્યો 'કુલ્લે ૭૧૧ શાળામાંથી કેવળ એક જ પ્રાથમિક શાળામાં 'ક્વોલિફાઇડ સ્ટાફ' હતો! આ શાળાઓમાં વર્ષોથી કામ કરતા ૫૩૧૨ શિક્ષકોમાંથી ૯૦ ટકા પાસે જરૂરી એવી B.Ed.ની ડિગ્રી કે પ્રાઇમરી ટીચિંગ સર્ટીફિકેટ ન હતા. આ ૫૩૧૨માંથી કેવળ ૫૫ શિક્ષકોને જ સરકારી નિયમો મુજબ પગાર ચૂકવાતો હતો. એમાંથી મોટા ભાગના શિક્ષકોનો પ્રોવિડન્ટ ફંડ કપાતો ન હતો. શિક્ષણ ખાતામાં થોડો સુધારો થાય એ હેતુથી વિનોદ પંડ્યાએ આ માહિતીનો ઉપયોગ હાઇકોર્ટમાં જનહિતની અરજી કરવામાં કર્યો. જો કે આજ દિવસ સુધી સરકારે આ દિશામાં કોઇ જ કાર્યવાહી કરી નથી.

***આ વિગતો 'દલિત અધિકાર'ના તા. ૫-૧-૧૦ના અંકમાંથી લેવામાં આવી છે.***

***પ્રેષક : શાંતિલાલ સંઘવી***

***બીજાઓને સુખ પહોંચાડવામાં એટલે કે પરોપકાર કરવામાં પુણ્ય છે અને અન્યને પીડા આપવામાં પાપ છે.***

**નર્મદા - સરદાર સરોવર**
**TISS REPORT**
**સંશોધન લેખ શ્રેણી**
**(૮)**

# હજારો વિસ્થાપિતોના પુનઃ વસનની જૈસી-તૈસી!

**પ્રવીણચંદ્ર શાહ**

'ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સ' (TISS) દ્વારા ભારે જહેમતપૂર્વક અને વાસ્તવિક સત્યોને શોધવાની અડગ નિષ્ઠાવાળો અહેવાલ એક રીતે બારુદનો ભંડાર છે. અનેક બાબતો જેને ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ કે રાજસ્થાનની સરકારોએ વિવિધ કારણોસર સતત છાવરી છે અને ખુદ કેન્દ્ર સરકારે પણ વખતોવખત વાસ્તવિક સત્યો તરફ આંખ આડા કાન કર્યા છે, તેમાંના ઘણા અર્ધસત્યો કે અસત્યોને TISS REPORT દ્વારા ખુલ્લા પાડવામાં આવ્યા છે. માત્ર અનુમાનોને આધારે નહીં; નક્કર પુરાવાઓનાં આધારે.

- **હાર્દનો છેહ :**

TISS REPORTમાં રજૂ કરાયેલી ઘણી વિગતો પરથી એ સ્પષ્ટ બને છે કે મધ્ય પ્રદેશ વિસ્થાપિતો માટેની R & R પોલિસીના હાર્દને બિલકુલ છેહ દઇ રહ્યું છે. જમીન સામે જમીન આપવાને બદલે, મધ્ય પ્રદેશનું વહિવટીતંત્ર-સરકાર ભલે કોઇપણ પક્ષની હોય- પૈસા આપીને વાત પતાવે છે. આ મૂળભૂત નક્કી કરાઇ ચૂકેલી નીતિ- નિયમોનો સરાસર ભંગ છે. આમ થવાથી જમીન-માલિક આદિવાસી કે કિસાન, જમીન વિહોણો રોજંદાર કંગાલ મજૂર, દાડિયામાં ફેરવાઇ જાય છે અને પરાપૂર્વથી જળવાતી આવેલી તેની જીવનશૈલીનું નિકંદન પ્રયોજાય છે.

આ અધૂરું હોય તેમ વિસ્થાપિતોની સંખ્યા દર્શાવવામાં પણ ગોળ ગોળ રમત રમાય છે. આનું પરિણામ ડેમની ઊંચાઇ વધતી જવામાં આવે છે.

આ સંબંધમાં સુપ્રીમ કોર્ટનું વલણ પણ રંજપ્રેરક રહ્યું છે. સુપ્રીમ કોર્ટ આ અને આવા બીજા પેચિદા પ્રશ્નોની ભીતરમાં જવા બહુ ઉત્સાહી નથી. એટલે ડૂબમાં જનારા લોકોની કે તેમના વતી લડનારાઓની દલીલો અને રજૂઆતો તરફ પૂરતું ધ્યાન અપાતું નથી. આનું પણ ક્રમિક પરિણામ ડેમની ઊંચાઇ વધવાની પ્રક્રિયામાં આવે છે.

નર્મદા કંટ્રોલ ઓથોરિટી (NCA)એ અમુક હદ સુધી આ બાબતની ફરિયાદો તરફ ધ્યાન આપેલું ખરું. પરંતુ ૩ વર્ષ પહેલાં, ૮ માર્ચ, ૨૦૦૭ના રોજે અચાનક જ ડેમની ઊંચાઇ વધારવાની તેણે મંજૂરી આપી દીધેલી. આમ ૧૧૦.૬૪ મીટરથી ૧૨૧.૯૨ મીટરની મંજૂરી મળી ગઇ. તે વખતના યુનિયન (કેન્દ્ર)ના વોટર રિસોર્સીઝ (જળ સંશાધન) મિનિસ્ટર સૈફુદ્દીન સોઝે આનો વિરોધ પણ કરેલો, છતાં ડેમનું કામ અટક્યું નહોતું. વડાપ્રધાને મોકલેલી સમિતિમાં સૈફુદ્દીન સોઝ, શ્રીમતી મીરા કુમાર અને પૃથ્વીરાજ ચૌહાણ જેવા, સરકારમાં ઊંચા હોદ્દા ધરાવતા લોકોની સમિતિ ડૂબ-વિસ્તારમાં જાતતપાસ માટે ફરેલી પણ ખરી. તેથી વિસ્થાપનનું કામ બાકી છે તે પણ એમના ધ્યાનમાં આવ્યું. આ સમિતિએ પોતાની જાત તપાસનો રિપોર્ટ પણ કેન્દ્ર સરકારને અને કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂ પણ કર્યો. તેમ છતાં, ઉપર નોંધ્યું છે તેમ, સુપ્રીમ કોર્ટે ડેમનું કામ અટકાવ્યું નહીં, જે અટકાવવાનું, નક્કી થયેલા નીતિનિયમો અનુસાર બિલકુલ આવશ્યક હતું. સુપ્રીમ કોર્ટે મધ્યપ્રદેશની સરકારને માત્ર ચીમકી આપી કે જો વિસ્થાપનનું કામ યોગ્ય રીતે નહીં થાય તો જરૂર પડે ડેમનું કામ અટકાવવામાં આવશે!

આ કે આવી બીજી ચીમકીઓની અસર હવાઇ પરપોટા જેવી થતી રહી.

- **ઊંચાઇ! વધુ ઊંચાઇ! :**

ગુજરાત સરકાર તો નીતિ-નિયમોના સચ્ચાઇભર્યા અમલ થતા હોય કે ન થતા હોય તેની કાંઇ ચિંતા-ફિકર વગર, ડેમની ઊંચાઇ વધારવા માટે થનગની રહી હતી. ગુજરાતમાં ડેમની ઊંચાઈ વધારવા માટે રાજકીય પ્રેશર વધારાતું જતું હતું. તે વખતના વડાપ્રધાન મનમોહન સિંહ (યુપીએ-૧)ને સુપ્રીમ કોર્ટે સત્તા આપી કે વિસ્થાપનના મુદ્દે ત્રણ રાજ્યો- ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં- જે પણ પ્રશ્નો પેદા થાય તેનો તેમણે ઉકેલ લાવવો અને ડેમના પ્રશ્ને વારંવાર સુપ્રીમ કોર્ટના દરવાજા કોઇએ ખખડાવવા નહીં. પરંતુ વિસ્થાપનનું કામ સર્વસ્વીકૃત નીતિ-નિયમો અનુસાર પત્યું ન હોવા છતાં મનમોહન સિંહે કે સુપ્રીમ કોર્ટે ડેમના કામને રોકવાની કોઇ ચીવટ બતાવી નહીં.

આનું પરિણામ શું આવ્યું? મધ્ય પ્રદેશમાં ડૂબમાં આવતા વિસ્થાપિતોને ભગવાનના ભરોસે હડસેલાઇ જવું પડ્યું. ડેમના કામને તો આગળ ધપાવાતું જ રહ્યું. કહેવાતા વિકાસને, વાસ્તવમાં વિસ્થાપિતોના 'વિનાશ' વાળી એક્સપ્રેસ ગાડીને અટકાવવાની કોઇએ હિંમત દાખવી નહીં. વિસ્થાપિતોનું જે થવાનું હોય તે થાય! વિકાસ ઝિંદાબાદ!

વડાપ્રધાન મનમોહન સિંહે ૨૪ એપ્રિલ, ૨૦૦૬ના રોજ, નામ કે વાસ્તે, વિસ્થાપન ના પ્રશ્ને ''તપાસ'' કરવા 'સુંગલું કમિટી'ની રચના કરી. મનમોહન સિંહના મંત્રીમંડળના જળ સંશાધનમંત્રી સૈફુદ્દીન સોઝ ખુદ ડૂબના વિસ્તારમાં ફરીને આવ્યા. એમણે જે રિપોર્ટ તૈયાર કરી પેશ કર્યો તેનું શું થયું ખબર છે? કોઇને ય ખબર નથી! ખુદ સોઝને પોતાને પણ ખબર નથી!

*દેનારાએ દેતા જ રહેવું, લેનારાએ લેતા રહેવું અને એમ લેનારો પણ એક દિવસ દેનારો થાય.*

ખબર છે એટલી કે વળી એક એક નવી કમિટીની રચના કરવામાં આવી! આગલી કમિટી અને સોઝવાળો રિપોર્ટ, ગુજરાતની ડેમની ઊંચાઇ વધારવાની રાજકીય ગરમીમાં ક્યારે અને ક્યાં ઓગળી ગયો, તેનું બાષ્પીભવન થઇ ગયું, રામ જાણે! નર્મદા વોટર ડિસ્પ્યુટ્સ ટ્રિબ્યુનલે (NWDTA) જે વિસ્થાપન નીતિ નિયમો જાહેર કરેલા હતા, જે સર્વમાન્ય રીતે બધા પક્ષકારોએ સ્વીકારેલા હતા, તેમાંની એક જોગવાઇ એ હતી કે જમીન સામે જમીન અપાય અને રહેવા માટે વિસ્થાપિતોને પ્રાથમિક સગવડો સાથેના પ્લોટ, એમના વિસ્તાર ડૂબમાં જાય તેથી પ-હે-લાં, ૬ મહિના અગાઉ સોંપી દેવા, એ નિયમવાળી વાતનો તો લગભગ વીંટો જ વાળી નંખાયો.

- **નીતિ-નિયમોની જૈસી-તૈસી!**

પણ ડેમની ઊંચાઇ વધારો, ઊંચાઇ વધારોના સતત જાપ જપતી ગુજરાત સરકાર અને તેની સહિયર સરકારો, જરાય કોઇથી ગાંજી જાય તેમ નહોતી. આખરે એમનું જ ધાર્યું એમણે અમલી કરી બતાવ્યું : નીતિ અને નિયમો અને સચ્ચાઇ અને માનવ-અધિકારોની જૈસી-તૈસી કરીને.

છેલ્લી મંજૂર થયેલી ઊંચાઇ ૧૨૧.૯૨ મીટરની હતી. તે વધારીને ૧૩૮.૬૪ કરવાની ૨ એપ્રિલ, ૨૦૧૦ના નર્મદા કંટ્રોલ ઓથોરિટીના પર્યાવરણ સબ ગ્રૂપે મંજૂરી આપી દીધી હતી. આ વધારાની ઊંચાઇનું બાંધકામ એપ્રિલ, ૨૦૧૦ પછીના ૩૦ માસમાં પૂર્ણ કરવાનું જણાવાયું હતું, જણાવાયું છે અને નર્મદા કંટ્રોલ ઓથોરિટી (NCA)ની અંતિમ મંજૂરી મેળવતાં પહેલાં રાજ્ય સરકારે ઓથોરિટીની પુનર્વસવાટ અને પુનર્વસન કમિટીની મંજૂરી મેળવવાની રહેશે. આ શરત લાદવામાં તો આવી છે, પરંતુ તે કાંઇ પહેલી વારની છે? અત્યાર પહેલાં અનેક વખત આવી શરતો લદાઇ ચૂકી છે; પણ તેના સચ્ચાઇભર્યા અમલ કરાયા છે કે નહીં તેની પૂરી ચકાસણી વ-ગ-ર-જ વધુને વધુ ઊંચાઇની મંજૂરીઓ શું અપાતી રહી નથી?

આ વધુ ઊંચાઇ, ૧૨૧.૯૨ મીટરથી, વધારી ૧૩૮.૬૪ કરવાની દરખાસ્ત નવી પણ નથી. ડેમની ઊંચાઇ વધારવાની ગુજરાત સરકારની માંગ કોઇ ટેક્નિકલ આવશ્યકતામાંથી પ્રેરાઇ નથી પણ રાજકીય જીદમાંથી થનગનતી રહી છે. આ થનગનાટ નર્મદા બચાવ આંદોલનકારીઓ, જેઓ વિસ્થાપિતોના ન્યાયી હકક-અધિકારો માટે છેલ્લા વીસેક વર્ષોથી અણથંભ, ન્યાય માંગી રહ્યા છે અને વિસ્થાપિત બની ચૂકેલા, ભૂમિહીન બની ચૂકેલા, નિઃસહાય બની આમથી તેમ ફંગોળાઇ રહેલા આદિવાસીઓ, વનવાસીઓ, ગ્રામીણ કિસાનોને રાહત આપવા ઘડાયેલા નીતિ-નિયમો પ્રમાણેનો પુનર્વસવાટની પ્રક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી ડેમની વધુ ઊંચાઇ વધારવાનો પ્રામાણિક વિરોધ કરી રહ્યા છે, તેમને રાજકીય ડિંગો બતાવવાની જીદ બનાવી દેવામાં આવી છે. આ રાજકીય આટાપાટાના ખેલ ૧૯૮૯-૯૦ આસપાસથી ત્યારના ગુજરાતના મુખ્ય પ્રધાન ચીમનભાઇ પટેલ દ્વારા ખેલાતા થયેલા અને ૨૦ વર્ષોથી, હવે ગુજરાતના હમણાંના મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર સુધી લંબાતા રહ્યા છે. વિસ્થાપિત થઇ ચૂકેલાઓને થાળે પાડ્યા વગર જ વધુ ઊંચાઇ! ની રઢ લેનારી ગુજરાત સરકારના સમર્થક એક અખબાર જૂથના અખબારથી અતિ ઉત્સાહમાં સાચી વાતનો પર્દાફાશ થઇ ગયો છે. ૩, એપ્રિલ, ૨૦૧૦ ની અખબારી આવૃત્તિમાં 'નર્મદા બંધની ઊંચાઇ વધારવા લીલીઝંડી' શીર્ષકવાળા અહેવાલમાં જણાવાયું છે કે "ડેમ ઊંચાઇની આ મંજૂરી ડેમ વિરોધી તાકાતો સામે ગુજરાત માટે લાભદાયી રહેશે તેમ (ગુજરાત સરકારના) ઉચ્ચ અધિકારીઓ માની રહ્યા છે." આનો અર્થ બહુ સ્પષ્ટ નથી.

**<u>હવે પછી</u> :**

*સરદાર સરોવર યોજનાના અમલીકરણમાં વિવિધ કોમો વચ્ચે, વિવિધ સંસ્થાઓ વચ્ચેના સંકલનનો અભાવ, આર્થિક વ્યવહારો અને ગુણવત્તાની ચકાસણીના પારાવાર અભાવની દષ્ટાંતો સહિતની વિગતો હવે પછીના આર્ટિકલ નં. ૯ થી આપણે જાણી શકીશું.*

***(ક્રમશઃ)***

***નવરંગ જનરલ સ્ટોર્સ,***
***ઓ.એન.જી.સી. કોલોની,***
***પનવેલ. પીન : ૪૧૦ ૨૨૧.***
***ફોન : ૦૨૧૪૩૨૨૦૦૮૦, મો. ૦૯૯૩૦૬૬૦૨૪૨***

***(<u>નોંધ</u> : ડેમની ઊંચાઈ ૧૩૮.૬૪ મીટર સુધી લઈ જવા ગુજરાત, મહારાષ્ટ્ર કે મધ્યપ્રદેશના કેટલા વિસ્થાપિતોના કામ બાકી રહે છે અને તે શા કારણે બાકી રાખવામાં આવ્યા છે તેની પણ છણાવટ થઈ શકી હોત તો તે વધુ યોગ્ય ગણાત અને પ્રજાને તેની પણ સ્પષ્ટ માહિતી મળી શકી હોત.***

***<u>એક અન્ય વાત</u> : સરદાર સરોવર ડેમની ઊંચાઈ ૧૨૧.૯૨ મીટર હોય ત્યારે નર્મદા સાગરમાં ૧.૭ M.A.F. પાણીનો સંગ્રહ થઈ શકે. જ્યારે ડેમની ઊંચાઈ ૧૩૮.૬૪ મીટર હોય ત્યારે તેમાં ૪.૫ M.A.F. સંગ્રહ થઈ શકે. વધારે પાણી હોય ત્યારે જ ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના અછતગ્રસ્ત વિસ્તારો સુધી પાણી પહોંચાડી શકાય. તેથી ડેમની ઊંચાઈ વધારવાની વાત ટેક્નિકલ આવશ્યક્તા જ કહેવાય. તેને રાજકીય જીદ કેમ કહી શકાય?***

***ટ્રિબ્યુનલના ૧૯૭૯ના ચુકાદા પછી ૩૧ વર્ષે પણ આ ડેમનું કામ પૂર્ણ થઈ શકેલ નથી એ આપણી કમનસીબી જ કહેવાય!***

***હા, ડેમની ઊંચાઈ વધારવા સાટે વિસ્થાપિતોના પ્રશ્નો બાજુએ ના મૂકી શકાય. જે રાજ્યો આ પ્રશ્નોના નિરાકરણ લાવી શક્યા નથી, એ રાજ્યોની વિગતો જરૂરથી ખુલ્લી પાડવી જોઈએ અને જવાબદાર રાજ્યને પ્રજા સમક્ષ ખુલ્લા પાડવા જોઈએ કે જે ટીસના રિપોર્ટમાં હશે જ.***

***— મુખ્યતંત્રી)***

# કચ્છમાં જૈન સંસ્કૃતિ : એક દૃષ્ટિપાત

## (પ્રકરણ : ૯)

• ડૉ. નીતા ઠાકર •

### • કપાયામાં સેવા પ્રવૃત્તિ ક્ષેત્રે શ્રી મુરજી ઓભાયાનું પ્રદાન :-

ધર્મપ્રેમી અને દાનવીર શ્રી મુરજી ઓભાયાનું સેવા પ્રવૃત્તિ ક્ષેત્રે અગત્યનું સ્થાન છે. કપાયામા સંવત ૧૬૪૬ (ઇ.સ. ૧૫૯૦) માં શિખરબંધ દહેરાસરની સ્થાપના થયેલી, જેના શિલાલેખો આજેપણ મોજુદ છે. તેમાં મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ છે અને તેની સાથે શ્રી શાંતિનાથ પ્રભુ તથા શ્રી મહાવીર સ્વામીની મૂર્તિ બિરાજમાન છે. તેનું નવેસરથી નિર્માણ સંવત ૧૯૯૩ (ઇ.સ. ૧૯૩૭) ના વૈશાખ સુદ ૬ને દિવસે થયું. તેમાં મહત્તમ ફાળો શ્રી મુરજી ઓભાયાનો છે. આ કાર્ય માટે તેમણે દેશદેશાવરમાં જાતે જઇ નાણાં ભેગાં કરી સંપૂર્ણ જવાબદારી નિભાવી હતી.

આ ઉપરાંત દહેરાસરની બાજુમાં ઉપાશ્રય તથા આયંબિલખાતા માટે જગ્યા બંધાવી હતી. એટલુંજ નહિં પણ ‘કચ્છ પ્રજાકીય પરિષદ’ના અધિવેશન વખતે કપાયાના યુવાન ભાઇઓને ભેગા કરી વોલન્ટીયરકોર ઊભી કરી પોતાની સેવા કચ્છ માટે આપી હતી. તે ઉપરાંત લાઇબ્રેરી, કન્યાશાળા, સ્મશાનગૃહ અને ધર્મશાળા ચાલુ કરાવવામાં એમનો મોટો હિસ્સો હતો. કૂવાઓ ગાળવા, રસ્તાઓ સાફ કરાવવા, ઉનાળામાં પાણીની પરબો ખોલવી, ગામડાંની કે આસપાસના અન્ય ગામડાંઓના શિક્ષણક્ષેત્રે તથા ધાર્મિકક્ષેત્રે તેઓ હંમેશાં મદદરૂપ થતા હતા. એમની સેવાઓની કદરરૂપે સંવત ૨૦૨૭ની ૧૫મી ઓગસ્ટ ૧૯૫૧માં મુંબઇમાં શેઠશ્રી વેલજી લખમશીના પ્રમુખપદે તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું. ‘શ્રી કપાયા સેવા સમાજ’ની સ્થાપના સંવત ૧૯૯૩ (ઇ.સ. ૧૯૩૭)માં થઇ તેમાં પણ તેમનો મહત્ત્વનો ફાળો રહ્યો છે.

નોંધનીય છે કે કપાયા જેવી ભૂમિ ઉપર પૂજ્ય મહાત્મા ગાંધીજી, સંત વિનોબા ભાવે, લાલબહાદુર શાસ્ત્રી, આચાર્ય કૃપલાણી, મોરારજી દેસાઇ, યશવંતરાવ ચૌહાણ જેવા રાષ્ટ્રીય નેતાઓએ પણ પોતાના પગલાં પાડી આ ભૂમિને પાવન કરી છે.

### • વાગડ અને ભુજપુરનાં શૈક્ષણિક વિકાસમાં શ્રી ખીમજી માડણ ભુજપુરીઆનું પ્રદાન :-

કચ્છી જૈન સમાજના યશસ્વી આગેવાન શ્રી ખીમજી માડણ ભુજપુરીઆનો જન્મ ૩જી ઓગસ્ટ ઇ.સ. ૧૯૦૦ના રોજ ભુજપુર મુકામે થયો હતો. તેમના પિતાજી વ્યવસાય અર્થે મુંબઇ ગયા. તેથી તે પણ મુંબઇમાં વસેલ. ત્યાં પણ જૈન સમાજના વિકાસની અદ્વિતીય પ્રવૃત્તિઓ કરેલ. સાથે રાષ્ટ્રીય આંદોલનમાં ભાગ લીધો અને વતનપ્રેમને કારણે ‘કચ્છી પ્રજાકીય પરિષદ’ સાથે તેઓ સક્રિયપણે સંકળાયેલા રહ્યા હતા. અન્યાય અને અસત્ય સામે હંમેશાં લડતા રહેવું એ ભુજપુરીઆનું જીવનસૂત્ર રહ્યું હતું. તેનું સ્પષ્ટ ઉદાહરણ તે સમયની ‘વીટા’ સામેની લડત છે. મુંબઇમાં રહેતાં કચ્છી લોકો સ્ટીમર દ્વારા કચ્છમાં જતા-આવતાં. દર શનિવારે મુંબઇથી ઉપડતી એક સ્ટીમરનું નામ ‘વીટા’ હતું. ચોમાસામાં સ્ટીમર દ્વારા આવ-જા બંધ રહેતી ત્યારે લોકો રેલવે માર્ગે મોરબી થઇને નવલખી બંદરેથી સ્ટીમલોંચ દ્વારા આવ-જા કરતા. ‘વીટા’ કંપનીના તુમાખીભર્યા વલણને કારણે કચ્છીપ્રજાની હાડમારી વધતી જતી હતી. તેની સામે લડત કરી ભુજપુરીઆએ વિજય મેળવ્યો. જે કચ્છી પ્રજાના ઇતિહાસમાં યાદગાર રહેશે.

કચ્છી વીસા ઓશવાળ ન્યાત એટલે કંઠીના ૫૨, અબડાસાના ૪૨ અને વાગડના ૨૪ ગામોની બને છે. શિક્ષણ-સંસ્કારની દિશામાં તે સમયે કંઠી વિભાગ સૌથી આગળ અને વાગડ વિભાગ થોડું અબડાસા વિભાગ કરતાંય પાછળ કહેવાય. સ્ત્રી શિક્ષણમાં તો વાગડ વિભાગ બહુજ પાછળ. સંસ્કાર અને શિક્ષણક્ષેત્રે જ્ઞાતિનું પછાતપણું મીટાવવા માટે શ્રી ભુજપુરીઆ હંમેશાં પ્રયત્નશીલ રહ્યા છે. તેઓ મુંબઇમાં વ્યવસાય અર્થે રહેતા હોવા છતાં કચ્છમાં જૈનપ્રજાના વિકાસ માટે તેમનું પ્રદાન મહત્તમ રહ્યું છે. ભુજપુરીઆએ ખારોઇના શ્રી કોરશી હીરજી નીસર અને શ્રી વેલજી ઉગા પૂંજા સાથે વાગડ પ્રદેશનું પરિભ્રમણ કરી શિક્ષણનાં પછાતપણાનો અભ્યાસ કર્યો અને એ નિષ્કર્ષ પર આવ્યા કે શિક્ષણ સંસ્થાઓના અભાવને કારણે જૈન વિદ્યાર્થીઓને મુશ્કેલી પડે છે. તેથી ભુજપુરીઆએ વાગડવાસીઓને સ્વયં ભંડોળ એકઠું કરી આ દિશામાં આગળ વધવા જણાવ્યું. તેમણે પોતે ૧૦૦૦/- રૂપિયાનું દાન આપી શરૂઆત કરી. અને તા. ૧૫-૧-૧૯૪૫ના રોજ ખારોઇ મુકામે હાઇસ્કૂલ અને છાત્રાલયની સ્થાપના કરી. પાછળથી તેને ભચાઉ ખાતે ખસેડવામાં આવી. શ્રી રવજી લાલજીના ૯૦ હજારના દાનથી ‘શ્રી રવજી લાલજી છાડવા વીસા ઓશવાળ જૈન બોર્ડિંગ’એ નામ સંસ્થાને પ્રાપ્ત થયું.

ભચાઉ છાત્રાલય અને હાઇસ્કૂલમાંથી પ્રેરણા લઇ લાકડિયામાં પણ કન્યા છાત્રાલય શરૂ થયું. આ રીતે કચ્છના વાગડ વિભાગમાં વિદ્યાનું રીતસરનું વાવેતર કરવામાં શિક્ષણપ્રેમી ભુજપુરીઆનું સ્થાન વિશિષ્ટ છે.

ભુજપુરીઆની સુધારક દૃષ્ટિમાં તેમની જન્મભૂમિ ભુજપુર પણ બાકાત રહ્યું નહીં. તે સમયે ભુજપુરમાં પાર્શ્વચિંતામણી વાંચનાલય હતું. પણ તે ગોરજીની ૧૦ x ૧૦ જેટલી દહેરાસર પાસેની બેઠકવાળી નાની જગ્યામાં હતું. જ્ઞાન અને વિદ્યા પ્રાપ્ત કરવાની જગ્યાઓ વિશાળ કદની હોવી જોઇએ એવો અભિપ્રાય ધરાવતા ભુજપુરીઆએ સ્નેહી મિત્રોને વાત

*મન જ મનુષ્યનાં બંધન અને મોક્ષનું કારણ છે.*

કરી અને બાજુની જગ્યા ખરીદી ભોંયતળિયે વાંચનાલય અને ઉપર પુસ્તકાલય એમ એક માળનું મકાન તૈયાર કરાવ્યું. એટલું જ નહિં પણ સારા પુસ્તકોનો વ્યાપ વધે તે હેતુથી શ્રી ખીમજી પૂંજા અને ભુજપુરીઆ બધા પુસ્તકો જોઇ રહ્યા. અને બન્ને જણાએ મળીને પુસ્તકોની પસંદગીનું ધોરણ ઊંચું રહે તે દૃષ્ટિએ શિષ્ટ વાંચન માટે યોગ્ય પુસ્તકોની અલગ યાદી બનાવી અને અયોગ્ય પુસ્તકોનો નિકાલ કરવાનો નિર્ણય કર્યો. જે પુસ્તકો વાંચન માટે લાયક ન હોય તેનું એક પાનું પણ કોઇના વાંચવામાં ન આવે એવા કાળજીભર્યા ખ્યાલથી ભુજપુરીઆએ એ પુસ્તકો વણવપરાતા કૂવામાં નંખાવી દીધાં.

આ ઉપરાંત ભુજપુરીઆએ બહેનોને કપડાં ધોવાની મુશ્કેલીના ઉકેલ માટે ભુજપુર ગામના પશ્ચિમે આવેલી નાગમતી નદીના ઉગમણા કાંઠે જગ્યા પસંદ કરી. ત્યાં મર્યાદા સચવાય તે પ્રમાણે સ્વતંત્રપણે ધોવાણઘાટ બનાવવાની યોજના વિચારી કાઢી અને એકી સાથે ન્યાતજાતના ભેદભાવ વગર ૩૦થી ૪૦ બહેનો કપડાં ધોઇ શકે અને સ્નાન કરી શકે તેવી સગવડ ધરાવતા ધોવાણ-ઘાટનું નિર્માણ કાર્ય કરાવ્યું. આ ધોવાણઘાટ માટેની નાણાંકીય જરૂરિયાત પણ ગામના ભેદા પરિવારે જ પૂરી પાડી હતી.

જૈનધર્મના કચ્છીકોમના મુખ્ય ગોરજી (યતિ)ની ગાદી ભુજપુરમાં હતી એટલે ક્ષમાનંદજી મુખ્યગોરજીના શિષ્યપદે હતા. તેઓ પોતાના ગુરુજીની સ્મૃતિમાં ભુજપુર ગામમાં હાઇસ્કૂલ શરૂ કરાવવા માંગતા હતા. તેથી તેમણે ભુજપુરીઆને પત્ર દ્વારા પોતાની ઇચ્છા વ્યક્ત કરી અને જણાવ્યું કે તેમની પાસે ૫૦ હજાર રૂપિયા ભંડોળ જમા થયેલું છે. ભુજપુરીઆ તો સેવા માટે હંમેશાં તત્પર રહેતા. તે સમયે ઇ.સ. ૧૯૬૦માં દ્વિભાષી રાજયના બે ભાગ થયા અને કચ્છ ગુજરાત રાજયનો ભાગ બન્યું ત્યારે ભુજપુરની હાઇસ્કૂલ માટેની રકમ ગુજરાતનાં ખાતામાં જાય તેની કાળજી પણ ભુજપુરીઆએ રાખીને કચ્છના તે વખતના ચીફ એન્જિનિયર શ્રી પી.કે. વોરાને ભુજ મુકામે પત્ર લખીને હાઇસ્કૂલના મકાન માટે નક્શા તૈયાર કરાવીને મોકલ્યાં અને પ્લાન મંજૂર થતાં અંદાજે ૯૦ હજારના ખર્ચે હાઇસ્કૂલનું સુંદર વિશાળ મકાન તૈયાર થઇ ગયું. આમ શ્રી ક્ષમાનંદજીની ઇચ્છા મુજબ તેમના ગુરુજી પૂજય જિનેન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજના નામે ભુજપુરમાં હાઇસ્કૂલ શરૂ થઇ.

આમ મુંબઇમાં રહેવા છતાં પોતાના વતન માટે શ્રી ભુજપુરીઆની સેવાપ્રવૃત્તિ ક્ષેત્રે યોગદાન પ્રશંસનીય છે. માત્ર કચ્છ માટે જ નહીં પણ મુંબઇમાં પણ તેની સેવાપ્રવૃત્તિ પ્રશંસનીય રહી છે. તા. ૧૭-૬-૧૯૪૪ના રોજ સ્થાપિત 'સ્વહિત પૈસાફંડ' અને 'શ્રેયસાધક સંઘ' વિશિષ્ટરૂપે તેની સુધારક સૂઝના પાસારૂપ ગણી શકાય. એટલું જ નહીં પણ જૈન સ્ત્રીઓના વિકાસ માટેની એકપણ તક તેમણે છોડી નથી. તેઓ વિધવા વિવાહના હિમાયતી હતા. તેથી તેમણે મુંબઇમાં 'શ્રી કચ્છી વીસા ઓશવાળ જૈન વિધવા વિવાહ સહાયક સમાજ'ની સ્થાપના ઇ.સ. ૧૯૪૦માં કરી પરંતુ તેમાં સફળતા ન મળી અને અંતે આ મંડળ બંધ થયું. પણ સ્ત્રી ઉદ્ધારક તરીકે આગળ આવવાની તેમની હિંમતને જૈનસમાજ માટે એક પથદર્શકરૂપ ગણી શકાય. ■

# ઝારાનો ભીષણ સંગ્રામ
# વિધિની વક્રતા (પ્રકરણ-૧૨)

• ઠાકરશી પુરુષોત્તમ કંસારા •

ભુજનાં રાજમહેલમાં મહારાવ ગોડજી પોતાના સલાહકાર મિરઝા અમીરબેગ સાથે વાતચીત કરતા હતા. એમણે અમીરબેગને નાણાંની વ્યવસ્થા કરવા મુંદ્રા મોકલ્યો હતો ત્યાંથી એ ભુજ પાછો આવ્યો હતો. મહારાવની સલામે એ આવ્યો ત્યારે મહારાવે પૂછ્યું :

'મુંદ્રાના શા સમાચાર છે, મિરઝા? કેટલાં નાણાંનો બંદોબસ્ત થયો?'

'આ વખતે વરસાદ ઓછો થયો છે તેથી મહેસૂલી આવક બહુ ઓછી આવી છે. મસ્કત અને જંગબારથી વહાણો આવે ત્યારે થોડાં નાણાંનો જોગ થઇ શકે. એમાં થોડો વખત લાગે. બાકી જો આપનું ફરમાન હોય તો કેટલાક શ્રીમંત વેપારીઓને બોલાવી જોઇએ.' એણે જણાવ્યું.

'નાણાંની બહુ જ જરૂર છે. પેલા ગુલામશાહને પણ વાયદા પ્રમાણે રકમ ચૂકવવા માટે પૂંજો શેઠ મારું માથું ખાય છે અને લશ્કરનો પગાર પણ ચૂકવવો પડશે તેથી થોડાં ઘણાં નાણાંની તાત્કાલિક જરૂર પડશે. પણ વેપારીઓને બોલાવીને નાણાં કઢાવવાનું પગલું ભરશો નહિ. એક વખત એ પગલું ભરવા જતાં બહુ ભારે પડી ગયું હતું.' મહારાવે જણાવ્યું.

'ક્લોરાથી હવે ગભરાવવાની જરૂર નથી, બાવા! એને વાયદા આપ્યા કરીશું તો ચાલશે. નાણાંનો બંદોબસ્ત દીવાન સાહેબે કરવો જોઇએ. એમણે ઘણું સોનું રૂપું તથા રોકડ નાણું ભેગા કરેલ છે એમ સંભળાય છે.'

'કંઇ સમજ પડતી નથી કે દીવાન પૂંજો શેઠ શું કરવા માગે છે. એણે ગુલામશાહને કચ્છમાં લઇ આવીને પાયમાલી સર્જી છતાંયે હજી મારો કેડો છોડતો નથી અને ક્લોરા તરફથી પણ તાકીદો આવે છે.'

કંઇ પણ ચિંતા કરવા જેવું નથી, બાવા! હવે ક્લોરો અહીં આવવાની હિંમત ન કરે અને આવે તો પણ અમે બેઠા છીએ. આપણી ફોજ હવે તૈયાર છે. જીવણ શેઠે કરેલી ભૂલ હવે નહિ થાય. ક્લોરાની ફોજ નરા પાસે થાકી પાકી બેઠી હતી ત્યારે જ ઓચિંતો ઘા કર્યો હોત તો એને ભારે પડી જાત અને પૂંજો શેઠ તો હવે આપણા પક્ષમાં છે. આપ નામદાર વિરુદ્ધ કંઇ પ્રવૃત્તિ કરતા હોય તો એ બંધ થવા રસ્તો કાઢવો પડે, ખુદાબંદ!' અમીરબેગે કહ્યું.

થોડી વારે લશ્કરનો ઉપરી મિરઝા કુરપાબેગ રજા મેળવીને અંદરના ખંડમાં આવ્યો અને કુરનિશ બજાવતાં એને બતાવેલ આસન પર બેઠો. મહારાવે કહ્યું :

'આવો, મિરઝા! લશ્કરના શા સમાચાર છે?'

'બધું બરાબર છે, નામદાર! પણ હવે એમના ચડેલ પગાર તરતમાં મળી જવા જોઇએ, બાવા!' મિરઝાએ જણાવ્યું.

'એ તરતમાં મળી જશે. લશ્કરને કદાચ લખપત મોકલવું પડે તો પૂરી તૈયારી રાખી છે?' મહારાવે પૂછ્યું.

'ફોજ ખડે પગે તૈયાર છે, બાવા! આપ ફરમાવો ત્યાં દુશ્મન પર તૂટી પડશે. કશી ચિંતા ન કરવી.' કુરપાબેગે ઉત્તર આપ્યો.

'ઠીક છે. હમણાં દીવાનજી આવવા જોઇએ. તમે બંને જણ એકાદ ઘડી માટે બાજુના ખંડમાં બેસો. દીવાનજી સાથે વાતચીત થયા પછી જરૂર પડશે તો તમને બંનેને બોલાવીશ. લશ્કરના ચડેલ પગારની રકમનો બંદોબસ્ત કરી આવ્યા હશે એટલે તમને પગારની રકમ કદાચ આજે જ મળી જશે.'

મિરઝા અમીર બેગ તથા કુરપાબેગ બીજા ખંડમાં ગયા. દીવાન પૂંજા શેઠે થોડી વારે મંત્રણા-ખંડમાં પ્રવેશ કર્યો અને મહારાવને નમસ્કાર કરીને બતાવેલ આસન પર બેઠો.

'આવો, દીવાનજી! કેમ ખુશીમાં ને?' મહારાવે વિવેક કર્યો.

'આપની કૃપા છે, બાવા!' પૂંજા શેઠે સામો વિવેક કર્યો.

'પછી લશ્કરના ચડેલ પગારની શી વ્યવસ્થા કરી?' મહારાવે પૂછ્યું.

'એની વ્યવસ્થા એક-બે દિવસમાં થઇ જશે, બાવા! પણ ક્લોરાને દંડની રકમનો હપ્તો પહોંચાડવાની બહુ જરૂર છે. મેં એને લખપતમાં લશ્કર નહિ રાખવા જેમ તેમ કરી સમજાવ્યો હતો, પણ એનું લશ્કર લખપતથી બહુ દૂર નથી અને વારંવાર તકાદો આવે છે તેથી એને દંડનો હપ્તો પહોંચાડવાની વ્યવસ્થા પહેલી કરવી પડશે તે હું કરું છું. ત્રણ ત્રણ વરસ વીત્યાં તો પણ હજી ઘણી રકમ બાકી, લેણી રહે છે. આજકાલમાં રકમ એને મોકલાઇ જશે.' પૂંજા શેઠે કહ્યું.

'એટલી બધી શી ઉતાવળ છે?' મહારાવે પૂછ્યું.

'એના તરફથી વારંવાર તાકીદ આવે છે અને હવે રકમ નહિ ભરાય તથા કરાર પ્રમાણે એને કન્યા નહિ પરણાવાય તો આફત ઊભી

થશે. હજી એનું સૈન્ય સિંધમાં તૈયાર ઊભું છે.'

'હવે આપણી સેના પણ તૈયાર છે તેથી ગુલામશાહ કંઇ હિંમત નહિ કરી શકે. હવે તો એને અહીં પહોંચતાં છઠ્ઠીનું ધાવણ મોઢે આવશે.' મહારાવે જણાવ્યું : 'લોઢાના ચણા ચાવવા પડશે.' એમણે ઉમેર્યું.

'એની સાગર જેવડી મોટી સેના સામે આપણે કેટલું ટકી શકીશું? આપણે વિચાર કરવો જ પડે. આપ જાણો છો કે ગયે વખતે એને સાંધાણના ગઢમાં જંગી લશ્કર તૈયાર હોવાના દેખાવ કરીને તથા એ કિલ્લા જેવા બીજા કિલ્લાઓમાં લશ્કર તૈયાર છે એવો ભય બતાવીને ગભરાવ્યો હતો ત્યારે એ પાછો વળ્યો હતો. વળી એ વખતે સિંધમાં એનો ભાઇ ગુલામનબી ખાન ગરબડ કરતો હતો તેથી એને તરત પાછા જવાની જરૂર હતી. એ વખતે એના લશ્કરમાં ખોરાકની સામગ્રી પણ ખૂટી હતી અને આપણે રાજકન્યા પરણાવવાનું વચન આપ્યું ત્યારે એ પાછો વળ્યો હતો. આપ તો ભુજમાં રાયધણપુરની ફોજની જાણેકે નજરકેદમાં હતા. એઓનો ચડેલ પગાર ચૂકવવા નાણાં ન હતાં અને એમને ખવરાવવા માટે કોઠારમાં દાણા ન હતા તથા એઓ પગારની રકમ તથા અનાજ મળ્યા વિના ભુજ છોડવા ક્યાં તૈયાર હતા? એઓને મેં કુનેહપૂર્વક ભુજમાંથી બહાર ન કાઢ્યા હોત તો શી સ્થિતિ હોત?' પૂંજા શેઠે કહ્યું.

'એ બધું તમારે કારણે જ, પૂંજા શેઠ!' મહારાવે મહેણું માર્યું.

'બધામાં મારો જ દોષ દેખાય છે, બાવા! મને ઠપકો જ આપવો છે? મેં આપના માટે કેટલું બધું સહન કર્યું છે, બાવા!'

'ઠપકો કેમ ન આપું? તમે તો મારું નાક કપાય એવું કામ કરવા બેઠા છો. મારાથી એ કેમ સહન થાય?'

'આપની ભૂલ થાય છે, બાવા! વળી મારો દીકરો દેવજી હજી ગુલામશાહના કબજામાં છે. જીવણ શેઠ મને પકડીને કેદમાં ગોંધવા માગતા હતા તેથી મારા બચાવ માટે મેં પ્રયત્ન કર્યો અને ગુલામશાહ સૈન્ય લઇ ચડી આવ્યો. ઝારાના યુદ્ધમાં કચ્છી લશ્કર ખતમ થયું અને ગંભીર પરિસ્થિતિમાં આપ તથા આપના પૂજ્ય માતુશ્રીના માનની ખાતર મેં મારા દીકરાને જામીન તરીકે શાહને સોંપ્યો. મારો દીકરો ત્યાં સિંધમાં ક્લોરાની કેદમાં સબડે છે. મને કંઇ નહિ થતું હોય?' પૂંજા શેઠે ખેદ વ્યક્ત કર્યો.

'કચ્છની ખાનાખરાબી તમે કરાવી અને મારું નાક કપાય એવી શરત મારા માથા પર લાવ્યા છો એનું પાલન કરવા હું હરગીજ તૈયાર નથી. રાજકુટુંબની કન્યાને ક્લોરા સાથે પરણાવવા હું બિલકુલ તૈયાર નથી.' મહારાવે જણાવ્યું.

'પણ એમાં ક્યાં અપમાન જેવું છે? આપશ્રીના પૂર્વજ જામ હમીરજીએ પોતાની દાસીથી થયેલ કુંવરી કતાબાઇને અમદાવાદના શાહ મહમદ બેગડા સાથે પરણાવ્યાં ન હતાં? દાસીથી થયેલ કુંવરીને રાજકુમારી છે એમ કહીને શાહ સાથે પરણાવવામાં શો વાંધો છે? ગરાસિયા ભાયાતની કન્યા પણ ચાલે.' પૂંજા શેઠે જણાવ્યું.

'એવી કોઇ પણ વાત હું હવે સાંભળવા પણ ઇચ્છતો નથી. એ વાત બનવા જોગ નથી.' મહારાવે આખરી નિર્ણય સુણાવી દીધો.

'પણ ક્લોરો જીદ છોડશે નહિ અને મારો દીકરો દેવજી ત્યાં સુધી અહીં પાછો આવી શકશે નહિ.' પૂંજા શેઠે નરમ બની જણાવ્યું.

'એ તમે જાણો. તમે કચ્છને ઓછું પાયમાલ કર્યું છે? મારા બાવાને તથા મને પણ તમે ખોટી સલાહ આપીને અમારા રાજકુટુંબમાં પણ તમે જ ખટપટ ઊભી કરી હતી. તમે જ કચ્છ પર ઝારાના યુદ્ધરૂપી ભયંકર આફત લાવીને વિનાશની આગ ફેલાવી હતી.' મહારાવે આકળા બની જણાવ્યું.

'મેં આગ ફેલાવી હતી? ના! શું માત્ર મારા કહેવાથી સિત્તેર હજારનું મોટું સૈન્ય લઇને, વિશાળ તથા દુર્ગમ્ રણ ઓળંગીને કચ્છ જેટલે દૂર આવવાનું સાહસ ક્લોરાએ કર્યું હતું? ના, નહિ જ! ખરી વાત જુદી છે. શાહને કચ્છ પર ચડી આવવાનું કારણ આપના પિતાશ્રીએ જ આપ્યું હતું. એમણે પેશ્વા ગાયકવાડ તથા કાબુલના દુરાનીની સહાયથી સિંધ પર ચડાઇ કરવાનું અને સિંધુપતિ બનવાનું સ્વપ્ન સેવ્યું હતું તથા એ માટે તૈયારી પણ કરી હતી. દુરાની અને ક્લોરા વચ્ચે તકરાર હતી અને ક્લોરાએ દુરાનીને ખંડણી આપવાનો ઇન્કાર કર્યો તેથી દુરાની આપના પિતાશ્રીને પ્યાદું બનાવીને ખેલવા માગતો હતો. પેશ્વા તથા ગાયકવાડ પણ પોતાના સ્વાર્થ ખાતર મદદ આપવા તૈયાર થયા હતા. શાહને એ વાતની ખબર પડી ત્યારથી એ કચ્છ રાજ્ય વિરુદ્ધ ઉશ્કેરાયો હતો, પણ એટલે દૂર આવવા માટે એકદમ એ તૈયાર ન હતો. એને બીજી બાજુથી દુરાનીની પણ બીક હતી. આપના પિતાશ્રીએ તૈયારી કરી, પણ બીમાર પડવાથી એઓ આગળ પગલું ભરી શક્યા નહિ. એમના અવસાન પછી શાહ કચ્છ પર આક્રમણ કરવા માટે રાહ જોતો વખત કાઢતો હતો. મને મરાવી નાખવા આપ તથા જીવણ શેઠ તૈયાર થયા અને પકડવા માટે સવારો મોકલ્યા ત્યારે મારે ન છૂટકે ક્લોરા પાસે જવું પડ્યું અને એણે તક ઝડપી લીધી.' પૂંજા શેઠે ખુલાસો કર્યો.

'તેથી તમારી જવાબદારી ઓછી થતી નથી. તમે દેશદ્રોહી છો, કચ્છનાં વિનાશ તથા દુર્દશાના સર્જક છો. કચ્છને તમે પાયમાલ કર્યું છે. એ માટે તમને જરા પણ ખેદ નથી થતો?' મહારાવે જણાવ્યું.

'મને સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે આપના મુખેથી મારે આવું સાંભળવાનો વખત આવશે. ઝારાના યુદ્ધની પાયમાલી માટે મને જરૂર ખેદ થાય છે, પણ એ માટે આપ પણ ઓછા જવાબદાર નથી. મને મારી જાતની

સલામતી માટે પ્રયત્ન તથા ઉપાય કરવામાં મારા કૃત્યથી નીપજનાર ગંભીર પરિણામનો ખ્યાલ ન આવ્યો, પરંતુ આપ પણ ઘણે અંશે એ માટે જવાબદાર છો. હું તો મારી ભૂલનું ફળ ભોગવી રહ્યો છું અને માનસિક વેદના સહન કરી રહ્યો છું, પરંતુ આપને કાંઇ નથી થતું? મારા બાપે આપના પૂજ્ય દાદાજી દેસળજી બાવાના સમયમાં મુઘલ શહેનશાહના ગુજરાતના સુબા શેરબુલંદખાનની ફોજને ભયંકર રીતે હાર આપીને સુબાને કચ્છમાંથી તગડી મૂક્યો હતો. એ શેરબુલંદખાને ભૂજિયાનો એક કોઠો કબજે પણ કર્યો હતો, પણ મારા બાપે જાનને જોખમે લડત કરીને કચ્છને બચાવ્યું હતું, પણ એનો બદલો શો મળ્યો? આપના પિતાએ જ એમનું ખૂન કરાવ્યું. આપના પિતા મારા એક વખતના મિત્ર થતા હતા, પણ એમની નાણાંની ભૂખ મારા પિતા સંતોષી શક્યા નહિ તેથી એમણે મારા પિતાનું ખૂન કરાવ્યું. એમની અનેક રખાતોમાંથી એકના પુત્ર માનસંગને રાજગાદી પર લાવવાની આપના પિતાની ઇચ્છા હતી અને આપની જિંદગીની પણ સલામતી ન હતી તે વખતે આપનાં માતુશ્રીની ઇચ્છા પ્રમાણે આપની સાથે હું મુંદ્રા આવ્યો અને આપની સલામતી માટે ભુજનું દીવાનપદ જતું કર્યું. પરંતુ આપે પાછળથી આપના પિતાના દબાણથી મને મુંદ્રામાંથી કાઢ્યો અને મારે બહાર રખડવું પડ્યું. છતાંય જ્યારે આપના પિતાશ્રીની બીમારી વખતે માનસંગજીને ગાદી પર લાવવા ખટપટ થઇ ત્યારે મેં ગરાસદારો વગેરેને આપની તરફેણમાં સમજાવ્યા હતા અને આપને ગાદી અપાવવામાં મદદ કરી તો પણ આપે મારી અવગણના કરીને મારા પિતા તથા મારા એક વખતના તાબાના નોકર જીવણ શેઠને દીવાન તરીકે ચાલુ રાખ્યા. એટલું જ નહિ, પણ મને રખડતો કરી મૂક્યો હતો, એ બધું આપ ભૂલી ગયા લાગો છો. એટલેથી સંતોષ ન થતાં એ વખતે આપે હું જાટાવાડા-જાગીરદારને ત્યાં એમના આશ્રય તળે રહેલ તે વખતે ત્યાં મારી પાછળ સવારો મૂકીને મને પકડવાની અને મારી નાખવાની ગોઠવણ કરી હતી, પણ મારા કિસ્મતે-સદ્‌ભાગ્યે હું બચી ગયો હતો અને જેમ તેમ કરીને વીરાવાવ પહોંચી શક્યો હતો.' પૂંજા શેઠે હૈયાવરાળ કાઢી.

'એ માટે જીવણ શેઠ જવાબદાર હતા અને એમને સૂઝયું તે બરાબર હશે.' મહારાવે બચાવ કર્યો.

'આપ જવાબદારીમાંથી કેમ છટકી શકો, બાવા? આપના પિતાએ તથા આપે કહ્યાગરા અને ધનથી સંતોષી શકે તેવા દીવાનોને સંઘર્યા અને જ્યારે એઓ ધન-લાલસા સંતોષી ન શક્યા ત્યારે એમને ગરદન મરાવીને બીજાઓને રાખ્યા હતા એ હકીકત સૌ જાણે છે. મને દીવાનપદનો કાંઇ મોહ નથી, પણ એટલું ખ્યાલમાં રાખજો કે આપ વચનભંગ થશો તો ગુલામશાહ આપને છોડશે નહિ અને એની સાગર-સેના સામે આપ ટકી શકશો નહિ. મારી હજી પણ વિનંતી છે કે ક્લોરાને કોઇ નાના જાગીરદારની કુંવરી પરણાવી દો. દંડની રકમ ભરીને એને સંતોષવાથી આપને તથા કચ્છની પ્રજાને રાહત મળશે.'

'ખોટી ધમકી આપો છો? તમે શું સમજો છો? હું કાંઇ પણ કરવાનો નથી. તમારો દીકરો પણ હવે અહીં પાછો આવી રહ્યો. તમે કચ્છને બહુ નુકસાન કરેલ છે અને મારું નાક કપાવવા તૈયાર થયા છો એ હું હરગીજ સહન નહિ કરું.'

'તો આપ નામદારની જે ઇચ્છા, પણ આપને પસ્તાવું પડશે. ક્લોરાને મેં એક વખત જેમ-તેમ સમજાવીને પાછો કાઢ્યો હતો, પણ હવે આવશે તો એ પાછો નહિ જાય. આપની ખાતર મેં મારા દીકરાનો ભોગ આપ્યો એનો મને હવે પસ્તાવો થાય છે. આપ નાની એવી ફોજ પર મદાર બાંધીને ખોટું પગલું લેશો તો આપને પસ્તાવું પડશે અને કચ્છ ખોવું પડશે. પછી બાજી આપના કે મારા હાથમાં પણ નહિ હોય.' પૂંજા શેઠે ચેતવણી ઉચ્ચારી.

'તમે શું સમજો છો, પૂંજા શેઠ? આટલી બધી ઉદ્ધતાઇ?' મહારાવ ઉશ્કેરાઇને ઊભા થઇ ગયા. ગુસ્સામાં એમણે એકદમ મિરઝા કુરપાબેગને હાક મારી. એ તથા અમીરબેગ એકદમ ખંડમાં આવ્યા.

'હાજર છું, અન્નદાતા! શો હુકમ ફરમાવો છો, ખુદાબંદ?' કુરપાબેગે પૂછ્યું.

'દીવાન પૂંજા શેઠને કેદ કરો.' મહારાવે ઉશ્કેરાટ-ભરેલ અવાજથી ગુસ્સામાં હુકમ કર્યો :

'એમને અહીંથી મારી પાસેથી તરત લઇ જાઓ અને કેદખાનામાં ધકેલી દો. એમના મગજમાં રાઇ ભરાઇ છે.' મહારાવે ક્રોધપૂર્વક ઉમેર્યું.

'આ ખોટું થાય છે, બાવા! પછી આપને પસ્તાવું પડશે.' પૂંજા શેઠે શાંત સ્વસ્થતાપૂર્વક જણાવ્યું.


'એ...મ? વેર લેવા ફરી વાર ક્લોરાને બોલાવશો?' મહારાવે કટુતાપૂર્વક, પણ ગુમાનથી પૂછ્યું.

'ના, બાવા! જિંદગીમાં હવે કોઇ પ્રત્યે વેર-ઝેર નથી. મેં તો બહુ જોઇ લીધું છે. રાજાઓની સેવા કરતાં કરતાં મારા બાપનું ખૂન થતું જોયું, દીકરો પરદેશમાં બંધનમાં છે. મારી સ્થિતિ જોઇ રહ્યો છું. મને તો હવે ઝેરનો પ્યાલો આપો તો એ પણ શાંતિથી ગટગટાવી જઇશ, પણ આપને ચેતવું છું, બાવા! આનું પરિણામે સારું નહિ આવે. કચ્છને આપ ખૂબ નુકસાન કરશો. એટલું જ નહિ, પણ આપને પણ જરૂર પસ્તાવું પડશે.' પૂંજા શેઠે નિઃશ્વાસ નાખી જણાવ્યું.

'જોઇ લેવાશે.' મહારાવે ગુમાનથી ઉત્તર આપ્યો અને કુરપાબેગ તરફ ફરીને હુકમ કર્યો : 'લઇ જાઓ એમને!'

પૂંજો શેઠ વિરોધ વિના તાબે થયો અને કુરપાબેગ એને ત્યાંથી લઇ ગયો.

*(ક્રમશઃ)*



મહાપ્રગ્યાજી મહારાજ સાહેબ

તા. : ૧૪-૦૬-૧૯૨૦ • તા. : ૦૯-૦૫-૨૦૧૦

ધર્મ

# આધ્યાત્મિકતા, દેશહિત જૈન વિચાર દર્શનના અનન્ય જ્ઞાની માર્ગદર્શકનો કાળધર્મ

**- ધન રામપરીઆ**

અણુવ્રત અનુશાસ્ત આચાર્ય શ્રી મહાપ્રગ્યાજી મહારાજ સાહેબના તાજેતરમાં (૯ મે, ૨૦૧૦)ના કાળધર્મથી માત્ર જૈનસમાજને જ નહીં, સમગ્ર દેશના સર્વધર્મ ભાવિકોને ન પૂરાય તેવી ખોટ પડી છે.

આચાર્ય શ્રી મહાપ્રગ્યાજી સાંપ્રદાયિક રસમેં શ્રી જૈન શ્વેતાંબર તેરાપંથી સભાના શિખર માર્ગદર્શક હતા પરંતુ એમની અપાર વિદ્વતા, સમુદ્ર સમાન ઉદારતા અને ઉચ્ચત્તમ કોટીની આધ્યાત્મિકતાને કારણે આખાય દેશના માત્ર જૈન સમાજને જ નહીં, પરંતુ બધા જ ધાર્મિક-આધ્યાત્મિક સમૂહો માટે પથદર્શક જ્ઞાનની દીવાદાંડી તરીકે સ્થપાઇ ચૂક્યા હતા. ૧૪ જૂન, ૧૯૨૦ના અવતરેલા મહાજ્ઞાનીશ્રીજીનો કાળધર્મ એમની ૯૦ વર્ષની દીર્ઘ અધ્યાત્મ યાત્રા પછી નિપજ્યો હતો.

રંજ અને આશ્ચર્ય થાય કે ક્ષુલ્લક વિષયો અને બાબતોને સતત આવરતા આપણા દૈનિક અખબારો કે સાંસ્કારિક એંઠવાડ પીરસનારી ટીવીની ચેનલો પર આ મહાજ્ઞાનીના કાળધર્મના કે ૯૦ વર્ષની એમની આધ્યાત્મિક યાત્રાની યોગ્ય નોંધ લેવાઇ નથી. પરંતુ શ્રી મહાપ્રગ્યાજી મહારાજ સાહેબના કીર્તિ મહાસમુદ્રને તેથી કોઇ ફરક પડી જતો નથી.

એમનું નામ મહાપ્રગ્યાજી એમની મહાન પ્રતિભાનું પ્રતીક હતું. **એમના જ્ઞાન અને માર્ગદર્શનનો ઉત્તમોત્તમ લાભ મેળવી શકનારાઓમાં દેશના માજી પ્રેસિડેન્ટ ડો. અબ્દુલ કલામથી માંડીને સુધિન્દ્ર કુલકર્ણી જેવા બૌદ્ધિકોનો સમાવેશ હતો.**

મહાપ્રગ્યાજી મહારાજ સાહેબ દ્વારા આખાય દેશને વિવિધ ક્ષેત્રોના વિકાસ અને વૃદ્ધિમાં કરાયેલું કિંમતી પ્રદાન અનન્ય જ બની ચૂક્યું છે અને અનોખું, આગવું જ ચિરંજીવી રહેશે. **જૈન ફિલોસોફીના પાયારૂપ અક્ષુણ્ણ અહિંસા, ભાઇચારો, સહનશીલતા, વિવિધ સાંપ્રદાયિક કે ધાર્મિક માન્યતાઓને આદર અને સામૂહિક એખલાસ દ્વારા રાષ્ટ્રીય ભાવનાને એમણે એમના પ્રવચનો દ્વારા, પદયાત્રાઓ દ્વારા, શિબિરો અને જ્ઞાનસત્રો દ્વારા પ્રતિપાદિત કર્યા હતા.** રસમ પ્રમાણે જૈન શ્વેતાંબર તેરાપંથી સમૂહના તેઓ ૧૦મા સર્વોચ્ચ વડા હતા. પરંતુ એમનું જીવન અને કવન કદીય કોઇજ પ્રકારની સંકુચિતતાના વાડામાં બંધાયું નહોતું.

ભારતભરમાં ૧ લાખ કિલોમીટરની એમની ભવ્ય પદયાત્રા એમણે એમના કર્મશીલ જીવનના નવમા દસક દરમ્યાન ખેડીને અહિંસાનો પયગામ વ્યાપક બનાવેલો. **૨૦૦૬માં રાજસ્થાનના રણવિસ્તારના લાડનું ખાતેની વિશ્વ ભારતી યુનિવર્સિટી ખાતેના મહાઉત્સવમાં દેશના અનેકાનેક બૌદ્ધિકો, સર્વધર્મસાંપ્રદાયિકો, ઉદાર મતવાદી રાજકારણીઓ, સમાજસેવકો અને સંતો, લેખકો, કલાકારો, પત્રકારો અને જાગૃત સામાન્યજનો ઉત્સાહભેર જોડાયા હતા. એ નિમિત્તે એમની દીક્ષાની ૭૫મી જયંતી પણ ઉજવાઇ હતી. દિલ્હીથી વિડિયો લિંક દ્વારા પ્રેસિડેન્ટ અબ્દુલ કલામે મહાપ્રગ્યાજી સાહેબની જીવનયાત્રાના સંદેશને બિરદાવી, તેના વધુને વધુ પ્રસાર અને પ્રચારનો ભારપૂર્વક અનુરોધ કર્યો હતો.**

મુંબઇની શ્રી જૈન શ્વેતાંબર તેરાપંથી સભાના આશ્રયે યોજાયેલી અંજલિ-પ્રાર્થના-ગુણાનુવાદ સ્મૃતિ સભામાં ભારત જૈન મહામંડળ, જીતો, શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ મેવાડ (મુંબઇ), શ્રી વોરાત મૂર્તિપૂજક સંઘ, હિમાચલ જૈન નગર (છારભુજા), શ્રી તુલસી મહાપ્રગ્યા ફાઉન્ડેશન, આચાર્યશ્રી મહાપ્રગ્યા વિદ્યાનિધિ ફાઉન્ડેશન, તેરાપંથી મહિલા મંડળ, ટી.વાય.પી. કાંદિવલી-મલાડ, તેરાપંથી યુવક પરિષદ - મુંબઇ, અણુવ્રત સમિતિ, જીવન-વિજ્ઞાન એકેડેમી, અહિંસા સમવ્યય મંચ અને બીજી સંસ્થાઓ અને જૈન તેમજ જૈનેતર સામાજિક અગ્રણીઓ જોડાયા હતા. ■

## ગીતા સાર

*જે થયું સારું થયું*
*જે થઈ રહ્યું છે, તે સારું થઈ રહ્યું છે.*
*જે થશે તે પણ સારું જ થશે*
*તમારું શું ગયું? જેથી તમે રડો છો.*
*તમે શું લાવ્યા હતા? જે તમે ગુમાવ્યું,*
*તમે શું બનાવ્યું, જે નાશ પામ્યું.*
*તમે જે લીધું, અહીંયાંથી જ લીધું,*
*જે આપ્યું, અહીંયાં જ આપ્યું.*
*જે આજે તમારું છે,*
*કાલે બીજા કોઈનું હતું.*
*પરમ દિવસે ત્રીજા કોઈનું થઈ જશે,*
*પરિવર્તન સંસારનો નિયમ છે.*

***'નવનીત સમર્પણ'ના મે-૨૦૧૦ના અંકમાંથી***
***પ્રેષક : સૂરજલાલ મહેતા***

*અજ્ઞાન સારું ન કહેવાય, પણ જાણવાની ઈચ્છા જ ન કરવી તે વધુ ખરાબ કહેવાય.*

માહિતી

# સૂર ના સજે ક્યા ગાઉ મૈં

• મગનલાલ સંઘવી •

આફતાબે મૌસિકી ઉસ્તાદ ફૈયાઝ ખાં સાહેબ. આપણે ગર્વથી કહી શકીએ ફૈયાઝખાં સાહેબ વડોદરામાં રહેતા હતા. ફૈયાઝખાં સાહેબ ક્યારેય પોતાનું રેકોર્ડિંગ કરવા દેતા નહોતા. હવે બન્યું એવું કે મહાત્મા ગાંધીજીની હત્યા થઈ એના બીજે જ દિવસે ફૈયાઝખાં સાહેબ અચાનક જ રેડિયો સ્ટેશનમાં પહોંચ્યા. આવતાવેંત જ એમણે કહ્યું કે હું રેકોર્ડિંગ આપીશ. રેડિયો સ્ટેશનમાં ધમાલ મચી ગઈ. ગણ્યાગાંઠ્યા સુજ્ઞ શ્રોતાઓને ખાસ નિમંત્રણ આપીને બોલાવ્યા. ખાં સાહેબ પહેલીવાર રેડિયો ઉપર આવ્યા હતા. સહુ સ્તબ્ધ હતા. રેડિયોના એક પણ અધિકારીમાં એવી હિંમત જ નહોતી કે ફૈયાઝખાં સાહેબને એવું પૂછે કે તમે શું ગાવાના છો? ફૈયાઝખાં સાહેબે શરૂ કર્યું.

*"રઘુપતિ રાઘવ રાજારામ, પતિત પાવન સીતારામ*
*ઈશ્વર અલ્લાહ તેરો નામ, સબકો સન્મતિ દે ભગવાન."*

આખી ધૂન ફૈયાઝખાં સાહેબે રજૂ કરી ત્યારે એની આંખોમાંથી સતત અશ્રુધારા વહેતી જ રહી. લગભગ દોઢેક કલાક સુધી ખાં સાહેબે ભાવવિભોર થઈને "રઘુપતિ રાઘવ રાજારામ..." ગાયું. સહુ સ્તબ્ધ થઈ ગયા. હવે રેડિયો સ્ટેશનમાં થયું એવું કે ધૂનના પ્રભાવમાં રેડિયોનો રેકોર્ડિસ્ટ બટન દબાવવાનું જ ભૂલી ગયો અને રેકોર્ડિંગ ન થયું. જેણે આ ધૂન સાંભળી હતી તે બધા જ કહે છે કે આ કોઈ અલૌકિક અનુભવ હતો. છેવટે ગણ્યાગાંઠ્યા સજ્જનોએ હિંમત ભેગી કરીને ખાં સાહેબને કહ્યું : 'ખાં સાહેબ, બહુ મોટી ભૂલ થઈ ગઈ છે. રેકોર્ડિંગ થયું જ નથી. ફરીથી રેકોર્ડિંગ કરીએ? બહુ મોટી કૃપા થશે.' થોડી ક્ષણો ખાંસાહેબ કાંઈ ન બોલ્યા. રેડિયોના સિનિયર અધિકારીઓએ ફરીથી રેકોર્ડિંગ કરવાનો આગ્રહ કર્યો કે તરત ફૈયાઝખાં સાહેબનો મિજાજ ગયો. સહેજ ઊંચા અવાજે કહે : 'તમે લોકો એ કેમ નથી સમજતા કે મેં જે ગાયું તે ગીત નહોતું.' ખાં સાહેબ જતા રહ્યાં. એ ગીત નહોતું પણ આત્માની તીવ્ર અનુભૂતિ હતી. આત્મીય શ્રદ્ધાંજલિ હતી. ન તો એ ધૂનનું રેકોર્ડિંગ થયું કે ન તો કોઈ સ્વરલિપિ બની કે ન તો કોઈ રાગ હતો. ફક્ત સ્વર સમૂહોનું તાત્કાલિક ભાવપ્રહરણ હતું. આ પ્રસંગ પછી કુમાર ગાંધર્વએ રાગ ગાંધીમલ્હાર બનાવ્યો. એ રાગની બંદિશ એમણે ખૂબસૂરત અંદાજથી ગાઈ છે.

★ ★ ★

જન્મભૂમિ પ્રવાસીમાંથી શ્રી અનિલ જોષીનું ઉપરનું લખાણ મોકલતાં અન્ય સંગીતકારો અને સંગીતને લગતા અન્ય પ્રસંગો સાંભળેલા કે અનુભવેલા યાદ આવે છે અને વાચકો સાથે તેને વહેંચવાની ઈચ્છા થાય છે.

ઉ. બિસ્મિલ્લાખાં સાહેબે આખી જિંદગી વારાણસીમાં જ ગાળી. અનેકવાર તેમને મહાનગરોમાં આવીને વસવાનો અને ત્યાં રહીને વધારે આવક કરવાનો અનુરોધ કરવામાં આવેલ. જવાબમાં તેમનો સામે એકજ સવાલ રહેતો, "વહાં તુમલોગ ગંગાજી લા દોગે તો મૈં આ જાઉં....!"

ખાં સાહેબ વારાણસીમાં હોય ત્યારે દરરોજ સવારના કાશી વિશ્વનાથ મંદિરમાં શરણાઈ વાદન કરવા જતા. શરીર ચાલતું ત્યાં સુધી પગે ચાલીને જતા.

ફિલ્મી સંગીતમાં પણ કેટલાક અમર ગીતોનું સર્જન થયું છે. ફિલ્મ બૈજુ બાવરા યાદ આવે છે? ગીતકાર શકીલ બદાયુની, સંગીતકાર નૌશાદ અને ગાયક મહમદ રફી. શુદ્ધ માલકૌંસ રાગમાં ગવાયેલું અમર ગીત "મન તડપત હરિ દર્શન કો આજ." એજ ચિત્રમાં ઉ.અમીર ખાં અને પં. ડી.વી. પલુસ્કરની જુગલબંધીમાં ગવાયેલું ગીત "આજ ગાવત મન મેરો ઝુમકે..." શાસ્ત્રીય સંગીતના ચાહકો કેમ ભૂલી શકે?

આવા જ એક અમર ગીતનું સર્જન આજ ત્રિપુટી — શકીલ, નૌશાદ અને રફી મારફત થયું છે. ફિલ્મ કોહીનૂર આજની પેઢીએ જોઈ ન હોય, પણ ગીત જરૂર સાંભળ્યું હશે. "મધુબન મેં રાધિકા નાચે રે..." રાગ હમીરમાં ગવાયેલ આ ગીત સાથે સિતારની મધુર સૂરાવલી સાંભળી જ હશે, જેના બજવૈયા હતા ઉ. અબ્દુલ હલીમ ઝાફરખાં અને દિલીપકુમારે તેનું સિતારવાદન ફિલ્મમાં વાસ્તવિક લાગે એ માટે ઉત્સાદજી પાસે લાંબા સમય સુધી તાલીમ લીધી હતી!

થોડા વર્ષ પહેલાં આકાશવાણીના શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમમાં ઘેરા ઘુંટાયેલા અવાજમાં "હરિ ઓમ્ તત્સત્" થી શરૂ થતું ભજન સાંભળવા મળ્યું. ગાયકનો અંદાજ આવ્યો નહીં. છેલ્લે નામ જાહેર થયું ઉ. બડે ગુલામ અલી ખાં!

લતાજીએ ગઝલો બહુ ઓછી ગાઈ છે. થોડા વર્ષ પહેલાં તેમની અને જગજિતસિંઘની ગઝલોનું આલ્બમ બે કેસેટોમાં "સઝદા"ના નામથી આવ્યું હતું. શરૂ કરતા પહેલું જ ગીત લતાજીના અવાજમાં સંભળાયું "દર્દસે મેરા દામન ભર દે યા અલ્લા..."

આવા અનેક પ્રસંગો મળી શકે. સંગીતના ક્ષેત્રમાં અને ઠીક ઠીક અંશે ફિલ્મના ક્ષેત્રમાં ધર્મ સમભાવ સારા પ્રમાણમાં જોવા મળે છે. ભારતનું એ સદ્ભાગ્ય છે, બાકી રાજકારણીઓનું દંભી સેક્યુલરિઝમ તેઓને જ મુબારક. ■

*નદીના પ્રવાહમાં શબ તરી શકે પણ સામા પ્રવાહે તરવું તે જ જીવનનું પ્રમાણ છે.*

# ભારતના ગુજરાતી સમાજ

(લેખાંક-૧)

• નરેશ પ્રદ્યુમનરાય અંતાણી •

*દેશભરમાં ફેલાયેલા ગુજરાતી ભવનો અને અતિથિગૃહોમાં અન્ય હોટેલના ભાવો કરતાં પોષાય તેવા દર સાથે આધુનિક સુવિધાઓ સાથે હવે અદ્યતન સગવડ ઉપલબ્ધ મળવા લાગી છે.*

'ચરાતી ચરતો ભગઃ' અને 'ફરે તે ચરે', જીવનમાં પ્રવાસનું મહત્ત્વ દર્શાવતી આવી અનેક કહેવતો આપણે ત્યાં પ્રચલિત છે. રોજબરોજની વ્યસ્ત પ્રવૃત્તિઓમાંથી હળવા થવા આપણે પ્રવાસનું આયોજન કરતા હોઇએ છીએ અને તેમાં પણ આપણે ગુજરાતીઓના જીવનમાં તો પ્રવાસનું અદકેરું મહત્ત્વ છે. વળી આપણે પ્રવાસના શોખીન પણ દેશના અન્ય ભાગો કરતાં વધારે પ્રમાણમાં છીએ. એથી જ તો મધ્ય પ્રદેશ સહિતના કેટલાક પ્રવાસન સ્થળોએ દિવાળીના સમયને 'ગુજરાતી સીઝન' તરીકે ઓળખવામાં આવે છે.

યાત્રા અને પ્રવાસ દરમ્યાન હોટલ વગેરેના ભારે ભાડા અને ખર્ચ આપણા પ્રવાસના રંગમાં ભંગ પાડતા હોય છે અને આવા ખર્ચા ચિંતા પણ કરાવતા હોય છે ત્યારે આજે આપણા દેશમાં લગભગ તમામ સ્થળોએ વસતા ગુજરાતીઓએ સ્થાપેલા ગુજરાતી સમાજ કે ગુજરાતી ભવન અસ્તિત્વમાં છે અને તેના દ્વારા અતિથિ ગૃહો પણ કાર્યરત છે. આ અતિથિગૃહોમાં સારી વ્યવસ્થા ઉપલબ્ધ છે અને ઘરથી દૂર ઘરનું વાતાવરણ પણ મળી રહેતું હોય છે અને તેના ભાડા પણ વાજબી અને પોષાય તેવા હોય છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં તો આ અતિથિગૃહોને અદ્યતન પણ બનાવવામાં આવ્યાં છે. કેટલાય ભવનો હોટેલ જેવી જ સુવિધા પૂરી પાડે છે વાતાનુકૂલિત રૂમની સેવાઓ પણ હવે મળવા લાગી છે.

આગામી વેકેશનના સમયમાં સુંદર પ્રવાસનું આયોજન કરી શકાય તે માટે આપણા દેશનાં વિવિધ સ્થળોના ગુજરાતી અતિથિગૃહોની અહીં જરૂરી તમામ વિગતો ક્રમશઃ આપવાનો ઉપક્રમ છે. મોટાભાગના પ્રવાસ સ્થળોનો રૂબરૂ અને પત્ર વ્યવહારથી સંપર્ક કરી છેલ્લામાં છેલ્લી અદ્યતન વિગતો અહીં પ્રસ્તુત કરી છે. આશા છે સુખદ પ્રવાસ માટે આ વિગતો મદદરૂપ થશે.

## ઉત્તર ભારત

### ૧. દિલ્હી ગુજરાતી સમાજ :

ઈ.સ. ૧૮૯૭માં સ્થાપેલો ગુજરાતી સમાજ દિલ્હી અને તેની આસપાસ વસતા ગુજરાતી પરિવારોને એક સૂત્રે બાંધવાનું કામ કરે છે. વાંચનાલય, ઉચ્ચતર માધ્યમિક વિદ્યાલયનું સંચાલન પણ સમાજ દ્વારા કરવામાં આવે છે. નવરાત્રિ, દિવાળી ઉપરાંત વિવિધ સામાજિક અને સાંસ્કૃતિક સમારંભોનું પણ અહીં આયોજન કરાય છે. આ માટે વિશાળ ઓડિટોરિયમ પણ તૈયાર કરાયું છે. સમાજ દ્વારા પ્રવાસે આવતા ગુજરાતી પ્રવાસીઓની સુવિધા માટે ઉત્તરોત્તર અદ્યતન સગવડો ઊભી કરવામાં આવે છે. સમાજના અતિથિ ગૃહમાં કુલ ૫૦૦ પ્રવાસીઓને સમાવી શકાય તેવા કુલ ૯૫ રૂમ છે જેમાં વાતાનુકુલીત રૂમો પણ છે. આ ઉપરાંત ત્રણ ફેમિલી એ.સી. ડોરમેટરી છે તથા અન્ય સાત સામાન્ય ડોરમેટરી પણ છે. આ અતિથિ ગૃહમાં રહેવાની સાથે ચા-નાસ્તો તથા ભોજનની પણ સુવિધા ઉપલબ્ધ છે. આ અતિથિગૃહ નવી દિલ્હીથી નવ કિલોમીટર તથા જૂની દિલ્હીથી ચાર કિલોમીટર દૂર છે. જ્યારે ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અહીંથી પાંત્રીસ કિલોમીટર દૂર છે. નવી દિલ્હી રેલવે સ્ટેશનથી અંદાજે રૂા. ૭૦ રિક્ષા ભાડું થાય છે જ્યારે જૂની દિલ્હી રેલવે સ્ટેશનથી ત્રીસ રૂપિયા થાય. ડબલ બેડ રૂમના રૂા. ૧૩૫/- ભાડું લેવામાં આવે છે. ડીલક્ષ રૂમના રૂા. ૨૫૦/- લેવામાં આવે છે. આ સિવાય લોકર, ક્લોક રૂમ, વિદ્યાર્થીઓ માટે વિશેષ હોલ, જનરલ ડોરમેટરીની સુવિધા અહીં મળી રહે છે. અહીંથી દિલ્હી દર્શન, ઉત્તર ભારત તથા અન્ય સ્થળોએ પ્રવાસે જવા માંગતા પરિવારો માટે બુકિંગ તથા અન્ય સુવિધાઓ પણ કરી આપવામાં આવે છે. રેલવે, વિમાન બુકિંગની સગવડ પણ અહીં આપવામાં આવે છે. ચેક આઉટ ટાઇમ જ્યારથી રૂમ લો ત્યારથી ચોવીસ ક્લાકનો રહે છે. નામ : દિલ્હી ગુજરાતી સમાજ, શ્રી દિલ્હી ગુજરાતી સમાજ માર્ગ, ૨, રાજ નિવાસ માર્ગ, સિવિલ લાઇન્સ, દિલ્હી-૧૧૦ ૦૫૪. ટેલિફોન નંબર : (૦૧૧) ૨૩૯૮૧૭૯૬, ૨૩૯૮૧૭૯૭, ૨૩૯૮૩૦૫૫ તથા ૩૦૯૨૨૪૩૩ ફેક્સ : ૨૩૯૮૩૦૬૬.

E-mail : generalsecretary@gujaratisamajdelhi.com. વેબસાઇટ www.gujaratisamajdelhi.com વધુ વિગતો માટે અભયભાઇ જૈન, જયેશભાઇ કોબાવાલા તથા જગદીપભાઇ રાણાનો સંપર્ક કરવો.

### ૨. શ્રી હરિદ્વાર ગુજરાતી ધર્મશાળા ટ્રસ્ટ

હરિદ્વાર ગુજરાતી ધર્મશાળા ટ્રસ્ટ યાત્રિકો માટે નિવાસની સુંદર વ્યવસ્થા ધરાવે છે. વધારે પ્રમાણમાં યાત્રિકો આ યાત્રાધામની યાત્રા કરે એવો ઉદ્દેશ આ ટ્રસ્ટનો હોઇ તમામ વર્ગને તેના ભાડા પરવડે એ માટે તેના બે વિભાગ કરવામાં આવ્યા છે.

ટ્રસ્ટના સેનેટોરિયમ વિભાગમાં રહેવા માટેની ફર્નિચર સહિતની તમામ પ્રકારની સુવિધાઓ સાથેના ત્રણ રૂમો ધરાવતો એક બ્લોક એવા ૨૪ મોટા બ્લોક છે અને ૫૫

નાના બ્લોક છે. જેમાં રસોઇ માટેની પણ તમામ પ્રાથમિક સુવિધાઓ છે. કુકર તથા ગેસની સગવડ પણ માંગવાથી આપવામાં આવે છે. મોટા બ્લોક (ડીલક્ષ)નું ભાડું ૧૪૦/-, સેમી ડીલક્ષનું ૧૦૦/- તથા ઓર્ડિનરીનું ૭૫/- છે. જ્યારે નાના બ્લોકનું ભાડું રૂા. ૬૫/- થી ૪૫/- સુધી જુદી જુદી સુવિધાઓ મુજબ છે. જ્યારે ધર્મશાળા વિભાગમાં ૨૩ રૂમો અને ૧૦ ડોરમેટરી હોલની સુવિધા છે. જેનું ભાડું પણ રૂા. ૬૫/- થી રૂા. ૧૭/- સુધી જુદી જુદી સુવિધાઓ મુજબ છે. મોટા ડીલક્ષ બ્લોકમાં એરકુલર, રેફ્રિજરેટર, ગીઝર, ગેસ ચૂલો (સીલિન્ડર સાથે) પ્રેશર કુકર, વધારાના પલંગની પણ સુવિધા આપવામાં આવે છે.

સરનામું : હરિદ્વાર ગુજરાતી ધર્મશાળા ટ્રસ્ટ, છગનબાપા સ્મારક ભવન,
હરિદ્વાર-૨૪૯૪૦૧ (ઉત્તરાંચલ)
ફોન : (૦૧૩૩૪) ૨૨૭૧૫૩
E-mail : shgdthwr@sancharnet.in

મુંબઇ રજિસ્ટર્ડ ઓફિસ તથા વહીવટી કાર્યાલય : હરિદ્વાર ગુજરાતી ધર્મશાળા ટ્રસ્ટ, ઇ-૫, તાજ બિલ્ડિંગ, ત્રીજે માળે, ૨૧૦, ડી.એન. રોડ, મુંબઇ ૪૦૦ ૦૦૧.
ફોન : (૦૨૨) ૨૨૦૧૬૯૬૪
E-mail : shgdtho@bom5.vsnl.net.in

### ૩. કચ્છી આશ્રમ :

આ સિવાય હરિદ્વારમાં કચ્છી લાલ રામેશ્વર આશ્રમ, (કચ્છી આશ્રમ), ભારતમાતા મંદિર પાસે, સપ્ત સરોવર માર્ગ, હરિદ્વાર, ૨૪૯ ૪૦૧ (ઉત્તરાંચલ) ફોન : (૦૧૩૩૪) ૨૨૪૦૫૧ તથા ૨૬૬૦૫૯ માં પણ રહેવા-જમવાની સરસ સુવિધા છે.

### ૪. ગુજરાતી સમાજ - જયપુર

શ્રી ગુજરાતી સમાજ જયપુર ૬૩ વર્ષનો સુખદ અને સુંદર ઇતિહાસ ધરાવે છે. અત્યારે જયપુરના ગુજરાતી પરિવારો આર્થિક દૃષ્ટિએ સુખી અને સંપન્ન છે. પરિણામે સમાજનો વિકાસ પણ દિન પ્રતિદિન થઇ રહ્યો છે. જયપુરનો ગુજરાતી સમાજ એ એક ભાગ્યશાળી સંસ્થા છે. સ્થાનિક ગુજરાતી પરિવારોની નિષ્કામ સેવા અને આર્થિક સહાયથી તેમજ જયપુર બહારના ગુજરાતી પરિવારોની પ્રેરણા, પ્રોત્સાહન અને આર્થિક સહાયતાથી જયપુરનો ગુજરાતી સમાજ જયપુરમાં એક માનભર્યું સ્થાન ધરાવે છે. ભારતના બીજા ગુજરાતી સમાજોમાં પણ તેનું સ્થાન અનોખું છે. ગુજરાતી સમાજ જયપુરની અન્ય મુખ્ય પ્રવૃત્તિમાં શ્રી કાશીબાઇ છગનલાલ ઝવેરી વિદ્યામંદિરનું સંચાલન છે. સમાજના પોતાની માલિકીના વિશાળ ભવનમાં શ્રી કા.છ. ઝવેરી વિદ્યામંદિર સિનિયર સેકેન્ડરી સ્કૂલમાં ધોરણ ૧ થી ૧૨ સુધી હિન્દી માધ્યમમાં શિક્ષણ આપવામાં આવે છે. શહેરના માનસરોવર વિસ્તારમાં અગ્રવાલ ફાર્મની ૪ હજાર વર્ગ ગજ (ચો. વાર) જમીન ખરીદવામાં આવી અને તેમાં અંગ્રેજી માધ્યમની શાળાનો આરંભ કરવા માટેની પ્રવૃત્તિ વેગમાં છે.

જયપુર શહેર રાજસ્થાનનું પાટનગર હોવાને કારણે અહીંયાં દર વર્ષે અખિલ ભારતીય ધોરણે યોજાતા સંમેલન, પરિષદ પરિસંવાદ કે બીજા પ્રસંગોમાં ભાગ લેવા આવતા ગુજરાતી મહાનુભાવો અને અતિથિઓ સાથે મિલન અને તેમના સત્કારના સમારંભો પણ ગોઠવવામાં આવે છે.

સામાજિક તથા રાષ્ટ્રીય પર્વોની ઉજવણી ઉપરાંત જ્યારે જ્યારે કોઇપણ રાહત કાર્ય માટે ભારતના પ્રજાજનો માટે મદદની અપીલ કરવામાં આવી છે ત્યારે શ્રી ગુજરાતી સમાજ તથા તેના સભ્યો પોતાની ફરજ બજાવવાનું ચૂક્યા નથી. ભારત ઉપર ચીનના આક્રમણ વખતે નેશનલ ડિફેન્સ ફંડમાં, કચ્છના ધરતીકંપ વખતે રાહત ફંડમાં, ગુજરાતના અને સુરતના રેલસંકટ નિવારણ ફંડમાં તથા રાજસ્થાન દુષ્કાળ રાહત ફંડમાં શ્રી સમાજના સભ્યો તરફથી સારી નોંધપાત્ર સહાય કરવામાં આવી છે.

ગુજરાતમાંથી જયપુર જતા પ્રવાસીઓને ઘર જેવું જ વાતાવરણ અને આતિથ્ય મળી રહે તેવું વિશાળ અતિથિગૃહ અહીં છે. ગુજરાતી સમાજ જયપુર એક સુંદર વ્યવસ્થા ધરાવતું જાણીતું સ્થળ છે. દેશ-વિદેશથી આવતા ગુજરાતી પરિવારો અહીં જ રહેવાનું સ્વીકારે છે. અહીંના અતિથિ ગૃહમાં નાના મોટા મળીને ૬૦ રૂમ છે. જે તમામ એટેચ્ડ છે. આ પૈકી ૩૦ રૂમો વાતાનુકુલીત છે. ૧૨ ડોરમેટરી કક્ષ છે તથા બે વિશાળ ખંડો પણ છે. અધિવેશન, સેમિનાર કે અન્ય કાર્યક્રમોનું આયોજન કરવા માટે પણ પુરતી સુવિધા આપવામાં આવે છે. અહીં કેન્ટીન તથા ભોજનાલયની સેવા પણ ઉપલબ્ધ છે જ્યાં વાજબી દરે ભોજન, ચા અને નાસ્તાની સગવડ મળે છે. ચેકઆઉટ ટાઇમ જ્યારથી રૂમ લો ત્યારથી ચોવીસ કલાકનો રહે છે. રેલવે તથા બસ સ્ટેશનથી ૩ કિલોમીટરના અંતરે છે.

સમાજનું સરનામું તથા સંપર્ક : જયપુર ગુજરાતી સમાજ, સી. સ્કીમ, રાજમંદિર સિનેમા પાસે, મહાવીર માર્ગ, જયપુર (રાજસ્થાન) ફોન : (૦૧૪૧) ૨૩૬૩૬૬૦ તથા ૫૧૦૨૪૪૦. વધુ વિગતો માટે રમેશભાઇ પટેલ તથા મિહીરભાઇ ચૌહાણનો સંપર્ક કરવો.

### ૫. ગુજરાતી સમાજ, ઉદયપુર

ઉદયપુર ગુજરાતી સમાજ યાત્રિકોના આવાસની સુંદર વ્યવસ્થા ધરાવે છે. સંસ્થા પાસે કુલ ૩૦ રૂમની સુવિધા છે. સાદા ડબલ બેડ રૂમનું ભાડું રૂા. ૧૫૦/- છે, ડીલક્ષ રૂમનું ભાડું રૂા. ૨૦૦/- છે, એરકુલરની સગવડ ધરાવતા રૂમનું ભાડું રૂા. ૨૫૦/- છે. એરકન્ડીશન્ડ તથા ટીવીની સુવિધા ધરાવતા ડીલક્ષ રૂમનું ભાડું રૂા. ૫૦૦/- છે. શાળા પ્રવાસે જતા વિદ્યાર્થીઓ માટે ખાસ રાહત દરે સગવડ કરી આપવામાં આવે છે. ચેક આઉટ ટાઇમ ચોવીસ કલાકનો છે. સમાજની કેન્ટીનમાં ચા, નાસ્તો તથા ભોજનની સુવિધા છે.

સરનામું : ગુજરાતી સમાજ : ઉદયપુર, પારસ હોટલની સામે, વિશાલ મેઘા માર્ટની સામે, નેશનલ હાઇવે-૮, અમદાવાદ રોડ, ઉદયપુર-૩૧૩ ૦૦૨. ફોન : (૦૨૯૪) ૩૨૦૬૪૬૬ તથા ૨૪૮૭૩૧૪

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે, માધાપર, રીંગરોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, ૨૦૪૩૭૨*
*મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

*શોર્ટ કટ એ સફળતાનો સાચો માર્ગ નથી.*

## શતાબ્દી અવસર (૧૯૧૦-૨૦૧૦)

# ૨૦૧૦ની મહિલા શતાબ્દી પ્રતિભાઓ

• ભરત'કુમાર' પ્રા. ઠાકર •

### • પ્રાસ્તાવિક :

૨૦૧૦ના વર્ષ દરમ્યાન દેશ વિદેશના વિવિધ ક્ષેત્રોના અનેક મહાનુભાવોની શતાબ્દી મનાવાઇ રહી છે, જેમાં ઠીક-ઠીક નારી પ્રતિભાઓનો પણ સમાવેશ થાય છે. તેમાં નર્સિંગની જનની ફ્લોરેન્સ નાઇટિંગેલ (૧૮૨૦-૧૯૧૦), સાહસી અભિનેત્રી નાદિયા (૧૯૧૦-૨૦૦૨) જેવાં જાણીતાં નારીરત્નો છે, તો કેટલાક અલ્પખ્યાત મહિલા વ્યક્તિ વિશેષો પણ છે. અહીં કંઇક ઓછી જાણીતી એવી કેટલીક નારી શક્તિઓની ઝલક ઉપસાવવામાં આવી છે, જેમની આ વર્ષે જન્મ કે પુણ્ય શતાબ્દીનો અવસર આવે છે.

### • કચ્છનાં મહિલા સામાજિક અગ્રણી જ્યોત્સનાબહેન પટ્ટણી (૧૯૧૦-૮૯)

કચ્છના ભેખધારી પત્રકાર ફૂલશંકર પટ્ટણી (૧૯૦૫-૯૨)નાં પત્ની અને કચ્છના જાહેરજીવનના અગ્રણી ગુલાબશંકર ધોળકિયા (૧૮૯૩-૧૯૭૨)નાં પુત્રી એવાં જ્યોત્સનાબહેનનો જન્મ આજથી એક સદી પૂર્વે ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૧૦ના ભુજ ખાતે થયો હતો. પિતા-પતિની જેમ તેઓ પણ આજીવન ખાદીધારી અને રચનાત્મક પ્રવૃત્તિઓને વરેલાં હતાં.

પ્રારંભે મુંબઇમાં ગુજરાતી હિન્દુ સ્ત્રી મંડળના સભ્ય તરીકે સામાજિક અને પછી ભુજમાં દારૂપીઠા વિરુદ્ધ મહિલા પિકેટિંગ સાથે જાહેર જીવન શરૂ થયું. જવાબદાર રાજ્યતંત્ર માટેની લડત (૧૯૩૮-૩૯) દરમ્યાન ભુજમાં લેડી પ્રેમલીલા ઠાકરસી (૧૮૯૪-૧૯૭૭)ના પ્રમુખ પદે યોજાયેલ કચ્છના પહેલા મહિલા સંમેલનમાં મંત્રી તરીકે કામગીરી સંભાળેલી.

ભુજમાં પ્રૌઢ શિક્ષણ વર્ગો, ભંગી હડતાળ વખતે સફાઇ યજ્ઞ, પ્રથમ મહિલા ગૃહ ઉદ્યોગ સહકારી મંડળીની સ્થાપના વગેરે દ્વારા સમાજસેવામાં આગળ વધતા રહેલા. ૧૯૫૭માં ભુજ નગરપાલિકામાં ચૂંટાઇ આવનાર 'પટ્ટણી દંપતી' પ્રથમ હતું! ફૂલશંકરભાઇ સુધરાઇના ઉપપ્રમુખ અને જ્યોત્સનાજી જાહેર આરોગ્ય સમિતિના અધ્યક્ષ તરીકે વરાયાં હતાં.

છાડબેટ સત્યાગ્રહ (૧૯૬૫) અને વિધાનસભા ચૂંટણી માટેના ઉપવાસ (૧૯૭૫)માં પણ જોડાયાં હતાં. કચ્છ જિલ્લા સહકારી સંઘ અને ભારતીય સેવા મંડળના મહિલા વિભાગ, આયુર્વેદ ઇસ્પિતાલ અને જિલ્લા પુરવઠાની સલાહકાર સમિતિ, નાગર મહિલા મંડળ, વિકાસગૃહ જેવી અનેક સ્થાનિક સંસ્થાઓના વિવિધ હોદ્દે રહી સેવા આપેલી. આવા મહિલા જાગૃતિના પ્રહરી શ્રીમતી પટ્ટણીનું ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૮૯ના અવસાન થયું.

### • અમદાવાદ-મુંબઇનાં કલાપ્રેમી નારી મધુરીબહેન દેસાઇ (૧૯૧૦-૭૫)

ચિત્ર, શિલ્પ, સંગીત જેવી લલિતકલાઓનાં જ્ઞાતા, શિલ્પ સંગ્રાહક, સમાજસેવિકા, લેખિકા અને એક આદર્શ ભારતીય સન્નારી એવાં મધુરીબહેન ધીરજલાલ દેસાઇનું પિયરિયું અમદાવાદમાં અને સાસરિયું મુંબઇમાં હતું. આમ, તેઓ આ બંને મહાનગરો સાથે સામાજિક અને કલાત્મક અનુબંધ ધરાવતાં હતાં! એમનો જન્મ આજથી બરાબર એકસો વર્ષ પહેલાં સપ્ટેમ્બર, ૧૯૧૦માં અમદાવાદ ખાતે થયો હતો! પિતા મણિભાઇ શેઠ અને મોસાળ કસ્તુરભાઇ લાલભાઇ (૧૮૯૪-૧૯૮૦) પરિવાર ગર્ભશ્રીમંત હતા. શ્રીમંતાઇ સાથે એમને સાહિત્ય અને કળાનો વારસો પણ મળ્યો હતો.

મુંબઇના પીઢ સ્વાતંત્ર્ય સેનાની અને વિખ્યાત કાયદાશાસ્ત્રી ભુલાભાઇ જીવણજી દેસાઇ (૧૮૭૭-૧૯૪૬) ના પુત્ર ધીરુભાઇ દેસાઇ સાથે એમના આંતરજ્ઞાતીય લગ્ન થયાં હતાં. આમ, એમને બંને પક્ષે પ્રસિદ્ધ પરિવારો સાથે વસવાનું બન્યું હતું. રાષ્ટ્રપિતા ગાંધીજી અને બીજી અનેક વિખ્યાત વ્યક્તિઓ મુંબઇમાં ભુલાભાઇના ઘેર મહેમાન બનતી ત્યારે આ સૌની સેવા કરવાની તક તેમને મળેલી. ધીરુભાઇ સ્વિટ્ઝરલેન્ડ અને ઓસ્ટ્રેલિયામાં પ્રથમ ભારતીય દૂત તરીકે નિમાયેલા ત્યારે મધુરીબહેનને વિદેશ પ્રવાસનો લાભ મળેલો. પતિ પત્ની બંને ફ્રેન્ચ ભાષાના જાણકાર હતા. ત્યાં તેમણે બ્રિટિશ મ્યુઝિયમના ક્યુરેટરના સહકારથી ભારતીય શિલ્પ-સ્થાપત્ય કલાના ઐતિહાસિક નક્શા અને પુસ્તકોનું પ્રકાશન કર્યું.

પ્રસિદ્ધિની ખેવના વિના પડદા પાછળ રહી એમણે અસંખ્ય કલાકારોને પ્રોત્સાહન પૂરું પાડેલું. તે માટે 'ભુલાભાઇ એન્ડ ધીરજલાલ મેમોરિયલ ટ્રસ્ટ'ની સ્થાપના કરી હતી. નેશનલ સેન્ટર ફોર પરફોર્મિંગ આર્ટ્સ (NCPA) જેવી મુંબઇની વિખ્યાત કલાસંસ્થાએ પણ પોતાનાં પ્રારંભનાં છ વર્ષ અહીં કાઢ્યાં હતાં. કલામર્મજ્ઞ મધુરીબહેનનું જાન્યુઆરી, ૧૯૭૫માં અવસાન થયું. અમદાવાદના લાલભાઇ દલપતભાઇ કલા સંગ્રહાલય ખાતે પોતે જેના મુખ્ય દાતા રહેલા તે શિલ્પ ગેલેરીને મધુરીબહેનનું નામ અપાયું છે, જેમાં ભારતીય ઉપખંડની મોટા ભાગની પ્રાદેશિક શૈલીઓ પ્રદર્શિત થઇ છે.

### • ચરોતરના સ્વાતંત્ર્ય સેનાની શાંતાબહેન પટેલ (૧૯૧૦-૯૮)

આઝાદી જંગના સહયોગી, વિપ્લવવાદી સમાજસુધારક 'પાટીદાર' માસિકના સ્થાપક તંત્રી, ચુસ્ત રેશનાલિસ્ટ તથા ઇશ્વરનો ઇન્કાર

*પરોપકારમાં ફળની અપેક્ષા ન રાખવી.*

(૧૯૩૨), લગ્ન પ્રપંચ (૧૯૩૫) જેવાં ક્રાંતિકારી પુસ્તકોના લેખક નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ (૧૮૭૪-૧૯૪૫) નાં પુત્રી એવાં શાંતાબહેન ગોરધનભાઈ પટેલનો જન્મ આજથી બરાબર એક શતક પૂર્વે ૨૦મી ઓક્ટોબર, ૧૯૧૦ના મહેસાણા ખાતે થયો હતો.

શાંતિ નિકેતનમાં નંદલાલ બોઝ (૧૮૮૨-૧૯૬૬) પાસે તેઓ ચિત્રકામ શીખેલાં. પિતાની સમાજ સુધારક પ્રવૃત્તિઓમાં રસ લઈ સાથ આપતા. ગાંધીજીના મીઠા સત્યાગ્રહ (૧૯૩૦)માં ભાગ લેતાં બેલગામ, સાબરમતી, યરવડામાં કારાવાસ ભોગવ્યો. તે અરસામાં દારૂનાં પીઠાં અને વિદેશી કાપડની દુકાનો સામે પિકેટિંગમાં જોડાઈને સ્વતંત્રતા આંદોલનમાં સક્રિય રહેલાં. 'પાટીદાર'ના લેખન-પ્રકાશન કાર્ય સાથે પણ શાંતાજી સક્રિયપણે જોડાયેલાં રહેલાં.

ઉત્તરાર્ધે તેઓ સામાજિક કાર્યો અને સંસ્થાઓ સાથે સંકળાયેલાં રહ્યાં હતાં. કેન્દ્ર સરકારના પ્રકાશન વિભાગ દ્વારા સપ્ટેમ્બર, ૧૯૯૭માં સ્વાતંત્ર્ય સેનાની તરીકે શાંતાબહેનનું સન્માન કરાયેલું. તેના બીજા વર્ષે એપ્રિલ, ૧૯૯૮માં એમનું અવસાન થયું. એમનાં મોટાં બહેન વિમળાબહેન અંબાલાલ પટેલ (૧૯૦૭-૭૬) પણ આઝાદીની લડાઈમાં સક્રિય, પિતાના જેલવાસ વખતે 'પાટીદાર'ના તંત્રી-વ્યવસ્થાપક, ગુરુદયાલ મલીકના વૈચારિક અનુયાયી, સારા લેખિકા અને હરિજન આશ્રમ (અમદાવાદ)માં છાત્રાલયના ગૃહમાતા હતાં.

- **પ્રથમ ભારતીય મહિલા પાયલોટ સુષ્મા બેનરજી (૧૯૧૦-૮૪) :**

ઈન્ટરનેટ પર તરતી માહિતી અનુસાર આકાશમાં ઉડ્ડયન કરનાર પ્રથમ ભારતીય મહિલા અને ભારતની પ્રથમ મહિલા પાયલોટ દિલ્હીના સરલા ઠકરાલ (૧૯૩૬), ડેક્કન એરવેઝમાં પ્રથમ ભારતીય મહિલા કોમર્શિયલ પાયોલોટ પ્રેમ માથુર (૧૯૫૧) અને ઈન્ડિયન એરફોર્સમાં પ્રથમ ભારતીય મહિલા પાયલોટ હરિતાકૌર દયાલ બન્યાં છે. આ અનુસંધાનમાં હજુ આગળ વધતાં સરકારી વિમાની સંસ્થા ઈન્ડિયન એરલાઈન્સના ભારતના પ્રથમ મહિલા વિમાનચાલિકા બનવાનું ગૌરવ પશ્ચિમ બંગાળના કેપ્ટન દુર્ગા બેનરજી ઉર્ફે શ્રીમતી સુષ્મા બેનરજી ધરાવે છે, જેમનું પણ આ 'જન્મ શતાબ્દી વર્ષ' ચાલી રહ્યું છે.

- **વીતેલા યુગની તારિકા : ગોહરબાનુ**

વીતેલા યુગની આ પ્રસિદ્ધ અભિનેત્રીનું આખું નામ કુમારી ગોહરબાનુ એ. ક્યુબ મામાજીવાલા હતું. તેણીનો જન્મ એક સૈકા પૂર્વે ૧૯મી નવેમ્બર, ૧૯૧૦ના થયેલો. કે. રાઠોડ દિગ્દર્શિત 'ફોર્ચ્યુન એન્ડ ફૂલ્સ' (૧૯૨૫) નામક મૂક ચિત્રમાં તે પ્રથમવાર ચમકેલી. પાછળથી ગોહરના જીવનસાથી બનેલા અને હિન્દી ફિલ્મોદ્યોગના પ્રારંભિક કાળના સરદાર ગણાયેલા ચંદુલાલ શાહ (૧૮૯૮-૧૯૭૫) 'લક્ષ્મી ફિલ્મ કંપની' છોડી ૧૯૨૬માં 'કોહીનૂર ફિલ્મ કંપની'માં આવ્યા ત્યારે અહીં ગોહર સાથે થયેલો પ્રથમ સંપર્ક આગળ જતાં વ્યક્તિગત અને વ્યાવસાયિક બંને સંબંધોમાં પરિણમ્યો. અહીં એમણે ગોહરને લઈને ૧૯૨૬થી ૧૯૨૮ દરમિયાન છ ફિલ્મો બનાવી.

કોહિનૂરમાંથી શાહ-ગોહર 'જગદીશ ફિલ્મ કંપની'માં જોડાયા, જ્યાં એમણે ૧૯૨૯માં ચાર ફિલ્મો ગોહરને લઈને બનાવી. તે પછી ગોહરબાનુ અને ચંદુલાલ શાહે સાથે મળીને ૧૯૨૯માં પોતાની ચિત્ર નિર્માણ સંસ્થા 'રણજિત ફિલ્મ કંપની'ની સ્થાપના કરેલી. આ બેનર તળે ઉતરેલું પ્રથમ ચિત્ર ચંદુલાલ શાહ નિર્દેશિત 'રાજપુતાની' (૧૯૨૯) હતું. ૧૯૨૯-૩૨ના ત્રણેક વર્ષ ઉપરાંતના નાના સમયગાળામાં તેઓએ ૩૯ મૂંગી ફિલ્મો સર્જી!

ફિલ્મોમાં અવાજના આગમન સાથે એમનું બેનર 'રણજિત મૂવિટોન'માં ફેરવાયું. ત્યારે રણજિત અને ગોહરબાનુનું પ્રથમ બોલતું ચિત્ર ચંદુલાલ શાહ દિગ્દર્શિત 'મિસ ૧૯૩૩' હતું. ચંદુલાલ શાહે પોતાની છેલ્લી ચાર ફિલ્મો સિવાય રણજિતનાં પ્રારંભનાં તમામ બોલપટો ગોહરબાનુને લઈને બનાવેલાં.

ગોહરબાનુ અભિનિત અંતિમ ચિત્ર 'અછૂત' (૧૯૪૦) હતું. ચંદુલાલ શાહ દિગ્દર્શિત-લિખિત આ ચિત્રમાં ગોહર, મોતીલાલ, વાસંતી, નૂરમોહંમદ ચાર્લિ, રાજકુમારી, સિતારાદેવી, મઝહરખાન, દીક્ષિત, ત્રિલોકકપૂર, લાલા યાકુબ, ભૂપતરાય, ઈબ્રાહીમનો અભિનય, કૃષ્ણગોપાલની છબીકલા અને જ્ઞાન દત્તનું સંગીત હતું. આ ચિત્રનું ગુજરાતી રૂપાંતર પણ તૈયાર થયું હતું.

*'શિવમ' ૪૦/બી, વૃંદાવન નગર,*
*વૈશાલી સિનેમા રોડ,*
*અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૬,*
*મો. : ૯૪૨૭૨૨૨૩૧૫૦*

## લેખકોને નમ્ર વિનંતી

*મંગલ મંદિરમાં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વ-વિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષા દોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું રીપીટેશન ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે, કે આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*— મુખ્યતંત્રી*

# જૂન માસ દરમ્યાન દેશ-વિદેશની વિશિષ્ટ વ્યક્તિઓની જન્મ તારીખ

| તારીખ | વર્ષ | વિશિષ્ટ વ્યક્તિનું નામ |
|---|---|---|
| ૧ | ૧૮૭૬ | વિદ્યાગૌરી ર. નીલકંઠ |
| ૧ | ૧૯૨૯ | સરોજ પાઠક |
| ૩ | ૧૯૦૧ | જી. શંકર કુરુપ |
| ૩ | ૧૯૧૨ | નાથાલાલ ભા. દવે |
| ૪ | ૧૯૩૪ | ઘનશ્યામ આ. દેસાઈ |
| ૫ | ૧૭૨૩ | એડમ સ્મિથ (બ્રિટન) |
| ૬ | ૧૮૬૮ | રોબર્ટ સ્કોટ (બ્રિટન) |
| ૭ | ૧૮૮૮ | ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલ |
| ૯ | ૧૮૪૩ | બર્થા વોન સટનર (ઑસ્ટ્રેલિયા) |
| ૯ | ૧૯૧૨ | વસંત દેસાઈ |
| ૯ | ૧૯૪૯ | કિરણ બેદી |
| ૧૦ | ૧૮૩૨ | એડવિન આર્નલ્ડ (બ્રિટન) |
| ૧૦ | ૧૯૩૫ | પીનાકિન ન. દવે |
| ૧૧ | ૧૮૯૯ | યાસુનારી કાવાબાતા (જાપાન) |
| ૧૧ | ૧૯૧૦ | ઝાક કુસ્તો (ફ્રાંસ) |
| ૧૪ | ૧૮૧૧ | હેરિયેટ બીચર સ્ટો (યુનાઈટેડ સ્ટેટ્સ) |
| ૧૪ | ૧૯૨૮ | શે ગુવારા (આર્જેન્ટીના) |
| ૧૫ | ૧૮૯૯ | દેવીપ્રસાદ રાયચૌધરી |
| ૧૫ | ૧૯૧૨ | કે.કે. હેબ્બર |
| ૧૬ | ૧૯૨૨ | હેમંતકુમાર મુખરજી |
| ૧૭ | ૧૯૦૧ | પૂજાલાલ ર. દલવાડી |
| ૧૮ | ૧૮૯૩ | પરમાનંદ કું. કાપડિયા |
| ૧૮ | ૧૮૯૯ | દાદા ધર્માધિકારી |
| ૧૯ | ૧૮૬૧ | હોઝે રીઝાલ (ફિલીપાઈન્સ) |
| ૧૯ | ૧૮૬૩ | દ્વિજેન્દ્રનાથ રોય |
| ૧૯ | ૧૯૩૧ | હરવિલાસ શાહ |
| ૨૦ | ૧૮૬૯ | લક્ષ્મણરાવ કિર્લોસ્કર |
| ૨૩ | ૧૯૨૩ | પ્રબોધ બે. પંડિત |
| ૨૪ | ૧૮૯૭ | ઓમકારનાથ ઠાકુર |
| ૨૫ | ૧૯૦૩ | જોર્જ ઓરવેલ (બ્રિટન) |
| ૨૫ | ૧૯૦૭ | મૂળશંકર મો. ભટ્ટ |
| ૨૬ | ૧૮૩૮ | બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય |
| ૨૬ | ૧૮૮૨ | શારદાબહેન મહેતા |
| ૨૬ | ૧૮૮૮ | બાલગાંધર્વ |
| ૨૬ | ૧૮૯૨ | પર્લ બક (યુનાઈટેડ સ્ટેટ્સ) |
| ૨૭ | ૧૮૮૦ | હેલન કેલર (યુનાઈટેડ સ્ટેટ્સ) |
| ૨૭ | ૧૮૯૪ | રામપ્રસાદ બક્ષી |
| ૨૭ | ૧૯૧૮ | ધીરુભાઈ પ્રે. ઠાકર |
| ૨૭ | ૧૯૪૬ | વીનેશ અંતાણી |
| ૨૮ | ૧૭૧૨ | ઝાં ઝાક રુસો (ફ્રાંસ) |
| ૨૮ | ૧૮૩૦ | સ્વામી સહજાનંદ |
| ૨૮ | ૧૯૨૪ | દાનીલો દોલ્ચી (ઈટાલી) |
| ૩૦ | ૧૮૭૭ | જન્મશંકર મ. બૂચ 'લલિત' |
| ૩૦ | ૧૮૯૩ | હેરલ્ડ લેસ્કી (બ્રિટન) |

*સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા*

## સભાનું ઔચિત્ય

*(અનુસંધાન : પાના નં.-૪૧ ઉપરથી ચાલુ)*

ને જોખમે છે. આપણે જ એમને ચડાવી મારીએ છીએ. જો આપણે એ બધાની ઉપેક્ષા કરીએ તો તેઓ જમીન પર આવી જાય. આપણે માત્ર સાચા-સજ્જન-નીતિવાન માણસોની જ ચિંતા કરવી જોઇએ.

મેં પોતે અને મારા એક (મારા જેવા જ!) મિત્રે ૫-૬ વર્ષ પહેલાં નક્કી કરેલું કે જેની જેની જાહેર ખબર TVમાં આવે છે તે તે ચીજો કદી ખરીદવી નહીં. અમે તો આ સંકલ્પનું ઠીક ઠીક પ્રમાણમાં પાલન કરીએ છીએ પણ અમારા ઘરમાં અમારું આ બાબતમાં ચાલતું નથી!

ઘણા લોકો પૂછે છે કે કોણ સાચો અને કોણ જુઠ્ઠો એની ખબર કેમ પડે? કારણ કે બધી જગાએ પોલંપોલ ચાલે છે. હાલ પૂરતો અને ટૂંકો જવાબ એટલો જ છે કે આજથી જ 'નયા માર્ગ', 'નિરીક્ષક', 'ભૂમિપુત્ર' તથા 'લોકસ્વરાજ' વાંચવાનું-નિયમિત વાંચવાનું- ચાલુ કરી દો. પછી કોઇને પૂછવા નહીં જવું પડે.

**આપણી સભામાં ક્યારેક 'અધા'- લીલાધર ગડા અથવા 'કાકા'-કાંતિસેન શ્રોફ આવી ચડે તો શું કરવું જોઇએ?**

બધાએ શાંતિથી પોતપોતાની જગાએ ઊભા થઇ જવું જોઇએ અને તેઓ બેસી જાય પછી આપણે બેસી જવું જોઇએ- સહેજ પણ અવાજ કર્યા વગર.

*આરએચ/૨, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ, કાશીરામ અગ્રવાલ હૉલ પાસે,*
*ગુજરાત યુનિવર્સિટી પાસે, અમદાવાદ-૧૫.*

*શ્રદ્ધા, એ પરમાત્માને પામવાની કડી છે.*

વિચાર-વિમર્શ

# સંગઠન

• મૂરજી ગડા •

કોઇ વ્યક્તિ ગમે તેટલી કાબેલ અને સાધન સંપન્ન હોય, સાર્વજનિક કાર્યો કરવા માટે એની શક્તિ, સૂઝ કે સાધનો પૂરતા નથી હોતા. સાર્વજનિક કાર્યો જો સામૂહિક રીતે કરવામાં આવે તો એમાં ભાગ લેનારાઓની વિવિધતા ભળવાથી સારી રીતે કામ થઇ શકે છે, અને લાંબા સમય સુધી થતું રહે છે. એટલે જ સમાન ધ્યેયવાળા અને સરખા બેકગ્રાઉન્ડવાળા લોકો સંગઠિત થઇ સંસ્થા રચે છે અને ચલાવે છે.

એ ધોરણે દેશની સરકાર પણ એક સંસ્થા છે. એની પાસે નાણા ભેગા કરવાનું સાધન છે, વિશાળ કાર્યક્ષેત્ર છે તેમજ માણસોની કમી નથી. છતાં વ્યવસ્થાતંત્રમાં કાર્યક્ષમતાનો અભાવ અને કાર્યકર્તાઓમાં (અધિકારીઓમાં) પોતાની જવાબદારી પ્રત્યેની બેદરકારીને લીધે જરૂરી સાર્વજનિક કાર્યો થતા નથી. જે થાય છે એમાં પણ શક્તિ, સમય અને સંપત્તિનો ખૂબ વ્યય થાય છે.

જે દેશમાં સરકારી તંત્ર વ્યવસ્થિત પણે ચાલે છે ત્યાં સાર્વજનિક કાર્યો માટે સામાજિક સંસ્થાઓની જરૂર ઓછી રહી છે. કમનસીબે આપણા દેશમાં એવી સ્થિતિ નથી. એટલે દરેક સમાજ સામાજિક કાર્યો કરવા માટે પોતાની સંસ્થાઓ સ્થાપે છે.

જ્યાં પણ થોડી સંખ્યામાં કચ્છી એકઠા થયા છે ત્યાં અચૂક એક સંસ્થા ઊભી થઇ છે. એજ રીતે જૈન ધર્મી પણ જ્યાં એકઠા થાય છે ત્યાં સંસ્થા ઊભી કરે છે. તો પછી કચ્છી જૈન હોય ત્યાં સંસ્થા ન હોય એવું શક્ય નથી. ગુજરાતના ગામે ગામોમાં કચ્છી જૈનોની આવી કેટલીયે સંસ્થાઓ છે.

કમનસીબે ન્યાતઆધારિત વાડાઓને લીધે એકજ શહેરમાં કચ્છી જૈનોની એકથી વધુ સંસ્થાઓ છે. બીજી કમનસીબી એ છે કે આ સંસ્થાઓની પ્રવૃત્તિઓ સામાજિક કાર્યો માટે ઓછી અને ધાર્મિક હેતુ માટે વધુ રહી છે. એમની પ્રવૃત્તિઓ પાછળ જે પણ સમય, શક્તિ અને ધન ખર્ચાય છે એનો સમાજને પ્રત્યક્ષ લાભ ઓછો મળે છે. ધાર્મિક પ્રવૃત્તિઓથી મળતો પરોક્ષ લાભ એક ચર્ચાનો વિષય છે. એના માટે અને એના લીધે સમાજની આજની જરૂરિયાતો અવગણાય તે યોગ્ય નથી.

સામાજિક કાર્યો કરતી સંસ્થાઓની એક આદર્શ સાઇઝ હોય છે. સંસ્થા સાવ નાની હોય તો એની પ્રવૃત્તિઓ મર્યાદિત થઇ જાય છે. એકબીજા વચ્ચે ઘણી સમાનતા હોવા છતાં ન્યાત આધારિત સાવ થોડા ફરકને લીધે સ્વતંત્ર રીતે ચાલતી સંસ્થાઓ જો એકઠી થઇ નવી મોટી સંસ્થા બનાવે તો એની પ્રવૃત્તિઓ વિસ્તરી શકે અને બહોળા સમાજને એનો લાભ મળે. (સંસ્થા જ્યારે બહુજ મોટી થાય ત્યારે, આંતરિક મતભેદને લીધે નવા પ્રશ્નો સર્જાય છે જેની ચર્ચા અહીં અસ્થાને છે.)

**આ બાબતમાં અમદાવાદની કચ્છી જૈન સેવા સમાજ એક ઉદાહરણીય સંસ્થા છે. મૂળ કચ્છના દરેક ન્યાતના લોકો એક છત્ર નીચે સાર્વજનિક પ્રવૃત્તિઓ કરે છે, જે માત્ર મનોરંજક કે જમણવાર જેવી નહીં પણ સમાજની પાયાની તેમજ લાંબાગાળાની જરૂરિયાતને ધ્યાનમાં રાખી આરંભાયેલ વિવિધ પ્રવૃત્તિઓ છે. એની વિસ્તૃત માહિતી "મંગલ મંદિર"માં મળી રહે છે. આ પ્રવૃત્તિઓનો વ્યાપ માની ન શકાય એટલો વિસ્તૃત છે.**

૧૮ એપ્રિલના અમદાવાદમાં યોજાયેલ મેળાવડા પાછળ આજ હેતુ હતો. પોતાની સફળતા અને અનુભવનો લાભ તેઓ બધાને આપવા માગે છે. એ પણ કેવી રીતે! મદદ માગનારને તો ઘણા આપે પણ આ મહાનુભાવો તો આપવા માટે સામેથી આવે છે. ગુજરાતના ગામેગામની બધી જ સંસ્થાઓના કાર્યકર્તાઓને આમંત્રણ પાઠવી, એકઠા કરી પોતાની પ્રવૃત્તિઓનો વ્યાપ સમજાવે છે, એના મીઠા પરિણામ વર્ણવે છે અને એનું અનુકરણ ગુજરાતના દરેક શહેરમાં/ગામમાં થાય એવું ઇચ્છે છે. આ માત્ર વાતો નથી. એ માટે તેઓ જ્યારે પણ જરૂર પડે ત્યારે માર્ગદર્શન તેમજ જરૂરી મદદ માટે જે તે ગામે જવાની બાંહેધરી પણ આપે છે.

કોણ છે આ મોટા મનના અને મોટા ગજાના મહાનુભાવો? આયખાના સાત અને આઠ દાયકા પસાર કરી ચૂકેલા છતાં થાક્યા વગર હજી કાર્યરત, નવી પ્રવૃત્તિઓ હાથ ધરવા ઇચ્છતા આ સેવાના ભેખધારીઓને મળવાનો, એમની સાથે ગોષ્ટિ કરવાનો, માણવાનો જે અવસર સાંપડ્યો તે એક યાદગાર અનુભવ રહેવાનો છે. (કોઇને અન્યાય ન થાય એ હેતુથી અહીં નામ લખવાનું ટાળ્યું છે.) આ કાર્યક્રમની વિસ્તૃત માહિતી મંગલ મંદિરના મે-૨૦૧૦ ના અંકમાં પ્રસિદ્ધ થયેલ છે.

સંસ્થા ઊભી કરવી એક વાત છે. એની પ્રવૃત્તિઓ, એનું ધ્યેય અને એનું સંચાલન સ્પષ્ટ કરવું તે બીજી વાત છે. પ્રવૃત્તિ જેટલી બહુજન હિતમાં હશે એટલો એને વધુ ટેકો મળશે. ધ્યેય જેટલું સ્પષ્ટ હશે એટલું પ્રવૃત્તિઓનું આયોજન અને અમલ સરળ થશે. સંચાલન જેટલું પારદર્શક હશે એટલી આંતરિક વિખવાદની શક્યતા ઓછી થશે અને સંસ્થા લાંબા સમય માટે સરળતાથી કાર્યરત રહેશે. આરંભનો ઉત્સાહ લાંબો સમય જળવાઇ રહે એ સૌથી અગત્યનું છે.

*૧, શ્યામ વાટિકા સોસાયટી,*
*વાસણા રોડ,*
*વડોદરા-૩૯૦ ૦૦૭.*

*ગમે તેવી પરિસ્થિતિ પેદા થાય, મનને નબળું પડવા ન દો.*

# સભાનું ઔચિત્ય

• શાંતિલાલ સંઘવી •

ઘણી સંસ્થાઓની સભાઓમાં એવું જોવા મળે છે કે કોઇ મહાનુભાવ-ખાસ કરીને કોઇ રાજકારણી પધારે ત્યારે મંચ પર બેઠેલા હોય તેમાંથી પણ અને સભામાં બેઠેલા હોય તેમાંથી પણ ૧૦-૨૦ જણ દોડીને તે મહાનુભાવની આસપાસ ગોઠવાઇ જતા હોય છે અને તે મહાનુભાવની નજર પોતાના પર પડે તે માટે હવાતિયાં મારતા હોય છે. મારી ભાષામાં હું આ બધા લોકોને ચમચાઓ કહું છું. આપણે એ ભૂલી જઇએ છીએ કે આવનાર મહાનુભાવ ગમે તેટલો કહેવાતો મોટો માણસ - રાજકારણી હોય, મુખ્ય સેવક (મુખ્યમંત્રી) હોય કે રાજ્ય સેવક (રાજ્યપાલ) હોય કે રાષ્ટ્રસેવક (રાષ્ટ્રપતિ) હોય તો પણ તે બધા જનતાના નોકર છે. આપણે કોને માન આપીએ છીએ અને કેટલું માન આપીએ છીએ અને કેવી રીતે માન આપીએ છીએ તેના પરથી આપણી પોતાની સમજણ અને સંસ્કૃતિનું માપ નીકળે છે.

**કચ્છી જૈન સેવા સમાજ પૂરતી વાત કરીએ તો સૌપ્રથમ આપણે પોતે એ સમજવું જોઇએ કે આ સંસ્થાની સભા એ રાજા જનકની સભા છે એમાં ગમે તેને સ્થાન અને માન ન હોઇ શકે.**

ગમે તે મહાનુભાવ પધારે ત્યારે પ્રોટોકોલ મુજબ-શિષ્ટાચાર મુજબ-વિવેક પ્રમાણે સંસ્થાના પ્રમુખ કે મેનેજિંગ ટ્રસ્ટી સામે જઇ તેમને આવકારે, સ્વાગત કરે, મંચ સુધી દોરી લાવે અને સ્થાન ગ્રહણ કરવા વિનંતી કરે તે વાજબી છે. પરંતુ તે વખતે મંચ પર બેઠેલ અન્ય સજ્જનોએ કે ઓડિયન્સમાં બેઠેલ કોઇએ ઊભા થવાની જરૂર નથી કે મહાનુભાવ પાસે દોડી જઇ ચમચાગીરી કરવાની જરૂર નથી. તમામ-એટલે કે તમામ- લોકો શાંતિથી પોતપોતાની જગાએ બેસી રહે તે સંસ્કારિતા છે. આપણું પોતાનું ગૌરવ જાળવતાં આપણે જ સૌ પ્રથમ જાતે શીખી લેવું જોઇએ.

અલબત્ત કેટલાક મનુષ્યો એવા હોય છે જરૂર, કે તેઓ જ્યારે પધારે ત્યારે તમામ લોકોએ પોતપોતાની જગાએ શાંતિથી ઊભા થઇ તેમને માન આપવું જોઇએ અને તે મનુષ્ય પોતાનું સ્થાન ગ્રહણ કરે પછી સૌ સભ્યોએ બેસી જવું જોઇએ. આ મનુષ્યો એટલે કોઇ મોટા અમલદાર નહીં, કોઇ રાજકારણી નહીં, કોઇ ઉદ્યોગપતિ નહીં કે કોઇ શેઠિયા નહીં.

**આવા મનુષ્યો એટલે પોતપોતાના ક્ષેત્રમાં રહીને અન્યની સેવા કાજે અને અન્યના ભલા માટે જાત ઘસી નાખનારા મહાપુરુષો તથા સાહિત્ય-સંગીત-કલા-વિજ્ઞાન તથા વિવિધ વિદ્યાઓના ક્ષેત્રે અસાધારણ પ્રદાન કરનારા મહાપુરુષો.**

આપણી સભામાં નારાયણ દેસાઇ પધારે ત્યારે? કોઇ વિદ્વાન આચાર્ય ભગવંત પધારે ત્યારે? ભીમસેન જોશી પધારે ત્યારે? (અને એમના જેવા બીજા ૫૦-૧૦૦ જણ) પધારે ત્યારે?

ત્યારે આપણે બધાએ શાંતિથી મૌન રહીને પોતપોતાની જગાએ જરૂર ઊભા થઇ તેમનું અભિવાદન કરવું જોઇએ. આ બધા લોકો જનતાના નોકર નથી.

એક નાનો પણ સાચો પ્રસંગ અત્રે રજૂ કરું છું. હાલમાં થોડા સમય પહેલાં સ્વામિનારાયણ ધામ, વડતાલ, મુકામે ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક સંઘનું સંમેલન હતું. તેમાં મુખ્ય સેવક નરેન્દ્ર મોદી તથા શિક્ષણ સેવક રમણલાલ વોરા તથા તજ્જ્ઞ વક્તા તરીકે ગુણવંત શાહ હાજર રહ્યા હતા. સ્ટેજ પર બેઠેલાઓ મુખ્ય સેવકની પ્રતીક્ષા કરી રહ્યા હતા. જેવું મુખ્ય સેવકનું આગમન થયું કે તરત મંચ પર બેઠેલા બધા દોડીને સામે ગયા. એકમાત્ર ગુણવંત શાહને બાદ કરતાં. ગુણવંત શાહ શાંતિથી પોતાની જગાએ બેઠા રહ્યા, ઊભા પણ ન થયા. આનો અર્થ સમજદારો સમજી ગયા હશે.

જર્મનીમાં રાજ્યના વડા ચાન્સેલર પધારે ત્યારે કોઇ પ્રોફેસર ઊભા થઇને તેનું સ્વાગત કરતા નથી. પણ જો કોઇ પ્રોફેસર પધારે તો ચાન્સેલર જરૂર ઉભા થઇને તેનું સ્વાગત કરે છે.

TV - સિનેમાના નટનટીઓ પાછળ ગાંડા થનારા અને ક્રિકેટ પાછળ વિવેકભાન ભૂલી જનારા આપણે આ વાત ક્યારે સમજીશું? રાજકારણીઓની પાછળ પાછળ ટોળે વળીને ઘૂમનારા ચમચાઓ આ વાત ક્યારે સમજશે? ઉદ્યોગપતિઓ અને શેઠિયાઓની ખુશામતખોરીમાંથી નવરા ન થનારાઓ આ વાત ક્યારે સમજશે? (બની બેઠેલા ધર્મગુરુઓની વાત અત્રે જવા દઇએ)

આદિત્ય મુન્શીની એક કવિતા છે- કવિતા જરા આકરી છે પણ સમજવા જેવી છે.

*'તાળીને તાબોટા વચ્ચે અમને કોઈ ભેદ નહીં*
*કોઈ આવે કે જાય અમને હરખ કે ખેદ નહીં.*
*અમે ચમચા ચમચા ચમચાઓ*
*અમે ખુશામતીના ખુમચાઓ*
*અમે છાક છકેલા છક્કાઓ*
*અમે ધકેલ પંચા ધક્કાઓ*
*અમે ચમચાના પણ ચમચાઓ."*

છેલ્લે આપણે આપણી પોતાની સાચી કિંમત સમજીએ એ જરૂરી છે. કાંકરાને હીરા સમજવાની ભૂલ ન કરવી જોઇએ. ઉપરાંત એ સતત ધ્યાનમાં રાખવું જોઇએ કે જેટલા VIPઓ તથા VVIPઓ અને સેલીબ્રિટીઓ છે તે બધા આપણા થકી છે અને આપણા હિસાબે

***(અનુસંધાન : જુઓ પાના નં.-૩૯ ઉપર)***

*જે દુઃખ વ્યક્ત ન થઈ શકે તેનાથી બીજું કોઈ મોટું દુઃખ નથી.*

# સ્થળાંતર - ધર્માંતર - વિચારાંતર

• મૂરજી ગડા •

જન્મ સાથે આપણને ઘણું બધું અનાયાસે વારસામાં મળી જાય છે. કર્મના સિદ્ધાંતમાં ન જઈએ તો જન્મ એ વ્યક્તિની પોતાના હાથની વાત નથી. જન્મતાં જ આપણને જે લેબલ લાગે છે તે આપણી ઓળખ બની જાય છે. આ રીતે આપણને લાગેલા લેબલ છે — કચ્છી, વાણિયા, જૈન, ગુજરાતી, ભારતીય વગેરે વગેરે. મોટા ભાગના લોકો આવી ઓળખ સાથે આખું જીવન વિતાવે છે અને એમને જાળવી રાખવામાં ગૌરવ અનુભવે છે. એમના માટે વારસાગત વફાદારી ઘણી અગત્યની છે. આગળ જતાં શિક્ષણ કે વ્યવસાયને લીધે એક બે નવા લેબલ પણ લાગે છે.

આ બધા લેબલોનું ગૌરવ લેતી વખતે એ જાણવું જરૂરી છે કે આ પ્રકારની ઓળખે માનવ સમુદાય વચ્ચે હંમેશાં ઘર્ષણ પેદા કર્યું છે. જ્યાં વર્ણ, જ્ઞાતિ, ધર્મ, પ્રાંત વગેરેના ભેદભાવ ઓછા છે અથવા હોય છતાં પ્રજા એના પ્રત્યે સભાન નથી એવા દેશોના આંતરિક પ્રશ્નો ઘણા ઓછા હોય છે. ભારતની ઘણી શક્તિ આવા પ્રશ્નો ઉકેલવામાં વપરાઈ જાય છે.

કચ્છી સમાજમાં આઠ દસ દાયકા પહેલાં એક મોટું પરિવર્તન શરૂ થયું. લોકો કચ્છ છોડી બીજા પ્રદેશોમાં જવા લાગ્યા. જેમાં મુંબઈ મુખ્ય હતું. આ સ્થળાંતર, દેશાંતર સ્વેચ્છાએ કરેલ છે. બળજબરીથી નથી કરવામાં આવ્યા. **આની પાછળનું કારણ છે ત્યારની કચ્છની પરિસ્થિતિ કરતાં વધુ સારી પરિસ્થિતિની ખોજ. જ્યાં આર્થિક પ્રગતિ કરી જીવનધોરણ ઊંચું લાવી શકાય. આની પાછળ કચ્છ પ્રત્યે જરા પણ અણગમાની ભાવના નહોતી.**

આવા સ્થળાંતર કે દેશાંતર છતાંયે મોટાભાગના લોકો પોતાની મૂળ ઓળખ જાળવી રાખે છે, સમાજ સાથેના સંબંધ જાળવી રાખે છે. જે આવું સ્થળાંતર નથી કરી શક્યા તેઓ પોતાના સંતાનો માટે આવી તક શોધતા હોય છે. સ્થળાંતર સાથે આવતા ભાષાના, પહેરવેશના, ખોરાકના વગેરે ફેરફાર આપોઆપ અપનાવાઈ જાય છે. જીવનધોરણ સાથે જીવનશૈલી પણ સ્વેચ્છાએ બદલી જાય છે. કોઈને આમાં જરા પણ ખોટું થતું હોય એમ લાગતું નથી.

માનવ સમુદાયો આદિકાળથી સ્થળાંતર કરતા આવ્યા છે. વ્યક્તિગત ધોરણે હોય કે સમુદાયમાં હોય, સ્વેચ્છાએ સ્થળાંતર કરનારે સરવાળે વધુ પ્રગતિ કરી છે. આ વાતને બીજી રીતે પણ કહી શકાય. જેણે જન્મજાત વારસાનું બંધન ઢીલું કર્યું છે તે વધુ પ્રગતિ કરી શક્યો છે. અથવા તો પ્રગતિ કરવા માટે જન્મજાત વારસાની માયા થોડી છોડવી પડે છે. આમાં વારસો દોષાયુક્ત હોય એવું નથી, પણ એ બંધનકર્તા હોઈ શકે છે. **કોઈપણ જાતનું બંધન ગતિ/પ્રગતિને ધીમી કરે છે.**

સ્થળાંતરની સરખામણીએ ધર્માંતર વધુ નાજુક બાબત છે. એના પ્રત્યે લોકમાનસ એટલું ઉદાર નથી. વાસ્તવિકતા એ છે કે દરેક નવા ધર્મનો ઉદય અને ફેલાવો ધર્માંતરથી જ થયો છે.

મધ્યયુગમાં ઘણા ધર્માંતર બળજબરીથી કરવામાં આવતા હતા. એનો ભોગ બનેલા બધા સહાનુભૂતિને પાત્ર છે. હવે એવા બળજબરીથી કરાતા ધર્માંતર અટકી ગયા છે.

સ્વેચ્છાએ થતા ધર્માંતર અને એની પાછળના કારણ અમુક અંશે સ્થળાંતરને મળતા આવે છે. ઈતિહાસને પાને ચડેલા બે કિસ્સા જાણીતા છે. પ્રાચીન કાળના સમ્રાટ અશોકનું અને વર્તમાનના ડૉ. આંબેડકરનું ધર્માંતર. સ્વેચ્છાએ કરાયેલ ધર્માંતર પાછળ જે પણ કારણ હોય, એવું કરનારને સરવાળે ફાયદો થયો છે.

વિચારાંતર અને મતાંતર બે અલગ બાબત છે. મતાંતર એ બે વ્યક્તિઓ વચ્ચેનો મતભેદ છે, જ્યારે વિચારાંતર એ વારસાગત માન્યતાઓને છોડી નવી વિચારસરણી અપનાવવાની પ્રક્રિયા છે. માણસ પોતાનો જન્મજાત વારસો ત્યારે છોડે છે જ્યારે તેને એમાં કોઈ ખામીઓ દેખાય તેમજ અન્યત્ર વધારે સારી સ્થિતિ દેખાય.

કચ્છી સમાજના સ્થળાંતરને લીધે સામાજિક રીતિરિવાજોમાં જે ફેરફાર આવ્યા છે તે વિચારાંતરનો એક પ્રકાર છે. અગત્યની બાબત એ છે કે આ વિશે પૂરા સમાજમાં વિચારોની સમાનતા જળવાઈ રહેવાથી નવા પ્રશ્નો ઊભા થયા નથી. ભૂતકાળમાં થયેલા સમાજના ભાગલા પાછળ વિચારાંતરના સ્વીકાર-અસ્વીકારના કારણ હતા. દશા-વીસા, સ્થાનકવાસી-દેરાવાસી આના દાખલા છે.

પશ્ચિમી દેશની કોઈ વ્યક્તિ ભારતીય જીવનશૈલીની અમુક બાબતો અપનાવે ત્યારે આપણી સંસ્કૃતિની શ્રેષ્ઠતાને નામે ફુલાઈએ છીએ. આવા થોડા દાખલાઓની સરખામણીએ સેંકડોગણા વધારે ભારતીયો જ્યારે હોલસેલમાં પશ્ચિમી જીવનશૈલી અપનાવે છે ત્યારે એમને 'બગડી ગયા, અધોગતિ, વિનાશ' વગેરે કહીએ છીએ. બન્ને કિસ્સાઓમાં વિચારાંતર

રહેલું છે જે દરેક માનવીનો જન્મસિદ્ધ હક છે. ફરક આપણી મનોવૃત્તિમાં છે. **પોતાના વિચારોથી ભિન્ન વિચારો તરફ કોઇ આકર્ષાય તે આપણને ગમતું નથી.**

વિચારાંતર બધા ક્ષેત્રોમાં થાય છે. આ લેખનો મુખ્ય હેતુ ધાર્મિક વિચારાંતરનો છે. આગલી બધી રજૂઆત એની પ્રસ્તાવનારૂપે હતી એમ કહી શકાય. ધાર્મિક વિચારાંતર એ ધર્માંતર કરતાં અલગ બાબત છે. કોઇ એક ધર્મ પાળતા માણસની પોતાની ધાર્મિક વિચારસરણીમાં સ્વૈચ્છિક રીતે કરવામાં આવતા ફેરફાર તે ધાર્મિક વિચારાંતર છે.

ધર્મનો એક અર્થ ફરજ કે કર્તવ્ય થાય છે. બીજો અર્થ નીતિ, સદાચાર, પ્રામાણિકતા વગેરે થાય છે. ધર્મના આ ખરા અર્થ છે. જો કે વ્યવહારમાં ધર્મ એ માણસની ઓળખ બની જાય છે. સંપ્રદાય, પંથ, ફિરકા વગેરેના ક્રિયાકાંડને ધર્મ ગણવામાં આવે છે. આને સંસ્થાકીય ધર્મ, Organized Religion કહેવાય છે.

આ પ્રકારના ધાર્મિક ગણાતા લોકો પ્રમાણિક કે સદાચારી હોય અને ન પણ હોય. તેમજ ધાર્મિક ન ગણાતા લોકો પણ પ્રામાણિક હોય અને ન પણ હોય. ટૂંકમાં, નીતિ અને સદાચારને પ્રચલિત સંસ્થાકીય / વ્યવહારિક ધર્મથી અલગ પાડી દેવાયા છે. આ જાહેર અનુભવની વાત છે.

ધર્મની આ વ્યવહારિક વ્યાખ્યાના સંદર્ભમાં લોકમાનસનું વર્ણપટ, સ્પેક્ટ્રમ અતિ વિશાળ છે. એના એક છેડે 'પથ્થર એટલા પૂજે દેવ' વાળી માનસિકતા છે જ્યારે બીજે છેડે આવા સંસ્થાકીય ધર્મમાં સદંતર ન માનનારા પણ છે. મોટાભાગના લોકો આ બે અંતિમોની વચ્ચેની અનેક શક્યતાઓમાં પોતાને ક્યાંક ગોઠવી દે છે.

લેખની શરૂઆતમાં વારસામાં મળતી જે બાબતોનો ઉલ્લેખ કર્યો છે એમાંની એક છે આપણી ધાર્મિક માન્યતાઓ. બાળક જન્મે છે ત્યારે એને કોઇ પ્રકારની માન્યતાઓ હોતી નથી. એ આસપાસના વાતાવરણમાંથી પોતાની માન્યતાઓ મેળવે છે.

ગામડાંમાં જન્મેલા અને મોટા થયેલા લોકોનું વિશ્વ ઘણું નાનું હોય છે. તેઓ એક ચોક્કસ પ્રકારના ચુસ્ત ધાર્મિક વાતાવરણમાં ઉછરેલા હોય છે. એજ એમની ધાર્મિક વિચારસરણી બને છે. શહેરમાં રહેવા છતાં આસપાસના શહેરી વાતાવરણથી અલિપ્ત એવા પોતાના નાનકડા સંકુલમાં, સમાજમાં રહેનારાઓની વિચારસરણી પણ ગામડાં જેવી જ હોય છે. બે પેઢીઓ વચ્ચે કહેવાતી જનરેશન ગેપ પાછળ ઉછેર વખતના વાતાવરણનો ફરક ખૂબ મોટો ભાગ ભજવે છે. વિચારસરણીનો વારસો આપણને મળેલી ભેટ નહીં પણ ઉધાર છે. આ એક એવી ઉધારી છે જે આપનારને પાછી કરવાની નથી હોતી પણ એને પોતાની સમજ અને અનુભવથી કસાવી, આવનારી પેઢીને આપવાની હોય છે. જેને બીજાઓ કરતાં પોતાની જાત પર વધુ વિશ્વાસ છે તે એને અમલમાં પણ મૂકે છે. જે આવું નથી કરતા તે કસાયેલી નહીં પણ કટાયેલી, વધુ ઘસાયેલી વિચારસરણી ભાવિ પેઢીને આપી જાય છે.

મોટી ઉંમરે ધાર્મિક માન્યતાઓ બદલવી ઘણી અઘરી હોય છે, અશક્ય નથી હોતી. ક્યારેક એ બદલાય પણ છે. માણસને પોતાને કે એની નજીકની કોઇ વ્યક્તિને જ્યારે હચમચાવી દેતો ગંભીર અનુભવ થાય છે ત્યારે ધાર્મિક ન હોય એ વ્યક્તિ ધાર્મિક બની શકે છે. એજ રીતે ચુસ્ત ધાર્મિક વ્યક્તિ પણ સંપૂર્ણપણે શ્રદ્ધા ગુમાવી શકે છે. જાત અનુભવને લીધે આવતું આ વિચારાંતર સ્વેચ્છાએ કરેલું હોવા છતાં લાગણીના આવેશમાં થયું હોય છે. એની પાછળ ઝાઝો વિચાર નથી હોતો.

**એક નાનો વર્ગ એવો છે જે લાગણીના આવેશમાં નહીં પણ વિશાળ વાંચન, ઊંડો અભ્યાસ તેમજ મનોમંથન પછી વિચારાંતર કરે છે.** એ પરંપરાગત ધાર્મિક માન્યતાઓથી વિમુખ થાય છે. એની આ વિમુખતા સંસ્થાકીય ધર્મ પ્રત્યે હોય છે. ધર્મના આદર્શો, નીતિ, પ્રામાણિકતા, ફરજ વગેરેથી નથી હોતી. છતાય ધાર્મિક સમાજ એમને નાસ્તિક માને છે.

આ રીતે પોતાની માન્યતાઓ બદલનાર વિચારોના ક્રાંતિકારી કહેવાય છે. તેઓ પોતાના સમયથી ઘણા આગળ હોય છે. વૈચારિક ક્રાંતિકારો સાચા કે ખોટા ઠરી શકે છે, સફળ કે નિષ્ફળ થઇ શકે છે પણ અજ્ઞાની તો ક્યારેય નથી હોતા. એમને અજ્ઞાની માનનાર પોતાના જ અલ્પજ્ઞાનનું પ્રદર્શન કરે છે.

ધાર્મિક ક્ષેત્રના આધુનિક ક્રાંતિકારો પોતાને ઉદાર મતવાદી, વાસ્તવદૃષ્ટા, વિવેકબુદ્ધિવાદી, રેશનલ થિંકર વગેરે ગણે છે. આ બધામાં થોડો ફરક ખરો પણ મુખ્ય પ્રવાહથી તેઓ ઘણા અલગ છે. વર્તમાન ભારતમાં રાજકીય તેમજ સામાજિક ક્ષેત્રે કેટલાક રેશનલ નેતાઓ થઇ ગયા છે. જવાહરલાલ નહેરુ એમાંના એક હતા. આ નેતાઓને ધાર્મિક પ્રજા સાથે કામ કરવાનું હોવાથી પોતાના રેશનલ વિચારોને મોખરે લાવવું વાજબી નહોતું માન્યું. એમના મુખ્ય કાર્યક્ષેત્રમાં એ બાધારૂપ બનત. છતાં જરૂર પડે તેઓ પોતાના વિચાર છુપાવતા પણ નહોતા.

વિચારાંતર એ વિચારધારાની જનેતા છે. લાંબા ગાળાના પ્રશ્નોનો ઉકેલ શોધવો હોય તો ચીલાચાલુ દરેકથી દૂર જવું પડે છે. **જો કોઇએ પણ વિચારાંતર ન કર્યું હોત તો માનવસમાજ જરાપણ પ્રગતિ કરી શક્યો ન હોત.** વૈશ્વિક સ્તરે આ પ્રકારના વિચારાંતર આર્થિક, સામાજિક, રાજકીય, બધાય ક્ષેત્રે થતા જોઇ શકાય છે.

ધાર્મિક વિચારાંતરના સંદર્ભમાં જોઇએ તો દુનિયાના બધા જ ધર્મ પરિવર્તકોને તત્કાલીન ધાર્મિક વિચારધારાઓમાં જે

ખામીઓ જણાઇ એનો તેમણે વિકલ્પ શોધ્યો હતો. એમની તપસ્યા, ધ્યાન, ચિંતન, સાધના જે પણ કહીએ તે એક પ્રકારનું વિચારાંતર જ હતું. એમની નવી વિચારધારાને પણ તરત સફળતા નહોતી મળી.

**મહાવીર અને બુદ્ધને તત્કાલીન વૈદિક-સનાતન ધર્મમાં ખામીઓ જણાઇ એટલે જ એમણે પોતાની નવી વિચારધારા શરૂ કરી.** પણ તેઓ છેલ્લા નથી. એમના પછી પણ નવી અને ભિન્ન ધાર્મિક વિચારધારાઓ આવતી રહી છે. અહીં મુદ્દો કોણ વધુ સાચું કે સારું એનો નથી. મુદ્દો છે કોઇપણ વિચારધારા શાશ્વત કે સનાતન ન હોવાનો છે. જ્યાં સુધી કોઇ ચોક્કસ વિષય પર માનવ સમાજમાં પાયાના મતભેદ છે ત્યાં સુધી એ વિષય પરનું કોઇપણ ધાર્મિક વિચારધારાનું કથન સર્વવ્યાપી સર્વકાલીન સત્ય તરીકે સ્વીકારી શકાય નહીં.

દુનિયાના બધાજ સંસ્થાકીય ધર્મો વચ્ચે થોડી સમાનતા અને થોડી વિષમતા રહેલી છે. એમના વચ્ચેની સૌથી મોટી સમાનતા છે રહસ્યવાદની. કોઇપણ ધાર્મિક વિચારધારા એનાથી બાકાત નથી રહી. એનું મુખ્ય કારણ એ છે કે માણસને જન્મજાત રીતે રહસ્યમય વાતો ગમે છે. લોજિક કરતાં મેજિકમાં વધુ મજા આવે છે.

જે પ્રશ્નોનો બધાને ગળે ઉતરે એવો ચોક્કસ ઉકેલ નથી તેને રહસ્ય કહેવાય છે. એના જુદા જુદા ચિંતકો દ્વારા અપાયેલ જવાબ રહસ્યવાદ બની જાય છે. વિશેષમાં ધર્મપ્રણેતાઓને નામે આજે જે ફેલાવવામાં આવે છે તેની વિશ્વસનીયતા પણ સંશયાત્મક છે. દરેક ધર્મના આટલા ફાંટા, એમાં પાછળથી કરવામાં આવેલી ભેળસેળનું તેમજ મનફાવતા અર્થઘટનોનું પરિણામ છે. ધર્મોમાં મોજૂદ રહસ્ય વાદનો મોટો ભાગ પાછળથી ઉમેરવામાં આવ્યો છે. કાળક્રમે થઇ ગયેલા ધર્મગુરુઓ પોતાનો નવો પંથ કે સમુદાય સ્થાપવા આ રહસ્યવાદને થોડા જુદા સ્વરૂપે રજૂ કરતા રહ્યા છે. એના વડે કેટલાયે અઘરા પ્રશ્નોના ઉત્તર રહેલાઇથી આપી શકાય છે અથવા એમને સદંતર ટાળી શકાય છે.

**આ રહસ્યવાદ મુખ્યત્વે સ્વર્ગ, નરક, પુનર્જન્મ જેવા વિષયો વિશે છે.** માનવ સમાજ પાસે દરેક રહસ્યમય વિષયના કેટલાક અલગ મત પ્રવર્તે છે. એક વિષયના આવા ભિન્ન મત બધા તો સાચા ન હોઇ શકે. કદાચ એક સાચો હોઇ શકે, પણ કોનો? જો પાંચમાંથી ચાર ખોટા હોય તો પાંચેપાંચ ખોટા હોઇ શકે છે. આપણી પાસે અત્યારે સર્વમાન્ય ઉકેલ નથી એટલા માટે કોઇએ ભૂતકાળમાં આપેલ ગમે તે ઉકેલ સાચો નથી બની જતો. વાસ્તવમાં કેટલીયે પુરાણી ધાર્મિક માન્યતાઓ ખોટી સાબિત થઇ છે. એજ બતાવે છે કે બધી રહસ્યમય માન્યતાઓ માટે ખુલ્લી દ્રષ્ટિ રાખવી જરૂરી છે.

ભૂતકાળમાં જેમણે રહસ્યવાદ રહિત માત્ર નૈતિક વિચારધારા ફેલાવવાની કોશિશ કરી હતી તે સફળ નથી થયા. એમની નિષ્ફળતાનું કારણ રહસ્યપ્રેમી માનવ પ્રકૃતિ ઉપરાંત ભૂતકાળમાં તાર્કિક કે વૈજ્ઞાનિક રીતે વિચારવાનો બહુધા અભાવ હતો.

વર્તમાનની રાજકીય આર્થિક, સામાજિક વગેરે બધીજ વિચારધારાઓ પશ્ચિમના દેશોમાં શરૂ થઇ આખી દુનિયામાં ફેલાઇ રહી છે. સ્વેચ્છાએ કે અનિચ્છાએ બધા દેશો તે અપનાવી રહ્યા છે. ધાર્મિક ક્ષેત્ર અતિ સંવેદનશીલ હોવાથી તે સૌથી છેલ્લે આવશે. તે ધર્માંતર સ્વરૂપે નહીં પણ ધાર્મિક વિચારાંતર સ્વરૂપે હશે.

મધ્ય યુગમાં પશ્ચિમમાં પણ રહસ્યવાદ અને અંધશ્રદ્ધા મોટે પાયે અસ્તિત્વમાં હતા. ત્યાં વર્તમાન યુગ પાંચસો વરસ પહેલાં શરૂ થયો હોવાથી આ બધું હવે ઘણું ઓછું થઇ ગયું છે. ભારત એકસાથે બધા યુગોમાં જીવે છે. એટલું જ નહીં, ઘણી વ્યક્તિઓ પણ જુદા જુદા સમયમાં જીવતી હોય છે. **ધંધા વ્યવસાયની બાબતમાં એકવીસમી સદીમાં જીવનાર માણસ સામાજિક રૂઢિઓ બાબતે ઓગણીસમી સદીમાં અને ધાર્મિક માન્યતાઓ સંદર્ભે ચૌદમી સદીમાં જીવતો હોય એ સામાન્ય બાબત છે.**

ટૂંકમાં, પશ્ચિમના વિકસિત દેશોમાં રહસ્યવાદ હજી કેટલેક અંશે ચાલુ છે જ્યારે ભારત સહિત પૂર્વના અન્ય દેશોમાં તાર્કિક/વૈજ્ઞાનિક વિચારધારા પ્રસરી રહી છે. એટલે પૂર્વ પશ્ચિમના શબ્દ પ્રયોગને બદલે જૂની દુનિયા અને નવી દુનિયાનો શબ્દપ્રયોગ વધુ યોગ્ય રહેશે.

હવે જ્યારે વૈજ્ઞાનિક વિચારસરણીને ભૌતિક જગતના પ્રશ્નો ઉકેલવામાં વ્યાપક સફળતા મળવા લાગી છે ત્યારે રહસ્યવાદમાં ન માનનારાઓને આશાનું કિરણ દેખાય છે. એમના પ્રયત્નો પથ્થર પર રેડાતા પાણી નહીં પણ બાલદી પાણીમાં ઉમેરાતા રંગના થોડા ટીપાં બનવાની પૂરી શક્યતાઓ છે. **પાંચ હજાર વરસ જૂના રહસ્યવાદે માનવ સમાજનું જેટલું ભલું કર્યું છે એનાથી વધારે ભલું છેલ્લા બસો વરસમાં વૈજ્ઞાનિક શોધોએ કર્યું છે.** આ તો હજી શરૂઆત છે.

જે ઝડપે દુનિયાનું એકીકરણ થઇ રહ્યું છે તે જોતાં એમ લાગે છે કે એકવીસમી સદી વિવિધ ધાર્મિક વિચારધારાઓની પીછેહઠ અને એકમાત્ર નૈતિક વિચારધારા આધારિત માનવવાદની સદી તરીકે વિદાય લેશે. એનો યશ કોઇએક વ્યક્તિને નહીં પણ વૈજ્ઞાનિક/તાર્કિક વિચારસરણીને અનુસરતા સમુદાયને જશે. શુદ્ધ નૈતિકતામાં વૈવિધ્ય કે રહસ્યને સ્થાન નથી.

જૈન વિચારધારામાં અનેકાંતવાદને અગત્યનું સ્થાન આપવામાં આવ્યું છે. અનેકાંતવાદ એ માત્ર વિવાદને નિવારવાનો સમાધાનકારી માર્ગ નથી. સાચો અનેકાંતવાદ છે ભિન્ન વિચારધારા પર પૂરતો વિચાર કરી જો વાજબી લાગે તો અપનાવવામાં છે. ■

*૧, શ્યામ વાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*

# માનવ અને મંદિર

• અનિલ હેમરાજ શાહ (મોતા) •

પ્રભુ સર્વ શક્તિ સંપન્ન છે, દયાળુ છે, પ્રેમાળ છે. ભક્તોની થોડી સી ભક્તિ પર રીઝી જનાર છે. તેઓ બાળકના માતા-પિતા છે. બાળક જો તોફાન કરે તો માતા-પિતા જરૂર ગુસ્સે થાય છે. પણ જ્યાં એ જ બાળક તોફાન કરતા કરતા તોફાન કરવાનું છોડીને માતા-પિતાને લાડ કરવા બેસી જાય તો પળભરમાં માતા-પિતાનો ગુસ્સો ઉતરી જાય છે. તેની નાદાન વર્તણૂક પર હસી પડે છે. બાળક પર રીઝી જાય છે. ને બાળકને વહાલ કરવા લાગી જાય છે.

આજના સમયમાં પ્રભુના સાક્ષાત દર્શન નથી થતા એમ સૌ કોઈ કહેતા હોય છે, ને સૌ કોઈ સાંભળતા હોય છે. પણ સૌ કોઈએ અનુભવ્યું હોય છે કે જિંદગીમાં ઘણીવાર એવા કિસ્સા બનતા હોય છે કે ભગવાને વાત સાંભળી લીધી. ભગવાને સુખ-દુઃખ સાંભળી લીધું ને પ્રસન્ન થઈને કૃપા કરી દીધી. પુત્ર ઈચ્છનારને પુત્ર આપી દીધો. માતાથી વિખૂટા પડેલા પુત્રને માતા સાથે પાછો મેળાપ કરાવી આપ્યો. નાના બાળક ઉપર આવી પડેલી સર્જરી પાર પાડી ને માતાને હર્ષથી ભીંજવી પ્રભુએ પોતાની કૃપાના દર્શન કરાવી દીધા. પાણીના તોફાનની વચ્ચે ફસાયેલાને અચાનક ઝાડનો આધાર મળી જાય ને ભગવાનનું નામ સતત લઈ રહેલ તે વ્યક્તિ ભાવવિભોર બની જાય.

શબરી અભણ હતી. તેને ભક્તિ કરવા કોઈ શ્લોક આવડતા નહોતા. તે નહોતી માળા કરતી, નહોતી મંત્રોચ્ચાર કરતી, નહોતી પૂજા પાઠ કરતી. તે જંગલમાં રહીને જીવન વિતાવતી હતી. પ્રભુ રામનું અખૂટ શ્રદ્ધાથી નામ લેતી હતી. રામ આવશે ને દર્શન દેશે તે વાતનો અખૂટ વિશ્વાસ હતો એને પોતાના પર. એમના નામનું રટણ કરતી જાય છે અને એમને ખવડાવવા બોર વીણતી જાય છે. પહેલા પોતે ચાખીને પછી એમના માટે બાજુએ મૂકતી જાય છે. ક્યાંક ખાટા બોર ના આવી જાય તે માટેની કાળજી લેતી જાય છે. અને આ શ્રદ્ધાથી પ્રસન્ન થઈને પ્રભુ રામ દર્શન આપે છે. પ્રભુ શબરીના બોર પ્રેમથી આરોગે છે ને શબરી ધન્ય થઈ જાય છે.

પ્રભુ મહાવીર તથા પ્રભુ બુદ્ધએ ઉગ્ર તપસ્યા કરીને કર્મોને ખપાવે છે. તેઓ પૂરેપૂરી સમતા ધરીને તપ કરે છે. કર્મો ખપાવવા હોય તો આવી ઉગ્ર તપસ્યા જરૂરી છે, જે સૌ કોઈથી શક્ય નથી. તપસ્યાનું આડંબર કરી દેહને ખોટું કષ્ટ આપવાનો કોઈ અર્થ નથી. કામ, ક્રોધ, મોહ પર પ્રથમ વિજય મેળવવો પડે. તપ કર્યું હોય પણ પીવાનું ગરમ પાણી તૈયાર નથી કે એકટાણાની રસોઈ બરાબર તૈયાર નથી તેવા સંજોગોમાં પડેલ કષ્ટને સમતા ધરી સહન કરી તપની કસોટીમાંથી પાર પડવું જોઈએ. બાકી તો તપસ્યા કર્યા વગર સર્વ પ્રત્યે દયાભાવ - પ્રેમભાવ - સમભાવ રાખીને જીવનાર, એ ક્રોધ - મોહમાં રાચીને તપસ્યા કરનાર કરતાં વધુ યોગ્ય જીવ છે, જે પ્રભુને પ્યારો છે.

આમ, પ્રભુ પ્રેમાળ છે, દયાળુ છે અને તેઓ શ્રદ્ધાના ભૂખ્યા છે. ભક્તની પોતા પ્રત્યેની સાચી લાગણીના ભૂખ્યા છે. ભેટ - સોગાદોના ભૂખ્યા નથી. મોંઘેરા આભૂષણોના ભૂખ્યા નથી. એ બધું તો માનવ એટલા માટે ધરે છે કે એ બધી વસ્તુઓથી સજ્જ થયેલા ભગવાન એને પોતાને જોવા ગમે છે. એના મનને અનેરો આનંદ મળે છે. જેમ દીકરો પરણવા નીકળે ત્યારે એને કેટકેટલો સજાવે છે. શા માટે? એને પોતાનો દીકરો આભૂષણોથી લદાયેલો જોઈને આનંદ થાય છે. પોતાની પાસે આટલું બધું છે તેનો ગર્વ થાય છે. બિચારો દીકરો તો એ ભારથી પરસેવે રેબઝેબ થઈ જાય છે. ક્યારે આ લગ્નવિધિ પૂરી થાય ને ક્યારે આ ભારથી છૂટું તેની વાટ જુએ છે. નથી કોઈને કાંઈ કહી શકતો કે નથી એ આ ખોટી માયાને છોડી શકતો.

ભગવાને માનવને બનાવ્યો. તેને કોઈ જ શણગાર વગર ધરતી પર મૂક્યો ને માનવે ભગવાનને સુંદર મૂર્તિરૂપે સર્જીને આભૂષણો પહેરાવીને મંદિરમાં બેસાડી દીધા. ભગવાન આ મોહમાયા ત્યજીને મોક્ષ પામ્યા. તેમને કેટકેટલા બંધનોથી (શૃંગારોથી) બાંધીને માનવે મંદિરમાં પૂરી દીધા.

હવે મંદિરમાં ભગવાન હસે છે ને સંસારમાં માનવ રડે છે.

મંગલ મંદિરમાં વાંચેલું સુવાક્ય : "દાનથી હાથની શોભા વધે છે, આભૂષણોથી નહીં." ■

## આંસુઓનું મહત્ત્વ

પિતા રડે તો સમજવું કે તેનો વારસ ચાલ્યો ગયો છે. સંતાન રડે તો સમજવું કે તેની છત્રછાયા જતી રહી છે. બહેન રડે તો સમજવું કે તેનો રક્ષાબંધનનો તહેવાર જતો રહ્યો છે. પત્ની રડે તો સમજવું કે તેના સૌભાગ્યનું સિંદૂર જતું રહ્યું છે. માતા રડે તો સમજવું કે તેના ઘડપણનો સહારો ચાલ્યો ગયો છે. આખું ગામ રડે તો સમજવું કે કોઈ સંત દુનિયાથી ચાલ્યા ગયા છે અને સંત મુનિઓની આંખોમાં આંસુ આવી જાય તો સમજજો કે કોઈ તીર્થંકરનો મોક્ષ થઈ ગયો છે. મહાવીર સ્વામી નિર્વાણ પામ્યા ત્યારે ગૌતમની આંખોમાં આંસુ હતા.

*સાભાર : "પરિત્રાણ"*

*પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)*

*જૂનો કોટ પહેરો, પરંતુ પુસ્તક નવું ખરીદો.*

**'મંગલ મંદિર'**
**સાહિત્ય અને સમાજ**

**૭૦'-૮૦ના દાયકાના કલકત્તાના નખશીખ કચ્છી-ગુજરાતી સજ્જન, સાહિત્યિક અને સમાજ - પરગજુને 'મંગલ મંદિર'ની સ્મરણાંજલિ.**

સમાજ દર્પણ
સાહિત્ય આચમન

**★ સ્વ. કનુભાઈ મહેતા ★**

# સામાન્યતાથી મુઠ્ઠી ઊંચેરી અસામાન્યતા

**ધન રામપરીઆ**

'સામાન્ય માણસમાં પડેલી અસામાન્યતા' એવા શીર્ષક હેઠળ ગયા વર્ષના (રવિવાર, ૪ ઓક્ટોબર, ૦૯, દિવ્ય ભાસ્કર, 'વિચારોના વૃંદાવન' કોલમમાં) ગુજરાતના પ્રબુદ્ધ ચિંતક-લેખક ગુણવંત શાહે નોંધ્યું છે :

'...ખૂલવું અને ખીલવું એ જ ખરું અધ્યાત્મ છે...' સામાન્ય માણસ (એક એવો ખુશનુમા શબ્દપ્રયોગ છે જે) કોઇને ખૂંચતો નથી... સામાન્ય માણસમાં સંતાયેલી અસામાન્યતા નીરખવી, પરખવી અને પ્રમાણવી એ મારી અત્યંત પ્રિય હોબી છે. વિચારવંત હોવાનો ઇજારો કેવળ ભણેલા માણસનો હોય એ ભ્રમ (ગણાય). ચીંથરે બાંધેલાં રતનને, રતનનો દરજ્જો ન મળે એવા સમાજના રોગનું નામ ગરીબી છે... ક્ષણ પ્રવાહમાં ઓવારો નથી હોતો. ગઇ કાલે હું ન હતો અને આવતીકાલે હું નહીં હોઉં. પરંતુ આજે 'છું' આજને અજવાળવા સિવાયના બીજા કોઇ ધર્મની મને ખબર નથી. મનુષ્ય કેવળ મનુષ્ય નથી હોતો, એ 'અમનુષ્ય' બની શકે છે....

બાહ્ય દેખાવે સાવ સરળ અને સાદગીવાળી લાગતી વ્યક્તિને જયારે નિકટથી જાણવાનું, સમજવાનું, અનુભવવાનું બને ત્યારે વિસ્મય પમાડનારો ખ્યાલ આવે કે અરે! આ વ્યક્તિ તો કેટલી અસામાન્ય છે! કેટલી સદ્‌ગુણી છે. કેટલી પરોપકારી, નમ્ર, સંસ્કારી અને સાહિત્ય-કળાલક્ષી છે, ત્યારે એવી વ્યક્તિ માટેના આપણા આદર, માન અને ભાવ બમણા જ નહીં, અનેકગણા વધી જાય છે.



*ધર્મપત્ની પંકજબહેન અને કનુભાઈ મહેતા*

કલકત્તા-નિવાસી કનુભાઇ મહેતા આ વર્ગમાંની વ્યક્તિ હતા.

એમનું પૂરું નામ : કનૈયાલાલ હરિલાલ મહેતા. એમના દશાશ્રીમાળી જૈન વડીલોનું મૂળ વતન કચ્છના માંડવી તાલુકાનું ગામ રામપર-વેકરા. માતાજીનું નામ ધીરજબહેન અને પત્નીનું નામ પંકજબહેન. કનુભાઇની શિશુવયે પિતા સ્વર્ગવાસી થયેલા. ધર્મનિષ્ઠ, કર્મનિષ્ઠ માતાએ એકના એક પુત્રમાં રૂડું સંસ્કાર સિંચન કરેલું. કનુભાઇનો અભ્યાસ કચ્છમાં થયેલો. કુમાર વયથી જ એમને શિષ્ટ, સંસ્કારી, ગુજરાતી, હિંદી, અંગ્રેજી સાહિત્યિક વાચન-મનનમાં ઊંડો રસ કેળવાયલો. પછી તો એ લખતા પણ થયા. ૧૯૫૦-૬૦ વાળા દાયકાના હિંદીના ઝૂંઝાર લેખકો આચાર્ય ચતુરસેન શાસ્ત્રી અને યશપાલના ઐતિહાસિક પૃષ્ઠભૂમિવાળા બે એક દળદાર ગ્રંથોનું એમણે સરળ, રસપ્રદ ગુજરાતીમાં દોહન અને ભાવાનુવાદ પણ કરેલો. પ્રકૃતિએ શરમાળ અને મિતભાષી હતા. સ્વપ્રસિદ્ધિનો શોખ લગીરેય નહીં. અનેક મહિનાની રાત જાગી ઉજાગરાના પરિશ્રમથી કરેલા ભાવાનુવાદોનું પછી શું થયું, કદાચ નીજી પરિવારજનોને પણ ખબર નહીં હોય. અભ્યાસ પછી સ્વ-

*માણસો પ્રાર્થના નથી કરતા, માત્ર માંગણી કરે છે.*

વ્યવસાયનો પ્રારંભ પણ ભુજમાંથી કરેલો. લગ્ન પછી કાયમી સ્થાયી કલકત્તામાં થયા. અગરબત્તી વેચાણના એમના સુગંધી વ્યવસાયમાં જ ઠીક ઠીક જમાવટ કરી.

એમનું નીજી જીવન પણ એમના વ્યવસાયની મુખ્ય જણસ-ધૂપસળી-જેવું જ હતું. કનુભાઇ મહેતા સર્વ મિત્ર હતા. કલકત્તાના ગુજરાતી-કચ્છી-સૌરાષ્ટ્રિયન સમાજમાં એમની સુવાસ પણ આહ્લાદક ધૂપસળીની જેમ જ પ્રસારિત થઇ ચૂકી હતી. જેઓ જેઓ એમના સંપર્કમાં આવ્યા કે જેમના જેમના સંપર્કમાં એમનું આવવાનું થયું, એ બધાના કનુભાઇ પ્રિયપાત્ર બનતા ગયા હતા.

-પણ અર્ધી સફરે, ભરયુવાનીના વર્ષે, ૨૦ જૂન, ૧૯૭૬ના સાવ જ ટૂંકી માંદગીમાં, પણ વિશેષ તો પશ્ચિમ બંગાળની મિશ્ર સરકારના નિરંકુશ વહીવટવાળી, બેજવાબદાર, બેદરકાર, બિન-કાર્યક્ષમ, શિથિલ સ્ટાફવાળી સરકારી હોસ્પિટલની અરાજકતાને પરિણામે એમનું દુઃખદ નિધન થયું. એમના સંપર્કમાં આવનાર કલકત્તાના ગુજરાતી-કચ્છી-રાજસ્થાની-બંગાળી પરિવારોને જ્યારે કનુભાઇના સાવ અણધાર્યા અવસાનના આઘાતજનક સમાચાર જાણ્યા ત્યારે બધાએ સજ્જન-સ્વજન ખોયાનાં અશ્રુ સાર્યા.

કલકત્તા-સ્થિત અગ્રણી કચ્છી અને ગુજરાતી-અંગ્રેજી-બંગાળી સાહિત્યરસિકોમાં જાણીતા મોવડી અને સ્વ. ચંદ્રકાંત બક્ષીના હમદમ, નિકટતમ મિત્ર સ્વર્ગસ્થ જીવરાજભાઇ શાહે, કલકત્તાનાં ગુજરાતી સમાજપ્રિય પાક્ષિક 'પૂર્વ ગુર્જરી' (૦૧ જુલાઇ, ૧૯૭૬)ના અંકમાં કર્મનિષ્ઠ કનુભાઇ મહેતાએ સ્વાનુભવી અંજલિ આપી. એવું જ 'પૂર્વ ગુર્જરી'ના તંત્રી-સંપાદક

## લાગણીથી ભીંજાવા એક વાર તું કલકત્તા આવ, - બંધુ!

***કનુભાઇ મહેતા - કલકત્તા***

*(ગુજરાતી સુપ્રસિદ્ધ ત્રૈ-માસિક 'કવિતા'ના ૩૦ જુલાઇ, ૭૬ના અંકમાં, તેના ગુજરાત વિશ્વવિખ્યાત તંત્રી-સંપાદક શ્રી સુરેશ દલાલે અંગ્રેજીમાં લખતા ધૂરંધર કવિ, સાહિત્યકાર, પત્રકાર અને ફિલ્મ-નિર્માતા પ્રીતિશ નાંદીના એક કાવ્યનો ચંદ્રકાંત બક્ષીએ કરેલો અનુવાદ કલકત્તા! જો તારે મને હદ પાર કરવો જ હોય તો... પ્રકાશિત કરેલો. તેના પ્રતિઘોષ તરીકે કનુભાઈ મહેતાએ આ કાવ્યસર્જન કરેલું.)*

*જ્યારે ઝાકઝમાળ અને કૃત્રિમ જીવનની*
*હરણફાળ શી દોડાદોડીથી વિરામ ઇચ્છે-*
*નભ શિખરે જઇ પહોંચેલા એ*
*મકાનોની નીચે કચડાતાં, ચૂંથાતાં*
*માનવ હૈયાના સૂકાઇ ગયેલાં*
*અમૃત-કૂંપાને સજીવ કરવા-*

*ફરી એકવાર તું મનનું ગાણું ગાવા,*
*સામાન્ય જીવનની જેમ જીવવા*
*લૂંગી અને ગંજીભેર*
*બજાર કરવા કે ઘડીક ગલીના નાકે,*
*પોરો ખાવા, આવ.*

*કલકત્તાની ગલીઓમાં જ્યારે*
*પચાસ પૈસાનું સત્તું લઇને*
*પાણીના લોટાની મદદે*
*મરચાં સાથે પેટ ભરતા*
*એ સંતોષી અને પરિશ્રમીના*
*પસીનાને પોંછવાનું ઘડીક*
*મન થાય ત્યારે*
*દોસ્ત! તું આવ*

*સોનાગાછી અને જાનબજાર*
*તો ક્યાં નથી? ફોકલેન્ડ રોડથી*
*તો કદાચ વધુ શરમજનક*
*બીજું શું છે?*
*સફેદ કપડાંમાં સંતાયેલા*
*શેતાનને ધરબી દેવા*

*માણસાઇના દીવાને*
*પ્રજ્વલિત કરવા-*
*ગરીબનું બેલી કલકત્તા*
*-કે જ્યાં, એક રૂપિયાના*
*દનિયામાં પણ*
*માણસ દા'ડો ખેંચી શકે છે*
*ત્યાં તને શાતા*
*આપવા*
*ફરી એકવાર, આવ.*

*ખાલી ડાભના ગંજની વચ્ચે,*
*ગળાડૂબ ભરાતાં*
*પાણીની વચ્ચે,*
*ટ્રામ-બસને 'છાગોલઘર'*
*બનાવીને ચલાવતી*
*ટ્રાન્સપોર્ટ કંપનીઓના*
*ત્રાહિમામ ત્રાસની વચ્ચે, કે*
*પછી સદાશીવ કટરા કે*
*મંગલા હાટના હોટ સ્ટોરેજ*
*જેવા જીવનની વચ્ચે*
*હૂગલીના શીતળ જળથી*
*માનવજીવનને પરિતૃપ્ત*
*કરતા શહેરની અંતરતલામાં*
*સુષુપ્તભાવે પડેલી*
*લાગણીથી*
*ભીંજાવા, એકવાર*
*તું*
*કલકત્તા આવ, - બંધુ!*

***જે વ્યક્તિ એકાંતમાં તમને તમારા દોષ બતાવે તેને પોતાનો મિત્ર સમજો.***




*'પૂર્વ ગુર્જરી' સામયિકનું ટાઈટલ. જે અંકમાં સ્વ. શ્રી જીવરાજભાઈ અને તંત્રી ગિરિરાજ ભારતીયના સ્વ. કનુભાઈ માટેની વિગતો પ્રસિદ્ધ થયેલી.*

ગિરિરાજ ભારતીએ પણ કર્યું. તેમાંના કેટલાક અંશો :

● **જીવરાજભાઈ શાહ** : કનુભાઇ મહેતાને મળવું એ લહાવો હતો. હંમેશ હસતો ચહેરો, ભારોભાર સરળતા, વાતો કે વિચારમાં ક્યાંય આંટીઘૂંટી નહીં. બીજાના દુઃખનું પોતાને ઘણું દુઃખ અને એ નિવારવા કે ઓછું કરવા સક્રિય પુરુષાર્થ. જબરા કર્મનિષ્ઠ એમનું અગરબત્તી જેવું મહેકતું વ્યક્તિત્વ... છેલ્લાં બારેક વર્ષોથી મારી સાથે આત્મિયતા હતી. એમના જવાથી નિકટના સ્વજન ગયાનું દુઃખ, વેદના, શોક અનુભવું છું.

કનુભાઇની સામાન્યતા એમની મોટી સિદ્ધિ હતી. તદ્દન સામાન્ય રીતે એ અસામાન્ય હતા. સતત કામ અને પુરુષાર્થ કરનાર, ફરજ બજાવનાર કર્મયોગી હતા. એમના સંપર્કમાં આવનારનો કોઇ પણ બોજો કેમ હલકો કરવો એની સક્રિય ગોઠવણ કર્યા જ કરતા. ઉપલબ્ધ મર્યાદિત સાધનો અને થોડી સગવડો તથા ઘણી અગવડોની સહેજે ફરિયાદ કર્યા વગર સાહજિક સ્વીકાર અને સરસ ઉપયોગ કરવાની કળા એમણે હસ્તગત કરેલી. અગવડો, વિષમતાઓ કે વ્યક્તિઓ વિશે કદી એમણે કોઇ ફરિયાદ કરી નથી.

એમના કાર્યક્ષેત્રમાં, સંપર્કમાં આવનારાઓમાંથી કોઇકને જ એમના સાહિત્ય શોખ વિષે માહિતી હતી. સતત કાર્યરત રહેવા છતાં એ પોતાના વાંચન, મનન, અધ્યયન માટે સમય મેળવી લેતા. થોડા વખત પહેલાં જ દર્શકની 'સોક્રેટિસ' વાંચી જવા મને સૂચવેલું, કવિતાના ૩૦-૮-૭૬ના અંકમાં પ્રીતિશ નંદીના કલકત્તા વિષયક એક કાવ્યના પ્રતિઘોષમાં પોતે કલકત્તા વિષે એક સરસ કાવ્ય રચી નાંખ્યું : 'કલકત્તા તું આવ, બંધુ!' કવિહૃદય હતું એમનું - છતાં પણ પૂરેપૂરા ધરતી પર હતા!

ગમે તેનું ગમે તે કામ કરવા સદા તત્પર. ભલે એ કામ કોઇ માટે રેલવે ટિકિટ કઢાવવાનું હોય કે પોસ્ટ-ઓફિસમાં લાઇન લગાવવાનું હોય કે માલ છોડાવવાનું હોય. એમને કામ ચીંધ્યા પછી નિશ્ચિંત થઇ જવાતું. કોઇને શક્ય કામ માટે એ 'ના' કહેતા નહીં અને પોતાનું કામ કરવાની તકલીફ એ કોઇને આપતા નહીં. રવિવારે પણ કામ કરતા.

સાધારણ પરિસ્થિતિમાં રહીને પણ - ડિગ્રી કે વધુ પૈસા વગર - મનુષ્ય મજેથી ઉન્નતિ શોધી શકે છે એ કનુભાઇએ ટૂંક સમયમાં સિદ્ધ કરી બતાવ્યું. ભલભલાને પ્રેરણા મળે એવું ઉદાત્ત જીવન હતું એમનું.

કનુભાઇને પોતાના વિશે કંઇ કહેવાનું પૂછાયું હોત તો એમણે હસી નાખ્યું હોત. આગ્રહ કર્યો હોત તો બહાદુર શાહ જફરની જેમ કહ્યું હોત :

*'ન કુછ હંસ કર શીખે હૈં,*
*ન કુછ રોકર શીખે હૈં,*
*હમ જો કુછ શીખે હૈં,*
*તુમ્હારે હો કર શીખે હૈં.'*

● **ગિરિરાજ ભારતીય : તંત્રી -'પૂર્વ ગુર્જરી', કલકત્તા** : ધૂપસળી શા કનુભાઇ... એમની માનવતા માટેની મૂંગી સેવા પરાયણતા અને કરુણા છલકતો ચહેરો વધુ એક વેળા સ્વર્ગેથી ઠપકો આપતાં કદાચ કહી ઊઠશે : 'મને પણ તમે શબ્દોની પ્રશસ્તિના પિંજરામાં પૂર્યોને?'

હું એમને ઘણી વેળા કહેતો : 'કનુભાઇ! જાણ્યા-અજાણ્યા ઘણા લોકોનું આટલું બધું કામ કરો છો તો ક્યારેક જાહેર સેવાના ક્ષેત્રમાં પડોને!' મને ધીમે સ્વરે એ એક જ પ્રશ્ન કરતા : 'તમારી છાતી પર હાથ મૂકી કહો જોઉં' કોઇને મદદ કરવા માટે સંસ્થા- સભા કે અખબારના ચોપાનીયે ચડવાની જરૂરત ખરી? એમનો ઉત્તર સાંભળી મારી તર્કબુદ્ધિ કુંઠિત થઇ જતી. અને... એ ધીમું હસીને સરી જતા.

'પૂર્વ ગુર્જરી' પરિવારના સુપ્રિય મિત્ર અને શુભેચ્છક એવા કનુભાઇ કવિહૃદય પણ એવા જ. કલકત્તામાં યોજાયેલા કવિ સંમેલન, વાર્તા મેળો કે સાહિત્ય પરિષદ જેવા વિશિષ્ટ પરિસંવાદોમાં છેવાડાના અબોલ પ્રેક્ષક તરીકેની એમની હાજરી અચૂક હોય જ. કામના બોજા વચ્ચે પણ 'સમર્પણ', 'નવનીત', 'નિરીક્ષક' કે 'કુમાર' જેવા સાહિત્યપ્રદ વાંચનમાં એ ડોકિયું કરવાનું ચૂકે નહીં. કોઇ ઉત્તમ કૃતિ કે ઉત્તમ પુસ્તક એમના મનને સ્પર્શી જાય ત્યારે સામે ચાલીને મિત્રોને તે વાંચવા ભલામણ કરે તેવી એમની સાહિત્ય-ઉપાસના.

એમના સંપર્કમાં જે જે વ્યક્તિઓ આવી તે બધી જ એમના જીવન અને વિચારોથી પ્રભાવિત બની હતી છતાં એમનું બાહ્ય વ્યક્તિત્વ અતિ સરળ અને સાદું. એમનું જીવન જ એમની જાણે પ્રતિભા હતી. કેટલીક અગરબત્તી સળગતી અધવચ્ચેથી જ બૂઝાઇ જાય છે તેમ એમનું ધૂપસળી જેવું જીવન પણ ભરયુવાનીમાં સેવાની સુવાસ પ્રસરાવતું (૨૦-૬-૭૬ના) અલ્પ માંદગી થકી સંકેલાઇ ગયું. એમના મૃત્યુના સમાચાર સાંભળ્યા ત્યારે મનમાં વિચાર આવ્યો : 'મૃત્યુને પણ આ માનવી આટલો બધો ગમી ગયો હશે શું!' શાંતિઃ શાંતિઃ શાંતિઃ - તંત્રી

★ ★ ★

*(અનુસંધાન : જુઓ પાના નં.-૬૬ ઉપર)*

*પ્રશંસાને પચાવવામાં વધારે કુશળતા દાખવવી પડે છે.*

# સાચી વારસદાર

• પદ્મા ફડિયા •

સાંજ પડી. આકાશમાંથી ધીરે ધીરે અંધકારના ઓળા પૃથ્વી પર પથરાતા હતાં. આખીયે સોસાયટીનું વાતવરણ શાંત હતું. ક્યાંક ક્યાંક કૂતરાનો ભસવાનો અવાજ સંભળાતો હતો.

એ જ સમયે મધુરીએ પોતાની પાસેની પર્સમાંથી ચાવી કાઢી બારણું ખોલ્યું ને ધડાધડ બેચાર લાઇટો કરી એકદમ મા પાસે પહોંચી ગઇ.

'મા, આજે શાક લેવા રહી એટલે મોડું થઇ ગયું, પણ તને આઇસક્રીમ બહુ ભાવે છે ને, એ લઇ આવી છું. તું થોડો ખાતી થા, ત્યાં સુધીમાં તો હું ખીચડી કરી નાખીશ.'

મધુરીના મા શાંતિબા એવડા મોટા બંગલામાં એકલાં. મધુરી સવારે બધું પરવારીને માને બધુજ આપીને શાળાએ નોકરી પર જાય ને સાંજે છૂટીને સીધી ઘેર જ આવે. મા પાસે બેસે અને શાળાની, શાળામાં ભણતાં વિદ્યાર્થીઓની એમની ધીંગામસ્તીની ઘણીબધી વાતો કરે એટલે શાંતિબા ખુશખુશ થઇ જાય ને દીકરીને વહાલથી ભેટતા ભેટતા કહે, "બેટા, આજે તો કકડીને ભૂખ લાગી છે. સવારની દાળ વધી છે ને, એની દાળઢોકળી કરી દે, પછી આજે તો આપણે બન્ને અહીંજ બેસીને ખાઇશું."

"હા, મા." મધુરી રસોડામાં જતાં જતાં કહે. થોડી જ વારમાં મા દીકરી, એ તૈયાર થયેલી રસોઇ જમવા બેસી જાય. જમતાં જમતાં શાંતિબા વારે વારે મધુરી સામે જોયા કરે.

અચાનક એમણે મધુરીને કહ્યું, "બેટા, બેય ભાઇઓને અને બે બહેનોને ફોન કરી દે ને કે આ વેળા ત્યાં દીવાળી ન કરતાં આપણી સાથે જ કરે. તમે બધાં ભેગાં થાવ તો મનેય આનંદ થાય. ત્રણ ત્રણ વર્ષોથી હું અને તું એકલા છીએ."

"પણ મા, એમને રજા પડે તો જરૂર આવે. રજા મળવી જોઇએ ને!" મધુરીએ શાંતિથી કહ્યું.

"બહેન, મારે એમના મોં જોવા છે, બેટા. હવે હું ઘરડી થઇ. ન કરે નારાયણને મને કાંઇ થયું તો! એટલે એમને એકવાર મળી લઉં." માએ કહ્યું. અને તરત જ વાતને ફેરવી નાખતાં કહ્યું, "ચાલ, ટી.વી. મૂક અને બધાને કોલ કરી દે."

"સારું, મા લે તું ટી.વી. જો અને હું બધાંયને ફોન કરી દઉં" કહેતા મધુરી બીજા રૂમમાં જઇ ટેલિફોન કરવા બેઠી.

મોટાભાઇએ ફોનમાં જ કહી દીધું. "જો મધુરી! હું અને તારા ભાભી બન્ને અમેરિકા ફરવા જઇએ છીએ અને નાનો શ્રેણિક ઓસ્ટ્રેલિયા કામધંધા માટે જાય છે. એટલે અમે તો નહીં આવીએ."

તરત જ મધુરીએ બન્ને બહેનો શિવાની અને સલોનીને ફોન જોડ્યો. ત્યાંથી પણ એવો જ જવાબ આવ્યો "અમે આવી શકીએ તેમ નથી."

મધુરી મા પાસે ગઇ અને કહ્યું, "મા એમને સૌને આ દિવાળીમાં ફાવે એવું નથી. પછી નક્કી કરી કહેવડાવશે. તું અત્યારે સૂઇ જા."

શાંતિબા સૂઇ તો ગયા, પણ એમને ઊંઘ ન આવી. મનમાં અજંપો, વિચારો જાણે કાળાં વાદળોની જેમ ધસમસતા આવી આવીને એમના મનને અંધકારમાં ધકેલી દેતા હતા. એ વારેવારે જાગી જતાં, પાણી માંગતા પથારીમાં બેઠા થઇ જતાં, બબડતાં.

અચાનક મધુરી જાગી ગઇ. એણે માને પથારીમાં વારે વારે બેઠાં થતાં જોયા. એ એકદમ ઉભી થઇ ગઇ અને માની પાસે બેસી એને વાંસે હાથ ફેરવતી પ્રેમથી બોલી, "મા, તને શું થાય છે. શાનો મૂંઝારો છે? શી ચિંતા છે. મને કાંઇ કહે તો ખબર પડે ને!"

"ના બહેન, કાંઇ નથી, આજે જરા વધારે ખવાઇ ગયું છે ને એટલે ઉંઘ નથી આવતી."

ના એવું નથી મા! તારા ચારેય છોકરાંઓએ ના પાડી તેથી તારું મન ઉદાસ થઇ ગયું છે ને! તે મા ત્યાંથી રજા ન મળતી હોય તો ન પણ આવે, તેં મોકલ્યા છે ત્યારે ગયાને!"

'મેં નહિ, તારા બાપુજીએ મોકલ્યા.'

'તો બાપુજીએ મોકલ્યાને! એટલે ગયાંને!'

તો શું માને મળવાય નહિ આવવાનું? મને તારી એકલીના ભરોસે મૂકી ગયા. તારી યે ખબર પૂછી? શું તેઓ પરણ્યા એમ તારાય લગ્ન થાતને!

"તો પછી તું કોને ભરોસે રહેત મા?" મધુરી લાગણીશીલ અવાજે બોલી ઉઠી.

એ બધી વાત હવે જવા દે, એ કોઇ ન આવે તો કાંઇ નહિ, પણ મારે બે દિવસ પછી તારા કાકાજી ચૈતન્યજીને મળવું છે તે તું કાલે સવારે શાળાએ જાય ત્યારે જતી વખતે કહેતી જજે કે મને કોઇપણ બપોરે મળી જાય. બસ, હવે તું ય સૂઇ જા, હુંય સૂઇ જાઉં.' એમ કહેતા શાંતિબા શાલ ઓઢીને સૂઇ ગયા.

મધુરી તો કાકાને સંદેશો આપી આવી એ પ્રમાણે કાકા તો એક બપોરે આવી પહોંચ્યા.

"કેમ ભાભી! મને કેમ બોલાવ્યો?"

ભાઇ! તમારા મોટાભાઇ તો વીલ મૂકી ગયા છે. એમણે મને બધી જ મિલકત સોંપી દીધી છે એ વીલ પણ તમે જ કર્યું છે ને!

***આક્રમણ કરનારા શત્રુથી ન ડરો, પણ જે તમારી ખુશામત કરે છે તેવા મિત્રથી ડરો.***

'હા, ભાભી! એ વીલ મેં કર્યું છે, પણ એનું છે શું?

છે કાંઇ જ નહિ. માત્ર એટલું જ કરવાનું છે કે જેમ આપણે નોકર કામ કરે ને પગાર આપીએ એવું નથી કરવું, આ મારી નાની નિશાળે જાય અને છૂટે કે તરત જ ઘેર આવે રસોઇ કરે, મારું બધું કામ કરે મને ઘણીયે વાર દેવદર્શને લઇ જાય, ક્યારેક ફરવા પણ લઇ જાય. અરે, પહેલાં તો સિનેમા જોવા અને સગાવહાલાને ત્યાં પણ લઇ જતી. મારી પાસેથી એક કોડી પણ લેતી ન હતી. હું માંદી પડું તો મારાં મળમૂત્ર એ સાફ કરતી, નવરાવતી, ચોખ્ખાં કપડાં પહેરાવતી. ત્યારે એ મારે ખાતર પરણી પણ નહિ, એ ક્યારેય બહાર જતી નહિ, ન ફરતી હરતી કે ન સિનેમા જોવા જતી, ન એની બહેનપણીઓને ઘેર જતી. હું એની મા કહો તો મા ને બહેનપણી કહો તો બહેનપણી. પેલા લોકો તો ગયા તો ગયા પછી દેખાયા જ નથી. મારે મારું નવું વીલ બનાવવું છે. એમાં આ બંગલો, આ મિલકત, આ ઘરેણાં બધું જ એને નામે કરવું છે, અને તમારે એ પ્રમાણે જ કરવું પડશે, પરંતુ એમાંથી એને જેને જે આપવું હોય તે આપે. હું નહિ આપું, બોલો તમે શું કહો છો?

"શું ભાભી! તમારી એવી જ ઇચ્છા છે? મધુરીને જરા પૂછી તો જુઓ." ચૈતન્યજીએ ભાભીને પૂછ્યું.

ના, મારે એનેય નથી પૂછવું, એ લાગણીશીલ છે. એ એમજ કહેશે "મા, આપ ને બધાંને! પણ મારે નથી આપવું. હું જ્યારે નહિ હોઉં ત્યારે આનું કોણ? ભાઇ! મારી દીકરી આજેય એકલી છે, એ મારે ખાતર પરણી નહિ, એનો ત્યાગ કેટલો? અને જો જો કદાચ હું મરી જાઉં તો એને જ કહેજો, જીવતાં પાળી તો મરતાં પણ એજ મને બાળે, અગ્નિદાહ દે. મારે મન તો એ દીકરો છે દીકરો. ચૈતન્યભાઇ! એને આવવાનો વખત થયો છે, તમે પરમ દિવસે આ વીલ આપી જજો. અને હા, એમાં લખજો કે આ મિલકત એને જેમાં વાપરવી હોય તેમાં વાપરે. ભાઇ! મારું હૈયું એણે ઠાર્યું છે, તમે પણ સરસ વીલ બનાવીને મારું હૈયું ઠારો."

"ભાભી! તમારી ઇચ્છા પ્રમાણે જ કરીશ. પછી કાંઇ?"

"હા, અને બીજી વાત તમે જ્યારે એ વીલ માટે મારી વાત સાંભળી ત્યારે તમે એને સાચવજો, એટલું હું તમને સોંપી જાઉં છું." માએ હૈયાની વાત કરી હાશકારો મેળવ્યો."

ત્રીજે દિવસે ચૈતન્યભાઇ મધુરીને નામે વીલ કરી આપી ગયા. ત્યારે એ જ રાત્રે શાંતિબાએ આંખ મીંચી દીધી.

મધુરીએ તાબડતોબ બધાને ખબર આપી. અમેરિકાથી સૌ આવી ગયા. માની સ્મશાનયાત્રા કાઢી ત્યારે માને અગ્નિદાહ તો મધુરીએ જ આપ્યો.

એ જ સમયે સૌએ વીલ માંગ્યું અને ચૈતન્યભાઇએ એ વીલ દેખાડતાં એટલું જ કહ્યું. "મધુરી મારી સાચી પેટની જણી દીકરી છે, એને મારી સેવા કરી છે, મારી એ એકજ વારસદાર છે, સાચી વારસદાર છે. તમે મારાં બીજા કોઇ વારસદાર નથી. મારી તમામ મિલકત મારા વારસદારને જ જાય."

પરદેશથી આવેલા સૌ ભાઇબહેનો અવાક્ બની ગયા.

"અરે, માએ આવું વીલ બનાવ્યું? આવું તે વીલ હોય! નક્કી આ મધુરીનું જ કામ છે? એણે જ બધુ મા પાસેથી પડાવી લીધું. ના, એ નહિ ચાલે? એ વીલ ફાડી નાખો." મોટો ભાઇ બોલી ઊઠ્યો.

"પણ પપ્પા પાસે પૈસાની ક્યાં ખોટ હતી? કે એમણે આવું કર્યું? અરે, મધુરી પણ ખાસ્સુ કમાય છે? હા, હા, એણે જ મા પાસેથી બધું ઝૂંટવી લીધું. બીજો ભાઇ બોલી ઊઠ્યો.

ત્યારે સૌથી નાની બહેન ધીરે રહી બોલી, "ભાઇ! શા માટે અકળાઇ જાય છે? છેલ્લા ત્રણ-ચાર વર્ષથી આપણાંથી કોઇ મા પાસે આવ્યું છે? તો શું મધુરી પણ ક્યાંયે માને મૂકીને ફરવા ગઇ શકી છે? અરે, એ પણ એકલી, મા પણ એકલી! ભાઇ તમને શી વાત કરું? માનવીને એકલતા સાલે છે? મા એકલી, મધુરી એકલી! આખા આવડાં મોટાં ઘરમાં એ ભૂતની જેમ ફરતી હશે અને જ્યારે એના હાથપગ ભાંગ્યા ત્યારે તો ઘરનાં પલંગ પર, એનું બધું જ કામ મધુરીને કરવાનું. અરે એનો ખર્ચ પણ મા પાસેથી એ લેતી ન હતી. ઘરમાં રસોઇ, પાણી, નોકરી, માની સારવાર એણે એકલા હાથે જ કર્યું ને! અને સાચું કહું! આ વેળા માએ આપણને એ માટે જ બોલાવ્યા હતા, છતાં આપણે માને મળવાને બદલે મોજશોખમાં ફરવા ગયા. ભાઇ! મોજશોખ એ ક્ષણિક આનંદ આપે છે. માનું વાત્સલ્ય જીવનના અંત સુધીનો આનંદ આપે છે. એ ક્ષણિક આનંદ અપાર ખર્ચ કરાવે છે, જ્યારે માના હૈયેથી ટપકતી વહાલની ધારા આપણાં અંગેઅંગમાં ખુશાલી લાવી દે છે. જે માએ એના ઉદરમાંથી આપણને જન્મ આપી જીવનનું વહાલભર્યું અમૃત પાયું છતાં આપણે એની કેટલી દરકાર લીધી? કેટલા પૈસા મોકલ્યાં? શું મોકલ્યું? શું પૂછ્યું? હું તો કહું છું કે એ તમામ મિલકતની સાચી વારસદાર એ જ છે. ભલે એ સાચી વારસદાર બને!

"તો પછી આપણને અહીં બોલાવ્યા શા માટે?" નાનો ભાઇ ગુસ્સે થઇ બોલી ઊઠ્યો.

"અમારેય અહીં આવ્યાનો ખર્ચ તો થયો જ ને?"

"એ ખર્ચ તમે માંગી શકો છો, પણ તમે એ લેશો તો સારું નહિ લાગે. તમારે માથે હંમેશને માટે કાળું કલંક રહી જશે. જો જીવનને ઉજાળવું હોય તો એ બધું ભૂલી જાવ અને શાંતિથી મધુરીને કહી ચાલ્યા જાવ.

***"કડવો અંશ છે જિંદગીનો***
***હટાવી દ્યો આ જીવનમાંથી,***
***ભરી દો અંતરમાં અમૃતધારા***
***વહાવો કુટુંબમાં સ્નેહધારા"***

નાની બહેનના મુખમાંથી આ વાણી સાંભળી સૌ ખુશ ખુશ થઇ ગયા.

ત્યાં જ મધુરી સ્કૂલેથી પાછી આવી ત્યારે એણે જોયું તો ઘરનાં સૌ એની સામે જોઇ રહ્યા હતાં.

જેવી મધુરી આવી એવા જ સૌ એને ભેટી પડ્યાં ત્યારે આજ સુધી હૈયામાં દાબી રાખેલું

***(અનુસંધાન : જુઓ પાના નં.-૫૨ ઉપર)***

***વાણીથી મનુષ્યના અંતરંગનો પરિચય મળી જાય છે.***

પ્રવાસ વર્ણન

# સમ મ્યુટ ઇન ગ્લોરિયસ મિલ્ટન હિયર મે રેસ્ટ...

• ડૉ. ગિરીશ વીછીવોરા •

સવારના સાડા નવ થયા હશે. પ્રાતઃકર્મ પતાવી, તૈયાર થઇ નીકળી પડ્યા. ખોબા જેવડા સાપુતારામાં ફરી ફરીને ફેરફુદરડી જ ફરવાની હોય. અલબત્ત અહીંના જૂના સંસ્મરણોને વાગોળવાની એક અલગ જ મજા હતી. પાંચેક મિનિટમાં ગાડી રુકી. સામેજ આવેલી એક ઘરગથ્થુ દુકાનને ઓટલે થોડીક ચીજો, સંધ્યાટાણે લોબાન જલાવી રૂપજીવિનીઓ મેકઅપના થપેડા કરી વાટ જોતી દ્વારે ઊભી રહી જાય તેમ બનીઠની પાતળોશો મેકઅપ કરી ઉત્સુક નયન કોઇ ગ્રાહકની પ્રતીક્ષા કરતી બેઠી હતી. અમને ઉતરતાં રસ્તો ઓળંગતાં ને ચાર પગથિયાં ચડતાં ઘરના સભ્યોએ જોયું હશે એટલે પેલી વાટ જોતી ચીજો સન્મુખ થાય તે પહેલાં શંકર ભગવાનના પોઠિયાની જેમ અમારું સ્વાગત સસ્મિત વદને એક છોકરીએ કર્યું.

બહાર ફરવા જઇએ એટલે સહેજે પ્રાધાન્ય નવું નવું જોવાનું ને માણવાનું જ હોય. છતાં મુંબઇમાં ખાસ ખરીદી કરવાની ફુરસદ બહુ ઓછી રહે, વધારામાં તે સ્થળની સ્થાનિક વિશિષ્ટ વસ્તુઓ જે પ્રમાણમાં સસ્તી પણ હોય તે ખરીદવા તરફ અમારું વિશેષ ધ્યાન હોય. ખરીદીનું કામ ગૃહલક્ષ્મીનું. એમાં બંદા ડોબા. બહુ બહુ તો હા ભણવાની ને કોથળી ઢીલી કરવાની.

સુશીલા મનોમન લિસ્ટ બનાવે ને પોતાના હૈયા સરખું જ રાખે. ચીજ ખરીદાય ત્યારે જ ખબર પડે કે કોના માટે ખરીદાય છે. મને એમાં શો વાંધો હોય? એમનું કામ પાકું, સમતોલ ને સરસ હોય છે એટલે દૂધમાંથી ફોરા કાઢવા જેટલી બદતમિઝી કરી એમના આનંદમાં ઓટ આણવા શું કામ કારણભૂત બનું?

આપણા ડ્રાઇવરનો બાબો વરસેકનો થયો હશે ને? એમના સવાલના પ્રત્યાઘાતમાં સંમતિસૂચક ડોકું હલાવ્યું. સુશીલાની નજર ઉત્સુક નયને પોતાની પસંદગી થવાની વાટ જોતી વિવિધ વસ્તુઓ પર હતી. તો મારું ધ્યાન સામે જ આવેલા નાનકડા સરોવર, એમાં અહીંતહીં ઘૂમતી સહેલાણીઓની નૌકા ને સરોવર કિનારે થયેલી હકડેઠઠ નીલગિરિ વૃક્ષોની મેદની તરફ હતી. કોઇ દોડવાની હરીફાઇમાં ઉતરે, કોઇ તગડા બનવાની હુંસાતુંસી પણ કરે. મારાબેટા આ વૃક્ષોએ ઊંચે આકાશ આંબવાની હરીફાઇની હડી કાઢી હોય તેમ તાડને શરમાવે એવી ઊંચાઇએ ઊભા રહી પોતાની એક નોખી ગરિમા ઉપસાવી કાઢી હતી. એને માણતો હતો કે કોઇક ચીજ મારા હાથમાં પડી. ડ્રાઇવરના બાબા રાજુ માટેની એ ચીજ પર પસંદગીનો અંગૂઠો લગાવી પાછી નજર વૃક્ષો પર ફરી ન શકી. ગોઠવાયેલી ઘરઉપયોગી વસ્તુઓ, સુશીલાની એમની પર ફરતી અમીનજર, એ નજરને સંગાથ દેતી ને સહેજ વખાણના બે બોલ ઉચ્ચારતી પેલી છોકરીની ઉત્સુકવદન યુક્તિ, ચમકીલી ચકોર દૃષ્ટિ, પશ્ચાદ્ભૂમાં એનું નળિયાજડિત ઘર, ઘરને ટોડલે બેઠેલ એક કબૂતર યુગલ, આબાદ ચિત્ર ઉપસી રહ્યું હતું. ટેવ પ્રમાણે હાથ કમર તરફ વળ્યો. કેમેરા તો ધૂળખાતો ભેટને બદલે ભીંતે ઝુલતો હતો એટલે ચિત્ર મનોમન હૃદયમાં કંડાર્યું.

ખરીદી થતી રહી આ ફલાણા માટે ને આ ઢીકણા માટે. બે પુત્રવધૂ માટે સરખીને સમાન ચીજ, તો પૌત્ર પૌત્રીઓ માટે પણ એવું જ. બન્નેનું સંભાષણ પણ સાંભળતો રહ્યો. છોકરીએ છેવટે મને જકડી લીધો. હસે વીસ વિનાની. આકર્ષક હસતું વદન ને ચમકદાર આંખ ઊડી આંખે વળગે એની ચપળતા. સાદા કપડામાં વધુ ઉઠાવદાર ભાસતી હતી. એના એકે એક કાર્યમાં ચપળતા ઉપસતી હતી. ફાંફડું શુદ્ધ ગુજરાતી બોલતી હતી. વચમાં ઘરમાંથી એક ડોશીમા ડોકાયાં. એમની સાથે મરાઠીમાં સહજતાથી સંભાષણ કર્યું. મારી ઉત્સુકતા સળવળી ઊઠી.

ખરીદી પૂરી થઇ. ઘણી બધી ચીજોનો ખડકલો, શિકાર થયેલા હરણની છેલ્લા શ્વાસ લેતી લાશની જેમ જરાક હલબલતો પડ્યો હતો. પૈસા પુછ્યા. છોકરીએ આંખનું મટકું માર્યા વગર બીજી જ પળે રકમ કહી. ખજાનચીનો રોલ ભજવવામાં માહેર. ગૃહલક્ષ્મી કહે એટલી રકમ કોઇ જાતના ઉધામા, ઉચાટ કે ઉદ્વેગ વગર આપી દેવાની. એ બધું તો ઠીક. આશ્ચર્યચકિત થયો એની ઝડપથી. અત્યારે બધા કેલક્યુલેટરના કાન આમળે, યા કાન પરથી પેન ઉતારી કાગળની ચબરખી પર ચિત્રામણ કરે. આ છોકરીએ પૂછ્યા બરોબર જ આંકડો કહી દીધો એટલે આશ્ચર્યચકિત થઇ ગયા. પૈસા આપતા સુશીલા પૂછી બેઠી. કહે, એ તો સહેજ. તમે જે વસ્તુ ખરીદી તેની કિંમત આગળ ખરીદેલી વસ્તુઓની કિંમતના સરવાળામાં ઉમેરતા જવું. ખરીદી અટકે એટલે ટોટલ કહી દેવાનું એણે બધું મોઢે જ કર્યું હતું. આશ્ચર્યચકિત થઇ ગયા. કહે, એમાં કંઇ વધુ હોશિયારીની જરૂર પડતી નથી. ગણિત એનો પ્રિય વિષય. બાર ધોરણ સુધી ભણી હતી. સાદી રકમના સરવાળા, બાદબાકી ગુણાકાર, ભાગાકાર બધું મોઢે. બે ત્રણ રકમના ગુણાકાર પૂછયા. પટ કરતાં જવાબ આપ્યો. સહેજે આગળ શું ભણવું છે તે પૂછ્યું. એનો ચહેરો વિલાઇ ગયો. પેલું સ્મિત ગાયબ થઇ ગયું એકાએક હીમપાત થાય ને મલકતો મોલ ઠરી ઠીકરું થઇ કાળી મેશ જેવો થઇ જાય તેવું જ એનું વદન થઇ ગયું. એનો હલબલાટ જોઇ થયું કોલેજ માટે દૂર વાંસદા જવું પડે એ ફક્ત કારણ નો’તું. બીજું કોઇ કારણ હશે. સુશીલાએ ફરી પૂછ્યું. એ

*જેને પોતાના દોષ જોવા છે, સામાના દોષ જોવા નથી, તેનું આ જગતમાં કોઈ નામ લેનાર નથી.*

ચૂપ રહી. આંખમાં દેખા દેતાં ઝળઝળિયાં કદાચ ઉંબરો ઓળંગશે એ ભયે ઘરમાં ચાલી ગઇ. ગઇ કે ડોશીમા બોલ્યા. વધુ ભણી શું કરવાનું છે? અમારી ન્યાતમાં વધુ ભણેલા છોકરા ન મળે. હવે એના લૉકર લગ્ન લઇ લેવા છે. ડોશીમા સાથે ઘણી દલીલો કરી. બધું વ્યર્થ. ડોશીમાને પરણાવવાની ઉતાવળ હતી.

બાજુમાં જ આવેલા બગીચામાં બેઠા. બન્ને ગંભીર હતા. અમારી વિચારધારામાં પેલી છોકરી હતી. કેટલી હોંશિયાર, ચાલાક ને ચબરાક! આવી છોકરી વધુ ન ભણે તો કોણ ભણે. વધુ ભણી પોતાના ક્ષેત્રમાં દીપી ઊઠે એટલી ચાલાક હતી જ. પોતે એટલી હોશિયાર છે તેની એને ખબર પણ હતી. ભણવાની રજા મળતી ન હતી એટલે એ ખરેખર અસહાય હતી. એકાએક મારા દર્દમાં વધારો કરતી Thomas Grays Elegy written in a country Churchyardની પંક્તિ સામે આવી ઊભી રહી.

*'Some mute in glorious Milton here may rest,*
*Some Cromwell guiltless of his countrys blood.'*

કેટકેટલાં લોકો જેઓ મિલ્ટન કે ક્રોમવેલ થવાની લાયકાત ધરાવતા હતા. પણ તકને અભાવે સામાન્ય જીવન જીવી અહીં આ કબ્રસ્તાનમાં સૂતાં છે!

તક ન મળે, પ્રગતિમાં અવરોધ આવે ને વ્યોમદીપ સૂર્યની આભા પ્રતિભા ધરાવવાની લાયકાત ધરાવતી વ્યક્તિ ફક્ત ઘરદીવડો જ બની રહે ત્યારે એનું દુઃખ, હતાશા ને વલોપાત સહન ન થઇ શકે એવાં હોય છે. જિંદગીમાં ધાર્યું કરવા પાંચ પરિબળો મહત્ત્વનાં છે. યોગ્ય કુટુંબમાં જન્મ, યોગ્ય તક, યોગ્ય લાયકાત, ઝંઝાવાત સામે ઝઝૂમવાની શક્તિ ને જરાક જેટલું નસીબ. એ પાંચ પરિબળો કદાચ સાચાં હશે છતાં પહેલી કહેવત god helps them, those who help themselves એટલી જ સાચી છે. યોગ્ય લાયકાત ધરાવતી વ્યક્તિએ લોખંડી મનોબળ કરી, ગમે એવા પ્રતિકૂળ સંજોગોની સામે લડી પોતાનું ધાર્યું નિશાન પાર પાડવાનું જ રહેશે. આપણી સામે એકલવ્યનો દાખલો મોજૂદ છે.

સાંજે ફરી ડોશીમાને સમજાવવા ગયા. ઘર બંધ હતું. પ્રાર્થના પ્રભુ પાસે એટલી જ કરી કે એમના અંતરમાં એવો દીપક પ્રગટાવે જે પેલી છોકરીનો રાહબર બની રહે. ■

---

## સાચી વારસદાર

***(અનુસંધાન : પાના નં.-૫૦ ઉપરથી ચાલુ)***

રૂદન વાદળના ગડગડાટ સાથે વરસી પડ્યું.

જ્યારે મધુરીએ જાણ્યું કે માએ એનું વીલ અને તમામ મિલકત એના પોતાના જ નામે કરી છે ત્યારે સામે બેઠેલા કાકાને એણે કહી દીધું.

"કાકા, મને આ એક ઘર સિવાય કશું જ ખપતું નથી. હું કશું જ લેવાની નથી. એ તમામ મિલકત મારા ભાઇ બહેનોમાં વહેંચી દો. તો જ હું આ ઘર લઇશ નહિ તો હું આ ચાલી. માએ મને એની સાચી વારસદાર ગણી છે તે એના મિલકતની નહિ પણ એના સંસ્કારની. હા, માત્ર સંસ્કારની." કહેતા એણે તિજોરીની ચાવી વકીલના હાથમાં મૂકી દીધી. ત્યારે આખુંય કુટુંબ એને જોઇને રડી પડ્યું.

*"સ્વજન", ૧૭/એ, ટ્રસ્ટ નગર,*
*શ્રેયસ ક્રોસીંગ, અમદાવાદ-૭.*

તંદુરસ્તી

# યુરિનરી લીકેજ

• ડૉ. નીતા ઠાકરે •

પેશાબનું (યુરિનરી) લીકેજ ક્ષોભજનક છે! પણ શું આપને ખબર છે કે તેનો ઉપાય શક્ય છે?

☞ ***યુરિનરી લીકેજ (INCONTINENCE) શું છે?***

યુરિન (પેશાબ)નું તમારી જાણ અને ધ્યાન બહાર નીકળી જવું (લીકેજ) જે તમે કન્ટ્રોલ ન કરી શકો!

ક્યારેક છીંક, ઉધરણ - ખાંસી ખાવાથી કે જોરથી હસવાથી પણ યુરિનનું લીક થઈ જવું અથવા પેશાબ કરવાની ઈચ્છા થયા પછી તેને કંટ્રોલ ન કરી શકવાથી બાથરૂમમાં બેસતા - બેસતા લીક થઈ જવું.

આ તકલીફને યુરિનરી ઈનકોન્ટિનન્સ કહેવામાં આવે છે.

☞ ***યુરિનરી લીકેજ શું ઉંમર વધતા આવતો પ્રાકૃતિક ફેરફાર છે?***

ના. ઘણા લોકોમાં આ ખોટી માન્યતા રાખવામાં આવે છે. પરંતુ આ કોઈ ઉંમર વધતા થતો ફેરફાર નથી.

☞ ***યુરિનરી લીકેજના કેટલા પ્રકાર છે?***

આ સમસ્યાના મૂળ ૩ પ્રકાર છે.

☞ ***આ તકલીફના કારણો શું છે?***

મેનોપોઝ, યોનિમાર્ગના સ્નાયુઓનું શિથિલ થવું, ડાયાબિટીસ, દવાઓ, યુરિનરી ઈન્ફેક્શન, પેશાબની કોથળીનું ઈરિટેશન, સ્થૂળતા...

☞ ***કયા પ્રકારના સ્પેશિયાલિસ્ટ આ સમસ્યાના ઉકેલ માટે મદદ કરી શકે છે?***

યુરોગાયનેકોલોજિસ્ટ આ સમસ્યાના ઉકેલમાં મદદ કરી શકે છે.

☞ ***ટ્રીટમેન્ટના વિવિધ પ્રકારો કયા છે?***

દરેક પેશન્ટની તકલીફ પ્રમાણે તેમની ટ્રીટમેન્ટ જુદી જુદી હોઈ શકે છે.

☞ ***લાઈફ સ્ટાઈલમાં સુધારા લાવવાથી ફરક પડે છે?***

હા! જેમ કે ફળ, શાકભાજીનું સેવન, ૨ લિટર પાણી પીવું, કસરત, વજન ઘટાડવું, પેલ્વિક મસલ્સની કસરત, સરળતાથી બાથરૂમમાં ઉતારી શકાય તેવા કપડાં પહેરવા વગેરે.

☞ ***કસરતથી મદદ મળી શકે છે?***

કિંગલ્સ એક્સરસાઈઝથી મદદ થઈ શકે છે.

☞ ***યુરિનરી લીકેજની આડઅસરો અને કોમ્પ્લીકેશન્સ શું છે?***

ચામડી અને યુરીનનો ચેપ, ચામડીનું તતડી જવું, બળતરા બળવી, દર્દી બહાર જવાનું ટાળે છે. ક્ષોભ, ચીડચીડાપણું, ઘણીવાર દોડીને બાથરૂમમાં જતા જતા પડી જવું અથવા ફ્રેક્ચર થઈ જવું, કપડામાંથી વાસ આવતી હશે તેવી ચિંતા થવી, અપૂરતી ઊંઘ, ડિપ્રેશન, કોન્ફિડન્સમાં ઘટાડો થવો — આ બધા કારણોસર સામાજિક રીતે અલગ થવું વગેરે....

ટૂંકમાં, યૂરિનરી લીકેજની સમસ્યાનો ઉપાય શક્ય છે. (No longer untreatable) એ માટે એક્સપર્ટની સલાહ લો અને સમસ્યાથી છૂટકારો મેળવો.

***ડૉ. નીતા ઠાકરે, એમ.ડી. ગાયનેક***
*Ph. : (H) 26467788*
*Expert in Urogynaecology. High Risk Pregnancy & Endogynaecology.*
*drthakre@gmail.com*

# હૂંફ કોને નથી જોઈતી

ચાવીથી ચાલતું જડ ઘડિયાળ પણ જો એને ચાવી ચડાવીને હૂંફ ન દેવાય તો બંધ પડી જાય છે.

દુનિયાના કોઈપણ માણસને તમારી હૂંફ જોઈએ છે. ખાસ કરીને તમારા સ્વજનોને અને સ્નેહીજનોને.

જો તમને બધા ચાહે એવું તમે ઈચ્છો છો તો તેવું બધા ઈચ્છે છે. તમે સહુને ખૂબ સ્નેહભાવ આપો. કોઈને પણ તિરસ્કારો નહીં, ધિક્કારો નહીં. બધાના આત્મ સન્માનનું ગૌરવ કરો.

તમારા આશ્રિતોને પણ પ્રેમ આપો. તમે એના સુખદુઃખની તેની સાથે વાત કરો. તમે ભલે શેઠ હો, પણ અવારનવાર તમારું ''શેઠપણું'' બાજુ ઉપર મૂકીને તેના મિત્ર કે ભાઈ બની જાઓ. તેની ઉપર પુષ્કળ હેત વરસાવો. તેના ઘરે જાઓ. તેની ચા પીઓ.

સ્વર્ગે તો જવાનું હશે ત્યારે જવાશે, પણ આ રીતે તમારા ઘરમાં તમે સ્વર્ગ ઉતારો.

જે ઘરમાં સર્વત્ર ત્રાસવાદ છે તે ઘરની મુલાકાત એક દિ' માટે લેજો. પછી તમને આ ''સ્નેહ''ના મૂલ્યની સાચી સમજ પડશે.

***સાભાર : ''મુક્તિદૂત''***

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)***

*પોતાનો નાનામાં નાનો દોષ દેખાય, એનું નામ જાગૃતિ.*

# મેનોપોઝ દરમ્યાન થતા અનિયમિત માસિકની સમસ્યા

• ડૉ. કલ્પના કોઠારી, એમ.ડી. (ગાયનેક કેન્સર નિષ્ણાત) •

એક દીકરીના જીવનમાં જયારે પહેલીવાર માસિક સ્રાવનો અનુભવ થાય છે ત્યારે મા કંસાર રાંધે છે. કારણકે માસિક સ્રાવ ચાલું થાય એટલે દીકરી બને છે સંપૂર્ણ સ્ત્રી. આ છે આપણા હિન્દુ સમાજની સમજણ અને રિવાજ.

પણ આજ માસિક સ્રાવ જયારે અનિયમિત અને વધારે પડતો થાય ત્યારે તે સ્ત્રી માટે તકલીફ ઉભી કરે છે. ખાસ કરીને જ્યારે મેનોપોઝનો સમય ચાલતો હોય ત્યારે માસિકની અનિયમિતતા, વધારે પડતું માસિક, યોનિમાર્ગમાંથી પાણી પડવું, શારિરીક સંબંધ પછી લોહી પડવું, આ દરેક બાબત ચિંતા ઉભી કરનારી કહેવાય. માસિક ધર્મ એક વર્ષ સુધી બંધ થઇ ગયા પછી ફરીથી ચાલુ થાય તો તેને પોસ્ટ-મેનોપોઝલ બ્લીડીંગ કહેવાય. આ દરેક સંજોગોમાં તબીબી સલાહ જરૂરી છે.

અનિયમિત અને વધારે પડતા માસિક સ્રાવના અનેક કારણો હોઇ શકે. તેમાંનું એક કારણ છે કેન્સર- તે ચાહે ગર્ભાશયનું, ગર્ભાશયના મુખનું કે અંડાશયનું કે યોનિમાર્ગનું પણ હોય શકે. એટલે જ્યારે આવી કોઇ તકલીફ હોય ત્યારે તેનું વેળાસર નિદાન ખૂબ જરૂરી હોય છે. આ માટે તમારે અમૂક તપાસો ખૂબ જ જરૂરી થઇ જાય છે. જેમ કે પેપસ્મીઅરની તપાસ ગર્ભાશયના કેન્સરની શક્યતા તરફ આંગળી ચીંધે અને ત્યારબાદ એન્ડોમેટ્રીયલ (ગર્ભાશયની અંદરની ચામડી) બાયોપ્સીની તપાસ કરવાથી તેનું નિદાન થઇ શકે. સોનોગ્રાફી આપણને અંડાશયના કેન્સરના નિદાનમાં પણ મદદરૂપ થાય છે. ત્યારબાદ એમા Tumor Marker નામના ટેસ્ટ કરીને તેનું નિદાન કરી શકાય છે.

કેન્સર એટલે "કેન્સલ" એમ માનીને કેન્સરના નિદાનથી ગભરાતા લોકોને મારે એટલું જ કહેવું છે કે હવે આ ક્ષેત્રે શોધખોળ એટલી આગળ વધી છે કે જો વહેલા સ્ટેજમાં કેન્સરનું નિદાન થઇ જાય તો ૯૦% સુધી હકારાત્મક પરિણામ આપી શકાય છે.

માટે બહેનો, જાગો, જાત પ્રત્યે બેદરકારી ન રાખશો. કેન્સરના નામથી ગભરાશો નહીં. "પહેલું સુખ તે જાતે નર્યા"ના નિયમને અનુસરીને જ્યારે પણ જરાકે તકલીફ લાગે તો તરત જ તમારા તબીબનો સંપર્ક કરો અને ચિંતામુક્ત બનો.

*નોંધ : સ્ત્રી જનન અવયવોના કેન્સરની તપાસ/નિદાન માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદના મેડિકલ સેન્ટર પર ખાસ સવલત મે-૨૦૧૦ થી શરૂ કરવામાં આવેલ છે. દર બુધવારે સવારમાં ૯.૩૦ થી ૧૦.૩૦ દરમ્યાન ગાયનેક કેન્સર નિષ્ણાત ડૉક્ટરની સેવા હવે ઉપલબ્ધ છે. – માનદ્ મંત્રી*

## સારવાર અર્થે અમદાવાદ આવતા દર્દીઓને ઉપયોગી માહિતી

અમદાવાદમાં આવેલી બે ખાનગી મોટી હોસ્પિટલો સાલ અને સ્ટર્લિંગ થોડા દૂરના મુકામે આવેલી છે. આ હોસ્પિટલમાં બહારગામથી આવતા દર્દી સાથે તેના સ્વજનો પણ આવતા હોય છે, તેઓને રાતવાસો કરવા માટેની ખાસ કોઈ સગવડ આસપાસમાં નથી. સ્થાનિક સગાંઓને ત્યાંથી કે કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગથી આવન-જાવન કરવા માટે સમય ઘણો થઈ જતો હોય છે. આ બધા પ્રશ્નોના ઉકેલ માટે "સંસ્કાર માનવ ટ્રસ્ટ" નામની સંસ્થા જેના સંચાલકો શ્રી રમણભાઈ પટેલ, શ્રી હીરેનભાઈ પટેલ તેમજ સરોજબહેન પટેલ છે, તેઓએ આવા સ્વજનો માટે ભાડેથી રૂમની સગવડ ઊભી કરેલી છે. આ સગવડનો લાભ લેવા માટે તેઓનો સીધો સંપર્ક કરી લેવો. ભાડા તથા સગવડ વગેરેની વિગત નીચે મુજબ છે.

બંને જગ્યાએ થઈને કુલ ૧૭ રૂમ છે. જેમાં નોન એટેચ્ડ રૂમમાં બે વ્યક્તિ માટેનું ભાડું રૂા. ૧૫૦/- છે જ્યારે ચાર બેડરૂમવાળા એટેચ્ડ રૂમનું ભાડું રૂા. ૩૦૦/- છે. વધારાની પથારી માટે વ્યક્તિ દીઠ રૂા. ૫૦/-નો ચાર્જ થાય છે. રૂા. ૩૦/-માં જમવાનું પણ મળે છે.

તેઓના સરનામા અને ફોન નંબર આ મુજબ છે.

૧. સંસ્કાર માનવ સેવા ટ્રસ્ટ, ૫૫, નીલમણિ ટેનામેન્ટ, સારથિ રો-હાઉસ સામે, **સ્ટર્લિંગ હોસ્પિટલ**ની બાજુમાં, ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૩૮૦ ૦૫૨.
   ફોન : ૨૭૪૯ ૭૮૫૫, મો. ૯૮૨૫૯ ૪૪૭૦૨

૨. સંસ્કાર આરામગૃહ, ૫૦૧, જે.બી. ટાવર, પાંચમા માળે, **સાલ હોસ્પિટલ**ની બાજુમાં, ટી.વી. ટાવરની સામે, ડ્રાઈવ-ઈન રોડ, થલતેજ, અમદાવાદ-૩૮૦ ૦૫૪.
   ફોન : ૨૭૪૯ ૭૮૫૫, મો. ૯૯૨૪૨ ૫૬૭૦૭

*તમે જે વસ્તુ આંતરશો, તે વસ્તુ તમને પ્રાપ્ત નહિ થાય.*

# કિડની બડે કામ કી ચીજ હૈ

• પ્રેષક : વલ્લભજી હીરજી 'કેવલ' •

## કિડની બડે કામ કી ચીજ હૈ

*શરીરના મહત્ત્વના અવયવોમાંની એક છે કિડની. પાચનક્રિયા બાદ શરીરમાં વધેલા ખોરાક અથવા તો કચરા અને બીજા અન્ય બિનજરૂરી ઘટકતત્ત્વોને પ્રવાહી સ્વરૂપમાં ફેરવીને તેને બહાર ફેંકવાનું કામ કિડની કરે છે. આ કાર્યની સાથે તેનું બીજું અગત્યનું કામ છે હોર્મોન્સનું નિર્માણ કરવાનું. જે લોહી અને અન્ય અસ્થિ નિર્માણમાં સહાય કરે છે. પાણીની માત્રાને બેલેન્સમાં રાખવાનું કામ એ કિડનીનું છે. તેમજ લોહીના દબાણને પણ નિયંત્રણમાં રાખે છે. જો કિડનીના આ ફંકશન પર કોઈ કારણસર અસર થાય તો કિડનીનું કાર્ય અવરોધાય છે અને પરિણામે કિડની ફેલ થવાના ચાન્સ રહે છે. કિડનીને નુકસાન થવાના પરિણામે હૃદય સહિતના ઘણા ભાગો પર તેની વિપરીત અસર પડે છે. આથી બંને કિડની કાર્યરત રહે તે જરૂરી છે. જો કોઈ સંજોગોમાં એક કિડની ફેલ થઈ જાય તો અન્ય એક કિડનીના સહારે જીવન વિતાવી શકાય છે, પણ શરત એટલી કે તે કિડની વ્યવસ્થિત કાર્યરત રહેવી જોઈએ.*

*કિડનીને બે પરિસ્થિતિમાં નુકસાન પહોંચે છે. એક તો છે કિડની એક્યુટ રીનલ ફેલિયટ અને બીજી રીત છે ક્રોનિક રેનલ ફેલિયટ. જ્યારે ક્રોનિક રેનલ ફેલિયેટની પરિસ્થિતિ ઉદ્‌ભવે છે ત્યારે કિડનીના કોષો નાશ પામવાની શરૂઆત થાય છે અને આ પ્રક્રિયા સતત ચાલતી જ રહે છે. જોકે, સમયસર તબીબનો સંપર્ક કરીને દવાઓ દ્વારા શક્ય હોય તો તેને કાર્યરત રાખી શકાય છે. એક્યુટ રીનલ ફેલિયટમાં પેશાબ વાટે લોહી નીકળે છે. શરીરમાં દાહ ઉત્પન્ન થાય છે. જો સમયસર તેનું નિદાન ન કરવામાં આવે તો પથરી અને પ્રોસ્ટેટ કેન્સર થવાની શક્યતાઓ પણ વધી જાય છે. કિડનીના પમ્પિંગ પર થતી અસરનું નિદાન હોમિડાયાલિસીસ અને ક્રોનિક એમ્બ્યુલેટરી પેરિશેનિયલ ડાયાલિસીસની મદદથી થઈ શકે છે.*

### • તમારી કિડની બચાવો :

શરીરની અંદરની સ્વચ્છતા તમારી કિડની જાળવે છે. કિડની શરીરમાંથી બિનજરૂરી કચરો અને ઝેરી પદાર્થ દૂર કરી શરીરને સ્વચ્છ રાખવાનું મહત્ત્વનું કામ કરે છે. કિડનીના રોગની તકલીફ હોય તેવા દર્દીઓની સંખ્યામાં છેલ્લાં થોડા વર્ષોમાં ખૂબ વધારો જોવા મળ્યો છે. ડાયાબિટીસ અને લોહીના ઊંચા દબાણના દર્દીઓની સંખ્યામાં ઝડપી વધારા સાથે કિડની ફેલ્યરના પ્રમાણમાં પણ ગંભીર વધારો જોવા મળ્યો છે.

### • કિડનીની રચના અને કાર્યો :

શરીરમાં લોહીનું શુદ્ધીકરણ કરી કિડની પેશાબ બનાવે છે. તેનો શરીરમાંથી નિકાલ કરવાનું કામ મૂત્રવાહિની (યુરેટર) મૂત્રાશય (યુરીનરી બ્લેડર) અને મૂત્ર નલિકા (યુરેથરા) દ્વારા થાય છે. કિડની પેટના ઉપરના અને પાછળનાં ભાગમાં કરોડરજ્જુની બંને બાજુએ-પીઠના ભાગમાં બે કિડની છાતીની પાંસળીઓની પાછળ સુરક્ષિત રીતે આવેલી હોય છે જ્યારે મૂત્રાશયમાં ૪૦૦ મિ.લી. જેટલો પેશાબ એકઠો થાય ત્યારે પેશાબ કરવાની ઈચ્છા થાય છે. કિડની પેશાબ દ્વારા બિનજરૂરી પ્રવાહી અને પદાર્થોને દૂર કરી લોહીનું શુદ્ધીકરણ તથા શરીરમાં પ્રવાહી, ક્ષાર અને એસિડ આલ્કલીનું નિયમન કરે છે. લોહીમાંના આ પદાર્થોની માત્રા યોગ્ય પ્રમાણમાં રાખી કિડની શરીર તંદુરસ્ત રાખે છે.

કિડનીના મુખ્ય કાર્યો નીચે મુજબ છેઃ

(૧) લોહીનું શુદ્ધીકરણ, (૨) પ્રવાહીનું સંતુલન, (૩) ક્ષારનું નિયમન, (૪) લોહીના દબાણ પર કાબૂ, (૫) રક્તકણના ઉત્પાદનમાં મદદ, (૬) હાડકાંની તંદુરસ્તી.

બંને કિડનીમાં દર મિનિટે ૧૨૦૦ મિ.લી. લોહી શુદ્ધીકરણ માટે આવે છે. જે હૃદય દ્વારા પૂરા પાડવામાં આવતાં લોહીના ૨૦% જેટલું છે. એટલે ૨૪ કલાકમાં આશરે ૧૭૦૦ લિટર લોહીનું શુદ્ધીકરણ થાય છે. સામાન્ય પ્રમાણમાં પાણી પીતી વ્યક્તિમાં જો પેશાબ ૫૦૦ એમ.એલ. અડધા લિટર કરતાં ઓછો અથવા ૩૦૦૦ એમ.એલ. ત્રણ લિટર કરતાં વધારે બને તો તે કિડનીના રોગની મહત્ત્વની નિશાની છે.

### • કિડનીના રોગોનાં ચિહ્નો :

(૧) આંખ પર સવારે સોજો આવે.
(૨) મોં અને પગ પર સોજા આવે.
(૩) ભૂખ ઓછી લાગે, ઊલટી-ઊબકા થાય.
(૪) નાની વયે લોહીનું ઊંચું દબાણ હોય.
(૫) નબળાઇ આવે, લોહીમાં ફિક્કાશ હોય.
(૬) થોડું ચાલવાથી શ્વાસ ચડે, જલદી થાક લાગે.
(૭) પેશાબ ઓછો આવે.
(૮) પેશાબમાં બળતરા થાય, લોહી કે પરુ આવે.
(૯) પેશાબ ઉતારવામાં તકલીફ થાય, પેશાબ

*જે પારકા માટે જીવે છે, તેને કિંચિતમાત્ર દુઃખ નથી ને જે પોતાને માટે જીવે છે, તેને બધાં જ દુઃખો છે.*

ટીપે ટીપે ઉતરે.

(૧૦) પેટમાં ગાંઠ જણાય, પેટે કે કેડમાં દુઃખાવો થાય.

જો કોઇ વ્યક્તિને ઉપર મુજબનાં ચિહ્નો હોય તો વહેલાસર ડોક્ટર પાસે જઇ તપાસ કરાવવી જરૂરી છે.

- **કિડનીના રોગોનું નિદાન :**

કિડનીની તપાસ કોણે કરાવવી જોઈએ? કિડનીની તકલીફ થવાની શક્યતા ક્યારે વધારે રહે છે?

૧. જે વ્યક્તિમાં કિડનીના રોગના ચિહ્નો જોવા મળે.

૨. ડાયાબિટીસની બીમારી હોય.

૩. લોહીનું દબાણ કાબૂમાં ન હોય.

૪. કુટુંબમાં વારસાગત કિડનીના રોગ હોય.

૫. લાંબા સમય માટે દુઃખાવાની દવા લીધી હોય.

૬. મૂત્રમાર્ગમાં જન્મજાત ખોડ હોય.

કિડનીના રોગના નિદાન માટેની અગત્યની તપાસ નીચે મુજબ છેઃ

૧. પેશાબની તપાસ

૨. લોહીની તપાસ

(એ) લોહીમાં હિમોગ્લોબીનનું પ્રમાણ

(બી) ક્રિએટીન અને યુરિયા

૩. રેડિયોલોજિકલ તપાસ

(એ) કિડનીની સોનોગ્રાફી

(બી) પેટનો એક્સ-રે

(સી) ઈન્ટ્રાવિનસ પાઈલોગ્રાફી (આઈ.વી.પી.)

કિડનીના કેટલાક રોગના કારણના ચોક્કસ નિદાન માટે કિડની બાયોપ્સી અત્યંત મહત્ત્વની તપાસ છે.

**કિડનીના મુખ્ય રોગો :**

*મેડિકલ રોગો :*

૧. કિડની ફેલ્યર

૨. એક્યુટ ગ્લોમેરુલોનેફ્રાઈટિસ

૩. નેફ્રોટિક સિન્ડ્રોમ

૪. પેશાબનો ચેપ

*સર્જિકલ રોગો :*

૧. પથરીની બીમારી

૨. પ્રોસ્ટેટની બીમારી

૩. મૂત્રમાર્ગમાં જન્મજાત ક્ષતિઓ

૪. મૂત્રમાર્ગનું કેન્સર

કિડનીના નિષ્ણાત ફિઝિશિયનને નેફ્રોલોજિસ્ટ કહે છે. જ્યારે કિડની નિષ્ણાત સર્જનને યુરોલોજિસ્ટ કહે છે.

- **કિડની ફેલ્યર :**

કિડની ફેલ્યર એટલે કિડનીની કાર્યક્ષમતામાં ઘટાડો થવો. લોહીમાં ક્રિએટીનીન અને યુરિયાનું પ્રમાણ વધારે હોય તે કિડની ફેલ્યર સૂચવે છે.

કિડની ફેલ્યરના બે પ્રકાર છે :

૧. એક્યુટ કિડની ફેલ્યર

૨. ક્રોનિક કિડની ફેલ્યર.

**ડાયાલિસીસ :** બંને કિડની વધુ બગડે ત્યારે શરીરમાં બિનજરૂરી ઉત્સર્ગ પદાર્થો અને પ્રવાહીની માત્રામાં વધારો થાય છે. આ પદાર્થોને કૃત્રિમ રીતે દૂર કરવાની પદ્ધતિને ડાયાલિસીસ કહે છે.

**હિમોડાયાલિસીસ :** (૧) લોહીનું ડાયાલિસીસ, (૨) પેરીટોનીઅલ ડાયાલિસીસ - પેટનું ડાયાલિસીસ (સી.એ.પી.ડી.)

પ્રોસ્ટેટની બીમારી (બી.પી.એચ.) આની શરૂઆતની સારવાર દવા દ્વારા થાય છે. દવા છતાં સંતોષકારક સુધારો ન થાય તે તબક્કે દૂરબીન દ્વારા સારવાર - ટી.યુ.આર.પી. જરૂરી બને છે.

*ડો. સંજય પંડ્યાના પુસ્તક "તમારી કિડની બચાવો" દ્વારા.*

*પ્રેષક : વલ્લભજી હીરજી 'કેવલ'*

## આત્મ સન્માન

ધન ન હોય ત્યારે તદ્દન નિમાણા થઈ જવાની જરૂર નથી. ધન હોય તો જ તમે વટ જાળવી શકો કે સ્વતંત્ર રહી શકો તેવી માન્યતાને મગજમાં સ્થાન જ ન આપવું જોઈએ. ધન અને સાધનો હોય તો કોઈ પણ વ્યક્તિ સ્વતંત્ર બને, પરંતુ સંસ્કાર ન હોય તો આવો ધનસંપન્ન માણસ સ્વતંત્રતા સાથે ઉદ્ધત પણ બની શકે છે. ધન સંપત્તિ ન હોય છતાં તમે વટપૂર્વક સ્વતંત્ર રહી શકો ત્યારે જ તમારી ઈશ્વરીય કસોટી થાય છે અને ઈશ્વર જ્યારે તમારી કસોટી કરે છે ત્યારે એ છૂપોછૂપો તમને મદદ પણ કરતો હોય છે. માણસે ધન કરતાં આત્મ સન્માનને વધુ મહત્ત્વ આપવું જોઈએ.

ચાણક્યે કહ્યું છે :

*અધમા ધનમિચ્છન્તિ, ધનં માનં ચ મધ્યમાઃ ।*
*ઉત્તમા માનમિચ્છન્તિ, માનો હિ મહત્તાંધનમ્ ॥*

નિમ્ન શ્રેણીનો મનુષ્ય કેવળ ધનની ઈચ્છા કરે છે. મધ્યમ શ્રેણીનો માનવ ધન અને માન બંનેની ઈચ્છા કરે છે. પરંતુ શ્રેષ્ઠ પુરુષ એ છે જે માત્ર માનની જ કામના કરે છે. આત્મસન્માન એ જ શ્રેષ્ઠ પુરુષોનું ધન છે.

***સાભાર : "પરિત્રાણ"***

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)***

***મન-વચન-કાયાથી ધનની ચોરી નથી કરવી, તેવી પ્રાર્થના કરે તો ઘેર બેઠાં ધનના ઢગલા થાય.***

# તુલસી : અનુભૂત પ્રયોગો

• યશ રાય •

તુલસી અમૃતબુટ્ટી છે. એના પ્રયોગો ચમત્કારિક સફળતા અપાવે છે. એ વિભિન્ન પ્રકારનાં વિષોને દૂર કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. કેવળ સર્પ, વીંછી, બરો, વાનર, હડકાયું કૂતરું વગેરેના કરડવાથી જ વિષ નથી ફેલાતું. (આ વિષો તો બહારથી શરીરમાં પ્રવેશ કરે છે.) બલકે શરીરમાં ઉત્પન્ન થયેલું વિષ ફોડલા, ફોડલી, ખંજવાળ, કેન્સર, મેલેરિયા, કોલેરા વગેરે રોગોના રૂપમાં શરીરમાં પ્રગટ થાય છે. લોહીમાં ભળેલું વિષ રક્તકણોનો નાશ કરે છે, રક્તવિકાર ઉત્પન્ન કરે છે. આથી શરીરમાં નિર્બળતા આવે છે, જાત-જાતનાં દર્દો ઉત્પન્ન થાય છે. નિર્બળતા જ તમામ રોગોની જનેતા છે. આહાર-વિહારમાં અનિયમિતતા, અસંયમ તથા નિર્બળતાને કારણે શરીરમાં ઉત્પન્ન થયેલા વિષને તથા ઝેરી કીટાણુઓને કારણે શરીરમાં પ્રવેશેલા વિષને 'તુલસી' નષ્ટ કરે છે. યોગ્ય વિધિ-વિધાન સાથે તુલસી મિશ્રિત ઔષધિ લેવાથી તે ચમત્કારિક પ્રભાવ બતાવે છે.

નાનાં-મોટાં દર્દો ઉપર તુલસીના વિવિધ ઉપયોગો કરવાથી તે મટી જાય છે. અહીં એવાં થોડાં સાચાં ઉદાહરણો દર્શાવ્યાં છે, જેમના કારણે તુલસીની અક્સીરતા પર પ્રકાશ પડશે ને આપણે તુલસીને સાચી રીતે ઓળખી શકીશું:

- **મહાત્મા ગાંધીજીએ સ્થાપેલા ઉરૂલીકાંચનના આશ્રમમાં નિસર્ગોપચાર :**

આશ્રમમાં ચા, કોફી, ખાંડ વગેરેની મનાઇ હોવાથી જે લોકોને ચાની આદત છે, તેમના માટે તુલસી, આદુ અને લીલી ચાને ઉકાળીને કાડો તૈયાર કરવામાં આવે છે. તેમાં ગોળની મધ જેવી રસી તથા પ્રમાણસર દૂધ નાખીને દર્દીઓને આપવામાં આવે છે. ચાથી થતા નુકસાનને બદલે તુલસી વગેરેમાંથી બનાવવામાં આવતી આ વનસ્પતિની ચા ફાયદો પહોંચાડે છે.

★ તુલસી કિડનીની કાર્યશક્તિ વધારે છે. તુલસીના રસમાં મધ મેળવીને આપવાથી એક કેસમાં કિડનીની પથરી છ માસની સતત સારવાર પછી નીકળી ગઇ હતી.

★ ઇન્ટ્રા ટેક્યિલ કેન્સરથી પીડાતા એક દર્દી પર ઓપરેશન તથા અન્ય અનેક ઉપચારો કર્યા બાદ, આશા છોડીને ડોક્ટરોએ જાહેર કર્યું કે 'દર્દીનું યકૃત ખરાબ થઇ રહ્યું છે. યક્ષ્મા પણ વધી રહ્યો છે. આ રોગ નાઇલાજ છે.'

ત્યારે એક વૈદ્યે આ વિધાનને પડકાર ફેંક્યો. દર્દીને પાંચ અઠવાડિયાં સુધી તુલસીના સેવન પર રાખ્યો ને તે એક માઇલ સુધી ચાલી શકે તેટલો સ્વસ્થ થઇ ગયો!

★ યોનિ કેન્સરવાળી એક વૃદ્ધાને ડોક્ટરોએ રેડિયમ તથા કોબાલ્ટ ચિકિત્સા દ્વારા પણ રોગમુક્ત ન થતી જોઇને આશા છોડી દીધી ત્યારે તુલસીના દસ જ દિવસના ઇલાજ પછી તેનો રક્તસ્રાવ તથા દુખાવો ઓછા થઇ ગયા. મહિના પછી તો તે તદ્દન બંધ થઇ ગયા. શ્લેષ્મા તથા દૂઝતા ઘા પણ મટી ગયા!

★ તુલસીના ઉપચારથી હૃદયરોગથી પીડાતા કેટલાયે દર્દીઓનાં હાઇ બ્લડ પ્રેશર સામાન્ય થયાં છે, હૃદયની દુર્બળતા ઓછી થઇ છે અને લોહીમાં ચરબીનો વધારો થતો અટક્યો છે. જેમને પહાડી સ્થળો પર જવાની મનાઇ હતી તેવા ઘણા દર્દીઓ તુલસીના નિયમિત સેવન પછી આનંદથી ઊંચાં સ્થળોએ હવા ખાવા જઇ શક્યા છે!

★ 'ચિકિત્સા પ્રકાશ' નામની પત્રિકામાં એક ઘટના છપાઇ હતી. પ્રસિદ્ધ ચિકિત્સાશાસ્ત્રી નલિનીનાથ મઝૂમદાર મહોદયે લખ્યું હતું કે એમના એક મિત્રના મકાનમાં વીજળીના તાર નખાવવાના હતા. તેના અંગે જરૂરી પૂછપરછ માટે તેઓ કલકત્તાના ચીફ એન્જિનિયરને ત્યાં ગયા. ત્યાં તેમણે આશ્ચર્યપૂર્વક જોયું કે તમામ કૂંડામાં તુલસીના છોડ રોપેલા હતા! એક અંગ્રેજના બંગલામાં સજાવટનાં ફૂલો તથા વેલાઓને બદલે તુલસીની વાડી જોઇને એમનાથી રહેવાયું નહીં. એમણે સાહેબને આનું કારણ પૂછ્યું. સાહેબે કહ્યું : 'બંગલામાં દરેક સ્થાને તુલસીના છોડ જોઇને જેટલું આશ્ચર્ય તમને થઇ રહ્યું છે, તેથી અધિક આશ્ચર્ય મને થઇ રહ્યું છે. તમે હિંદુ થઈને પણ તુલસીના મહત્ત્વને નથી જાણતા! અમારા દેશમાં તુલસી પર વિપુલ સાહિત્ય છપાયું છે. શું તમારા હિંદુસ્તાનમાં એના વિશે કોઇ પુસ્તક જ નથી? વાસ્તવમાં જેટલી વિદ્યુતશક્તિ તુલસીમાં છે, તેટલી વિશ્વના કોઇ બીજા છોડમાંથી નથી મળતી. જ્યાં પણ તુલસીનો છોડ હોય તેની આજુબાજુ છસો ફૂટની હવા એનાથી પ્રભાવિત થાય છે. પરિણામે મેલેરિયા, પ્લેગ તથા ટી.બી.ના કીટાણુઓ નષ્ટ થઇ જાય છે. રોગના કીટાણુઓના આક્રમણથી બચવા માટે હું મારી કમરમાં તુલસીનું લાકડું બાંધી રાખું છું. હું હંમેશાં નિયમિત રીતે સવાર-સાંજ તુલસીના બગીચામાં ફરતો રહું છું અને તેથી સ્વસ્થ રહું છું.'

★ એક વૃદ્ધ શ્વાસરોગ (Asthma), બૃહદાંગશોથ (Colitis) તથા

*મન-વચન-કાયાથી સત્ય બોલે તો વચનસિદ્ધિ પ્રાપ્ત થાય.*

સિતકોશાતિવૃદ્ધિ (Leucocytosis) — આ ત્રણેય ગંભીર રોગોથી પીડાતો હતો. તેનાં આંતરડાં પણ ખરાબ થઇ ગયાં હતાં. તુલસીના ઇલાજથી તેના સ્વાસ્થ્યમાં ઘણી ઝડપથી સુધારો થયો.

★ સાત વર્ષની એક છોકરીને દવાઓની એલર્જી હતી. કોઇ પણ દવા લેતાં જ એના આખા શરીર પર આસમાની ચકામાં ઊપસી આવતાં હતાં. લોહી ક્ષીણ થઇ જતું હતું. ઘણા ઇલાજ પછી પણ કોઈ ફાયદો ન થયો, ત્યારે માત્ર તુલસીના નિયમિત ઉપચારથી આ એલર્જી સમૂળગી દૂર થઇ ગઇ.

★ એક પ્રૌઢને જન્મથી જ એલર્જીવાળી શરદી હતી. તુલસીના સેવનથી તે તદ્દન સાજો થઇ ગયો.

★ એક યુવકને વર્ષોથી દર મહિને છ-સાત દિવસ માટે તાવ આવતો હતો. તેણે ત્રણ મહિના સુધી સતત તુલસીના ઉકાળાનો પ્રયોગ કર્યો. તાવ આવતો તદ્દન બંધ થઇ ગયો.

★ એક સજ્જનને પંદર વર્ષથી માથાનો દુખાવો રહેતો હતો. તુલસીના નિયમિત ઉપચાર પછી તેમનો દુખાવો દૂર થઇ ગયો.

★ એક છોકરો બાળપણથી જ નિર્બળ બુદ્ધિનો હતો. સોળ વર્ષ સુધી તેના અનેક ઉપચારો થયા. પણ તેની બુદ્ધિમંદતા દૂર થઇ નહીં. તુલસીના નિયમિત સેવનથી બે જ મહિનામાં તેનામાં બુદ્ધિમત્તાનાં ચિહ્નો જણાયાં. વખત જતાં તે અધિક બુદ્ધિશાળી બની ગયો.

★ સાઇનસની તકલીફવાળા એક યુવાનને ડોક્ટરોએ ઓપરેશનની સલાહ આપી. તે તૈયાર જ હતો. પણ એક વૈદ્યની સલાહથી તેણે તુલસીનું સેવન બે અઠવાડિયાં સુધી કર્યું. બસ, તેનાં શરદી-સળેખમ મટી ગયાં, અને તે ઓપરેશનમાંથી બચી ગયો.

★ એક રોગીની કિડનીની પથરી તુલસીના છ મહિનાના ઉપચાર પછી ચૂરો થઇને બહાર નીકળી ગઇ. રોગીને તુલસીની સાથે દહીં ને બદલે શુદ્ધ મધ આપવામાં આવ્યું હતું, કેમ કે દહીં તેની પ્રકૃતિને અનુકૂળ નહોતું.

★ સફેદ ડાઘ અથવા કોઢના અનેક રોગીઓને તુલસીના ઉપચારથી અદ્ભુત ફાયદો થયો છે. એમના ડાઘા ઓછા થઇ ગયા અને ત્વચા સામાન્ય થઇ ગઇ છે.

★ પ્રોસ્ટેટ ગ્રંથિનાં દર્દો દૂર કરવામાં પણ તુલસી સહાયક નીવડી છે.

આ ઉદાહરણોથી સ્પષ્ટ થશે કે તુલસીથી અનેક અસાધ્ય થઇ ગયેલાં કેન્સર તથા કષ્ટદાયી દર્દોથી મુક્તિ મળે છે.

**અહીં કેટલાંક અનુભૂત પ્રયોગો આપ્યા છે. તમારી ડાયરીમાં તેમને નોંધી રાખશો અને અમલમાં મૂકતા રહેશો.**

(૧) સવારમાં નરણે કોઠે તુલસીનાં પાંદડાંનો રસ પાણી સાથે મેળવીને રોજ લેવામાં આવે તો બળ, તેજ અને સ્મરણશક્તિ વધે છે. તુલસીના ઉકાળામાં થોડી ખાંડ તથા ગાયનું દૂધ મેળવીને પીવાથી સ્ફૂર્તિ આવે છે અને થાક દૂર થાય છે. નિત્ય તુલસીનો રસ લેવાથી જઠરાગ્નિ પ્રદીપ્ત રહે છે. તુલસીના રસમાં મીઠું મેળવીને નાકમાં ટીપાં નાખવાથી મૂર્છા વળે છે, હેડકી પણ બેસી જાય છે.

(૨) તુલસી બ્લડ કોલેસ્ટરોલને બહુ ઝડપથી નોર્મલ કરે છે. તુલસીના નિત્ય સેવનથી એસિડિટી દૂર થાય છે. મરડો, કોલાઇટિસ વગેરે મટે છે. સ્નાયુનો દુઃખાવો, શરદી, સળેખમ, સફેદ ડાઘ, મેદવૃદ્ધિ, માથાનો દુઃખાવો વગેરેમાં તે ગુણકારી છે. બાળકોના કેટલાક રોગોમાં, ખાસ કરીને શરદી, ઝાડા-ઊલટી અને કફમાં તુલસી અકસીર છે. હૃદયરોગ, તેની આનુષંગિક કમજોરી અને બીમારીમાં તુલસીનો ઉપયોગ આશ્ચર્યજનક સુધારો દર્શાવે છે.

(૩) તુલસી સ્ત્રી, પુરુષો તથા બાળકો-ત્રણેના રોગોમાં સમાનરૂપે લાભદાયી છે. એનો સૌથી મોટો ગુણ એ છે કે એના સેવનથી લાભ જ લાભ થાય છે, નુકસાન જરા પણ થતું નથી.

(૪) આહાર-વિહારનું ખાસ ધ્યાન ન રાખવાથી અનેક જાતના વાતવ્યાધિઓ થઇ જાય છે, જેમાં ગૃધ્રસીવાત પણ એક છે. આ રોગમાં એક ખાસ નાડીમાં પીડા થાય છે. કૂલાના સાંધા, કમર, પીઠ, પેટ, જાંઘ તથા પગમાં શૂળ ભોંકાવા જેવી વેદના થાય છે. કૂલાની શિરાઓ-સાંધા વારંવાર કાંપે છે. આ રોગ કમરથી પગનાં ઘૂંટણ સુધી થાય છે.

(૫) તુલસીનાં પાન પાણીમાં ઉકાળીને દર્દવાળા ભાગ પર તેની વરાળ આપવાથી આ રોગમાં લાભ થાય છે.

(૬) તુલસીનું નિયમિત સેવન કરનારી વૃદ્ધ વ્યક્તિઓ દુર્બળતાનો અનુભવ નથી કરતી. તેઓ શક્તિ તથા ઉત્સાહનો અનુભવ કરે છે. તેઓની રોગનિરોધક શક્તિ પણ વધે છે.

(૭) તુલસીના ઇલાજની રીત તદ્દન સરળ છે. બાળકોને માટે પાંચથી પચ્ચીસ પાન પૂરતાં છે. મોટી વયનાંઓને તેમનાં રોગ, પ્રકૃતિ, ક્ષમતા તથા ઋતુ અનુસાર (શિયાળામાં વધારે અને ઉનાળામાં ઓછાં) પચ્ચીસથી સો પાન આપવામાં આવે છે. પાનને સ્વચ્છ પથ્થર પર પીસીને તેના રસનો ઉપયોગ કરી શકાય છે. રોગીની પ્રકૃતિ અનુસાર એને ૫ થી ૧૦ ગ્રામ સુધી પીવડાવી શકાય. તુલસીની માંજર પણ એક ગ્રામ સુધી સાથે લઇ શકાય. માંજર પેશાબને સ્વચ્છ કરે છે અને શક્તિ વધારે છે. તાજા પાન ન મળે તો સૂકાં પાનનું ચૂર્ણ પણ ચાલે.

(૭) તુલસીની દવા સવારે શૌચાદિ પછી કંઇ પણ ખાધાપીધા પહેલાં, દિવસમાં સામાન્યપણે એક જ વાર લેવી. સવારે નરણા કોઠે તુલસીનાં પાનનો રસ બે-ત્રણ ચમચા લેવાથી બળ, તેજ અને સ્મરણશક્તિ વધે છે. વધારે તકલીફ

*(અનુસંધાન : જુઓ પાના નં.-૬૬ ઉપર)*

*અધિકારનો દુરુપયોગ કરો તો સત્તા જતી રહે છે.*

# ક્રોધ

**(પ્રકરણ-૨)**

**ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા)**

પાછલા અંકમાં આપણે ચર્ચા કરી કે ક્રોધિત વર્તણૂક એ એક બીમારી છે જે માટે યોગ્ય નિદાન કરી સારવાર કરવાથી ક્રોધિત વર્તણૂક પર કાબૂ મેળવી શકાય છે.

ક્રોધિત વર્તણૂક વ્યક્તિનો સ્વભાવ છે કે એક માનસિક બીમારી છે એ સમજવું જરૂરી છે. બંને વચ્ચે એક પાતળી લક્ષ્મણ રેખા છે. સ્વભાવ ક્યારે બીમારીમાં પરિવર્તન પામે છે એ સમજવું ઘણી વખત મુશ્કેલ છે પણ સમજવું અગત્યનું છે. જેથી યોગ્ય નિદાન કરી સારવાર કરી શકાય તથા ક્રોધિત વર્તણૂકની નકારાત્મક અસરો અટકાવી શકાય.

- **નિદાન :**

૧. તાવ આવતો હોય તો એ એક શારીરિક લક્ષણ છે બીમારી નથી એ આપણે જાણીએ છીએ.

૨. યોગ્ય બીમારીના નિદાન માટે બીજા શારીરિક લક્ષણો તથા શારીરિક તપાસ જરૂરી છે. જેમકે તાવ ટાઈફોઈડ, મલેરિયા, વાઈરસ બીમારી, ક્ષય વગેરેમાં આવે છે. નિદાન માટે શારીરિક તપાસ, લેબોરેટરી તપાસ, એક્ષ-રે જરૂરી બને છે.

૩. સારવારમાં ફક્ત તાવ પર કાબૂ મેળવવાની સારવાર કરવાને બદલે મૂળ બીમારીની સારવાર કરાય છે. મૂળ બીમારી પર કાબૂ મેળવવાથી તાવ પર કાબૂ આવે છે. તાવ માટે અલગ સારવારની જરૂરત નથી રહેતી.

તેવી જ રીતે –

૧. ક્રોધિત વર્તણૂક એ પણ બીમારીનું લક્ષણ છે. બીમારીનું નિદાન નથી.

૨. અન્ય શારીરિક તથા માનસિક લક્ષણો અને શારીરિક તથા માનસિક તપાસ, લેબોરેટરી, એક્ષ-રે તપાસ કરી યોગ્ય નિદાન કરાય છે.

૩. મૂળ બીમારીનુ નિદાન કરી યોગ્ય મનોચિકિત્સા કરવાથી મૂળ બીમારી પર કાબૂ મેળવાય છે. આથી ક્રોધિત વર્તણૂક પણ કાબૂમાં આવે છે. ક્રોધિત વર્તણૂક માટે અલગથી સારવાર કરવાની જરૂરત રહેતી નથી.

માનસિક તથા શારીરિક બીમારીઓ જેમાં ક્રોધિત વર્તણૂક એક બીમારીનું લક્ષણ હોય છે.


**ડૉ. (પ્રો.) મણિલાલ ગડા**
*એમ.ડી., ડી.પી.એમ., એફ.આઈ.પી.એસ.*

મનોચિકિત્સક અને સ્ટ્રેસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ,
મનોસ્મૃતિ પોલીક્લિનિક, પ્રભુકૃપા,
એલ.બી.એસ. માર્ગ, સર્વોદય હોસ્પિટલની બાજુમાં,
હોટેલ રાધાક્રિષ્ણની બાજુમાં, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬.
ફોન : ૨૫૧૪૮૮૫૯

**ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા)**
*એમ.ડી. (ગોલ્ડ મેડલ), ડી.પી.એમ., એમ.આઈ.પી.એસ., બાળ મનોચિકિત્સક*

જાગૃતિ પોલીક્લિનિક,
કામદાર હૉસ્પિટલ, કિરણ નિકેતન, ભાટિયાવાડીની
બાજુમાં, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૭૭.
ફોન : ૨૫૧૨૪૪૦૪, મો. ૯૮૨૧૩ ૨૬૨૬૯


૧. હતાશાની બીમારી
૨. સ્ટ્રેસ ડિસઓર્ડર
૩. મનોભ્રમ/ચિતભ્રમ
૪. ઉન્માદ્ મેનિયા
૫. વ્યક્તિત્વ /સ્વભાવની બીમારી
૬. અલ્ઝાઈમર બીમારી
૭. ડિમેનશીય (ભૂલકણાપણું)
૮. નશીલી દવાઓનું સેવન (દારૂ, ગુટકા, ચરસ, ગાંજા, બ્રાઉન સુગર, હીરોઈન વગેરે)
૯. વાઈ, ફીટ, Epilepsy
૧૦. અકસ્માતમાં મગજનાં જ્ઞાનતંતુઓમાં નુકસાન.

**કિશોર અવસ્થા :**

૧. કિશોરાવસ્થાથી મનોવ્યથા
૨. વ્યક્તિત્વ /સ્વભાવ જીદ્દી સ્વભાવ
૩. સહનશક્તિનો અભાવ
૪. નશીલી દવાઓનું સેવન

**બાળકો**

૧. જીદ્દી સ્વભાવ
૨. પોતાનું ધાર્યું પૂરું કરવાનો સ્વભાવ
૩. અયોગ્ય ઉછેર /માવજત
૪. વડીલોમાં ના પાડવાનો અયોગ્ય સ્વભાવ
૫. મંદબુદ્ધિ /મનોવિકલાંગ બાળક

ક્રોધિત વર્તણૂકના યોગ્ય નિદાન તથા સારવાર માટે અન્ય મનના લક્ષણો વિષે ઊંડાણમાં જાણકારી મેળવી, શારીરિક તથા મનની વૈજ્ઞાનિક તપાસ કરવી જરૂરી છે.

મનની તપાસ સાથે ક્રોધિત વર્તણૂકનું મનોવૈજ્ઞાનિક પૃથક્કરણ નીચે પ્રમાણે કરાય છે.

- **ક્રોધિત વર્તણૂકનું મનોવૈજ્ઞાનિક પૃથક્કરણ :**

ક્રોધિત વર્તણૂકને નીચેના ત્રણ વિભાગોમાં વહેંચી પૃથક્કરણ કરવામાં આવે છે. વ્યક્તિ તથા કુટુંબીજનોને ડાયરીમાં આ ત્રણેય વિભાગમાં નોંધ રાખવાનું કહેવામાં આવે છે. જેમાં નીચેના મુદ્દાઓ આવરી લેવાય છે.

૧. ક્રોધિત વર્તણૂક પૂર્વે શું થાય છે? (Antecedent Incidences – **A**)

૨. ક્રોધિત વર્તણૂક (Behaviour – **B**)

*'સિન્સિયારિટી' ને 'મોરાલિટી' ભગવાન પાસે જવાનો 'મેઈન રોડ' છે, બીજા બધાં જ 'બાય વે' છે.*

૩. ક્રોધિત વર્તણૂક બાદ શું થાય છે? (Consequences - **C**)

નીચે જણાવેલા મુદ્દાઓની નોંધ રાખવા વ્યક્તિને સલાહ અપાય છે.

૧. ક્રોધિત વર્તણૂક પૂર્વ/પહેલા (A)

અ. ક્રોધિત વર્તણૂક પૂર્વેના પ્રસંગો ઘટના બનાવ કયા છે.

બ. ક્રોધિત વર્તણૂક પૂર્વે ચર્ચાનો વિષય કયો છે.

ક. ક્રોધિત વર્તણૂક કઇ વ્યક્તિ જોડે વધારે થાય છે.

૨. ક્રોધિત વર્તણૂક (B)

અ. ક્રોધિત વર્તણૂક કયા સમયે થાય છે. (timing)

બ. ક્રોધિત વર્તણૂક કેટલો સમય રહે છે. (duration)

ક. ક્રોધિત વર્તણૂકની માત્રા કેટલી છે. (degree)

ડ. ક્રોધિત વર્તણૂક કેટલી વખત થાય છે. (frequency)

૩. ક્રોધિત વર્તણૂક બાદ (C)

અ. બીજી વ્યક્તિના વર્તન, વાણી વિચારમાં શું ફેરફારો થાય છે.

બ. ચર્ચાના વિષયમાં શું ફેરફારો થાય છે.

ક. પરિણામમાં શું ફેરફારો થાય છે અને

ડ. છેવટે શું પરિણામ આવે છે.

| વર્તણૂક પૂર્વેના | વર્તણૂક | વર્તણૂક બાદ |
|---|---|---|
| પ્રસંગો | માત્રા | પરિણામ |
| વિષય | કેટલો સમય | બીજી વ્યક્તિમાં |
| વ્યક્તિ | કેટલો વખત | ફેરફાર |
| | | વિષયમાં ફેરફાર |
| **A** | **B** | **C** |

ઉપરના મુદ્દાઓ પ્રમાણે મનોવૈજ્ઞાનિક નોંધ તટસ્થપણે રાખવાથી ક્રોધિત વર્તણૂક કયા કારણોથી થાય છે (causes) તથા કયા મુદ્દાઓને લીધે ક્રોધિત વર્તણૂક જળવાઇ રહે છે (behaviour is maintained) એ વિશેની જાણકારી વ્યક્તિને તથા કુટુંબીજનોને અને મનોચિકિત્સકને મળે છે જે સારવાર માટે અત્યંત જરૂરી છે.

- **સારવાર :**

ક્રોધિત વર્તણૂક બદલવા માટે પ્રથમ પગલું છે, વ્યક્તિને મહેસૂસ થવું જોઇએ કે–

૧. એની ક્રોધિત વર્તણૂક યોગ્ય નથી.

૨. આ વર્તણૂકથી નુકસાન થાય છે.

૩. અપેક્ષિત પરિણામ ક્રોધિત વર્તણૂક કર્યા વગર પણ મેળવી શકાય છે.

૪. ક્રોધિત વર્તણૂક બદલવાની ખૂબ જરૂર છે. આગળ જણાવ્યા મુજબ ક્રોધિત વર્તણૂકની મૂળ બીમારીનું નિદાન કરી મૂળ બીમારીની સારવાર કરાય છે.

**૧. દવાઓઃ**

ન્યુરોલોજિસ્ટ તથા ન્યુરોસાઇકોલોજિસ્ટ સંશોધકોએ ન્યુરોટ્રાન્સમીટરની કાર્યવાહી અંગે ઊંડું સંશોધન કરી તેની રાસાયણિક પ્રક્રિયા વિશે જાણકારી મેળવી છે અને એવું શોધ્યું છે કે ક્રોધિત વર્તણૂક વખતે પ્રિફ્રન્ટલ કોરટેક્ષના ડોરસોલેટરલ (Dorsolateral Prefrontal Cortex) ભાગમાં ન્યુરોટ્રાન્સમીટરની માત્રામાં ફેરફારો થાય છે. દવાઓ આપવાથી ન્યુરોટ્રાન્સમીટરની માત્રા નોર્મલ થાય છે જેથી ક્રોધિત વર્તણૂક કાબૂમાં આવે છે. સીરોટોનિનની (Serotonin) માત્રા વધે એ પ્રકારની દવાઓ અપાય છે. આને લીધે ક્રોધિત વર્તણૂક કાબૂમાં આવે છે. દવાઓથી આંતરિક ફેરફારો થાય છે. સહન કરવાની ક્ષમતા વધે છે. પ્રતિભાવ તથા પ્રતિક્રિયામાં યોગ્ય ફેરફારો થાય છે. બાહ્ય વાતાવરણમાં ફેરફારો ન થવા છતાં ક્રોધિત વર્તણૂક પર કાબૂ મેળવાય છે.

**૨. મનોવિશ્લેષણ (કાઉન્સેલીંગ) (Psychotherapy) :**

ક્રોધિત વર્તણૂક પર કાબૂ મેળવવા માટે કોગ્નિટીવ બિહેવિયર થેરાપી (Cognitive Behaviour Therapy)ની જુદી જુદી પદ્ધતિઓ અપનાવાય છે. વ્યક્તિગત રીતે દર્દીમાં જે યોગ્ય હોય તથા દર્દી જે વ્યવસ્થિત રીતે અપનાવી શકે એ પ્રમાણેની પદ્ધતિઓ મનોચિકિત્સક દર્દીને સૂચવે છે.

વ્યક્તિના સ્વભાવ, વલણ, લાગણીશીલતા, અપેક્ષાઓ પર ધ્યાન કેન્દ્રીત કરી ક્રોધિત વર્તણૂકમાં ફેરફાર કરવા ચર્ચા કરાય છે. બીજી વ્યક્તિઓ જોડે વાતચીત કરવાની પદ્ધતિ, પોતાના મુદ્દાઓ રજૂ કરવાની પદ્ધતિ (communication skills) પર ધ્યાન કેન્દ્રિત કરી સંજોગો પ્રમાણે એમાં કેમ ફેરફાર કરવો એ બાબત કાઉન્સેલિંગ કરવામાં આવે છે.

***ક્રોધ આવતો હોય ત્યારે –***

૧. ક્રોધ આવવાના શરૂઆતના એ વ્યક્તિના ચિહ્નો વિશે જાગૃત રહેવું જરૂરી છે.

૨. એ વાતાવરણમાંથી થોડોક સમય દૂર થઇ જવું.

૩. શ્વાસોશ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરી મન શાંત કરવાનો પ્રયાસ કરવો જોઇએ.

૪. જે વિષયથી ક્રોધ આવતો હોય એ ચર્ચા બંધ કરવી જોઇએ.

ક્રોધિત વર્તણૂક થઇ ગયા બાદ એના માટે ઓપરેન્ટ કન્ડીશનીંગની (Operant conditioning) પદ્ધતિ ઉપયોગમાં લેવાય છે. નકારાત્મક પ્રોત્સાહનની (negative reinforcement) પદ્ધતિ અપનાવાય છે. વ્યક્તિ શાંત થયા બાદ એની લાગણીને ઠેસ પહોંચે અને એણે કરેલી ક્રોધિત વર્તણૂક યોગ્ય નથી એ સમજણ માટેની આ પદ્ધતિઓ છે.

દા.ત. ઘરની મહત્ત્વની વ્યક્તિ થોડો સમય ક્રોધ કરનાર વ્યક્તિ જોડે અબોલા લે છે. પોતાના હાવભાવથી નકારાત્મક વલણ વ્યક્ત કરે છે. મનગમતી પ્રવૃત્તિ થોડોક સમય જતી કરે છે. એક વખતનું ભોજન બંધ કરે છે વગેરે.

યોગ્ય દવાઓ તથા મનોવિશ્લેષણની પદ્ધતિથી ક્રોધિત વર્તણૂક પર કાબૂ મેળવવા અપેક્ષિત પરિણામો મળે છે.

- **સારાંશ :**

ક્રોધિત વર્તણૂક એક મનની બીમારીનું લક્ષણ છે. મૂળ બીમારીનું યોગ્ય નિદાન કરી મનોચિકિત્સા દ્વારા અપેક્ષિત પરિણામો મેળવી શકાય છે.

***(સંપૂર્ણ)***

*તિરસ્કાર અને નિંદા જ્યાં હશે ત્યાં લક્ષ્મી નહિ રહે.*

હળવું વાંચન

## બાળ વાર્તા

## વિક્રમ અને વૈતાળ

**(પ્રકરણ-૧૩)**

બાળ દોસ્તો.... મધરાત થતા રાજા વીર વિક્રમ પોતાની તલવાર કેડમાં લટકાવી સ્મશાનમાં પહોંચી જાય છે અને સિદ્ધવડ ઉપરથી ઊંધા માથે લટકતા શબને ઉતારી, ખભે નાંખી ચાલવા માંડે છે.

થોડે દૂર જાય છે ત્યાં વૈતાળ નવી વાર્તા કહેવાનું શરૂ કરે છે. મિથિલા નામની એક મોટી નગરી હતી. તેમાં વિજયસિંહ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને એક કુંવર હતો. કુંવર તથા રાજાને ઘોડેસવારીનો તેમજ શિકાર કરવાનો ખૂબ જ શોખ હતો અને બંને જણા લગભગ સાથે જ જુદા જુદા ઘોડા ઉપર સવાર થઈ શિકાર માટે જતા.

એક દિવસ રાજા અને કુંવર શિકાર કરવા માટે અલગ અલગ ઘોડા પર બેસી શિકાર માટે જંગલ તરફ ગયા. અને શિકારની શોધમાં તેઓ ઘણા આગળ નીકળી ગયા. થાક અને તરસ લાગવાથી તેઓ એક ઘટાદાર વૃક્ષ નીચે ઘોડા ઊભા રાખી ત્યાં નીચે ઉતરી આરામ કરવા બેઠા. આરામ કરતા કરતા રાજાનું ધ્યાન થોડે દૂર રેતીમાં પડેલ પગલાં તરફ ગયું. તેણે આ પગલાં કુંવરને બતાવી કહ્યું, ‘આ પગલાં સ્ત્રીઓના લાગે છે. આ પગલાં ઉપરથી જણાય છે કે તેમાં એક સ્ત્રી નાની અને બીજી સ્ત્રી મોટી ઉંમરની હશે.’

કુંવરે કહ્યું, ‘પિતાજી, નાના પગલાંવાળી સ્ત્રી સાથે હું લગ્ન કરીશ અને મોટા પગલાંવાળી સ્ત્રી સાથે તમે લગ્ન કરજો. આમ, નક્કી કરી બંને પગલાંની છાપે છાપે આગળ વધ્યા. થોડે દૂર ગયા ત્યાં જ બંને સ્ત્રીઓનો ભેટો થઈ ગયો. બંને સ્ત્રીઓ ખૂબ જ દેખાવડી હતી. અગાઉથી નક્કી કર્યા મુજબ મોટા પગલાંવાળી સ્ત્રી સાથે રાજા અને નાના પગલાંવાળી સ્ત્રી સાથે કુંવરે ઘડિયા લગ્ન કર્યા. બંને સ્ત્રીઓને પણ આનાકાની કર્યા વગર પરણી જવું પડ્યું. પણ થોડીવાર પછી અસલી વાતની ખબર પડી કે નાના પગલાંવાળી સ્ત્રી માતા હતી અને મોટા પગલાંવાળી સ્ત્રી દીકરી હતી કે જેને રાજા પરણ્યો હતો. બંનેને ખૂબ સંકોચ થયો છતાં નક્કી કરેલું હતું એટલે છૂટકો નહોતો. પછી ચારે જણા મહેલ તરફ રવાના થયા. રાજા અને કુંવર પોતપોતાની પત્ની સાથે પોતપોતાના મહેલ પહોંચી ગયા અને આનંદથી રહેવા લાગ્યા. થોડા સમય પછી આ બંને સ્ત્રીઓ ગર્ભવતી થઈ અને તેમને સંતાન થયા. બંને પુત્ર હતા.

વૈતાળે અહીં પોતાની વાર્તા પૂરી કરતા કહ્યું, ‘હે ન્યાયપ્રિય રાજા, આ બંને પુત્રો વચ્ચે કયું સગપણ ગણાય?’

અહીં વિક્રમરાજા મુંઝાયા. તેઓ ચૂપ રહ્યા. કોઈપણ જવાબ આપ્યા વગર તે વૈતાળને ખભે રાખીને આગળ ચાલવા લાગ્યા.

વિક્રમ રાજા તરફથી કોઈ જવાબ ન મળતા વૈતાળે કહ્યું, ‘હે રાજન, તમે જો જવાબ નહીં આપો તો તમને બ્રહ્મહત્યાનું પાપ લાગશે.’

વિક્રમ રાજા બ્રહ્મહત્યાના પાપથી જવાબ આપવા તો ઈચ્છતા હતા પણ તેમને જવાબ સૂઝતો નહોતો. ચાલતા ચાલતા તેઓ નગરના દરવાજા સુધી આવી પહોંચ્યા છતાં પણ કોઈ જવાબ સૂઝ્યો નહીં. બીજી બાજુ સ્મશાન ભૂમિ દૂર પડવાથી વૈતાળ પણ બેચેન બની અકળાયો. તેણે રાજાને કહ્યું, ‘હે વિક્રમ રાજા, હવે તમે મને સિદ્ધને સોંપી દેશો. પણ તમને ખબર નથી આ સિદ્ધપુરુષ મહાધૂર્ત માણસ છે. જ્યારે હું બ્રાહ્મણ પુત્ર છું.’

વૈતાળે રાજાને સિદ્ધપુરુષની સાધના અને તેની પાછળનો ખરાબ આશય રાજાને જણાવ્યો. વૈતાળની વાત સાંભળી રાજાને ગુસ્સો આવ્યો.

વાતને આગળ વધારતા વૈતાળે કહ્યું, ‘સિદ્ધ પુરુષને પોતાની સાધના પૂરી કરવા માટે હવે માત્ર બે જ બત્રીસ લક્ષણા પુરુષોની જરૂર છે. અને એક તો તમે અને બીજો હું છું. તેથી તે આપણા બેનો ભોગ આપી પોતાની સાધના પૂરી કરશે. તેની સાધના પૂર્ણતાને આરે છે. તમે મને સિદ્ધને આપશો, તો તે મને ઉકળતા તેલની મોટી કડાઈમાં નાખશે જેથી હું સોનાનું ઢીમ બની જઈશ.

ત્યારબાદ તમને બીજા દિવસે બોલાવશે અને પોતાની સાધના બતાવવાને બહાને તમને એ કડાઈની આજુબાજુ પ્રદક્ષિણા કરવાનું કહેશે અને જેવા તમે પ્રદક્ષિણા કરવા જશો કે તમને પણ સિદ્ધપુરુષ ઉકળતા તેલમાં નાંખી દેશે. આથી તે સિદ્ધની સાધના પૂરી થઈ જશે. સિદ્ધે સિદ્ધ કરેલ તેલથી તે ગમે ત્યારે ઈચ્છે એટલું સોનું બનાવી શકશે અને વધારામાં આ સિદ્ધ તેલ મૃત્યુ સંજીવનીનું પણ કામ કરી શકશે.

વૈતાળની વાત સાંભળી વિક્રમ રાજાને કમકમાટી છૂટી ગઈ. વિક્રમરાજાને વધુ ખાતરી કરાવવા માટે વૈતાળ, વિક્રમ રાજાને સિદ્ધના આશ્રમે લઈ ગયો અને ત્યાં પડેલી ઉકળતા તેલની કડાઈ, ખોપરીઓ, સોનાના ઢીમ વગેરે બતાવ્યા. આ બધું જોયા પછી રાજા વિક્રમને વૈતાળની વાત ઉપર વિશ્વાસ બેઠો. પછી રાજાએ વૈતાળને પૂછ્યું કે આમાંથી બચવાનો કોઈ ઉપાય હોય તો તે પણ જણાવ.

વૈતાળે વિક્રમ રાજાને સિદ્ધના પંજામાંથી બચવાનો ઉપાય રાજાને જણાવ્યો. ત્યારબાદ નક્કી કર્યા પ્રમાણે વિક્રમ રાજાએ વૈતાળને તે સિદ્ધ પુરુષને સોંપી દીધો. સિદ્ધે વિક્રમ રાજાને બીજા

*દરેક જોડે ‘એડજસ્ટમેન્ટ’ થાય, એ જ મોટામાં મોટો ધર્મ.*

દિવસે પોતાના આશ્રમે આવવાનું આમંત્રણ આપ્યું. ત્યારબાદ વિક્રમ રાજા મહેલે ગયા.

વિક્રમ રાજાના ગયા બાદ સિદ્ધે વૈતાળને ઉકળતા તેલમાં નાંખી તેમાંથી સોનાનું ઢીમ બનાવી લીધું અને બીજા દિવસની રાહ જોવા લાગ્યો.

સિદ્ધના કહ્યા પ્રમાણે વિક્રમ રાજા બીજા દિવસે સિદ્ધના આશ્રમે આવ્યા. સિદ્ધ વિક્રમ રાજાને ઉકળતા તેલની કડાઈ પાસે લઈ આવ્યો અને ચમત્કાર જોવા પ્રદક્ષિણા કરવા કહ્યું. રાજા વિક્રમ તો વૈતાળે કહ્યા પ્રમાણે બધું જાણતો જ હતો. તેથી સાવધાન બની ગયો. તેણે સિદ્ધ પુરુષને કઈ રીતે પ્રદક્ષિણા આપવી તે બતાવવા જણાવ્યું. આથી સિદ્ધ પુરુષ ઉકળતા તેલની કડાઈની આસપાસ પ્રદક્ષિણા ફરવા લાગ્યો. ત્યારે લાગ જોઈને વિક્રમ રાજાએ સિદ્ધને ઊંચકીને કડાઈમાં નાખી દીધો. કડાઈમાં પડતા જ સિદ્ધ પણ સોનાનું ઢીમ બની ગયો કારણ સિદ્ધ પણ બત્રીસ લક્ષણો જ હતો. અને આમ, બલિદાન પૂરા થતા વિધિ પૂર્ણ થતા જ તેલ પણ સિદ્ધ થઈ ગયું.

ત્યારબાદ રાજા વિક્રમે તે તેલ લઈ ત્યાં પડેલ બત્રીસ લક્ષણા પુરુષોના હાડકા ઉપર નાખ્યું. આથી બધા સજીવન થઈ ગયા. છેલ્લે વિક્રમ રાજાએ સિદ્ધના હાડકા ઉપર પણ તેલ નાખી તેને સજીવન કર્યો.

સિદ્ધે રાજા વિક્રમની ખરા હૃદયથી માફી માંગી અને કહ્યું કે હું લોભમાં અંધ બની ગયો હતો. તમે મને સજીવન કરી મને મારા પાપમાંથી ઉગરવાની તક આપી. હું આપનો ખૂબ ખૂબ આભારી છું. હવે પછી આવી કોઈ સાધનાઓ કરીશ નહીં. સિદ્ધે પોતાના હાથે જ વૈતાળને પણ સજીવન કરાવ્યો અને બધા સજીવન થયેલાની અંતઃકરણપૂર્વક માફી માંગી. સિદ્ધ થયેલ તેલ વિક્રમ રાજાને આપી દીધું અને પોતે તીર્થયાત્રાએ જતો રહ્યો.

વૈતાળે પણ વિક્રમ રાજાને રોજરોજ વાર્તાઓ કહી પરેશાન કરવા બદલ માફી માંગી અને પોતાને રસ્તે ગયો.

વિક્રમ રાજાએ તેલ તો લીધું પણ મહેલમાં આવી, ખાડો ખોદાવી તેમાં દાટી દીધું.

બાળ દોસ્તો, અહીં વિક્રમ વૈતાળની વાર્તાઓ પૂરી થાય છે. આશા રાખું કે આમાંથી તમને ગમી હોય તો મારી મહેનત લેખે લાગશે.

બસ, હવે પછી આગળના હપતાએ આ જગ્યા પર તમને ફરી મળવાનું નહીં કહું.... તો... આવજો... અંતમાં તંત્રીમંડળે લાંબા સમય સુધી વાર્તારૂપે મને સહન કર્યો તે બદલ ખૂબ ખૂબ આભાર.

*રજૂઆત : ગુલાબચંદ ધારશી રાંભિયા*

☺ ☺ ☺ ☺ ☺



# બાબુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે ફ્લેટમેં નીચે જોઈતારામ કાકા રેંતા... સે રિક્ષામેં આવ્યા તડેં બદામ ને ખારેકજી થેલી છણે પઈ વી તેર નીચે મણિકે ભેરા કે ચ્યાંતે ક, મુંજી બોય થેલીયું મલે વનઈયું તડેં આંઉ અનમેંજા અડધો માલ જો દાન કઈંધો... સે અનીંજી થેલીયું મલ્યું પોય દાન ક્યાં ક ન સે જરા તપાસ ત કર.

બચુડો : તપાસ કે ને ચેં... અનીંજી થેલીયું તા કોક ભલો માડુ અચે ને ડે વ્યો વો... પણ જોઈતાકાકા ભારી પક્કા નકર્યા. અડધે માલમેં કાકા ભદામજા છલટા ને ખારેકજે ઠોડિયેજો દાન ક્યાં.

## ખિલજા મ ભલા

અમથાલાલ : હવે તારી ઉંમર થઈ. પરણવાનું ક્યારે વિચારે છે?

ગાંડાલાલ : આખો દિવસ.

☺ ☺ ☺ ☺ ☺

મોહન : આપણે સાથે જમીએ તો કેવું?

સોહન : ઘણું સરસ.

મોહન : તો હું કાલે તારે ત્યાં જમવા આવીશ.

☺ ☺ ☺ ☺ ☺

જગનભાઈ : તમારી પત્નીને તમે વાંસળી શીખવા માટેનો જ આગ્રહ કેમ રાખો છો?

છગનભાઈ : વગાડતા વગાડતા રાગડા તો તાણે નહીં, માટે.

☺ ☺ ☺ ☺ ☺

અમૃતા : બહાર વરસાદ ખૂબ પડે છે. સાંજે અમારી સાથે જમી લેજે.

નમ્રતા : એટલો બધો ક્યાં પડે છે! અત્યારે નાસ્તાથી ચાલશે. વરસાદ વધશે તો પછી જોઈશ.

☺ ☺ ☺ ☺ ☺

ગગનભાઈ : મારે પાંચસો રૂપિયાની જરૂર છે. આપશો? આમ તો આકાશભાઈ રૂપિયા ધીરવા તૈયાર છે.

જગનભાઈ : તો પછી એમની પાસેથી કેમ નથી લેતા?

ગગનભાઈ : એમના જેવા સારા માણસની દોસ્તી ગુમાવવા જેવી નથી.

☺ ☺ ☺ ☺ ☺

ગ્રાહક : આ કચરા જેવું ખાવાનું હું નહીં ખાઈ શકું... તારા મેનેજરને બોલાવ.

વેઈટર : સાહેબ, એ પણ નહીં ખાઈ શકે.

☺ ☺ ☺ ☺ ☺

નેતા : (ભાષણ પૂરું કર્યા પછી શ્રોતાઓને) તમારે કોઈ પ્રશ્ન પૂછવો હોય તો પૂછો.

શ્રોતા : વંદે માતરમ ગાવાનું શરૂ કરું?

☺ ☺ ☺ ☺ ☺

ગ્રાહક : મારા કપડાં કાલે બુધવારે મળી જશે ને?

ઈસ્ત્રીવાળો : ના જી, શુક્રવારે લઈ જજો.

ગ્રાહક : તમે તો બોર્ડ માર્યું છે ને કે ચોવીસ કલાકમાં કપડાં ધોઈને પાછા....!

ઈસ્ત્રીવાળો : બોર્ડ સાચું છે પણ અમે સરકારી કાયદા પ્રમાણે રોજ આઠ કલાક કામ કરીએ છીએ.

☺ ☺ ☺ ☺ ☺

જિજ્ઞા : સ્ત્રીઓને ઘરકામમાં મદદરૂપ થાય એવા જાતજાતના યંત્રો શોધાયા છે. એમાં સૌથી ઉત્તમ કયું?

પ્રજ્ઞા : પતિદેવ.

☺ ☺ ☺ ☺ ☺

સેલ્સમેન : તમારા નાના મોટા કામ આપમેળે થઈ જાય એવા સાધનો વસાવવા છે?

કવિતા : ના...જી. હું પરણેલી છું.

☺ ☺ ☺ ☺ ☺

ટ્રાફિક પોલીસ : મેં હાથ ઊંચો કર્યો છતાં તમે કાર ઊભી કેમ ન રાખી?

ચાલક : મને એમ કે વિધાનસભ્યને જોઈ તમે સલામ ભરો છો.

ટ્રાફિક પોલીસ : મારે તો મેં ભરેલી સલામ તમે જોઈ કે નહીં એ જાણવું'તું. તમતમારે જાવ...

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*સામાને ખરાબ કહેવાથી કે ખરાબ જોવાથી*
*પોતે જ ખરાબ થઈ જાય છે.*
*લોકો સારા દેખાશે ત્યારે પોતે સારો થશે.*

*ક્રોધનો બચાવ કરવો, એ જ ક્રોધનો ખોરાક છે.*

હાસ્ય

હળવાશની ક્ષણોમાં

# પોલીસ પર લાઠીચાર્જ

• ચિત્રસેન શાહ •

એકવાર એવા સમાચાર મળ્યા હતા કે મહારાષ્ટ્રમાં એક જગ્યાએ પોલીસ ભરતી મેળામાં ધક્કામૂક્કી થઇ. તેમાં ભેગા થયેલા અને ગુસ્સે ભરાયેલા ઉમેદવારોએ (ભવિષ્યના પોલીસોએ!) વ્યવસ્થા ગોઠવવા ઉભેલા પોલીસ કર્મીઓ પર લાઠીચાર્જ કર્યો! આનું નામ તે અવળી ગંગા!

અમદાવાદ શહેરના ઇતિહાસ વિશે કહેવાય છે ને કે 'જહાં કુત્તે પર સસ્સા આયા, વહાં બાદશાહને અહમદાબાદ શહર બસાયા.' તેવું જ અહીં થયું ને! કૂતરા પર સસલો! ભરતી મેળામાં ઘરઘાટીઓ- રામાઓ પણ ગયેલા! (પોતાની કામગીરીમાં ડાઇવર્સીફીકેશન લાવવાના ઉદ્દેશથી! કોર્પોરેટ ક્ષેત્રનો રંગ બધે જ લાગે ને!) ગયા તો ભલે ગયાં પરંતુ સાથે કપડાં ધોવાનો ધોકા પણ લેતા ગયેલા! આ ધોકા વડે રામાઓએ પોલીસ કર્મીઓ પર લાઠીચાર્જ કર્યો! અમુક રામાઓને પોલીસોએ ભૂતકાળમાં હેરાન કર્યા હશે તેથી રામાઓએ તકનો લાભ લઇ પોલીસોને ધોકાથી મારી મારીને ધોઇ નાખ્યાં!

રોજ જેનાથી કપડાં ધોવાતા હતાં તેનાથી આજે પોલીસો ધોવાયા! આમેય તે પોલીસોની મથરાવટી મેલી જ હોય છે. જેને આજે ઉજળી કરવાનો પ્રયાસ થયો!

અમારો પદ્મશ્રી રામો પણ તે ભરતી મેળામાં ગયેલો. ફક્ત તમાશો જોવા જ! તેની પાસેથી ઉપરોક્ત સમાચાર અમને જાણવા મળ્યા હતા! અમારો ફોરેન રીટર્ન રામો કઇ રીતે પદ્મશ્રી બન્યો તેનો પણ ઇતિહાસ છે! ચાલો જોઇએ ફ્લેશબેક!

આઇ.એફ.એસ. (ઇન્ડિયન ફોરેન સર્વિસ)માં એક ઉચ્ચ અધિકારીની ઓફિસમાં પટ્ટાવાળા તરીકે અને તેને ઘેર રામા તરીકે એમ ડબલ રોલમાં કામ કરતાં કરતાં તેના નસીબ આડેનું પાંદડું ખસી ગયું અને તેને તેના સાહેબની સાથે જ ફોરેન જવાનો ચાન્સ મળી ગયો! ઓફિસરની 'ગુડબુક'માં રહેનારને આવા ચાન્સ હંમેશાં મળી જતાં હોય છે.

દર વર્ષે પ્રજાસત્તાક દિને - ૨૬ મી જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ તે વર્ષમાં અમુક સામાજિક ક્ષેત્ર કે અન્ય ક્ષેત્રોમાં અનન્ય સિદ્ધિ મેળવનાર કે સેવા કરનાર વ્યક્તિને પદ્મશ્રી, પદ્મભૂષણ કે પદ્મવિભૂષણના ઇલકાબથી નવાજે છે. જો કે છેલ્લા કેટલાક વર્ષોથી તે પ્રથા પણ પ્રદૂષિત થઇ ગઇ છે! અહીં પણ પ્રદૂષણે પોતાનો પ્રભાવ ફેલાવ્યો છે! તેમાં શ્રેષ્ઠતા કરતાં બીજા ઘણાં પરિબળો કામ કરી જાય છે! રાજકારણીઓ કે અધિકારીઓની દખલગીરી, સિલેકશન કમિટી મેમ્બર્સની પર્સનલ ગમા-અણગમા જેવી બાબતો વગેરે પણ અસર કરી જાય છે! સાહિત્ય સહિત જિંદગીના દરેકે દરેક ફિલ્ડમાં આ દૂષણે પોતાનો પંજો ફેલાવ્યો છે!

એક ન્યૂઝપેપરમાં વાંચેલ સમાચાર પ્રમાણે છેલ્લા પ્રજાસત્તાક દિને જાહેર થયેલા પદ્મશ્રીઓના લીસ્ટમાં એક મિ. ચટવાલનું નામ પણ હતું! આ મિ. ચટવાલ મૂળ ભારતીય પણ અમેરિકામાં હોટેલ-રેસ્ટોરન્ટનો બિઝનેશ ધરાવતો હતો!

આ ઇલકાબ મેળવવામાં તેનો ફાળો શું હતો તે જાણવું છે?? દિલ્હીના રાજકર્તાઓ- રાજકારણીઓના કુટુંબ કબીલા જયારે અમેરિકાનો પ્રવાસ ખેડે ત્યારે તેમને વી.આઇ.પી. ટ્રીટમેન્ટ આપવી! હવે એ 'પદ્મશ્રી મિ. ચટવાલ' પોતાની રેસ્ટોરન્ટમાં વટ સાથે ગ્રાહકોનો પીઝા પીરસી રહ્યા છે! વળી અલગ અલગ વેરાયટીના પીઝામાંથી એક વેરાયટીના પીઝાનું નામ પણ તેણે- 'પદ્મશ્રી પીઝા(!)' રાખ્યું છે! લાગતાં વળગતાને આપેલ વી.આઇ.પી. ટ્રીટમેન્ટનો ખર્ચ એ પીઝા પર ચડે છે!

આ રીતે જ અમારો વર્તમાન રામો જે ભૂતકાળમાં આઇ.એફ.એસ. અધિકારીનો પટ્ટાવાળો હતો તે પદ્મશ્રી થઇ ગયો હતો! અમારા એક મિત્રે કહ્યું કે- 'હાસ્ય લેખ લખવા માટે આ શિર્ષક સારું છે- 'પટ્ટાવાળો બન્યો પદ્મશ્રી!'

અમુક વર્ષો પછી જ્યારે પેલા ઓફિસર રીટાયર થઇને દેશમાં આવ્યા ત્યારે તેના પટ્ટાવાળાને પણ પરદેશ છોડવું પડ્યું! તે પણ રીટાયર થવાની તૈયારીમાં જ હતો એટલે તેણે બીજી નોકરી શોધવાનું શરૂ કર્યું. તેજ અરસામાં અમારે ઘરકામ માટે રામાની જરૂરત હોવાથી અમે ન્યૂઝપેપરમાં જાહેરાત આપી હતી. જેના જવાબમાં એ અમારે ત્યાં આવ્યો હતો. તેણે આવીને અમારા હાતમાં તેના સર્ટીફિકેટ્સની ફાઇલ મૂકી.

અમે આખી ફાઇલ જોઇ. જેમાં છેલ્લું સર્ટીફીકેટ હતું તે- પદ્મશ્રી અંગેનું હતું! અમે બે ઘડી તો તેને જોઇ જ રહ્યા! અડધા ઉભા જેવા પણ થઇ ગયાં! તેના પ્રત્યેની અમારી સદ્ભાવના બેવડાઇ ગઇ! અને અમે તેને ઇન્સ્ટન્ટલી રામા તરીકે રાખી લીધો! આથી મે એક કાંકરે બે પક્ષી...! (જૈન હોવાને નાતે પક્ષીને મારવાનો જીવ નથી ચાલતો-પેપર પર પણ નહીં!) એક તો ઘરનો મહિલા વર્ગ ખુશ થઇ ગયો અને બીજું કે મારા મિત્ર વર્તુળ અને સગાં સંબંધીઓમાં એવી છાપ પડી કે મિ. શાહનો તો રામો પણ પદ્મશ્રી(!) છે!

પણ કહેવત છે કે સુખના દિવસો બહુ લાંબા ચાલે નહીં! અમારા કેસમાં એવું જ થયું! અમારે ઘેર હોળી તો ખરેખર હોળી પછી જ સળગી!

હોળીનો તહેવાર ઉજવવા રાજસ્થાન ગયેલો રામો હોળી પછી માર્ચ મહિનાના છેલ્લા

*કોઈ પણ માણસને આપણા નિમિત્તે કષ્ટ કે દુઃખ ના થાય, તેનું નામ આત્મધર્મ.*

દિવસો સુધી દેખાયો નહીં! અમે તેના આવવાની આશા છોડી દીધી હતી ત્યાં જ ૩૧ મી માર્ચે પત્ર આવ્યો! પત્ર વાંચીને અમે ચોંકી ગયા!

પત્રમાં તેણે લખ્યું હતું-

'એક વાર આઇ.પી.એલ.ની રાજસ્થાન રોયલ્સની ટીમ જેમાં રમતી હતી તે મેચ હું જોવા ગયેલો ત્યારે અકસ્માતે રાજસ્થાનની ટીમના માલિક શિલ્પા શેટ્ટીને મળવાનું થયું! મારા 'પદ્મશ્રી'ના ઇલકાબને કારણે તેણે મને રૂમ અટેન્ડન્ટ તરીકે નોકરીએ રાખી લીધો છે! તેથી હવે હું આપને ત્યાં આવી શકીશ નહીં તો માફ કરશો

લિ. ડુંગરશીના રાધેકૃષ્ણ

ઉપરોક્ત પત્રની નીચે તેણે લખ્યું હતું-

'હવે પાનું ફેરવો!'

અમે પાનું ફેરવ્યું તો અમે ફરીથી ચોંકી ગયાં! કારણે કે તેમાં તેણે લખ્યું હતું-

'આપના ઘરના મહિલા મેમ્બર્સ પર આભ તૂટી પડવા જેવું થાય તે પહેલા જ ફોડ પાડી દઉં કે — "આવતી કાલે પહેલી એપ્રિલ છે - સમજયા! હું આવતીકાલે હાજર થઇશ!"

આનું નામ જ-

'એપ્રિલફૂલ ૩૧ મી માર્ચે!'

*પ્લોટ નં.-૩૧૪/એ, સેક્ટર-૨૦,*
*રાજશ્રી સિનેમા પાસે,*
*ગાંધીનગર-૩૮૨ ૦૨૦. ફોન : (૦૭૯) ૨૩૨૬૦૫૮૨*

## સ્વ. કનુભાઈ મહેતા

*(અનુસંધાન પાના નં.-૪૮ ઉપરથી ચાલુ)*

સાહિત્ય, કળા અને સુસંસ્કારનાં ઋચિ અને સિલસિલો એમના પરિવારમાં પણ જળવાયા કર્યો છે. એમને ત્રણ પુત્રીઓ અને એક પુત્ર છે. પુત્ર નિશિથ મહેતા એમના પત્ની ખ્યાતિ સાથે અમેરિકામાં કાયમી સ્થાયી થયેલા છે. એક પુત્રી પ્રીતિ શાહ સ્વર્ગવાસી થયા છે. બે પુત્રીઓ : સ્વાતિ ગાલા અને નેહા મહેતા અમદાવાદ ખાતે સ્થાયી થયેલા છે, કનુભાઇના પત્ની પંકજબહેન મહેતા યા અમદાવાદ યા અમેરિકા રહે છે. એમને અને પુત્રી સ્વાતિ ગાલાના સાહિત્ય વાંચન શોખ અને સેવાભાવના સતત સચવાયેલા રહ્યાં છે. એમના સંપર્ક માટેના મોબાઇલ ફોન નંબર ૯૯૨૪૮૫૧૧૨૧ છે.

*(મો.) ૦૯૯૩૦૬૬૦૨૪૨*

## તુલસી અનુભૂત પ્રયોગો

*(અનુસંધાન પાના નં.-૫૮ ઉપરથી ચાલુ)*


હોય તો દિવસમાં બે-ત્રણ વાર એનું સેવન કરી શકાય છે.

(૮) જે લોકો ચા અને તમાકુનાં વ્યસનોથી મુક્ત થવા માંગે છે તેઓ ચા કે તમાકુને બદલે તુલસીના ઉકાળાનો ઉપયોગ કરે. તુલસીની સાથે કાળાં મરી ચાવે. આ રીતે તુલસીના સેવનથી દારૂની લતમાંથી પણ મુક્તિ મળે છે.

(૯) તુલસીનાં પાન, બીજ તથા ડાળખીઓ ઔષધિનું કામ કરે છે. તેનાં મૂળથી જ્વરનો પ્રકોપ શાંત થઇ જાય છે. તેનાં બીજ વીર્યને ગાઢું કરે છે. તે પાચનશક્તિ વધારવાનો અદ્ભુત ગુણ ધરાવે છે.

(૧૦) વજન વધારવું હોય કે ઘટાડવું હોય, તુલસીના સેવનથી શરીર સ્વસ્થ અને સુડોળ બને છે. મંદાગ્નિ, કબજિયાત, ગેસ, અમ્લતા વગેરે રોગોને માટે તુલસી રામબાણ ઔષધિ સિદ્ધ થઇ છે.

***પ્રેષક : શાંતિલાલ ગાલા***




### અન્ય કચ્છીઓને શ્રી કચ્છી જૈન ભવન પર સુવિધા આપવા સૂચન

એપ્રિલનો અંક નિરાંતે વાંચ્યો. માહિતીસભર વિવિધ પાસાંઓને આવરી લેતો અને સુઘડ તથા સુંદર અંક જોઈને ખૂબ આનંદ અનુભવ્યો. ભાઈ પ્રવીણચંદ્ર શાહ દ્વારા ભૂકંપ અંગેના લેખો તેમજ નર્મદા અંગેની વિગતવાર આધારો સાથેની છણાવટ દાદ માંગી લે તેવી છે.

આથી અગાઉ સોહામણો સૂર્યાસ્તના મથાળા હેઠળ આવેલ લેખો વરિષ્ઠ નાગરિકોએ ચિત્તમાં કંડારવા જેવા હતા. જેની ઝેરોક્ષ નકલો કરાવી તેનો પ્રચાર કરું છું.

એપ્રિલના અંકમાં મગનભાઈ સંઘવી દ્વારા સરવૈયું અપાયું છે તે ખરેખર વિશ્લેષણાત્મક માહિતી આપે છે અને તેમણે તે માટે લીધેલ મહેનત દેખાઈ આવે છે.

વિશેષમાં એક સૂચન કરું. કચ્છના ઘણા ભાઈઓ પોતપોતાના કામ અંગે અમદાવાદ આવે જાય છે. મોટાભાગે સાબરમતીથી આ બાજુના વિસ્તારોમાં તેમના કામકાજ હોય છે. તેમને અમદાવાદમાં આવી, ફ્રેશ થઈ કામ પતાવી, સાંજે નીકળી જવાનું હોય છે. આવા લોકોને આ અંગે ઘણી મુશ્કેલી થાય છે. શાહીબાગ ઘણું દૂર પડે છે અને આવવા જવામાં ઘણો ખર્ચ થાય છે. આથી આપના સમાજની પાલડીની સંસ્થામાં જો એકાદ રૂમ ફાળવી માત્ર બે-ચાર કલાક ફ્રેશ થવા અને કપડાં બદલવા કે કલાકેક આરામ કરવા પૂરતી સગવડ અપાય તો ઘણી ઉપકારક બને. પાલડીની સંસ્થામાં આરોગ્ય સારવારની પણ સારી સુવિધા છે. તેનો લાભ લેવાવાળાને પણ આ બાબત જરૂરી સુવિધા મળે. આથી કચ્છીઓ માટે નાતજાતના ભેદ વિના પાલડીમાં મર્યાદિત ધોરણે પણ આવી સુવિધા અપાય તો ઉપકારક બને. આપની good officesનો ઉપયોગ કરી આપ આવી સુવિધા ગોઠવાવી શકો તેવી અપેક્ષા છે.

*શશીકાંત મો. ઠક્કર - માધાપર, ભુજ*

• • • • •

### જૈન સંસ્થાઓના સંમેલનની ફળશ્રુતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, કચ્છ બહારની પરંતુ ગુજરાત સ્થિત કચ્છી જૈન સંસ્થાઓના પદાધિકારીઓ, કાર્યકરોનું અમદાવાદ કચ્છી જૈન ભવન ખાતે સંમેલન યોજી ખૂબજ જરૂરી એવી પહેલ કરી છે. આમ પણ જાગૃત એવા અમદાવાદ સમાજે ભારતભરમાં આવેલા કચ્છી સમાજોને સામાજિક કાર્યો માટે ઘણી બધી રીતે માર્ગદર્શન આપ્યું છે, આંગળી ચીંધી છે અને અન્ય સમાજોએ તેમાંથી પ્રેરણા લીધી છે.

આજની વર્તમાન પરિસ્થિતિને નજર અંદાજ કરીએ તો આજનું આ સંમેલન ખરેખર યોગ્ય સમયે ગોઠવવામાં આવ્યું. આજે જ્યારે દરેક સંસ્થાએ સંગઠનની ખાસ જરૂર છે કારણકે ચેરિટી કમિશનર, રાજ્ય સરકાર, સ્થાનિક પંચાયત કે નગરપાલિકાના નવા નવા કાયદા અને તેનાથી ઉદ્ભવતી વિપરીત અસરોનો સામનો - પ્રતિકાર કરવા, રજૂઆત કરવા સંગઠન હોવું અત્યંત જરૂરી છે.

નમ્ર સૂચન : ૨૫ જિલ્લા અને ૨૨૩ તાલુકા ધરાવતા ગુજરાત રાજ્ય જેમાં ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, વલસાડ અને ડાંગ એમ સાત જિલ્લા અને ૩૮ તાલુકાનો બનેલો દક્ષિણ ગુજરાત જેમાં કચ્છી હાલારી જૈન, કચ્છી વીસા ઓસવાલ જૈન, કચ્છી દસા ઓસવાલ જૈન, વાગડ વીસા ઓસવાલ જૈન, કચ્છી ગૂર્જર જૈન અને વાગડ સાત ચોવીસી ગૂર્જર જૈન — આ તમામ જૈન સમાજોના અંદાજે ૭૨૦૦ જૈનોની વસતિ ધરાવતા દક્ષિણ ગુજરાતનો એક વિભાગીય એકમ રાખવો — એવી જ રીતે ૧૦ તાલુકા ધરાવતા કચ્છ ભુજ અને ૭૨ તાલુકા ધરાવતા સૌરાષ્ટ્ર અને રાજકોટને, ૪૬ તાલુકા ધરાવતા ઉત્તર ગુજરાતના મહેસાણા અને ૫૭ તાલુકા ધરાવતા મધ્ય ગુજરાતના અમદાવાદને વિભાગીય એકમ બનાવવા. અહીં ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના અમદાવાદને જોડી દઈ એક વિભાગ - એક એકમ રાખવો. આમ, ચાર વિભાગમાં વહેંચાયેલા ગુજરાતના કચ્છી જૈન સમાજની "ફેડરેશન ઓફ ગુજરાત કચ્છી જૈન સમાજ"ની સ્થાપના કરી શકાય અને જો આ શક્ય બને તો ભારતની પ્રતિષ્ઠિત વેપારી સંસ્થાઓ જેવી કે દિલ્હી સ્થિત "ફીકી" કે મુંબઈ સ્થિત "ઈન્ડિયન મર્ચન્ટ ચેમ્બર" જેવી જૈનોની આ સંસ્થા મોભાદાર બની શકે અને જેના માધ્યમ દ્વારા કેન્દ્ર કે રાજ્ય સરકાર, ચેરિટી કમિશનર ઉપરાંત જરૂર જણાતા રેલવે / એસ.ટી. કે અન્ય નિગમો પાસે યોગ્ય રજૂઆતો દ્વારા ધાર્યું કામ આસાનીથી કરી શકાય. ઉપરાંત તેમના કાર્યકારી બોર્ડમાં પણ આપણા પ્રતિનિધિઓનો સમાવેશની માંગણી કરી શકાય અને ખાસ તો સમાજ માટે જરૂરી એવા ઉચ્ચ કેળવણીવાળા જરૂરતમંદોને સ્કોલરશિપ / લોન આપવા દાતાના નામ સાથેનું એક સ્વતંત્ર ભંડોળ એકત્રિત કરી શકાય. ઉપરાંત જેની અતિ આવશ્યક્તા છે એવા માંદગીમાં આજની મોંઘી સારવાર માટે અમદાવાદ - સુરત - વાપીની હોસ્પિટલોમાં સમાજના નામે અનામત બૅડ રાખી શકાય. મોટા શહેરો માટે એમ કહેવાય છે કે 'રોટલો મળે પણ ઓટલો ન મળે' ત્યારે એના નિવારણ માટે દાતાઓના દાનથી આવાસ યોજના બનાવી સમાજના જરૂરતમંદોને જગ્યા ફાળવી ખરેખર સમાજના નીચલા વર્ગને ખૂબ જ ઉપયોગી થઈ શકાય. અને છેલ્લે રાજ્યના અતિ રમણીય બીચ ધરાવતા તીથલ જેવા સ્થળે સમાજનું આરોગ્ય ભવન - અતિથિ ગૃહ બનાવી શકાય.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા યોજાયેલા સંમેલનમાં આ દિશામાં પહેલ કરવાની આયોજકોએ ખૂબ જ સારી તક પૂરી પાડેલ છે. આયોજકોને આ સંમેલન માટે ખૂબ ખૂબ અભિનંદન અને તેમનો આ પ્રયાસ કામિયાબ નીવડે એવી શુભેચ્છા.

*અમૃતલાલ ડી. ગાલા - વાપી*

• • • • •

*કોઈ પણ વસ્તુનો શોખ હોય તો તે નબળાઈ કહેવાય.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કામગીરી

અમદાવાદ જૈન સમાજની કાબેલિયતભરી આયોજન શક્તિ અને સંઘ / સમાજની સેવા સમર્પિત સર્વે ટ્રસ્ટીગણ, અધિકારીઓ અને કાર્યવાહક સમિતિને હૃદયપૂર્વક ખૂબ ખૂબ અભિનંદન.

અમદાવાદ જૈન સમાજના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી ડૉ. ચંદ્રકાંતભાઈ કાનજી દેઢિયા ૭૭ વર્ષની વયે પણ લોખંડી સંકલ્પ શક્તિ ધરાવનાર, યુવાન જેવો તરવરાટ અને સમાજ સેવા સમર્પિત યોગદાન અને શિસ્તબદ્ધ કાર્યનાં આગ્રહીનાં કાર્યો ખરેખર કાબિલે દાદ છે.

એ જ પ્રમાણે મંગલ મંદિર સામયિકના ભૂતપૂર્વ મુખ્યતંત્રી શ્રીમતી ચંદ્રિકાબહેન ચંદ્રકાંતભાઈ દેઢિયા જેમણે ૨૨ વર્ષોથી સમાજની સમક્ષ સામાજિક તેમજ વિવિધ ક્ષેત્રે ગુજરાત અને કચ્છનાં કચ્છી સમાજને લગતા વિવિધ પ્રશ્નોની છણાવટ સાથે મંગલ મંદિરના પ્રકાશન દ્વારા અમૂલ્ય સેવા સમાજને સમર્પિત કરી છે.

મંગલ મંદિરના હાલના તંત્રી તથા અમદાવાદ જૈન સમાજના પ્રમુખ શ્રી અશોકભાઈ મહેતાની વિવિધલક્ષી કાર્યોની છણાવટ સાથે સેવા સમર્પિત યોગદાન ખરેખર ખૂબ જ પ્રશંસનીય છે. એમના દરેક તંત્રીલેખો તથા નર્મદાનાં નીર યોજનાનાં લેખોની મનનપૂર્વક ઊંડાણભર્યો અભ્યાસ આપણને એમની સમાજ સમક્ષ સચોટ અભિવ્યક્તિ બદલ ખૂબ ખૂબ અભિનંદન.

એજ પ્રમાણે અમદાવાદ જૈન સમાજનાં સર્વ કાર્યશીલ અને કર્તવ્યનિષ્ઠ ટ્રસ્ટીઓ, અધિકારીઓ અને કાર્યવાહક સમિતિઓની સામાજિક તેમજ વિવિધલક્ષી કાર્યોને સંપન્ન કરવાની શિસ્તબદ્ધ પદ્ધતિ ખૂબ જ પ્રશંસનીય છે.

આ સંપૂર્ણ કાર્યનાં સાક્ષીરૂપે અમદાવાદ જૈન સમાજે મુંબઈમાં તા. ૫-૯-૨૦૦૪ના ચેમ્બુરમાં સુમતિ ગૂર્જર ભવન સભાગૃહમાં આખા દિવસનો સંપૂર્ણ 'કચ્છની પ્રગતિનો સેમિનાર'નો કાર્યક્રમ યોજ્યો હતો. જેમાં કચ્છનાં લોકસભ્ય, વિધાનસભ્યો તથા મુંબઈ અને સમગ્ર ગુજરાતનાં કચ્છી સમાજનાં વિવિધ અગ્રણીઓ, સમાજ સેવકો, કાર્યકરોને આમંત્ર્યા હતા. આ સેમિનારમાં મેં પણ હાજરી આપી હતી. સેમિનારમાં કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની સ્થાપનાની રજૂઆત કરી હતી. જે "વાણી અને વર્તન"ની સમાજ સમક્ષ ભાવ પ્રદર્શિત કર્યા હતા, એ જ વાણી એટલે વચનબદ્ધતા અને વર્તન એટલે કાર્ય કરવું. આજ દિન સુધી કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ તેમજ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની રોજના કાર્યોની પ્રગતિનો અહેવાલ દર મહિને મંગલ મંદિરમાં છાપીને સમાજ સમક્ષ રજૂ કરવામાં આવે છે એ સર્વે ટ્રસ્ટી ગણનો સમાજ માટેનો કર્તવ્ય પરાયણતાનો અનેરો દાખલો જૈન સમાજમાં બેસાડ્યો છે. તે બદલ સર્વેને ખૂબ ખૂબ હૃદયપૂર્વક અભિનંદન.

***ખીમજી મોમાયા મામણિયા***

• • • • •

## શ્રેણી ચાલુ રાખવામાં આવે

શ્રી શાંતિલાલ વ. શાહના 'મજાના અંગ્રેજી શબ્દો અને શબ્દોની મજા'ના મથાળા હેઠળ મંગલ મંદિરમાં પ્રગટ થયેલા ૭ લેખો રમૂજપ્રેરક છતાં જ્ઞાનવર્ધક હતા. તેઓએ આ ૭ લેખો દ્વારા વાચકોમાં જ્ઞાનનો જે ઉમેરો કર્યો તે સરાહનીય છે. તેમને વિનંતી કરવાની કે અંગ્રેજી ભાષામાં હજી પણ ઘણી ખૂબીઓ હશે. તેઓ જો આ શ્રેણી ચાલુ રાખે તો વાચકોને ઘણું ઘણું જાણવાનું મળશે.

***પોપટલાલ નેણશી ધરોડ - અમદાવાદ***

• • • • •

## વિશ્રામ ગૃહની સુવિધા

કચ્છી સમાજ - અમદાવાદના કાર્યકરોનો હૃદયસ્પર્શી અનુભવ થયો. અમારી સંસ્થાના એક કર્મચારીને કેન્સર છે. તેનું નિદાન થતાં મારા ધર્મપત્ની કે જે ગઢસીસામાં આચાર્યા છે તેઓ અને અમારી સાથે કામ કરી ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે સ્વૈચ્છિક રીતે નિવૃત્ત થયેલા ગણપતભાઈ કેન્સર હોસ્પિટલ અમદાવાદ લઈ ગયા.

કચ્છી વિશ્રામ ગૃહનો આશ્રય રહેવા માટે મળ્યો. ત્યાં જનાર દરેક દર્દીને હોસ્પિટલની માહિતી - મદદ માટે ખાસ ભાઈ છે એ જાણી નવાઈ લાગી. માનવતા ને મેનર્સ બંનેનો અનુભવ સૌએ કર્યો.

આવી સુંદર આયોજનબધ્ધ મદદ, વ્યવસ્થા માટે તમામ ભાઈઓનો આભાર.

આ વાત હજી તો ઘણી લાંબી થશે. ૧૭-મે ઓપરેશનની તારીખ મળી છે. ગઢસીસાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ને દાતાઓ આર્થિક રીતે તો સાચવી લેશે પણ કેન્સર હોસ્પિટલ, તપાસો, તારીખ મળવી, ઓપરેશન અને તે પછી શું?

માનસિક સધિયારો અને રહેવાની સુવિધા ઉપરાંત ચા-પાણી-નાસ્તો - જમવાનું આ બધું સચવાય તો જ દર્દી અને સગાંવહાલાં નિરાંતે સારવાર કરાવી શકે.

નીતિનભાઈએ ખૂબ સારી મદદ કરી.

બહેનો એકલા પણ ઓછા ખર્ચે સારી રીતે રહી શકે એ વાત પણ ગમી. હોસ્પિટલની નજીક નાતજાતના ભેદભાવ વગર આવી સેવા આશ્ચર્ય ને આનંદ ઉપજાવે છે.

***રમેશ છબીલાલ દવે - ગઢશીશા***

• • • • •

## ગુજરાતી ભાષાનું ભવિષ્ય

આ લેખ લખનાર બહેન સલોનીને મારા હાર્દિક અભિનંદન! બહુ જ સારા વિચારો અને ખેવના સાથે તેણીએ આ નિબંધ લખ્યો છે. પોતાની માતૃભાષા પ્રત્યે ખરા અંતરથી કથાવ્યથા કહી છે. બહેન સલોની, તારી આશા અમર રહેશે કેમકે આવું વાંચીને બધાય ગુજરાતીઓને પોતાની ભાષાના ભવિષ્ય વિશે ચોક્કસ વિચારો આવશે. ગુજરાતી ભાષા પ્રત્યે બધાને ખૂબ જ આદર છે, ખૂબ માન છે જ.

*જે આપણું 'હાર્ટ' કબૂલ ના કરે તે ખોરાક ખાવો નહિ અને ખાશો તો 'હાર્ટ-ફેઈલ' થશે.*

પણ વિદેશી ભાષા સાથે નાતો જોડવામાં જરા આપણે આપણી ભાષા પ્રત્યે થોડા બેદરકાર રહ્યા છીએ. આજકાલ રોજી રોટી કમાવવા માટે દરેક જુવાન ફોરેન જવાની આશામાં અન્ય દેશની ભાષા શીખવા માંડે છે. પણ એવું તો ન હોઈ શકે કે એને ગુજરાતી પ્રત્યે અભાવ હોય. એ તો બહાર જતા કે રહેતા જુવાનોને અફસોસ પણ હોય છે. પરંતુ અત્યારે ગ્લોબલાઈઝેશનના કારણે દુનિયાની દરેક ભાષામાં ધ્યાન આપવું પડે છે. આપણા દેશમાં પણ એકલા ગુજરાતી ભાષાથી નથી ચાલતું. હા, એટલું જરૂર કહીશું કે બાળક જ્યારે બોલતું શીખે છે ત્યારે એના મા-બાપ જ નાનપણથી એને ઇંગ્લીશ ભાષાના જ શબ્દો તરફ દોરી જાય છે. અને બાળક સ્કૂલમાં જાય ત્યારે લગભગ ઇંગ્લીશ મીડિયમમાં જ ભણાવતા હોય. તેથી એ બાળક ગુજરાતી પ્રત્યે ધ્યાન નથી આપી શકતું. જેનું બેઝીક જ નબળું હોય ત્યારે તે ગુજરાતી ભાષા બોલી તો શકે પણ વાંચતા - લખવામાં તકલીફ પડે છે. આપણી ગુજરાતી ભાષાનું ભવિષ્ય ઉજળું છે જ. જરા ધૂળ ચડી ગઈ છે તે ખંખેરી નાંખીએ એટલે બસ. ધૂળ એટલા માટે શબ્દ વાપર્યો છે કે આપણે ગુજરાતી ભાષા પ્રત્યે થોડા ઘણા બેદરકાર રહ્યા છીએ. આપણા દિલને ઢંઢોળીશું તો ચોક્કસ સારું પરિણામ આવશે જ.

*અલ્કા એ. સંઘવી*

• • • • •

## હું આભારી છું

આપશ્રીએ મારા મફત "English Classes"ની જાહેરાત મંગલ મંદિરના કિંમતી પાનાઓમાં, ઉત્સાહથી અને વળી વેકેશનના સોનેરી સમયે જ કરી તે માટે હું અત્યંત આભારી છું. વાચકો લાભ લેવામાં કાચા પડ્યા તે જુદી વાત છે.

જેના ગુજરાતી નિબંધ માટે સૌએ બિરદાવી તે ચિ. સલોની વિશે બે શબ્દો. આ એક જ વાચક (THE ONLY ONE!) જેણે અંગ્રેજી ભણવા અંગેની મારી બંને લેખ શ્રેણીઓમાં રસ દાખવ્યો છે! 'આંજો કાગર'માં તેણે બંને વખતે, ૨૦૦૫ અને ૨૦૦૯-૧૦માં આ અંગે લખ્યું છે. ૨૦૦૫ની શ્રેણી, 'અંગ્રેજી ભણવું અઘરું નથી' ત્યારે તો તે ધોરણ-૮મા ભણતી ઢીંગલી હતી! ત્યારથી એવું લાગેલું કે આ વિદ્યાર્થિની બીજા કરતાં જુદી છે, પોતાનો જુદો ચીલો ચાતરે એવી છે. ટોળામાંથી બહાર નીકળી જાવ, તો જ તમે ઝડપથી પ્રગતિ કરી શકો.

૧૨૦૦૦થી વધુ શબ્દોના ૧૧ લેખોનો પ્રતિભાવ જુઓ. ચિ. સલોની સિવાય અન્ય બે! આમ કુલ ત્રણ – ૩ ફક્ત! શિક્ષણમાં રસ હોય એવા વાચકોની કે અંગ્રેજીમાં રસ હોય તેવા વિદ્યાર્થીઓ અંગે કશું જ લખતો નથી.

કચ્છીભાષીઓ પણ સારું - સાચું ગુજરાતી લખી શકે તે વાત ચિ. સલોનીએ સારી પેઠે પુરવાર કરી. અનેક વાચકોએ તેને બિરદાવી, બહુ ગમ્યું. એને શુભેચ્છાઓ.

બીજું, આજ પર્યંત અમે મળ્યા નથી, વાત કરી શક્યા નથી એમાં મને મારી કચાશ દેખાય છે.

છેલ્લે અંગ્રેજી શબ્દોની મજા એ લેખમાળાના સાત હપ્તા છાપવા માટે ફરીવાર આપ સૌનો આભાર.

*શાંતિલાલ વ. શાહ - અમદાવાદ*

• • • • •

### ભદ્રેશ્વર તીર્થ અને સ્વ. શ્રી કાંતિલાલભાઈ ઘીવાલા

મે માસના મંગલ મંદિરમાં ભદ્રેશ્વરમાં જૈન સમાજ દ્વારા ભવ્યાતિભવ્ય મહોત્સવનો અહેવાલ ફોટા સહિત વાંચ્યો. ભદ્રેશ્વરમાં જૈન મંદિરની વિવિધ કામગીરી બજાવનાર ટ્રસ્ટી કાંતિલાલભાઈ બાબુલાલ ઘીવાળાનું નામ વાંચ્યું. (કાંતિભાઈએ આપણી વચ્ચેથી ચીરવિદાઈ લીધી. આ તો 'ગઢ આલા, સિંહ ઘેલા' કહેવતને સાર્થક ગણવી રહી.)

કાંતિભાઈના પિતાશ્રી બાબુલાલ જાદવજી ઘીવાળા ભુજના લાડીલા નેતા પ્રાણલાલ શાહ પાસે તેના સાથી કરાંચીમાં હરિભાઈ પ્રાગજી કારિયા હાઈસ્કૂલ ઊભી કરી. ભાગલા બાદ ભુજમાં પેટ્રોલિયમનો સ્ટોલ ઊભો કર્યો. તેના જમાઈ ગિરધરલાલભાઈ સાથે આવતા અને કચ્છના રાજકારણ વગેરે બાબતે ચર્ચા કરતા નજરે પડતા.

ભદ્રેશ્વર મંદિર અમને પરિવાર સાથે જોવાની તક મળી. ત્યાંનું કોતરકામ મહેનતને દાદ માંગી લે તેવું હતું. જેમાં કાંતિભાઈનો અગ્ર હિસ્સો હતો.

કાંતિભાઈ ભુજમાં જુદા જુદા સ્થાને કોઈ કાર્યક્રમમાં મળી જતા ત્યારે ભદ્રેશ્વર મંદિરની કામગીરી તથા તેમના પિતાશ્રીની જૂની યાદ અપાવતો ત્યારે ખુશી અનુભવતા. તેમના અવસાનથી સમાજે એક અડીખમ શ્રેષ્ઠી કાર્યકર ગુમાવ્યો છે. તેમને ભાવભરી શ્રદ્ધાંજલિ.

કચ્છના જાણીતા પત્રકાર - લેખક શ્રી પ્રવીણભાઈ શાહે નર્મદા સરોવર વિશે વધુ માહિતી રજૂ કરી. તેમની લેખન શક્તિને બિરદાવવી ઘટે.

*તુલસીદાસ જે. શાહ - ભુજ*

• • • • •

### શુકનવંતા સમાચાર

આપના એપ્રિલ-૨૦૧૦ના અંકમાં 'શુકનવંતા સમાચાર' શીર્ષક હેઠળ તંત્રી લેખ વાંચી એક કચ્છવાસી તરીકે બહુ જ આનંદ થાય છે.

આપશ્રીએ, કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ, શ્રી પ્રવીણચંદ્ર શાહ અને અન્ય નામી-અનામી જાગૃત કચ્છીઓએ જે આટલા બધા વરસો સુધી આ અન્યાય સામે અવાજ ઉઠાવેલ છે એની ફળશ્રુતિ હવે વરતાવા લાગે છે.

આપે જે વારંવાર દોહરાવ્યું છે કે લોકશાહીમાં પ્રજાની જાગૃતિ જ પરિણામ લાવી શકે છે.

*વડીલની સેવાનું ફળ આ ભવમાં રોકડું મળી જાય.*

વિખ્યાત ધારાશાસ્ત્રી શ્રી નાની પાલખીવાલા એક વાક્ય રિપીટ કરતા ન થાકતા. એ છે : "PEOPLE GET THE GOVT. THEY DESERVE."

લોકશાહીની સફળતાનો પાયો જનજાગૃતિ અને નાગરિકોની લોકશાહી પ્રક્રિયામાં ભાગ લેવા ઉપર આધાર રાખે છે.

આ જાગૃતિની જ્યોત કાયમ રહે અને આપ સૌના પ્રયાસો ભાવિ પેઢીને પણ ઉજ્જવળ કરે એવી અભ્યર્થના સહ.

***તુષાર દેઢિયા - મુંબઈ***

• • • • •

## 'મંગલ મંદિર' અંક નં.-૩૮૪ સામેના પ્રતિભાવ

મંગલ મંદિરના અંક નં.-૩૮૪માં આવેલ કેટલાક લેખ ઉપર મારી પ્રતિક્રિયા આપું છું. જો યોગ્ય લાગે તો તેને 'આંજો કાગર'માં પ્રસિદ્ધ કરી શકો છો.

૧. સૌપ્રથમ તો મુખ્ય તંત્રીશ્રીનો મુંદ્રા અદાણી પોર્ટ ઉપરના શ્રી મુકુંદ કે. મહેતા 'અલ્પ'ના લેખના અંતમાં જે નોંધ લખેલ છે તે ખૂબ જ સુંદર લાગી. માનનીય અશોક મહેતાની ક્ષમા યાચના સાથે લખું છું કે કદાચ પહેલી વાર મને તેમના દ્વારા લખેલ લેખમાં કલમની તાકાતનો પરિચય થયો છે. ખાસ કરીને તેમના દ્વારા વપરાયેલ 'નીતિમત્તા વગરના વિકાસની લાંબાગાળે કોઈ જ કિંમત નથી!' તથા 'વ્યાપારમાં નૈતિકતા હોવી ખૂબ જ જરૂરી છે અને કોઈપણ ભોગે વિકાસ સાધવો એ બિલકુલ યોગ્ય નથી' આવી સુંદર નોંધ બદલ અભિનંદન. આવી જ સુંદર નોંધ તેમણે શ્રી ગુલાબભાઈ દેઢિયાના 'દસા ઓસવાળ તથા વીસા ઓસવાળ જ્ઞાતિ નજીક આવવાની શુભ ઘડી આવી છે' ના લેખના અંતે આપેલી છે.

શ્રી ગુલાબભાઈના લેખ વાંચીને મને મંગલ મંદિરના નવેમ્બર-૨૦૦૫ના અંકમાં 'આંજો કાગર'માં મારા દ્વારા લખાયેલ પત્ર જે મંગલ મંદિરે છાપેલ તેની યાદ આવી ગઈ. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, ગુજરાત સ્થિત કચ્છી જૈન સંસ્થાઓના કાર્યકરોને તા. ૧૮-૪-૨૦૧૦ના અમદાવાદમાં એકત્રિત કરવાનો પ્રયાસ કરે છે તે કદાચ આ દિશામાં પ્રથમ પગલું કહી શકાય. આ સંમેલનને સફળતા માટે શુભેચ્છા.

૨. મંગલ મંદિર-૨૦૦૯નું સરવૈયુ : શ્રી મગનલાલ સંઘવી દ્વારા લખાયેલ લેખ પણ સચોટ છે. મારું તારણ એ છે કે મંગલ મંદિરમાં લખાતા લેખો લગભગ ૧૦-૧૨ લેખકો દ્વારા જ લખાયેલ હોય છે. કોઈ કોઈ અંકમાં તો આરોગ્ય અને તબીબી વિજ્ઞાન વિશે એટલા બધા લેખો હતા કે એવું લાગે જાણે કોઈ 'મેડિકલ જર્નલ' વાંચતા ન હોઈએ! મંગલ મંદિરના લેખો એવા હોય છે કે જે કદાચ જૂની પેઢીના વાંચકો કે જેમણે કચ્છમાં વસવાટ કરેલ હોય તેમને સ્પર્શે, પણ નવી પેઢીએ મંગલ મંદિરને એક માસિક તરીકે હજી સ્વીકારેલ નથી તેવું લાગે છે. મંગલ મંદિરમાં ૨-૩ પાના અંગ્રેજીમાં હોય અને તેમાં યુવાનોને લખવાનો મોકો મળે તો સારું રહેશે.

૩. મંગલ મંદિરમાં સૌથી સુંદર તો દરેક પૃષ્ઠની નીચે આપેલ સુવાક્ય હોય છે. જે થોડામાં ઘણું કહી જાય છે.

મંગલ મંદિર તથા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને પ્રગતિ માટે શુભેચ્છા.

***પ્રવીણચંદ્ર શામજી શાહ (ધરમશી) - સુરત***

***(નોંધ : પોસ્ટલ ડિપાર્ટમેન્ટના નિયમ પ્રમાણે જે ભાષામાં પરમિશન મેળવવામાં આવેલ હોય (આપણા કેસમાં ગુજરાતી) તે સિવાય અન્ય ભાષામાં છાપકામ કરવામાં આવે તો રજિસ્ટ્રેશન રદ થઈ શકવાની પૂરેપૂરી શક્યતા રહેલ છે.***

***દરેક અંકની બે કોપી પોસ્ટલ ડિપાર્ટમેન્ટને મોકલવાની રહે છે.***

***તેથી જ્યારે નિયમિતપણે બે-ચાર પાના અંગ્રેજીમાં મૂકીએ ત્યારે તકલીફમાં મૂકાઈ જવાની પૂરેપૂરી શક્યતા રહે છે.***

***પરિણામ સ્વરૂપે મંગલ મંદિરના અંકમાં નિયમિતપણે ૨-૪ પાના અંગ્રેજીમાં મૂકવાનું શક્ય બની શકતું નથી.***

***– મુખ્યતંત્રી)***

• • • • •

## માનવીને 'માનવી' બનાવવા માટે પ્રેરણા આપતા લેખો આપવા બદલ અભિનંદન

ઘણા સમાજોનાં મુખપત્રો બહાર પડે છે તેમાં 'મંગલ મંદિર' અનોખી ભાત પાડે છે. તેનું ગેટઅપ અને લેખો પસંદ કરવાની પદ્ધતિ ખરે જ ધન્યવાદને પાત્ર છે. માનવીને 'માનવી' બનાવવા માટે પ્રેરણા આપતા લેખો આપવા બદલ તંત્રી મંડળને ધન્યવાદ આપવા માટે મારી પાસે શબ્દો નથી.

માસ એપ્રિલ-૧૦ના અંકમાં 'જૈન ધર્મના પ્રસારમાં અને પ્રજા કલ્યાણ અંગે શ્રેષ્ઠીઓનો ફાળો' ડૉ. નીતાબહેન ઠાકરનો લેખ વાંચી શ્રેષ્ઠી જગડુશા અંગે ઘણી જ માહિતી મળી. અત્યાર સુધી આવી સચોટ માહિતી મળી ન હતી. એવું જ, શ્રી સંજય પી. ઠાકરનો લેખ પણ 'વહાણવટાની વિરાસત અને કચ્છની દરિયાવટ' માટે પણ માન ઉપજે છે. વળી, 'ભૂકંપના કૌભાંડો અને કૌભાંડોનો ભૂકંપ' નામનો શ્રી પ્રવીણચંદ્ર શાહનો લેખ ખૂબ જ અભ્યાસપૂર્ણ અને વાસ્તવિક પરિસ્થિતિ શું છે? તેનો સચોટ ચિતાર આપે છે.

'ઝારાના યુદ્ધ' અંગેનું પ્રકરણ પણ આ અંગેની સાચી માહિતી આપે છે. જ્યારે 'બજેટની ખાસ પ્રકારની ભાષા' અંગેના સરળ રહસ્યો, સરળ ભાષામાં આપવા માટે પણ લેખક પ્રત્યે માન ઉપજે છે. 'પ્રસવથી પ્રૌઢતા ભણીની સંઘર્ષગાથા' નામનો શ્રી પંકજ પનવેલીએ ડાંગીભાષા અંગેની જે વિગત આપી છે તે પણ અભ્યાસપૂર્ણ છે. એવા જ બીજા આર્ટિકલો 'મહા ગુજરાત રાજ્યના સંકલ્પ બીજ અને પિંડ વિકાસની મેઘધનુષી ભરતી ઓટ' સાથે 'પીપલ્સ ઈન્કવાયરી કમિટીનો નર્મદા પ્રોજેક્ટ અંગેનો રિપોર્ટ' લે. શ્રી અશોકભાઈ મહેતા,

***ધર્મ તો તેનું નામ કહેવાય કે મનનું સમાધાન થાય.***

શ્રી પ્રવીણચંદ્ર શાહનો 'પ્રજાને પીવાના પાણી આયોજન...' વાળો અભ્યાસપૂર્ણ લેખ, 'હું હોસ્પિટલમાં સુખી છું' પ્રા. પૃથ્વી શાહ અને શ્રી ગુલાબભાઈ દેઢિયાનો બંને સમાજોને નજીક લાવવાનો અભિગમ દર્શાવતો લેખ અને આરોગ્યલક્ષી લેખો મનનીય અને સામાન્ય માનવીને પણ સમજાય એ રીતે લખાયા છે અને છપાયા છે. ટૂંકમાં, આખા અંકની બધી સામગ્રી ખંતપૂર્વક પસંદ કરી આપવામાં આવી છે એ માટે એનાં લેખકો અને તંત્રી મંડળને ખાસ અભિનંદન આપું છું.

*ધનજી કે. ભાનુશાલી 'કડક બંગાલી' - ભુજ*

• • • • •

**'મંગલ મંદિર'ના દરેક અંકમાં નવી નવી માહિતી હોય છે**

'મંગલ મંદિર'ના દરેક અંકમાં નવી નવી માહિતી હોય છે. તેથી હાથમાં આવ્યા ભેળું વાંચન પર લઈ લેવાય છે. તેમાંય કચ્છના પ્રશ્નો પરની ચર્ચા - ચિંતા ખાસ લક્ષ ખેંચે છે. સંપાદન માટે આપ સૌને અભિનંદન + શુભેચ્છા.

મે-૧૦ના અંકમાં પાના નં.-૭૨ પરનો પ્રવાસ વર્ણન - વન ભોજન વાંચવાની, માણવાની મજા આવી.

પરંતુ તેમના બે વાક્યો - કોલમ-૧ માંની ૧૪-૧૫ લીટી તથા કોલમ-૩ માં ૧૮મી લીટી કંઈ ગડ નથી બેસતી. 'વહેલી સવારે ૧૦ કલાકે' તથા 'ભોજનબાદના આરામ બાદ પરત ફરતી વેળાનો સમય સૂર્ય મધ્યાહ્ને આવી ચૂક્યો હતો' કંઈ જામતું નથી. ક્યાંક સરતચૂક જણાય છે.

પ્રેરણાદાયી વર્ણન છે. શહેરની ધમાલસભર જીવનમાંથ પ્રકૃતિના ખોળે ઝુલવું જરૂરી છે. પણ એવા સંયોગ મળવા બધાના ભાગ્યમાં હોતા નથી.

*કિશોર જે. શાહ - ભુજ*

• • • • •

**શ્રેષ્ઠ લેખ – શ્રેષ્ઠ આંજો કાગર**

મંગલ મંદિર મે-૧૦નો અંક મળ્યો છે, આભાર.

શ્રેષ્ઠ લેખ - શ્રેષ્ઠ આંજો કાગર વિજેતા સર્વશ્રી શાંતિલાલભાઈ સંઘવી અને પૃથ્વી શાહ તથા મુ. કાંતિસેનભાઈ શ્રોફને અભિનંદન.

મંગલ મંદિરનો આ પ્રયાસ લેખકોને વધુ ક્વોલિટેટિવ લખાણ લખવા પ્રેરશે.

*પ્રા. જિતેન્દ્ર અંતાણી - ભુજ*

• • • • •

**તમામ કૃતિઓ, મુખપૃષ્ઠ, વિચારોના પ્રેરણાસ્રોત, સૌને પ્રેરક છે**

પ્રથમ તો ૧૨૧મા પાને "કામની શરૂઆત કરતાં પહેલાં તે સંબંધી સંપૂર્ણ માહિતી પ્રાપ્ત કરવી" — એ વાત ખૂબ ગમી. એટલે તેનો ઉલ્લેખ કર્યા વિના કેમ રહેવાય? ગૃહ ઉદ્યોગની બોલતી તસવીરો માણતાં એક અસરકારક તસવીર હૃદય સોંસરવી ઉતરી છે.

'દરરોજ સવારના પ્રાર્થના કરો કે' માં 'જય લુંગીદેવ ચિદમ્બરમ્' કૃતિને સલામ.

'કચ્છ બ્રાંચ કેનાલ'ની વિગતો સમજવી ગમે છે. કચ્છની જીવાદોરી સમો આ પ્રાણપ્રશ્ન છે. તમે જાળવેલું સાતત્ય પરિણામલક્ષી બનશે જ. પણ તમામ પ્રશ્ને આપણાં લોકસેવકોએ આ રીતે ઊંડા ઉતરી રજૂઆતનું કૌશલ્ય કેળવવા જેવું છે.

ભદ્રેશ્વર અને કચ્છની સીરક્રીક લેખો શિરમોર છે. સમગ્રતયા સ્પર્શી ગઈ. આ ભવ્યતા ને વાસ્તવિક્તા જ્ઞાનભંડાર સમા છે.

કચ્છના નારી સર્જકોનું અને લોકવાદ્ય કલા વારસાના નોંધપાત્ર પ્રદાનને બિરદાવવા ઘટે. એક કરુણતા એ રહી કે કલા સંસ્કૃતિના સર્જકોને જાળવવામાં થોડો વિલંબ થાય છે.

નર્મદા યોજનાના આકૃતિ સાથેના ચમકારામાં કરોડો રૂપિયાના બાકી રહેતા કામોની વાત ગંભીર છે. આ તે કેવી કરુણતા? સંશોધન લેખ શ્રેણી નરી વાસ્તવિક્તા બતાવે છે.

ડૉક્ટરો વર્તન બદલાવે એ ગંભીર નોંધ તમે મૂકી છે. સામાન્ય વ્યક્તિ હોય કે પૈસાદાર, એક દર્દી તરીકે સૌ સરખા. એને તકલીફ ન પડે. સમયસર સારવાર માટે હૂંફ મળે ને કોઈ પરિવાર આર્થિક રીતે વિંખાઈ ન જાય એ તો જોવું જ જોઈએ.

તમામ કૃતિઓ, મુખપૃષ્ઠ, વિચારોના પ્રેરણાસ્રોત દૂર દૂર બેઠેલા સૌને પ્રેરક છે.

*રમેશ છબીલાલ દવે - ગઢશીશા*

• • • • •

**મંગલ મંદિરના લેખો**

હમણાં જ હું મેમ્બર થયો છું. અમુક લેખો વાંચ્યા. એમાં હકીકત, વાસ્તવિક્તા, સચોટ શૈલી અને સમીક્ષા એ બધાનો અભ્યાસ દેખાય છે.

એક 'મુંદ્રા પોર્ટ' વિશેનો લેખ વાંચ્યો. પ્રથમ દૃષ્ટિએ કચ્છની બલિહારીના ફરીથી દર્શન થયા. એમાં મુશ્કેલીઓ અને વિઘ્નો (ચોટાની ખાસિયત) દર્શાવ્યા છે એ લેખકનો અભ્યાસ અને હિંમતની દાદ દેવી પડે. અભિનંદન પાત્ર તો ખરા જ. દુનિયાનો ક્રમ અને રીત જે મોટાઓના હાથમાં છે. જનરલી ડેવલોપમેન્ટનો (ઉત્કર્ષ) માંડ ૫% હિસ્સો સામાન્ય જનતાને મળે છે, પણ અત્રે હું એ આશા જરૂર રાખી શકું કે મોટાઓના ૯૫% હિસ્સામાંથી ૨૦% સ્થાનિક અને કચ્છીઓને મળે (ઑવરઓલ ચિત્ર લોભામણું છે) તદુપરાંત ડેવલોપર્સ (જમીન વેચાણમાંથી) લાભ વધુ લઈ જશે. છતાં સારું થશે.

હમણાં અમુક વર્ષોથી મારો વ્યૂ (એંગલ) બદલાઈ ગયો છે. સારું વાંચન અને ચિંતન.

હા, અમુક ખોટું થતું હોય ત્યાં ઉપાધિ વહોરી લઉં છું, એ મારી સ્ફુરણા હોઈ શકે.

હમણાં ખાસો એવો વખત ધાર્મિક (આધ્યાત્મિક) પુસ્તકો

*જે પુસ્તકો વાંચવાથી ક્રોધ-માન-માયા-લોભ ઘટે નહિ, તે પુસ્તકો તત્ત્વજ્ઞાનનાં કહેવાય નહિ.*

વાંચવામાં જાય છે તો પણ સાપ્તાહિક, માસિક અંકો અને છાપાં પર નજર તો ફેરવવી રહી.

*શાંતિલાલ જે. ખોના - મુંબઈ*

## સૂચન

*આંજો કાગર વિભાગમાં પત્રો મોકલી પોતાના વિચારો વ્યક્ત કરતા વાચકવર્ગને નીચેની સૂચનાનો અમલ કરવા ખાસ વિનંતી કરવામાં આવે છે.*

- *મંગલ મંદિરનું તંત્રીમંડળ પોતાનું કાર્ય, તેમને સોંપવામાં આવેલ ફરજના એક ભાગરૂપે કરે છે. તેથી કોઈપણ સંજોગોમાં તંત્રી મંડળના કોઈ પણ સભ્યના વખાણ ન કરવા વિનંતી.*
- *એજ રીતે સમાજના ટ્રસ્ટ બોર્ડ કે કારોબારી સમિતિના સભ્યો પણ પોતાની ફરજના ભાગરૂપે પોતાના કાર્યો કરે છે. તેથી તેઓના પણ વખાણ કરવાથી દૂર રહેવું જરૂરી છે.*
- *કોઈ પણ પ્રસારિત થયેલ લેખના વખાણ કરવાને બદલે એ લેખની સામે વિશ્લેષણાત્મક રીતે રજૂઆત કરી શકાય. એ અંગે પોતાના મંતવ્યોની રજૂઆત કરી શકાય.*
- *સાંપ્રત સમસ્યાઓ અંગે પોતાના મંતવ્યો વિશ્લેષણાત્મક રીતે વ્યક્ત કરી શકાય.*
- *કોઈ પણ પ્રશ્નની ચર્ચા કરી શકાય.*
- *શ્રી ક.જૈ.સે.સમાજ - અમદાવાદની પ્રવૃત્તિઓની ચર્ચા કરી શકાય.*
- *મંગલ મંદિરમાં કે અન્યત્ર પ્રસારિત થતા લેખોના લેખકશ્રીઓને અભિનંદન આપી શકાય.*
- *મંગલ મંદિર વિશે અભિપ્રાય આપી શકાય.*

*ઉપરોક્ત સૂચનો ધ્યાને લેવા ખાસ વિનંતી કરવામાં આવે છે.*

*— મુખ્ય તંત્રી*

## જમીનદારીના હક્કો

એકવાર ગાંધીજી દિલ્હીના ભંગી કોલોનીમાં હતા. સૌને લાગતું હતું કે હવે સ્વતંત્રતા હાથવેંતમાં છે. મૂડીદારો, જમીનદારો અને ઉદ્યોગપતિઓને પણ લાગવા માંડ્યું કે સ્વતંત્રતા નજીક છે.

જમીનદારોને એ ચિંતા હતી કે સ્વતંત્ર હિંદમાં જમીનદારોના એક વર્ગ તરીકેના હક્કો જળવાશે કે કેમ?

કેટલાક જમીનદારોના પ્રતિનિધિઓ આ મુદ્દાની ચોખવટ કરવા ગાંધીજીને ભંગી કોલોનીમાં મળ્યાં અને પૂછ્યું કે "સ્વતંત્ર હિંદમાં અમારું સ્થાન કેવું હશે?"

ગાંધીજીએ તુરત જવાબમાં કહ્યું કે "અરે! કોઈપણ ભંગી જેટલો સ્વતંત્ર હશે તેટલા જ સ્વતંત્ર તમે પણ હશો જ."

(જમીનદારો શું બોલે?)

***'લોક સ્વરાજ', એપ્રિલ ૨૦૧૦ના અંકમાંથી***
***પ્રેષક : શાંતિલાલ સંઘવી***

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના સમાચાર

કચ્છના સર્વાંગપણે ઇતિહાસ આલેખન અંગેની કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની પરામર્શ સમિતિની એક મિટિંગ, રવિવાર તા. ૯-૫-૨૦૧૦ના ભુજ ખાતે કચ્છમિત્ર પ્રેસના મિટિંગ રૂમમાં મળેલ હતી કે જયારે ડૉ. કાંતિભાઈ ગોર, ડૉ. આર.ટી. સાવલિયા, શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી હંસરાજભાઈ કંસારા, શ્રી દિનકરભાઈ મહેતા, શ્રી ઉમિયાશંકર અજાણી, શ્રી હરેશભાઈ ધોળકિયા તથા શ્રી નરેશભાઈ અંતાણી ઉપસ્થિત રહેલ હતા.

અત્યાર સુધી આવેલ ૨૦થી ૨૫ લેખો બાબતે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી. ઉપરોક્ત આવેલ લેખોમાંથી અમુક લેખો ખૂબ જ ઉચ્ચ કોટીના હતા કે જયારે અમુક લેખો માટે લેખકશ્રી સાથે બેસીને બિનજરૂરી વિગતો કાઢી નાંખવી, ખૂટતી કડીઓ ઉમેરવી, સંદર્ભ સૂચિ બનાવવી વગેરે અંગે ચર્ચા કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

જે લેખકશ્રીઓના લેખ હજુ સુધી આવેલ નથી તેઓને પત્ર મોકલી, તેઓ જલદીથી પોતાના આલેખનો મોકલી આપે તેવું જણાવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

'કચ્છ' સાથે સંબંધિત વિગતો અલગ તારવી, મૂળ હસ્તપ્રત તૈયાર કરવાની જવાબદારી સંપાદન સમિતિને સોંપવાનું નક્કી કરવામાં આવેલ હતું.

પ્રાગ અને માદ્ય ઐતિહાસિક કચ્છની સંસ્કૃતિના લખાણ અંગેની જવાબદારી (૧) શ્રી ઉમિયાશંકર અજાણી, (૨) શ્રી દિનકરભાઈ મહેતા તથા (૩) શ્રી નરેશભાઈ અંતાણીને સોંપવાનું નક્કી કરવામાં આવેલ હતું.

પ્રકરણ-૧ ના લખાણને અંતિમ સ્વરૂપ હવે પછીની મિટિંગમાં આપવાનું નક્કી કરવામાં આવેલ હતું.

હવે પછીની મિટિંગ ૧૦ જૂન બાદ અમદાવાદ ખાતે બોલાવવાનું અને તેમાં લેખકશ્રીઓને પણ સામેલ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

લગભગ ત્રણેક કલાક સુધી આ મિટિંગમાં વિગતે ચર્ચા કરવામાં આવેલ હતી.

## ભુજના કાંતિલાલભાઈ ઘીવાલાની અણધારી વિદાય



**સ્વ. શ્રી કાંતિલાલ બાબુલાલભાઈ શાહ (ઘીવાળા)**

કચ્છમાં જૈન સમાજના અગ્રણી આગેવાન તેમજ સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ સાથે વર્ષોથી સંકળાયેલા ભુજ (કચ્છ)ના શ્રી કાંતિલાલ બાબુલાલભાઈ શાહ (ઘીવાળા)નું તા. ૩૦-૪-૨૦૧૦ના રોજ વહેલી સવારે ઘેરથી ભદ્રેશ્વર પ્રયાણ કરવાના સમયે અણધાર્યું નિધન થયું છે. આ દુઃખદ સમાચારથી દરેક સ્થળના જૈન સમાજમાં શોકની લાગણી ફરી વળી છે અને જૈન સંઘને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

ભુજની જૈન ગૂર્જર જ્ઞાતિની સંસ્થાને વિકાસ અને પ્રગતિના પંથે આગળ ધપાવવામાં તેઓશ્રીનો અગ્રીમ હિસ્સો હતો. મુશ્કેલીના સમયે અને પ્રસંગોએ તેઓશ્રી ખૂબ આત્મવિશ્વાસપૂર્વક કામગીરી કરતા હતા અને કોઈપણ ક્ષેત્રના શિખરે પહોંચવાની તેમનામાં અદ્‌ભુત ક્ષમતા હતી. તે સાથે સાથે માનવીય સંબંધોને સલુકાઈથી સાચવનાર એક અજોડ વ્યક્તિ હતા. કાંતિભાઈનું સમગ્ર વ્યક્તિત્વ તેમની સફળ પ્રતિભા તેમના કાર્યોમાં અનુભવી શકાય તેવા હતા.

૨૦૦૧ની ૨૬મી જાન્યુઆરીના ગોઝારી સવારે ભૂકંપની થપાટે કચ્છને બેહાલ બનાવી દીધું. ભૂકંપમાં બેઘર બનેલા જૈન પરિવારોને ફરી બેઠા કરવા ભુજોડી (કચ્છ) મધ્યે વર્ધમાન નગર વસાહતનું સ્વપ્ન સાકાર કરવામાં તેમનો અગ્ર હિસ્સો હતો. તેમના જ માર્ગદર્શન હેઠળ વર્ધમાનનગરના ભવ્ય જિનાલયનું કાર્ય પણ થઈ રહ્યું હતું.

તે ઉપરાંત, ભદ્રેશ્વર - વસઈ જૈન મહાતીર્થને આ ભૂકંપની અસરથી ભારે નુકસાન થયું હતું. કોઈપણ સ્થળના જીર્ણોદ્ધાર અથવા

*પોતાના દોષો ઢાંકીને જે પૂજ્ય બને છે, તે મોટા ગુનેગાર છે.*

ત્યાંનું જનજીવન થાળે પડતાં લાંબો સમય નીકળી જશે એમ લાગતું હતું. **તેવી સ્થિતિમાં મેનેજિંગ ટ્રસ્ટી કાંતિભાઈ શાહ અને અન્ય ટ્રસ્ટીગણના સહિયારા અથાગ પ્રયાસ અને પુરુષાર્થથી વસઈ જૈન મહાતીર્થના પાયાથી જીર્ણોદ્ધારનું કામકાજ પૂરું કરવામાં આવ્યું છે.** તા. ૨૪-૫-૨૦૧૦થી તા. ૩-૬-૨૦૧૦ દરમ્યાન ભવ્યાતિભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ આ અંક આપશ્રીના હાથમાં આવશે ત્યારે ઉજવાઈ ગયેલ હશે. આ પ્રતિષ્ઠા મહોત્સવની તડામાર તૈયારીમાં પણ કાંતિભાઈ સતત રોકાયેલા હતા.

**કુદરતની કરામત જુઓ!! શ્રી ભદ્રેશ્વર - વસઈ જૈન મહાતીર્થ સંબંધી એક લેખ મંગલ મંદિરના માસ મે-૨૦૧૦ના અંકમાં વિગતવાર પ્રસિદ્ધ થયેલ છે. આ લેખ કાંતિભાઈ શાહ અને મંગલ મંદિરના મુખ્યતંત્રી શ્રી અશોકભાઈ મહેતાની અમદાવાદ મધ્યે અંગત મુલાકાતના સમયે તૈયાર કરવામાં આવેલ. સામયિક જગત સાથે આ તેમની આખરી મુલાકાત હતી.**

**વિધિની વિચિત્રતા પારખી શકાતી નથી. તેઓશ્રીની મુલાકાત પર આધારિત આ લેખની પ્રસિદ્ધિ તેમજ વસઈ જૈન મહાતીર્થના ભવ્યાતિભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણીના સમય પૂર્વે જ તેમનો જીવનદીપ બુઝાઈ ગયો. આ રીતે એક અકલ્પનીય ઘટના ઘટી અને સૌના કાળજા કંપાવી ગઈ.**

મનુષ્ય દેહ નાશવંત છે પરંતુ આપ જીવન એવું જીવી ગયા,
જીવન એક સંદેશ બની ગયું,
ભદ્રેશ્વર-વસઈ જૈન મહાતીર્થના પ્રતિષ્ઠા મહોત્સવ સમયે,
આપનું મૃત્યુ જ એક મહોત્સવ બની ગયું!!

આવા વીરલ વ્યક્તિત્વને કયા વાક્યથી વિભૂષિત કરીએ?

આપના ચહેરા પર કાયમ સાધના, ઉપાસના અને આરાધનાના દિવ્યપુંજ પ્રસરેલા રહેતા હતા. આપે નિષ્કલંક વિરાટ વ્યક્તિત્વને ચૈતન્યશીલ બનાવી આયુષ્ય ખંડને અજવાળ્યું છે. બે વખત બાયપાસ સર્જરી થયા પછી પણ દિવસ અને રાત જે જહેમતથી કામગીરી કરતા હતા તે સરાહનીય છે. આપનો સરળ, નિખાલસ તથા પ્રેમાળ સ્વભાવ અને કર્તવ્યનિષ્ઠ જીવનના સંસ્મરણોને નજર સમક્ષ રાખીને શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની તથા મંગલ મંદિર પરિવારની હૃદયપૂર્વક અંજલિ.

પ્રભુ આપના દિવ્ય આત્માને શાશ્વત સુખ અને પરમ શાંતિ અર્પે એવી અંતરભીની પ્રાર્થના.

*રજૂઆત : દિનેશ મહેતા - અમદાવાદ*

*કશીશ દિલ કી હર ચીઝ ભૂલા દેતી હૈ*
*બંધ આંખોં મેં ભી સપને સજા દેતી હૈ*
*સપનોં કી દુનિયા જરૂર રખના*
*ક્યોંકિ હકીકત અક્સર રુલા દેતી હૈ.*

*("નયા માર્ગ", તા. ૧૬-૧-૧૦ના અંકમાંથી)*
*પ્રેષક : શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

## માંડવીના નીલેશ સંઘવીને "રાષ્ટ્રીય ઉદ્યોગ રત્ન" એવૉર્ડ કચ્છના બેન્ટોનાઈટ ઉદ્યોગ ક્ષેત્રે યોગદાન માટે પસંદગી

છેલ્લા ૩૫ વર્ષથી બેન્ટોનાઈટના ઉદ્યોગ ક્ષેત્રે સક્રિય રહેલા ઉદ્યોગપતિ, માંડવીના શ્રી નીલેશ નારાણજી સંઘવીને નવી દિલ્હી સ્થિત ઇન્ડિયન ઓર્ગેનાઈઝેશન ફોર બિઝનેસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (આઈ.ઓ.બી.આર.ડી.) દ્વારા સને ૨૦૧૦ના વર્ષનો બેન્ટોનાઈટ ઉદ્યોગ ક્ષેત્રે વેપારી કુનેહ, સૂઝ અને સંશોધન માટે ઉત્કૃષ્ટ કામગીરી કરવા માટે "રાષ્ટ્રીય ઉદ્યોગ રત્ન" એવૉર્ડ અને શ્રેષ્ઠ પ્રદાન માટેના ચંદ્રક સહિત પ્રમાણપત્ર (સર્ટિફીકેટ ઓફ એક્સેલન્સ વિથ મેડલ) જાહેર થયા છે.

આવતી તા. ૨૭મી જૂને નવી દિલ્હી ખાતે યોજાનારા એક વિશેષ સમારોહમાં ભારતભરના ઉદ્યોગરત્નોની સાથે શ્રી નીલેશ નારાણજી સંઘવીનું પણ સન્માન થશે. આઈ.ઓ.બી.આર.ડી. સંસ્થાએ પ્રતિ વર્ષ અપાતા આ એવૉર્ડ અને શ્રેષ્ઠતા ચંદ્રકો માટે આ વર્ષે સૌપ્રથમ વાર જ કચ્છના બેન્ટોનાઈટ ઉદ્યોગનો સમાવેશ કર્યો છે અને સૌપ્રથમ એવૉર્ડ શ્રી નીલેશ નારાણજી સંઘવીને મળતાં તેઓ સૌ પ્રથમ કચ્છી "રાષ્ટ્રીય ઉદ્યોગ રત્ન" બન્યા છે.

શ્રી નીલેશ નારાણજી સંઘવીએ બી.કોમ. થયા બાદ માઈનિંગ ક્ષેત્રે 'મેટ'ની પદવી પણ મેળવી છે. તેઓ અત્યારે માંડવી સ્થિત લક્ષ્મી મિનરલ્સ ચલાવે છે.

## વાપી - દમણ - સેલવાસ - ઉદવાડાના સમાચાર

*સંકલન : અમૃતલાલ ડી. ગાલા - વાપી*

### લગ્ન

- હીરેન મણિલાલ લખમશી ગડા (બિદડા - વાપી)
  રચના મહેન્દ્ર ધનજી હરિયા (શેરડી - વાપી)

### સગાઈ

- પૂજા અમૃતલાલ માણેકલાલ બૌવા (તુંબડી - વાપી)
  કેવલ રાજેન્દ્ર હરિલાલ વીરા (ડોણ - મુંબઈ)
- દીપેન મણિલાલ લખમશી ગડા (બિદડા - વાપી)
  દિશા મણિલાલ પ્રેમજી ગાલા (સમાઘોઘા - મુંબઈ)
- પ્રિયા અમૃતલાલ મગનલાલ સાવલા (કો.મહાદેવપુરી - વાપી)
  કપિલ પ્રવીણચંદ્ર ખીમજી ગોસર (કો.મહાદેવપુરી - દુબઈ)

### પુત્ર જન્મ

- શ્રી મહેન્દ્રભાઈ મેઘજી સાવલા, અ.સૌ. ઝવેરબહેન મહેન્દ્ર સાવલા કચ્છ ગામ કોટડી મહાદેવપુરીવાળાના સુપુત્ર નિમેશ, પુત્રવધૂ ઈલાને ત્યાં પુત્રરત્નની પ્રાપ્તિ થયેલ છે. નામ રીયાન રાખવામાં આવેલ છે.

### નવું સાહસ

- કચ્છ ગામ સમાઘોઘાના ઈશાન (નેહલ) મહેશ ગાલાએ "શાન"ના નામે એકતા બિલ્ડિંગ, છરવારા રોડ, વાપી — એ સ્થળે મોબાઈલ શોપ શરૂ કરેલ છે.

*અનીતિની લક્ષ્મીની અગિયાર વર્ષની 'એક્સપાયરી ડેટ' હોય છે.*

## લગ્ન પહેલાં

પ્રેમી : હાશ! આખરે સ્વપ્ન ફળ્યું, કેટલી રાહ જોવી પડી!
પ્રેમિકા : હું તને છોડી જાઉં એવું ઇચ્છે છે?
પ્રેમી : હોતું હશે! એવો વિચાર પણ કેમ આવ્યો?
પ્રેમિકા : તું મને પ્રેમ કરે છે?
પ્રેમી : હાસ્તો! ખૂબ જ.
પ્રેમિકા : તેં મને છેતરી તો નથી?
પ્રેમી : ના, કેમ એવું પૂછે છે?
પ્રેમિકા : તું મને કિસ કરીશ?
પ્રેમી : જેટલી વાર મને મોકો મળશે એટલી વાર.
પ્રેમિકા : તું મને મારીશ તો નહિ!
પ્રેમી : ગાંડી થઇ ગઇ છે? હું તને એવો માણસ લાગુ છું!
પ્રેમિકા : તારા ઉપર વિશ્વાસ રાખી શકું?
પ્રેમી : હા.
પ્રેમિકા : ડાર્લિંગ!

### લગ્ન બાદ

*આ જ સંવાદ નીચેથી ઉપર વાંચો.*

***'નવનીત સમર્પણ'ના જાન્યુ.૨૦૦૯ના અંકમાંથી***
***પ્રેષક : શાંતિલાલ સંઘવી***

## છતાં પણ કરે જ જાઓ

લોકો ભલે તર્કહીન હોય, સ્વાર્થી હોય...
છતાં પણ તેમને પ્રેમ કરતા જ રહો.

આજે તમે જે સારું કામ કરશો તે કદાચ કાલે ભૂલાઈ જશે
છતાં પણ સારા કામ કરે જ જાઓ.

જો તમે કોઈ સારું કામ કરશો તો લોકો તમારા માથે કોઈ છૂપા અને સ્વાર્થી હેતુનો આરોપ મુકશે — છતાં પણ તમે સારા કામ કરતા જ રહો.

પ્રામાણિક અને સ્પષ્ટ વક્તા બનવાથી તમને મુશ્કેલી પડી શકે... છતાં પણ તમે પ્રામાણિક અને સ્પષ્ટ વક્તા જ બનો.

જે નવું છે તે નવું પણ હોય, નવા સ્વરૂપમાં જૂનું પણ હોય છતાં પણ તમે નવા નવા પ્રયોગો ચાલુ જ રાખો.

મહાન વિચારો હંમેશાં મહાન વાસ્તવિક્તામાં ન પલટાય છતાં પણ પ્રયત્ન કરતા જ રહો.

જો તમે સફળ બનશો તો તમને મિત્રો બનાવટી મળશે અને શત્રુઓ સાચા... છતાં પણ તમે સફળતા મેળવતા જ રહો.

તમને એક રચનાત્મક કામ સાકાર કરવામાં વર્ષો લાગે, એનો નાશ એક જ રાતમાં થાય છતાં પણ તે કાર્ય કરે જ જાઓ.

***પ્રેષક : ગુલાબચંદ ધારશી રાંભિયા***

## સારા સમાચાર

આસામના મુખ્યમંત્રીએ જાહેર કર્યું છે કે તેઓ પોતાના રાજ્યમાં સેઝ સ્થાપવા નહી દે. તથા ઉદ્યોગો સ્થાપવા અંગે પૂરી તરતપાસ કર્યા પછી જ મંજૂરી આપશે.

ગોવાની સરકારે પોતાના રાજ્યમાં સેઝ સ્થાપવા દેવાની ઘસીને ના પાડી દીધી છે. ઉપરાંત તેમણે હવે બીજી જાહેરાત કરી છે કે પર્યાવરણ પર ખરાબ અસર થતી હોવાથી હવે ત્યાં ખાણ ખનન કાર્યો માટે પરવાનગી નહીં આપે. આ વાત તેમણે કેન્દ્રના ખાણ ખાતાના મંત્રાલયને લખી જણાવી છે. કેન્દ્રના મંત્રી જયરામ રમેશે પણ તેમની વાતને ટેકો આપ્યો છે.

(આપણા દેશના નહીં) નોર્વેના વિદ્યાર્થીઓ માને છે કે કોકાકોલા કંપની ભારતમાં જળ સંશાધનોનો દુરુપયોગ કરે છે અને વેડફે છે. તેથી તેમણે કોકાકોલા કંપનીને એકાધિકાર આપ્યો હતો તે રદ કરેલ છે અને નવેસરથી કોન્ટ્રાક્ટ ન આપવાનો નિર્ણય કરેલ છે અને સખત શબ્દોમાં ઠરાવ કરીને કંપનીને લખી જણાવ્યું છે કે ભારતમાં કંપની જે અનૈતિક વ્યવહાર કરે છે તેને બંધ કરે.

***'લોકસ્વરાજ' એપ્રિલ-૨૦૧૦ના અંકમાંથી***
***પ્રેષક : શાંતિલાલ સંઘવી***

***ક્ષમા માંગવાથી ખૂબ જ શક્તિ વધે.***

## મંગલ મંદિર - પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ

*માસ એપ્રિલ-૨૦૧૦ના ખરા ઉત્તર અને તે લખી મોકલનારના નામ:*

| | | |
|---|---|---|
| ૧. | માનવ જ્યોત સંસ્થા (શ્રવણ ટિફીન સેવા) | પાના-૧૧૩ |
| ૨. | કાનનું | પાના-૧૦૬ |
| ૩. | ૧૫ લાખ રૂપિયાનું | પાના-૧૯ |
| ૪. | કાનજી માલમ | પાના-૨૨ |
| ૫. | માર્કણ્ડ ઋષિના આશ્રમમાં | પાના-૩૩ |
| ૬. | કેલગરી સિટી | પાના-૭૭/૮૦ |
| ૭. | દશા ઓસવાલ અને વીસા ઓસવાળ જ્ઞાતિ નજીક આવવાની શુભ ઘડી આવી છે. | પાના-૭૩ |
| ૮. | ડૉ. બિમલ જાલાન | પાના-૬૭ |
| ૯. | બહારથી ઉધારી કરીને | પાના-૪૦ |
| ૧૦. | મણિબહેન | પાના-૮૬ |
| ૧૧. | ગુજરાતી ભાષાનું ભવિષ્ય | પાના-૭૫/૭૬ |

★

| | | | |
|---|---|---|---|
| ૧. | જ્યોત્સના અરવિંદભાઈ શાહ | - | અમદાવાદ |
| ૨. | રમણિકલાલ કુંવરજી ગોસર | - | અમદાવાદ |
| ૩. | મધુરીબેન રમણિકલાલ ગોસર | - | અમદાવાદ |
| ૪. | ભારતીબેન સુરેન્દ્રકુમાર જૈની | - | અમદાવાદ |
| ૫. | કામિનીબેન સ્નેહલ શેઠ | - | અમદાવાદ |
| ૬. | અમરકુમાર ઉમરશી રાંભિયા | - | નડિયાદ |
| ૭. | કલ્પના શશીકાંતભાઈ ગાલા | - | અમદાવાદ |
| ૮. | વિનોદભાઈ કે. મોરબિયા | - | મુંદ્રા |
| ૯. | મૈત્રી જયેશભાઈ શાહ | - | અમદાવાદ |
| ૧૦. | મોનાબેન જીતેન્દ્રભાઈ શાહ | - | હૈદ્રાબાદ |
| ૧૧. | દીપલબેન તુષારભાઈ શાહ | - | અમદાવાદ |
| ૧૨. | કૃપાલી ભરતકુમાર શાહ | - | અમદાવાદ |
| ૧૩. | જયશ્રી ભરતકુમાર શાહ | - | અમદાવાદ |

★

માસ માર્ચ-૨૦૧૦ના પ્રશ્નોના બધા સાચા જવાબ આપનારની યાદીમાં નીચે મુજબના નામો ઉમેરવામાં આવ્યા છે.

૨૫. પદમણી મહેન્દ્ર ભવાનજી ગોસર - વડોદરા

★ **નવા પ્રશ્નો માટે સંદર્ભ :**
મંગલ મંદિરનો અંક, માસ મે, ૨૦૧૦

★ **ઉત્તર સંબંધી વિકલ્પ :**
પ્રશ્નો બધા ફરજિયાત છે.

★ **ખરા ઉત્તર અને નામની પ્રસિદ્ધિ :**
મંગલ મંદિર **જુલાઈ-૨૦૧૦ના અંકમાં**

★ **સરનામું :** રાબેતા મુજબ.

★

★ **માસ મે-૨૦૧૦ના અંકના પ્રશ્નો :**

૧. ભદ્રેશ્વર તીર્થનો પ્રથમ મોટો જીર્ણોદ્ધાર કયા રાજાએ અને કઈ સંવતમાં કરાવેલો હતો?

૨. 'કચ્છનું કાશી' બિરુદ કચ્છના કયા ગામને પ્રાપ્ત થયું છે?

૩. હિંદી સાહિત્યમાં મહાદેવી વર્માનું નામ ઉજ્જવળ છે તેમ ગુજરાતી સાહિત્ય પાસે એક મહાદેવી વર્મા છે. એમનું નામ શું?

૪. ખાલી જગ્યા પૂરો : ભારતના બજારમાં લગભગ ________ એલોપેથી દવાઓ વેચાય છે. આ બધી દવાઓ મૂળભૂત રીતે તો ________ જેટલી પાયાની દવાઓના મિશ્રણ જેવી હોય છે.

૫. 'લોકજીવનના મોતી' પુસ્તકના લેખકનું નામ શું? એમના આ પુસ્તકને કઈ સંસ્થાએ કયો પુરસ્કાર આપ્યો?

૬. ગીનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં ચાંદીના બે મોટા કળશ સ્થાન પામ્યા છે. તે કઈ જગ્યાના?

***નોંધ : જવાબો મોકલવાની છેલ્લી તા. ૨૦-૬-૨૦૧૦ છે. ઉપરના બધા પ્રશ્નો ફરજિયાત છે.***

***ચંદ્રા મહેન્દ્ર શાહ***

*ન્યાયાધીશોને અને અદાલતી કર્મચારીઓને ભ્રષ્ટાચાર માટે મોકળું મેદાન મળી જાય છે, કારણ કે ન્યાય આપવાની આપણી પદ્ધતિ એટલી રેઢિયાળ છે કે સામાન્ય અને સીધા ખટલાઓ પણ વર્ષો સુધી ટીંગાતા રહે છે અને રીઢા ગુનેગારોને કદી સજા થતી નથી. આ વિલંબના કારણે આપણા રાજકારણમાં મવાલીઓનું જોર જામ્યું છે અને મવાલી આગેવાનો તથા ભ્રષ્ટાચારી ન્યાયાધીશો એકબીજાને છાવરતા રહે એવું વિષચક્ર આપણી લોકશાહી માટે જબરદસ્ત કલંક બની ગયું છે.*

# "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

*એપ્રિલ તથા મે-૨૦૧૦ માસ દરમ્યાન નીચે મુજબના મહાનુભાવો તરફથી લવાજમની રકમ પ્રાપ્ત થયેલ છે.*

## રિન્યુ થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- **કુંદનલાલ ડી. ઠક્કર**
  સી-૨૫, શાંતિનગર,
  ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧.
- **મહેશ ઉમરશી ભાનુશાલી**
  ઈ-૪૦૮, સ્વાતિ બિલ્ડિંગ-૨,
  ડી-માર્ટ, જીવરાજ પાર્ક,
  અમદાવાદ-૩૮૦ ૦૫૧.
- **કિશોરચંદ્ર જગજીવન શાહ**
  "આલયા", સંતોષી માતાના મંદિર સામે,
  રોકડિયા હનુમાનની બાજુમાં,
  એન.સી.સી. ઓફિસ રોડ,
  ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.
- **શાંતિલાલ ખીમજી સતરા**
  કે.ડી. બિલ્ડિંગ, ૧લો માળ,
  સંગમ સોસાયટી, રિંગ રોડ,
  જલગામ-૪૨૫ ૦૦૧.

### ૩ વર્ષનું લવાજમ

- **વિનેશ આર. મહેતા**
  C/o. દિપાલી કલર એન્ડ સેલ્સ એજન્સી
  ૪, સીલ્વર પોઈન્ટ,
  નવા સ્ટેશન રોડ,
  ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.

### ૫ વર્ષનું લવાજમ

- **લક્ષ્મીકાંત જીવરામ કોઠારી**
  ૪૦૪, અરુણા પેલેસ, અભયશંકર રોડ,
  અહલ્યા મંદિર પાસે, ધંટોલી,
  નાગપુર-૪૪૦ ૦૧૨.

## નવા પ્રાપ્ત થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- **મહેશ તલકશીભાઈ ચંદે**
  "કર્મશ્રી", પ્લોટ નં.-૧૭૫,
  રામેશ્વર નગર,
  અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.
- **સનતભાઈ વિશનજી મોતા**
  આર.ડી.એસ./સી/૫,
  ચંપાપુરી દેરાસરની બાજુમાં,
  જી.આઈ.ડી.સી. ન્યુ કોલોની,
  અંકલેશ્વર-૩૯૩ ૦૦૨.
- **ચીમનભાઈ એસ. દંડ**
  ૨૮/૫, શાંતિધારા કો.ઓ. સોસાયટી,
  ચંપાપુરી દેરાસરની સામે,
  જી.આઈ.ડી.સી. ન્યુ કોલોની,
  અંકલેશ્વર-૩૯૩ ૦૦૨.
- **કાંતિલાલ આર. શાહ**
  ૧લો માળ, ન્યુ નં.-૬,
  સુબિહા નાયડુ શેરી,
  વેપરી, ચેન્નાઈ-૬૦૦ ૦૦૬.
- **નીતિન વેલજી પાલાણી**
  ૨, શ્યામલ રો-હાઉસ, ૩/એ,
  શ્યામલ ચાર રસ્તા,
  આનંદનગર રોડ પાસે,
  સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
- **હરખચંદભાઈ શાહ**
  ૨૭૨/બી, મીઠાબાઈ કોમ્પ્લેક્સ,
  પાલાસ્પે, તા. પનવેલ,
  જિ. રાજગઢ - ૪૧૦ ૨૨૧.
- **કાંતિલાલ એસ. ફોફરિયા**
  ૨૫/૧૭૧, શુક્રવાર પેઠ,
  કોઈમ્બતુર-૬૪૧ ૦૦૧.

### ૩ વર્ષનું લવાજમ

- **નરેન્દ્રકુમાર અમૃતલાલ શાહ**
  ૨૨, રત્નાકર સોસાયટી,
  હાઈવે રોડ, રામનગર, સાબરમતી,
  અમદાવાદ-૩૮૦ ૦૦૫.
- **ચંદુલાલ ડાહ્યાલાલ બૌઆ**
  શ્રીપાલ ગ્રેન સ્ટોર્સ,
  ૨૪, કર્ણિક ચાલ, પોલીસ ચોકી સામે,
  સર એમ.વી. રોડ,
  અંધેરી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૯.
- **કાનજી વાલજી ગડા**
  એ-૬૦૧, મમતા એપાર્ટમેન્ટ,
  ૪૬/૪૭, તિલકનગર,
  રોડ નં.-૩, એમ.જી. રોડ,
  ગોરેગાંવ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૨.
- **હીરજી ગુણશી ફરિયા**
  સી-૭૦૩, બ્લ્યુબેલ ટાવર,
  રોયલ કોમ્પ્લેક્સ, એક્સર રોડ,
  બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૨.
- **પ્રેમજી જેઠાલાલ ગડા**
  ડી-૩૬, તારાબાગ એસ્ટેટ, ત્રીજો માળ,
  રાજા રામ મોહનરાય રોડ,
  મુંબઈ-૪૦૦ ૦૦૪.
- **પ્રફુલ હરખચંદ નીસર**
  C/o. તોરણ-૧, બિસ્મિલ્લા બિલ્ડિંગ,
  સ્ટેશન પાસે, રાનડે રોડ,
  દાદર, મુંબઈ-૪૦૦ ૦૨૮.
- **ધરમશી ચાંપશી છેડા**
  ૯૦૨/૯૦૩, રિદ્ધિ સિદ્ધિ સોસાયટી,
  કે.બી. મોલ સામે, મુલ્લાવાડી,
  વલસાડ-૩૯૬ ૦૦૧.
- **ગાંગજી ભારમલ ગડા**
  ૮-સ્નેહ મિલન, ભગતસિંહ રોડ,
  પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૬.
- **મણિલાલ ભૂરા ગાલા**
  એ-૨, આહ્યાગિરી,
  સિન્ડિકેટ બેંકની ઉપર, ગોરેગામ (ઈસ્ટ),
  મુંબઈ-૪૦૦ ૦૬૩.
- **શામજી દેવજી ગાલા**
  ૧૧-બી, ઈલોરા કો.ઓ. હાઉ. સોસા.,
  અભ્યુદય કો.ઓ. બેંકની પાછળ,
  દફ્તરી રોડ, મલાડ (ઈસ્ટ),
  મુંબઈ-૪૦૦ ૦૯૭.
- **શાંતિલાલ આશધીર છેડા**
  ૫૦૧, શિવમ્ બિલ્ડિંગ,
  મિસ્ત્રી કોમ્પ્લેક્સ, ઓમ નગર,
  જે.બી. નગર,
  અંધેરી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૯.

### ૫ વર્ષનું લવાજમ

- **ડૉ. એમ. એમ. સંગોઈ**
  ૧૮, સાગરપ્રભા, પ્રભા નગર,
  પ્રભાદેવી બીચ રોડ,
  મુંબઈ-૪૦૦ ૦૨૫.

*ઘરમાં શાંતિ થાય, એ જ મોટામાં મોટું ભણતર!*

## 'મંગલ મંદિર'ના એપ્રિલ/મે-૨૦૧૦ દરમ્યાન પરત આવેલ અંકોના નામોની યાદી

| ક્રમ | નામ | સ્થળ | કેટેગરી | એપ્રિલ-૨૦૧૦ | મે-૨૦૧૦ | રિમાર્ક |
|---|---|---|---|---|---|---|
| ૧. | લાલ રાંભિયા | મુંબઈ | વી.આઈ.પી. | પરત | | — |
| ૨. | ધી ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટી | મુંબઈ | કોમ્પ્લીમેન્ટરી | પરત | | — |
| ૩. | મહેન્દ્ર શામજી મોતા | હૈદ્રાબાદ | ગ્રાહક | પરત | | — |
| ૪. | અશોક ગંગુભાઈ છાડવા | મુંબઈ | ગ્રાહક | પરત | | "લેફ્ટ" |
| ૫. | સતીષ પદમશી ગોસર | ઇંદોર | ગ્રાહક | પરત | | — |
| ૬. | કચ્છી કડવા પટેલ સમાજ | અમદાવાદ | કોમ્પ્લીમેન્ટરી | | પરત | "લેફ્ટ" |
| ૭. | આશિષ રસિકલાલ ગડા | અમદાવાદ | સભ્ય | | પરત | "લેફ્ટ" |
| ૮. | હેમરાજ છેડા | મુંબઈ | વી.આઈ.પી. | | પરત | — |
| ૯. | દક્ષા હરીશ શાહ | અમદાવાદ | સભ્ય | | પરત | "લેફ્ટ" |

ઉપરોક્ત લિસ્ટ મુજબના સભ્યોને વિનંતી કે તેઓ પોતાની નવા સરનામાની વિગતો મોકલી આપે.

*કન્વીનર, વ્યવસ્થાપક સમિતિ - મંગલ મંદિર*

- ★ *કોકાકોલા જેવા ઠંડા પીણા, દારૂ, ધૂમ્રપાન, ચા-કોફી લેવાથી શરીરમાં કેલ્શિયમનું પ્રમાણ ઘટે છે.*
- ★ *વધુ પ્રમાણમાં જાડું દૂધ શરીરને હાનિકર્તા બની શકે છે.*
- ★ *વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ૬૫ વર્ષ સુધી રક્તદાન કરવાની તરફેણમાં છે.*
- ★ *નાના બાળકને ચોકલેટ, માખણ, બિસ્કિટ આપવાથી કોલેસ્ટેરોલમાં વધારો થઈ શકે છે.*
- ★ *પેશાબનો રંગ પાણી જેવો હોવો જોઈએ.*

# જાણવા જેવું

*સંકલન : સૂરજલાલ મહેતા*

૧. કૂતરાની જાતમાં પણ અનેક વિવિધતા હોય છે. કદાવર કૂતરાની સાથે સાથે ગલુડિયા જેવા નાનકડા કૂતરા પણ આકર્ષક હોય છે. બૂ-બૂ નામનો એક કૂતરો જન્મ્યો ત્યારે અંગૂઠા જેવડો હતો. એ પુખ્ત ઉંમરે પહોંચ્યો ત્યારે ચાર ઈંચ ઊંચાઇ અને ૬ ઇંચ લંબાઇનો થયો છે અને તેનું વજન માત્ર ૧૦૦ ગ્રામ પણ નથી. લાંબી સુંવાળી રૂંવાટીવાળા આ કૂતરાને પોટેટો ચીપ્સ બહુ ભાવે છે.

૨. મચ્છરને ૪૭ દાંત હોય છે જે બધા નકામા છે કારણ તે જડબું જ ખોલી શકતો નથી. મચ્છરના શરીરમાં સ્ટીલલેટ નામની સોય હોય છે. એ સોય માણસના શરીરમાં ભોંકે અને લોહી ચૂસે છે.

૩. ચીનના હેંગઝાઉ અખાત પર બાંધવામાં આવેલો ૩૬ કિલોમીટર લાંબો હેંગઝાઉ બ્રિજ સમુદ્ર પરનો વિશ્વનો સૌથી લાંબો પુલ છે. જીઆઝીંગ અને નિંગબો શહેરને જોડતો આ પુલ કેબલને આધારે બંધાયેલો છે. આ પુલ ઉપર ૬(છ) એક્સપ્રેસ હાઇવે ટ્રેક છે.

૪. ભારતના કેરળ રાજ્યમાં વેચુર નામની ગાયની જાતિ તેના નાના કદને કારણે વિશ્વ પ્રસિદ્ધ છે. વેચુર ગાયની વધુમાં વધુ ૯૧ સેન્ટીમીટરની ઊંચાઇ હોય છે અને લગભગ ૧૦૦ કિલોગ્રામ વજન ધરાવે છે. દેખાવમાં સામાન્ય ગાય જેવી આ ગાય પુખ્ત ઉંમરે પણ વાછરડી જેવી જ દેખાય છે. આ ગાય દરરોજ ૩ (ત્રણ) લીટર દૂધ આપે છે.

૫. સિંગાપોર શહેરમાં ફક્ત રાત્રે જ ખુલ્લું રહેતું હોય તેવું દુનિયાનું એકમાત્ર પ્રાણી સંગ્રહાલય આવેલું છે.

૬. નહેર આધારિત સિંચાઇ વ્યવસ્થા કરવામાં પાકિસ્તાન દુનિયાભરમાં અવ્વલ છે.

૭. એલ્યુમિનિયમ એક એવી ધાતુ છે જેને ગમે તેટલી વખત રિસાઇકલિંગ કરી શકાય છે. વારંવાર તેનો નવા ઘાટ સાથે ઉપયોગ કરાય છે.

૮. ભારતમાં અંતરિક્ષ આયોગ (ISRO)ની સ્થાપના ઇ.સ. ૧૯૭૨માં થઇ હતી.

૯. મહાન વૈજ્ઞાનિક આઇન્સ્ટાઇન સંગીતના શોખીન હતા અને તેઓ વાયોલિન બહુ સરસ વગાડતા હતા.

૧૦. શહેરોનું તાપમાન માપવા માટે થર્મોમીટરનો ઉપયોગ થાય છે. એ થર્મોમીટરને સ્ટીવન્સન્સ સ્ક્રીન કહે છે. મોટેભાગે આ થર્મોમીટર ઉત્તર દિશામાં રખાય છે. તાપમાન માપવા માટે બે જુદા જુદા થર્મોમીટર સ્ક્રીનમાં હોય છે. સૌથી ઊંચું તાપમાન માપવા માટે પારાવાળું (મરક્યુરી) થર્મોમીટર હોય છે. આ થર્મોમીટરનો પારો ઉષ્ણતામાન વધે તેમ વધે છે. પણ ઘટે ત્યારે નીચે ઉતરી શકતો નથી. જ્યારે લઘુત્તમ એટલે નીચામાં નીચું તાપમાન માપવા માટેનું થર્મોમીટર આલ્કોહોલ વાળું હોય છે.

૧૧. વિશ્વનું સૌથી પહેલું સરકસ 'એસ્લે સરકસ' હતું જેની શરૂઆત લંડનમાં ૯ જાન્યુઆરી, ૧૭૬૮ના રોજ થઇ હતી. આ સરકસમાં પ્રથમ જોકર બંટ હતો અને સરકસના માલિક ફિલીપ એસ્લે હતા.

૧૨. અમેરિકાનું બંધારણ સૌથી જૂનું-લેખિત છે અને દુનિયામાં લેખિત બંધારણોમાં સૌથી ઓછા શબ્દો ધરાવે છે.

૧૩. ભારતનું બંધારણ ઘડવામાં ૨ વર્ષ ૧૧ માસ ૮ દિવસ લાગ્યા હતા.

૧૪. હસ્તધૂનન-હાથ મિલાવવા એ પણ નમસ્કારની જાણીતી રીત છે. એવું કહેવાય છે કે તેની શરૂઆત યુનાન (ગ્રીસ)માં થઇ હતી.

૧૫. હવાઇયન ભાષાની બારાખડીમાં માત્ર ૧૨ અક્ષરો હોય છે.

---

★ ચોર પકડવાની મશીન બનાવવામાં આવી.
યુએસએ માં એક દિવસમાં ૯ ચોર પકડાયા,
ચાઇનામાં એક દિવસમાં ૩૦ ચોર પકડાયા,
યુકેમાં એક દિવસમાં ૫૦ ચોર પકડાયા,
ભારતમાં એક કલાકમાં મશીન જ ચોરાઇ ગયું.
ભારત દુનિયામાં સર્વશ્રેષ્ઠ સાબિત થયું!

★ ★ ★

તમારી બહિરદૃષ્ટિ કેવી છે, તે તમારી આંતરદૃષ્ટિ પર આધારિત છે.

જ્યારે આપણે મંદિરમાં હોઇએ, ત્યારે આપણને ૧૦૦ રૂપિયા ખૂબજ વધુ લાગે છે.

પરંતુ જ્યારે આપણે મલ્ટીપ્લેક્ષમાં હોઇએ, ત્યારે આપણને ૧૦૦ રૂપિયા સાવ મામૂલી લાગે છે!

---

## શબ્દ રમત-૪૮નો ઉકેલ

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ | રી | | ક | રિ | યા | વ | ર | | કં | દ | રા | | સા | ર |
| ર્વ | | પ્રે | | પો | | ર્ગ | | ચં | બ | લ | | કી | | ણ |
| | પા | સ | પો | ર્ટ | | શિ | શુ | પા | લ | | વા | | ગં | જી |
| ગો | ઠ | | ટ | | ત | ક્ષ | ક | | | આ | દ | મ | જા | ત |
| | ક | ડ | લી | | ટ | ક | | તા | લી | મ | | લ | વ | |
| ગ | | ફ | | ત | | | સ | જા | | ને | | બા | ર | સ |
| ર | | લી | લા | લ | હે | ર | | ખ | ડી | સા | ક | ર | | મ |
| મ | ન | | | વા | મ | ન | | બ | | મ | દ | | થા | ણું |
| | ડ | બ | ગ | ર | | | પ | ર | વા | ને | | સં | | |
| | ત | | ર | | દી | પ | ડો | | ર્તા | | મ | હા | રા | જા |
| ધ | ર | તી | મા | તા | | ણ | | | લા | | | ર | જ | ત |
| ન | | ર | વો | | કા | | ત | દુ | પ | રાં | ત | | કો | ક |
| પા | સ | | | કા | જ | | લા | વા | | ક | ક | ળા | ટ | |
| લ | વા | રો | | | લ | ખો | ટી | | મી | | લા | | | સ |
| | ર | જો | ગુ | ણ | | ટ | | મ | ર | જા | દી | | આં | ચ |


*(ત્રણ ભૂલ સુધીના નામો પ્રસિદ્ધ કરાશે.)*

*શબ્દ રમત-૪૮ના જવાબો મોકલનારના નામ માટે જુઓ : પાના-૮૬*

*ધર્મ એટલે કોઈ પણ જીવને કોઈ પણ પ્રકારે સુખ આપવું તે; અને કોઈ પણ જીવને કોઈ પણ પ્રકારે દુ:ખ આપવું તે અધર્મ.*

## શબ્દ રમત-૪૯

*સંકલન : સૂરજલાલ મહેતા*



શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૪-૬-૨૦૧૦)*

### આડી ચાવીઓ

૧. દોસ્ત, આશક (૨)
૨. બંધાયેલું, પરવશ (૩)
૪. એક જાતનું ઇમારતી કાળું લાકડું (૩)
૭. .....વહોરા, મુસલમાનની એક જાત (૩)
૯. સંબંધ, જોડાવું-ભેગા થવું (૩)
૧૧. ક્રૂર, ભોઇ-પાલખી ઊંચકનાર (૩)
૧૩. નોતરું, ઇજન, આમંત્રણ (૩)
૧૫. મહિનો (૨)
૧૭. વિક્રમ સંવતનો પ્રથમ માસ (૪)
૧૯. થર, પડ (૨)
૨૦. મોજમજા, ચેન બાજી, જલસા (૫)
૨૨. જનેતા, જનની (૨)
૨૩. સાવ નાનું અંધારું ઘર, ગંદી ઝૂંપડી (૩)
૨૪. રીત પ્રમાણે, પેઠે (૨)
૨૬. ને, તથા (૨)
૨૭. ઠુંગો, ચોરી કરનાર માણસ (૨)
૨૮. અશ્વ, સવારીનું એક પશુ (૨)
૨૯. મંડળી, નાની સભા (૩)
૩૧. વિઘ્ન, હરકત (૪)
૩૪. વસ્તુનો છેડો, કિનાર (૨)
૩૫. અણખીલ્યું ફૂલ (૨)
૩૬. જૈનોના પ્રથમ તીર્થંકર......દેવ (૩)
૩૭. કચરો-પૂંજો વાળવાનું સાધન (૪)
૩૮. ભાગોળ આગળનું મેદાન (૩)
૩૯. દૃષ્ટાંત, ઉદાહરણ (૩)
૪૦. ગધેડો, ઠોઠ (૨)
૪૧. રહસ્ય, તાત્પર્ય (૨)
૪૨. લય, નાશ, ઓગળી જવું (૩)
૪૪. ઇસવીસનનો ત્રીજો મહિનો (૨)
૪૬. સંપ, દોસ્તી (૪)
૪૭. તલ્લીન, ગરક, મસ્ત (૪)
૪૯. રચનાત્મક, વ્યવસ્થા કરનાર (૪)
૫૧. શ્વાસનો એક રોગ (૨)
૫૩. અણી, છેડો (૨)
૫૪. એકબાજુ દાંતાવાળો કાંસકો (૩)
૫૫. એક સૂકો મેવો, આલૂ (૪)
૫૭. વકીલનું કામ (૪)
૫૯. ઊંડું, ગાઢ, અકળ (૩)
૬૦. આનંદ, ગમ્મત (અં) (૨)
૬૧. પાસા ફેંકી ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
૬૨. રેતીનું મેદાન, લડાઇનું મેદાન (૨)
૬૩. અણધાર્યો લાંબો મુકામ-પડાવ (૨)
૬૪. પગલું, કદમ (૨)
૬૫. ઠંડું, ટાઢું (૨)
૬૬. સંભાષણ, ગપ્પાં (૪)
૬૭. ટેકો, અવલંબન (૩)
૬૮. સેવક, ચાકર (૩)

### ઊભી ચાવીઓ

૧. સ્મરણશક્તિ (૪)
૨. તળિયાનાં આધારરૂપ ચણતર, મૂળ (૨)
૩. બ્રિટિશરોએ બંગાળના કરેલા ભાગલા (૪)
૫. વહેમ, શંકા (૨)
૬. અતિશક્તિશાળી યોદ્ધો (૪)
૮. પેટ, બખોલ (૩)
૯. સાધુ, પવિત્ર પુરુષ (૨)
૧૦. ઊંડું, એકાગ્ર ધ્યાન (૩)
૧૨. એક તારવાળું, એકસરખું (૪)
૧૪. પરણવા જતા વરની સવારી (૪)
૧૬. ભદ્ર-સ્ત્રી, બાનુ (૩)
૧૭. એક રાક્ષસ, રાવણનો મામો (૪)
૧૮. થપ્પડ, લપડાક (૩)
૨૦. ઉતાવળ, ધમકી, ચેતવણી (૩)
૨૧. દેખાવ પૂરતી ઝડપ (અં + ગુ) (૪)
(નવો શબ્દ પ્રયોજયો છે) (ડમી દોડ)
૨૫. ભાવમાં વધારો, ચડતી (૨)
૨૬. વસ્તુનો પ્રભાવ, લાગણી (૩)
૩૦. લાભ આપનારું, ફાયદાકારક (૫)
૩૧. બળદ, સાંઢ (૩)
૩૨. સામાન્ય ખર્ચ માટે ખિસ્સામાં રાખવાનું નાણું (૪)
૩૩. કલેજું, કાળજું (૩)
૩૪. ખભા નીચેના હાથનો સાંધો (૨)
૩૫. સરદાર વલ્લભભાઇ પટેલનું જન્મસ્થળ (૫)
૩૮. ઝવેરાતની પરીક્ષા કરી જાણનાર (૩)
૪૩. મચકોડ, લટકાતી ચાલ (૩)
૪૫. અમૃત (૨)
૪૬. ૪૮૪૦ ચોરસવાર જમીનનું માપ (૩)
૪૮. ચપટી, અંગૂઠા-આંગળી વડે કરાતો અવાજ (૩)
૪૯. વિરહિણી વિયોગી સ્ત્રી (૪)
૫૦. યજ્ઞ કરવો, પૂજન (૩)
૫૨. મોટું શહેર (૫)
૫૩. જૈનોનું સવારનું શિરામણ (૪)
૫૪. દંત (૨)
૫૬. મા કે બાપની મા (માનાર્થે) (૩)
૫૭. ઝાકળ, (૨)
૫૮. થયેલું ખર્ચ, મૂળ કિંમત (૩)
૬૦. બીક, ચમક, ભય (૩)
૬૨. લીન, આસક્ત (૨)
૬૩. કિનારો, છેડો (૨)

*આ જગતમાં 'નમ્ર' થજો, પણ 'દીન' તો ક્યારેય ના થશો.*

# સુડોકુ

– હરખચંદ સાવલા

સુડોકુ ક્રમાંક-૧૦૦૬ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને મંગલ મંદિર કાર્યાલય પર તા. ૨૧-૬-૨૦૧૦ સુધીમાં મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

સાચા જવાબો મોકલનારના નામ જુલાઈ-૨૦૧૦ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

## ક્રમાંક - ૧૦૦૬

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૯ | | ૭ | | | |
| ૩ | | ૫ | | | | ૧ | | ૭ |
| ૭ | ૪ | | | ૧ | | | ૫ | ૬ |
| ૮ | | | | ૪ | | | | ૧ |
| | | | ૨ | ૭ | ૮ | | | |
| ૬ | | | | ૩ | | | | ૫ |
| ૨ | ૧ | | | ૮ | | | ૬ | ૪ |
| ૫ | | ૩ | | | | ૮ | | ૯ |
| | | | ૬ | | ૫ | | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬ | | ૪ | | ૮ | | |
| ૫ | ૪ | | | | | | ૯ | ૬ |
| | ૧ | | ૩ | | ૯ | | ૭ | |
| | | ૯ | | ૭ | | ૪ | | |
| | | | ૪ | | ૬ | | | |
| | | ૨ | | ૫ | | ૧ | | |
| | ૨ | | ૫ | | ૭ | | ૮ | |
| ૮ | ૩ | | | | | | ૫ | ૯ |
| | | ૭ | | ૧ | | ૬ | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૪ | | ૧ | | ૬ | | |
| ૫ | ૩ | ૨ | ૬ | ૮ | | ૭ | | |
| ૬ | | | | | | | | ૫ |
| ૯ | | ૭ | ૪ | ૨ | | | | |
| | | | | | | | | |
| | | | | ૩ | ૫ | ૧ | | ૯ |
| ૧ | | | | | | | | ૮ |
| | | ૩ | | ૫ | ૧ | ૨ | ૯ | ૪ |
| | | ૮ | | ૭ | | ૫ | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૧ | | ૬ | | | |
| ૪ | | ૨ | | ૫ | | ૭ | | ૮ |
| | ૧ | | | | | | ૪ | |
| ૧ | | | ૫ | | ૪ | | | ૩ |
| ૮ | | ૪ | | | | ૧ | | ૨ |
| ૭ | | | ૨ | | ૮ | | | ૪ |
| | ૩ | | | | | | ૨ | |
| ૫ | | ૧ | | ૯ | | ૩ | | ૭ |
| | | | ૩ | | ૧ | | | |

__શરતો__ :

૧. ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.

૨. ૧થી ૯ના આંકડા **3 X 3**ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

## ઉકેલ : ક્રમાંક - ૧૦૦૫

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૫ | ૧ | ૨ | ૭ | ૬ | ૮ | ૪ | ૩ |
| ૩ | ૮ | ૪ | ૯ | ૫ | ૧ | ૨ | ૭ | ૬ |
| ૬ | ૭ | ૨ | ૮ | ૪ | ૩ | ૫ | ૧ | ૯ |
| ૧ | ૩ | ૯ | ૭ | ૬ | ૮ | ૪ | ૨ | ૫ |
| ૨ | ૪ | ૮ | ૩ | ૧ | ૫ | ૯ | ૬ | ૭ |
| ૫ | ૬ | ૭ | ૪ | ૯ | ૨ | ૧ | ૩ | ૮ |
| ૪ | ૯ | ૩ | ૧ | ૮ | ૭ | ૬ | ૫ | ૨ |
| ૮ | ૨ | ૬ | ૫ | ૩ | ૪ | ૭ | ૯ | ૧ |
| ૭ | ૧ | ૫ | ૬ | ૨ | ૯ | ૩ | ૮ | ૪ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૮ | ૨ | ૬ | ૯ | ૭ | ૫ | ૩ | ૧ |
| ૩ | ૭ | ૧ | ૮ | ૪ | ૫ | ૬ | ૨ | ૯ |
| ૯ | ૫ | ૬ | ૧ | ૩ | ૨ | ૪ | ૮ | ૭ |
| ૨ | ૬ | ૭ | ૩ | ૫ | ૯ | ૧ | ૪ | ૮ |
| ૮ | ૧ | ૪ | ૨ | ૭ | ૬ | ૩ | ૯ | ૫ |
| ૫ | ૯ | ૩ | ૪ | ૧ | ૮ | ૭ | ૬ | ૨ |
| ૬ | ૪ | ૫ | ૯ | ૨ | ૧ | ૮ | ૭ | ૩ |
| ૭ | ૩ | ૯ | ૫ | ૮ | ૪ | ૨ | ૧ | ૬ |
| ૧ | ૨ | ૮ | ૭ | ૬ | ૩ | ૯ | ૫ | ૪ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | ૩ | ૭ | ૫ | ૬ | ૯ | ૧ | ૮ |
| ૭ | ૯ | ૧ | ૪ | ૮ | ૨ | ૫ | ૩ | ૬ |
| ૫ | ૬ | ૮ | ૯ | ૩ | ૧ | ૭ | ૪ | ૨ |
| ૬ | ૫ | ૨ | ૧ | ૯ | ૩ | ૮ | ૭ | ૪ |
| ૧ | ૮ | ૭ | ૫ | ૨ | ૪ | ૬ | ૯ | ૩ |
| ૯ | ૩ | ૪ | ૮ | ૬ | ૭ | ૧ | ૨ | ૫ |
| ૮ | ૧ | ૯ | ૨ | ૪ | ૫ | ૩ | ૬ | ૭ |
| ૩ | ૨ | ૫ | ૬ | ૭ | ૯ | ૪ | ૮ | ૧ |
| ૪ | ૭ | ૬ | ૩ | ૧ | ૮ | ૨ | ૫ | ૯ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૪ | ૭ | ૫ | ૧ | ૩ | ૨ | ૯ | ૬ |
| ૯ | ૬ | ૧ | ૪ | ૮ | ૨ | ૭ | ૫ | ૩ |
| ૩ | ૫ | ૨ | ૭ | ૯ | ૬ | ૪ | ૧ | ૮ |
| ૬ | ૨ | ૩ | ૧ | ૫ | ૭ | ૯ | ૮ | ૪ |
| ૪ | ૭ | ૮ | ૬ | ૩ | ૯ | ૫ | ૨ | ૧ |
| ૧ | ૯ | ૫ | ૨ | ૪ | ૮ | ૩ | ૬ | ૭ |
| ૭ | ૮ | ૪ | ૯ | ૬ | ૫ | ૧ | ૩ | ૨ |
| ૨ | ૩ | ૯ | ૮ | ૭ | ૧ | ૬ | ૪ | ૫ |
| ૫ | ૧ | ૬ | ૩ | ૨ | ૪ | ૮ | ૭ | ૯ |

સુડોકુ-૧૦૦૫ના જવાબ મોકલનારની નામાવલી માટે જુઓ પાના નં. -૮૬

*માણસ કપડાંથી નથી શોભતો પણ વાણી, વર્તન અને કર્મની સુગંધથી શોભે છે.*

## શબ્દ રમત-૪૮નો ઉકેલ

મે-૨૦૧૦ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૪૮ના ઉકેલમાં નીચે મુજબના સભ્યોએ પોતાના ઉકેલ લખીને મોકલાવ્યા છે.

***જે પૈકી બધા સાચા જવાબ આપનાર વ્યક્તિઓ :***

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ | |
| ૨. | કિશોર જે. શાહ | - ભુજ | |
| ૩. | રોહિત આર. ગાંધી | - અમદાવાદ | |
| ૪. | નવીન શામજી લાલકા | - ગદગ | ૩ ભૂલ |
| ૫. | શ્રીમતી મોના જિતેન્દ્ર શાહ | - હૈદ્રાબાદ | ૧ ભૂલ |

***એપ્રિલ-૨૦૧૦ માસના બાકી રહી ગયેલા નામ***

| | | | |
|---|---|---|---|
| ૧. | જયચંદ માણેકજી લોડાયા | - ગદગ | બધા સાચા જવાબ |
| ૨. | ઉષા નીતિન હરિયા | - વડોદરા | ૩ ભૂલ |

## સુડોકુ-૧૦૦૫

મે-૨૦૧૦ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૦૫નો ઉકેલ મોકલનારની નામાવલિ

***બધા સાચા જવાબ આપનાર વ્યક્તિઓ :***

| | | |
|---|---|---|
| ૧. | સરલાબહેન ચંદ્રકાંત શાહ | - અમદાવાદ |
| ૨. | પ્રતાપ નારાણજી દંડ | - અમદાવાદ |
| ૩. | ભારતી મનીષ વોરા | - અમદાવાદ |
| ૪. | તરુણ પ્રતાપ દંડ | - અમદાવાદ |
| ૫. | જલ્પા દિલીપ મોમાયા | - અમદાવાદ |
| ૬. | હર્ષા પ્રવીણ મારુ | - વડોદરા |
| ૭. | વર્ષા પારેખ | - અમદાવાદ |
| ૮. | એ.જે. ભટ્ટ | - અમદાવાદ |
| ૯. | પંકજ લક્ષ્મીચંદ મોતા | - અમદાવાદ |
| ૧૦. | નીના અશોક ગોરજી | - અમદાવાદ |
| ૧૧. | સ્મિતા શાહ | - અમદાવાદ |
| ૧૨. | ઉષ્મા શાહ | - અમદાવાદ |
| ૧૩. | કામિની સ્નેહલ શેઠ | - અમદાવાદ |
| ૧૪. | નવીનચંદ્ર શામજી લાલકા | - ગદગ |
| ૧૫. | ચંદ્રિકા અશોક શાહ | - રાઉરકેલા |
| ૧૬. | હેમા એચ. શાહ | - મદ્રાસ |
| ૧૭. | કિરણ કુમાર ઉમરશી | - નડિયાદ |
| ૧૮. | જયવંતી પી. ગંગર | - વલસાડ |
| ૧૯. | વૈશાલી દર્શન મહેતા | - અમદાવાદ |
| ૨૦. | કેતન તારાચંદ રતાણી | - અમદાવાદ |
| ૨૧. | નિરાલી ડી. શાહ | - અમદાવાદ |
| ૨૨. | ઉષા નીતિન હરિયા | - વડોદરા |
| ૨૩. | કલ્પના હરખચંદ શાહ | - અમદાવાદ |
| ૨૪. | સરલા ખીમજી છેડા | - અમદાવાદ |
| ૨૫. | મૈત્રી જયેશ શાહ | - અમદાવાદ |
| ૨૬. | બકુલ એચ. શાહ | - અમદાવાદ |
| ૨૭. | દ્રવ્યા ખુશાલ શાહ | - અમદાવાદ |
| ૨૮. | સરોજ અનુપ ચંદુરા | - સુરત |

## રોબર્ટચેન ટેસ્ટનું મોતના ટાઈમે લખેલું લખાણ અનુકરણ કરવા જેવું છે

- જે માણસે કદીય સૂર્યોદય જોયો નથી કે બાળકનો ચહેરો કે પ્રેમમાં પડેલી સ્ત્રીની આંખો જોઈ નથી એને મારી દૃષ્ટિ આપજો.
- જે માણસના હૃદયમાં પોતાના હૃદયને કારણે કશું જ નહીં, પણ પારાવાર વેદના હોય એને મારું હૃદય આપજો.
- જે માણસ અકસ્માતમાં ઘવાયો હોય અને હજી જુવાનીમાં પગ મૂકતો હોય એવા કિશોરને મારું રક્ત આપજો. જેથી એ એના પૌત્રને રમતા જોઈ શકે.
- જે માણસને કિડનીની સલામતી માટે દર અઠવાડિયે મશીનનો સહારો લેવો પડતો હોય એને મારી કિડની આપજો.
- જરૂર પડે તો મારા હાડકાં તમામ સ્નાયુઓ, મારા શરીરમાં જે કાંઈ શેષ ઉપયોગનું હોય તે બધાનો કોઈ અપંગ બાળક ચાલી શકે એ માટે ઉપયોગ કરજો.
- મારા મગજના ખૂણેખૂણા તપાસજો. એમાંથી જરૂર પડે જે કંઈ લેવું હોય તે લઈ લેજો. જેથી અવાક્ બોલી શકે અને બહેરી કન્યા એની બારી પરના વરસાદનો ધ્વનિ સાંભળી શકે.
- મારું જે કંઈ બચ્યું હોય એ બાળી નાખજો અને એ રાખને પવનમાં વેરી દેજો. જેથી ફૂલો ઊગી શકે.
- જો કશું દાટવું હોય તો મારા દોષ, મારી નબળાઈઓ અને મારા સાથીદારો પ્રત્યેના પૂર્વગ્રહોને દાટજો.
- મારા પાપ શયતાનને સોંપજો.
- મારો આત્મા પરમાત્માને.
- જો તમે મને યાદ રાખવા માંગતા હો તો કોઈ પ્રત્યે દયા-માયાથી વળગજો અને જેને હૂંફાળા શબ્દોની જરૂર હોય તે એને આપજો.

***સંકલન : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)***

*હિંસા કોની કરશો? જીવમાત્રમાં પરમાત્મા છે. કોને દુઃખ દેશો?*



**સંકલન : પોપટલાલ નેણશી ધરોડ**

★ કચ્છમાં છેલ્લા દસકમાં અશ્વોનું ચલણ વધ્યું છે. મેળા, મલાખડાઓ, વાર્ષિક ઉત્સવો, લગ્ન પ્રસંગો વગેરે વખતે અશ્વોનો ઉપયોગ વધ્યો છે. કચ્છમાં સિંધી, મારવાડી, કાઠિયાવાડી, અરબી, રાજસ્થાની સહિતનાં ઘોડા રાખવાનો શોખ વધ્યો છે. શુભ ચિહ્નો ધરાવતા જેવા કે પંચકલ્યાણી, અષ્ટ મંગલ, અબલક, સીધી પંખ, દેવમણિ જેવા અશ્વોની માંગ વધુ રહે છે. અશ્વની ચાલ પણ વિવિધ પ્રકારની જેવી કે ગેલપ, નાની રેવાલ, મોટી રેવાલ, ટાયડા ચાલ, સદ્ધર ચાલ, થલ ચાલ, કેન્ટર ચાલ, શુદ્ધ ચાલ વગેરે જાણીતી ચાલ છે. એક અશ્વનો રોજિંદો ખર્ચ રૂપીયા ત્રણસો જેટલો થાય છે.

★ પૂર્વ ધારાસભ્ય જયકુમાર સંઘવીના જણાવ્યા અનુસાર માંડવીને સુધરાઈ દ્વારા સ્થાનિક સોર્સમાંથી પાણી વિતરીત થાય છે, તે શુદ્ધિકરણના અભાવે લીલ અને શેવાળવાળું દૂષિત હોય છે. જે આરોગ્ય માટે ખતરારૂપ છે. આ માટે તેમણે ત્વરીત પગલાંની માંગ કરી હતી.

★ કચ્છમાં ઉનાળાનો પ્રકોપ બરાબર ચાલુ છે ત્યારે ડેમોમાં સરેરાશ ૧૫ ટકા પાણીનો જથ્થો બચ્યો છે. તેથી હવે સિંચાઈ બંધ છે. ઉનાળુ પાકોને જળાશયમાંથી પાણી મળશે નહીં. વળી અનેક ડેમો એવા છે કે કમાન્ડ એરિયાની બહાર એન્જિન લગાવાતા હોવાથી પાણીનો જથ્થો જલદી ખૂટી ગયો છે.

★ ભચાઉમાં વહીવટી તંત્ર, પોલીસ અને નગરપાલિકા કચેરીએ પૂરતી યંત્ર સામગ્રી - સાધન સાથે મામલતદારની હાજરીમાં ૫૦ એકર જેટલી જમીન પર દબાણ હટાવી જમીન ખુલ્લી કરી હતી.

★ ગાંધીધામમાં પોલીસે બોગસ તબીબોને ત્યાં છાપા માર્યા હતા. આવા ૮ તબીબોના દવાખાના ઉપર દરોડા પાડી ૮ લોકોને પકડ્યા હતા અને ત્યાંથી એલોપેથિક દવા, ગોળીઓ, ઈન્જેક્શન વગેરે મુદ્દામાલ કબજે કરાયો હતો.

★ મુંબઈની સ્વર સાધના સમિતિ દ્વારા તેરા (તા. અબડાસા)ના પંડિત લક્ષ્મીકાંત સાકચંદ દોશીને સરોદ વાદનમાં મેળવેલા પ્રાવિણ્ય માટે વર્ષ ૨૦૧૦નો 'સ્વર સાધના રત્ન' ઍવૉર્ડ અપાયો હતો. પંડિત લક્ષ્મીકાંતને આ અગાઉ 'સૂરમણિ' (મુંબઈ), 'રાજકોટ થિયેટર' (રાજકોટ) તથા ગુજરાત રાજ્યની સાહિત્ય અકાદમીના ગૌરવ ઍવૉર્ડ પણ પ્રાપ્ત થયા છે.

★ ભડલી પંથક (ભુજ અને નખત્રાણા તાલુકા)ના સાત ગામોના વાડી કે ખેતર તેમજ ઘરોમાં એક પણ કેરીનું ઝાડ આજે નથી. અગાઉ આ વિસ્તારમાં પુષ્કળ આમ્ર વૃક્ષો હતા. લોકવાયકા પ્રમાણે યોગી ધોરમનાથના શિષ્ય ગરીબનાથ બાબાએ આપેલા શાપથી આ વિસ્તારમાં કેરીઓ થતી નથી.

★ વારસાઈ જમીન પાછી મેળવવા બે-બે માસથી આમરણ ઉપવાસ પર ઉતરેલા ૮૩ વર્ષના ભચાઉવાસીએ ભુજ ખાતે દમ તોડતાં તંત્ર હરકતમાં આવી ગયું હતું. આ દલિત વયોવૃદ્ધના જીવનનો અંત આવવા છતાં પ્રશ્ન ઠેરનો ઠેર રહેતા મૃતકના પુત્રે તથા પરિવારે શરૂઆતમાં મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો હતો.

★ અબડાસાના ધારાસભ્ય જયંતીભાઈ ભાનુશાલીના યુવાન સદ્‌ગત પુત્ર અનિરુદ્ધના સ્મરણાર્થે એક હજાર પક્ષીઘર અને કુંડા વિતરણનો કાર્યક્રમ નખત્રાણામાં યોજાયો હતો. જયંતીભાઈએ જાહેરાત કરી હતી તે અનુસાર તેમના પુત્રની યાદમાં મોથાળા પાસે નિરાધાર બાળકો માટે 'માતૃ સંસ્થા' શરૂ કરવામાં આવશે.

★ કોઠારા (તા. અબડાસા)માં હીરામોતી ટ્રસ્ટ સંચાલિત અને દાતાના સહયોગથી સ્વ. પીયૂષ મૂળજીભાઈ શાહ તથા સ્વ. અનિરુદ્ધ જેંતીભાઈ ભાનુશાલીની સ્મૃતિમાં બસ સ્ટેન્ડ પાસે પાણીની પરબ તથા વોટર કૂલર અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો.

★ તીવ્ર ગરમીથી ત્રસ્ત કચ્છ અને દેશ માટે આનંદના વાવડ છે કે ૨૦૧૦નું નૈઋત્યનું ચોમાસું સરેરાશ કરતાં પણ સારું રહેશે એવી આગાહી અમેરિકા અને બ્રિટનના મોસમ વિજ્ઞાનીઓ દ્વારા કરવામાં આવી છે. ૨૦૦૯માં દેશના મોટાભાગમાં ૭૫થી ૯૦ ટકા જ વરસાદ નોંધાયો હતો.

★ છેલ્લા ૨૯ વર્ષથી મુંબઈની 'કચ્છ શક્તિ' સંસ્થા દર વર્ષે અષાઢી બીજના કચ્છી નવા વર્ષની ઉજવણી સાથે વિવિધ ક્ષેત્રના વિશિષ્ટ કચ્છીઓને 'કચ્છ શક્તિ ઍવૉર્ડ' એનાયત કરે છે. ઉપરાંત 'કચ્છ શક્તિ' વાર્ષિક અંકનું પ્રકાશન પણ કરે છે. આ વર્ષે ઉજવણી પ્રસંગે "શા માટે માતૃભાષામાં શિક્ષણ જરૂરી?" વિષય પર નિબંધ સ્પર્ધા આ સંસ્થાએ યોજી છે.

★ ગ્રામ્ય ક્ષેત્રે રમતગમતનો વિકાસ થાય એ ઉદ્દેશથી કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરાયેલી પંચાયત ક્રિડા અભિયાન પરિયોજના હેઠળ દરેક ગામમાં ખેલનું મેદાન વિકસાવાશે. કચ્છમાં પ્રથમ વર્ષે ૩૫ ગામોને પસંદ કરાયા છે. કચ્છના કુલ ૬૫૦ ગામોને ક્રમાનુસાર રમતના મેદાન મળશે.

★ માકપટ - પાવરપટ્ટી પંથકના સીમાડામાં છૂટાછવાયા ઊભેલા પીલુડીના વૃક્ષોમાં પીલુનો મબલખ ફાલ થયો છે. આમ તો કોલસા માટે ગાંડો બાવળ કાપવા સાથે પીલુડી સહિત ઘણા દેશી વૃક્ષો કપાઈ ગયા છે પણ જે બચેલા છુટાછવાયા પીલુડીના વૃક્ષો ફાલ્યા છે તે જોઈ કુદરતની તાસીર પારખુ અનુભવી લોકો આ વરસે ચોમાસામાં શ્રીકાર વરસાદ થવાના એંધાણ ગણે છે.

★ ભૂકંપ બાદ કાટમાળ કૌભાંડની ચાલતી કાર્યવાહીમાં ભચાઉ તાલુકાના છ આરોપીની ભુજ એ.સી.બી.એ, જ્યારે તાલુકામાંથી

*મનના કહ્યાં પ્રમાણે ચાલે, તે 'મિકેનિકલ' કહેવાય.*

૯ આરોપીની રાજકોટ એ.સી.બી.એ ધરપકડ કરી હતી.

★ વિકલાંગજનોની સેવા માટે પ્રખ્યાત ઉદયપુરના નારાયણ સેવા સંસ્થાન (ટ્રસ્ટ) દ્વારા કચ્છના વિકલાંગો માટે ભુજ ખાતે નિઃશુલ્ક શિબિર યોજાઈ હતી. જેનો ૯૮ દર્દીઓએ લાભ લીધો હતો. ૨૪ દર્દીઓની શસ્ત્રક્રિયા ઉદયપુર ખાતે કરાશે. જરૂરિયાતમંદ વિકલાંગજનોને સાધનોનું વિતરણ કરાયું હતું.

★ સમાજસેવક મૂળ કાંડાગરાના વતની નેમજીભાઈ કરમશી ગંગરને આંતરરાષ્ટ્રીય મહાવિદ્યાલય મહાત્મા મેડમ કીરી ગ્રીસ્કોમ - એ પીએચ.ડી.ની માનદ્ પદવી એનાયત કરી હતી. ડૉ. ગંગરે જીવનના ૪૦ વર્ષો સેવા પ્રવૃત્તિમાં ખર્ચ્યા છે.

★ ગુજરાતમાં ગત ચોમાસા દરમ્યાન થયેલા ઓછા વરસાદના કારણે આ વખતે ઉનાળામાં પીવાના પાણીની ભારે તંગી સર્જાઈ છે. કચ્છમાં ૨૧ ગામોમાં પાણીની તંગી સર્જાઈ હતી. આગળ જતા કચ્છમાં ૭૨ ગામોને પીવાનું પાણી પૂરું પાડવાનું આયોજન કરાયું હતું.

★ વિદેશ મંત્રી એસ.એમ. કૃષ્ણા દ્વારા લોકસભામાં જણાવવામાં આવ્યું હતું કે ગુજરાતમાં કચ્છ અને રાજસ્થાનમાં પાકિસ્તાનને જોડતો માર્ગ નિર્માણ કરવાની કોઈ જ દરખાસ્ત નથી.

★ સમગ્ર રાજ્યમાં કચ્છમાં મધનું ઉત્પાદન ૯૦ ટકા થાય છે પરંતુ ચાલુ સાલે આગ ઝરતી ગરમી, લૂ અને વનવગડામાં ખાલીખમ જળસ્રોતના કારણે મધના ઉત્પાદનમાં ૩૫ ટકા જેટલો ઘટાડો થયો છે. દર વર્ષે ૧ હજાર ક્વિન્ટલ મધનું ઉત્પાદન એપીસ ફ્લોરિયા નામની મધમાખી દ્વારા થાય છે પણ ચાલુ સાલે વિપરીત કુદરતી પરિબળોને લીધે ૩૫૦થી ૪૦૦ ક્વિન્ટલનો ઘટાડો થશે. કચ્છમાં બન્ની અને પાવરપટ્ટી મધ ઉત્પાદનના મુખ્ય ક્ષેત્રો છે. સારા વર્ષોમાં એક મધપૂડાના માનામાંથી ૫થી ૬ કિલો જેટલું મધ નીકળે છે.

★ રાજકોટ, જામનગર અને કચ્છ વિસ્તારને રોજેરોજ પૂરતા પ્રમાણમાં નર્મદાજળ આપી શકાય તે હેતુથી લખતરના ઢાંકી પમ્પિંગ સ્ટેશનથી માળિયાના ખીરઈ પમ્પિંગ સ્ટેશન સુધીની ૧૩૫ કિ.મી. લાંબી નર્મદા કેનાલને પ્રતિબંધિત વિસ્તાર જાહેર કરવા સાથે સઘન પેટ્રોલિંગ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. આ ઉપરાંત નર્મદા નિગમ, પાણી પુરવઠા બોર્ડ અને ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ. દ્વારા કેનાલમાં જામેલા કાંપની સફાઈ કરવાનું નક્કી કરાયું હતું.

★ ગાંધીધામ - હાવડા - ગાંધીધામની સાપ્તાહિક ટ્રેન શરૂ થયા પછી તે રેક ત્રણ દિવસ - બુધવારથી શનિવાર સુધી ગાંધીધામ સ્ટેસને ખાલી પડી રહેતી હોવાથી તેને સાપ્તાહિક સ્વરૂપે ગાંધીધામ - અમદાવાદ - વડોદરા ઈન્ટરસિટી તરીકે દોડાવવાનું સૂચન રાજ્યમંત્રી વાસણભાઈ આહીરે પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર તથા અમદાવાદ ડિવીઝનના ડિવીઝનલ મેનેજરને પાઠવેલા પત્રમાં કર્યું હતું.

★ કચ્છની જાણીતી બાંધણી, ભરતકામ, વણાટકામ, ચર્મકલા, કાષ્ટ કોતરકામ, લાખકામ, ખરકીકામ, નામદાકલા અને રોગાન જેવી વિવિધ કલા કચ્છના વિસ્તારમાં સચવાયેલી રહી છે. અને એ કારીગરી ચોક્કસ કોમનાજ પરિવારોમાં રચીપચી રહી છે. જે પૈકી નામદા અને રોગાન જેવી અલભ્ય કલા પ્રોત્સાહન અને વેચાણ વ્યવસ્થાને અભાવે નષ્ટ પામી રહી છે.

★ નલિયા (તા. અબડાસા)ની સીમમાં ગોચર અને સરકારી પડતર જમીન પર મોટાપાયે પેશકદમી થતાં આવી જમીન ખુલ્લી કરાવવાની માંગણી સાથે ગૌસેવા અને ગોચર સમિતિ દ્વારા જિલ્લાના ઉચ્ચ અધિકારીઓને રૂબરૂ મળી આવેદનપત્ર આપી રજૂઆત કરાઈ હતી.

★ મુંબઈ સ્થિત સંસ્થા કચ્છ શક્તિના હેમરાજ શાહે માંગણી કરી છે તે અનુસાર મુંદ્રા ખાતે મોટા તળાવની બાજુમાં ત્રણ રસ્તાનું સર્કલ છે તેને દુલેરાય કારાણી ચોકનું નામ આપી ત્યાં દુલેરાય કારાણીની અર્ધપ્રતિમા મુકાવી જોઈએ.

★ આ વખતના વસતિ ગણતરીના કાર્યમાં કચ્છીને સિંધીની પેટાભાષા તરીકે દર્શાવવામાં આવતાં કચ્છી સાહિત્ય અકાદમીએ તેની સામે વિરોધ વ્યક્ત કરીને ભૂલ સુધારી લેવા વસતિ ગણતરી તંત્રને અનુરોધ કર્યો હતો. તેમની રજૂઆત અનુસાર કચ્છી એક સ્વતંત્ર ભાષા છે અને તેના મૂળ સંસ્કૃતમાં છે. એકલા કચ્છમાં જેમની માતૃભાષા કચ્છી છે એવા લોકોની સંખ્યા આઠ લાખ જેટલી છે. ઉપરાંત ગુજરાતના અન્ય જિલ્લાઓ અને સૌરાષ્ટ્રમાં સાગરકાંઠા પર વસતા અન્ય લાખો કચ્છીભાષી છે. કચ્છ, મુંબઈ (મહારાષ્ટ્ર), ગુજરાત અને ભારતના અન્ય સ્થળોએ કચ્છીઓની સંખ્યા ૧૭થી ૨૦ લાખ જેટલી છે.

★ લંડન સ્થિત વિવિધ નવ જેટલી જૈન સંસ્થાઓની સંકલિત સંસ્થા નવનીત વણિક એસોસિએશન ઓફ યુનાઈટેડ કિંગડમ (લંડન)ના પ્રમુખપદે મૂળ માંડવીના હાલ યુ.કે. વસતા ભૂપેન્દ્રભાઈ જયચંદ શાહ સતત બીજીવાર બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. ૧૯૭૦થી કાર્યરત આ એસોસિએશન સ્થાનિક સ્તરે સામાજિક સેવા પ્રવૃત્તિઓ કરે છે. ઉપરાંત ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છની અંદાજે ૮૦ જેટલી સંસ્થાઓને દર વર્ષે રૂા. ૩૫ થી ૪૦ લાખ મોકલે છે.

★ કચ્છની એક સંસ્થા દ્વારા ૩૨ જેટલા એચ.આઈ.વી. પોઝીટીવ લોકોને તીર્થયાત્રાના ભાગ તરીકે ભ્રબુડી (તા. માંડવી) લઈ જવાયા હતા. જ્યાં દર્શન અને મનોરંજનના કાર્યક્રમો તેમના માટે યોજાયા હતા. માંડવીના દરિયા કિનારે તથા જૈન તીર્થ બહુંતેર જિનાલય ખાતે પણ તેમને લઈ જવાયા હતા.

★ પશ્ચિમ બંગાળના બખવાલીથી કચ્છના કોટેશ્વર સુધીના ૭૨૪૯.૦૧ કિલોમીટરના અંતરને દેશના સમુદ્રકાંઠાને જોડતો રસ્તો ત્રણ સાહસિકોએ કાર ચલાવી માત્ર પાંચ દિવસ ૨૩ કલાક અને ૨૫ મિનિટમાં પાર કરી લીમકા બુક ઑફ રેકર્ડસમાં સ્થાન મેળવ્યું હતું.

★ નખત્રાણાની પ્રાથમિક શાળાના શિક્ષિકા ડૉ. મંજુલાબહેન ડી. આચાર્યને ઈંગ્લેન્ડની વિન્ચેસ્ટર યુનિવર્સિટી દ્વારા કોમનવેલ્થ એસોસિએશન ઓફ સાયન્સ ટેક્નોલોજી એન્ડ મેથેમેટિક્સ

*જે પોતાના 'ધ્યેય' પ્રમાણે ચાલે, તે મનુષ્ય કહેવાય.*

એજ્યુકેશન (સી.એ.એસ.ટી.એમ.ઈ.)નો શૈક્ષણિક ઍવૉર્ડ - એલેકઝાન્ડર પ્રાઈઝ ઍવૉર્ડ જાહેર થયો હતો. તેમને આ ઍવૉર્ડ તેમણે રજૂ કરેલા એક શોધનિબંધ માટે મળ્યો છે. તેમને આ અગાઉ પણ અનેક ઍવૉર્ડ મળ્યા છે.

★ રિલીઝ થયેલી ફિલ્મ 'હાઉસફુલ'માં લાવારીસ ફિલ્મનું લોકપ્રિય ગીત - 'અપની તો જૈસે તૈસે...' નહીં દર્શાવવાનો કોલકત્તાની હાઈકોર્ટે આદેશ આપતાં, આ આદેશથી સંગીતકાર કલ્યાણજી આણંદજીનો વિજય થયો હતો. મૂળ સંગીતકાર કે પ્રોડ્યુસરની પરવાનગી લીધા વિના આ ગીત લેવાયું હોવાથી તેનો કેસ કોલકત્તા હાઈકોર્ટમાં ચાલતો હતો.

★ ભૂકંપ વખતે ધ્વંશ થઈ ગયેલી નગરપાલિકા હસ્તકની ભુજની મટન માર્કેટ હાલમાં ખુલ્લામાં ચાલતી હોવાથી ગંદકી અને રોગચાળો ફેલાય છે તેવી ફરિયાદ કરીને ૨૦૦ જેટલા આસપાસના રહેવાસીઓએ પત્ર લખી કલેક્ટર આગળ રજૂઆત કરી હતી.

★ પુરાતત્ત્વ ખાતાએ જેને રક્ષિત સ્મારક જાહેર કરી છે તે લખપતના ગઢના દરવાજાની જર્જરીતા જોખમી બની રહી છે. ગઢની બંને બાજુ મોટી તિરાડો પડતાં પ્રવેશદ્વાર જોખમી થયો છે. લખપતનો ભવ્ય ભૂતકાળ જાણીતો છે. અગાઉ તે સિંધુ નદીના મુખ પર આવેલું હતું. ત્યારે ત્યાં બંદરીય જાહોજલાલી હતી.

★ કચ્છમાં હાલ કેરી વગેરે સાથે ખાટી આમલી પણ બજારમાં દેખાય છે. ઉનાળામાં ખાટી આમલી અને ગોળનું જ્યુસ બનાવી, પીવાથી તેજ ગરમીમાં કપાણ નથી લાગતી તેમજ ખાટી આમલી અનેક દેશી દવાઓમાં પણ વપરાય છે. બસ્સો વર્ષ જેટલા આયુષ્યવાળા ઘટાદાર ખાટી આમલીના એક વૃક્ષમાં ઓછામાં ઓછો ૪૦થી ૫૦ કિલો ફાલ ઉતરે છે.

★ કચ્છમાં ચાર નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર થયા છે. લખપત તાલુકામાં નારાયણ સરોવર અને બરંદા, ભુજ તાલુકામાં દીનારા અને ગાંધીધામ તાલુકામાં કીડાણામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને મંજૂરી મળી છે.

★ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સરહદી માર્ગો બાંધવાનો મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમ હાથ ધર્યો છે પરંતુ વિવિધ એજન્સીઓ વચ્ચે સંકલનના અભાવને કારણે કેટલીક યોજનાઓનું કામ ખોરંભે ચડેલું છે જેમાં પાકિસ્તાનને સ્પર્શતી કચ્છની રણસીમાના માર્ગનો સમાવેશ થાય છે.

★ સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમ માટે ગુજરાતને વર્ષ ૨૦૧૦-૧૧ માટે ૨૮૦૦ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. વિવિધ રાજ્યોને આ ફાળવણી રાજ્યોની સરહદની લંબાઈ, સરહદી ક્ષેત્રોની વસતિ, સરહદી વિસ્તારના કદના આધારે કરવામાં આવે છે. આ ઉપરાંત ડુંગરાળ, રણ અને કચ્છ પ્રદેશને ૧૫ ટકા વધુ ભંડોળ આપવામાં આવે છે.

★ ભુજ જૈન ગૂર્જર જ્ઞાતિ સમાજના અગ્રણી અને ભદ્રેશ્વર વસહી તીર્થના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી કાંતિભાઈ ઘીવાલાનું અવસાન થતાં સમગ્ર જૈન સમાજમાં શોકની લાગણી ફેલાઈ હતી. તેઓના માર્ગદર્શન હેઠળ ૨૦૦૧નાં ધરતીકંપમાં નષ્ટ થયેલું ભદ્રેશ્વર જૈન તીર્થનું પુનઃ નિર્માણ થયું છે. ઉપરાંત ધરતીકંપમાં બેઘર બનેલા જૈનોના પુનર્વસન માટે તેમણે ભુજમાં ૧૧૦૦ જેટલા પરિવારો માટે વર્ધમાન નગર ઊભું કર્યું છે. ભુજના બધા ફિરકાના જૈન સંઘોના આગેવાનોએ તથા અન્ય જૈન અગ્રણીઓએ તેમને અંજલિ આપી હતી.

★ મધ્ય પ્રદેશના વિદિશામાં વસતા શ્રી રાઘવજીભાઈ સાવલાની પુત્રી જ્યોતિબહેન મહેશ શાહ વિદિશા નગરપાલિકાના મેયરપદે ચૂંટાઈ આવ્યા છે. આ અગાઉ વર્ષ ૨૦૦૫થી ૨૦૦૯ સુધી તેઓ જનપદ પંચાયત - વિદિશાના પ્રમુખ રહ્યા હતા. તેઓ મધ્યપ્રદેશ કચ્છી જૈન મહિલા સંઘના વર્ષોથી સક્રિય કાર્યકર રહ્યા છે. તેઓ વોલીબોલ અને ટેનીસ બોલ જેવી રમતોમાં પાવરધા છે અને પુરાતત્ત્વ વિજ્ઞાનનું સારું જ્ઞાન ધરાવે છે.

★ કચ્છી વીસા ઓસવાળ જૈન જ્ઞાતિના અગ્રણી અને દાનવીર અને સમાજસેવક શ્રી રતનશી ટોકરશી વોરાનું ૬૭ વર્ષની વયે હૃદયરોગના હુમલા પછી મુંબઈમાં અવસાન થયું હતું. તેમને અનેક કચ્છી જૈન અગ્રણીઓએ શ્રદ્ધાંજલિ આપી હતી. તેઓ કચ્છમાં નવી નાળ (તા. મુંદ્રા)ના હતા.

★ અન્યાયના મુદ્દે કચ્છરાજ સામે જંગે ચડેલા બહારવટિયા ખાનજી જાડેજાના 'હધજંઘ' એવા હરભમજી જાડેજાનું ૯૦ વર્ષની વયે પાકિસ્તાનમાં નિધન થયું હતું. તેઓ મૂળ ગુનેરીના અને પાછળથી પાકિસ્તાનમાં મીઠી જિલ્લાના ડિપ્લો તાલુકાના નનૈ ગામમાં રહેતા હતા.

★ ભુજના પૂર્વ ધારાસભ્ય અને ગુજરાત ખનિસ વિકાસ નિગમના પૂર્વ અધ્યક્ષ મુકેશભાઈ ઝવેરીની સરદાર સરોવર નર્મદા નિગમમાં ડાયરેક્ટર તરીકે નિમણૂક થતા કચ્છમાં નર્મદા યોજના અંગે આશાની લાગણી ફરી વળી હતી.

★ "વાંચે ગુજરાત" અંતર્ગત વિશ્વ પુસ્તક દિન નિમિત્તે માંડવી તાલુકાના બિદડા પરિસરના ગામોમાં, લોકો વાંચન તરફ પ્રેરાય તે હેતુથી ગ્રંથ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ યાત્રામાં ૨૦ હજાર પુસ્તકોનું વેચાણ થયું હતું.


★ તેરાપંથ જૈન સમાજના ૧૦મા આચાર્ય રાષ્ટ્રસંત શ્રી મહાપ્રજ્ઞજીનું રાજસ્થાનના મુરુ જિલ્લાના સરદાર શહેર ખાતે ૮૯ વર્ષની વયે દેવલોક ગમન થયું હતું. કચ્છના જૈન ભાઈઓ તથા સમગ્ર તેરા પંથે આઘાતની લાગણી અનુભવી હતી.

★ ઉનાળાના પ્રખર તાપમાં શેકાતા કચ્છમાં મે માસની શરૂઆતમાં જ્યારે ઉષ્ણતામાન ૪૩° ડિગ્રી ઉપર હતું ત્યારે ભુજમાં કરાનો વરસાદ થયો હતો તથા ભુજ - ભચાઉ તાલુકાના કેટલાક ગામોમાં વરસાદી ઝાપટું પડ્યું હતું.

***(નોંધ : આ વિભાગમાં તા. ૧૦ મી મે, ૨૦૧૦ સુધી પ્રાપ્ત થયેલા સમાચાર લેવામાં આવ્યા છે. — સં.)***

*સી/૮૧, કર્મચારી નગર, વિભાગ-૧, રન્ના પાર્કની સામે, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧. ફોન : (૦૭૯) ૨૭૪૮૫૮૧૨*

*માનવ ધર્મ કોને કહેવાય કે તમે સામાને સુખ આપો તો તમને સુખ મળે ને સામાને દુઃખ આપો તો તમને દુઃખ મળે.*



## સરનામા ફેરફાર

- **અનિલ પાસુભાઈ શાહનંદ**
  'નિરાંત', ૮૯, યોગેશ્વર નગર સોસાયટી, અંજલિ ચાર રસ્તા પેટ્રોલ પંપની પાછળ, પાલડી, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  ફોન : ૩૨૯૪૮૭૬૫, મો. (જ્યોતિ) ૯૮૨૪૭ ૬૬૬૧૧
  મો. (અનિલભાઈ) ૯૪૨૬૦ ૫૫૪૪૮, ૯૩૨૭૦ ૬૩૩૫૨,
- **શેઠ શાંતિલાલ સોમચંદ**
  એ/૩૦૨, સન ડીવાઈન-૨, સગુન કેશલ ટાવરની બાજુમાં, માનસી સર્કલ, સેટેલાઈટ કોમ્પ્લેક્સ અને પાણીની ટાંકીની પાછળ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
- **વોરા ચમનલાલ મોહનલાલ**
  એ-૩૦૪, સન ડીવાઈન-૨, સગુન કેશલ ટાવરની બાજુમાં, સ્ટાર બજારની પાછળ, જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.


## પુત્રી જન્મ

- **તા. ૧૬-૪-૨૦૧૦**
  **આધ્યા પ્રનીકા વીરેન જયેશ નાગડા (નલિયા - અમદાવાદ)**

## સાભાર સ્વીકાર

★ **શ્રીમતી કવિતાબહેન વીરેનભાઈ દામજીભાઈ નીસર (કચ્છ વડાલા)**ને ત્યાં તા. ૬-૪-૨૦૧૦ના રોજ પુત્રી **તાનિયા**ના જન્મની ખુશાલીમાં રૂા. ૫૦૧/- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને ભેટ મળેલ છે. ખૂબ ખૂબ આભાર.

## નૃત્યાંગના બીજલ હરિયા



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના એક ટ્રસ્ટી શ્રી નવીનભાઈ વેરશી હરિયાના પુત્રવધૂ શ્રીમતી બીજલ વિપુલ હરિયાએ તાજેતરમાં મુંબઈની પ્રતિષ્ઠિત સૂરશિંગાર સંસ્થા દ્વારા આયોજિત નૃત્યના કાર્યક્રમમાં શિંગારમણિનું બિરુદ મેળવ્યું હતું.

બીજલ ૬ વર્ષની હતી ત્યારથી નૃત્ય તરફનો તેનો લગાવ જાણી તેઓને સ્મિતાબહેન શાસ્ત્રી દ્વારા ચાલતા નર્તન સ્કૂલ ઑફ ડાન્સમાં નૃત્યની તાલીમ લેવા મૂક્યા. જ્યાં તેઓએ ભારત નાટ્યમ્, ગરબા અને લોકનૃત્યની તાલીમ લીધી. સાથેસાથે શિક્ષણ ક્ષેત્રમાં પણ કોમર્સનો અભ્યાસ કર્યો હતો.

બીજલે ભારત નાટ્યમ્ સાથે કૂચીપૂડી નૃત્યમાં પણ સઘન તાલીમ લઈ ડિપ્લોમાની બે પદવી મેળવી.

તેઓએ તાંજોર ઘરાનાના ગુરુ પાર્વતીકુમારની નિશ્રામાં માસ્ટર ઈન ફાઈન આર્ટસની પદવી મેળવી.

તેઓએ દેશ વિદેશના અનેક ફેસ્ટિવલમાં ભાગ લઈ નામના મેળવી અનેક ઍવૉર્ડ મેળવ્યા છે.

તેઓ હાલમાં શશીકુંજ સંસ્થા - અમદાવાદમાં નૃત્ય વિભાગમાં કાર્યરત છે.

ઉપરાંત તેઓ અમદાવાદના પરંપરા એકેડેમી ઑફ પરફોર્મિંગ આર્ટસના સ્થાપક અને સફળ સંચાલિકા છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, તેઓ, નૃત્યકળામાં વધુને વધુ ઊંચાઈ હાંસલ કરે તેવી શુભેચ્છા પાઠવે છે.

## શ્રી બિપિનચંદ્ર કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) શૈક્ષણિક સહાય યોજના

ચાલુ વર્ષે અભ્યાસ કરતા પોતાના પાલ્યો માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પાસેથી શિક્ષણ અંગે આર્થિક સહાય લેવા ઈચ્છા ધરાવનાર વાલીઓને જણાવવાનું કે તેઓ રૂબરૂ અથવા પોસ્ટકાર્ડ પર પોતાનું નામ - સરનામું તથા પાલ્ય (વિદ્યાર્થી)નું નામ દર્શાવી, નીચેના સરનામેથી અરજી ફોર્મ મંગાવી (૧ વિદ્યાર્થી દીઠ ૧ ફોર્મ) **તા. ૧૫-૭-૨૦૧૦ સુધીમાં** ભરેલું અરજી ફોર્મ સમાજને મોકલી આપે.

**આ શૈક્ષણિક સહાય આ સમાજના કાર્યક્ષેત્ર હેઠળ આવરાયેલા વિસ્તારો (અમદાવાદ - ગાંધીનગર)માં વસતા આર્થિક જરૂરિયાતવાળા પરિવારોના અભ્યાસ કરતા બાળકો માટે જ ઉપલબ્ધ છે.**

અવ્યવસ્થિત ભરેલા અને અધૂરી વિગતોવાળા ફોર્મ ગણતરીમાં લેવામાં આવશે નહીં. તેથી ફોર્મ વ્યવસ્થિત ભરીને તથા માંગેલ માહિતી પૂરેપૂરી દર્શાવી, ભરેલું ફોર્મ "શૈક્ષણિક સહાય સમિતિ, શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬"ને **તા. ૧૫-૭-૨૦૧૦ સુધીમાં મોકલી આપવું.**

***કન્વીનર, શૈક્ષણિક સહાય સમિતિ***

*બુરાઈ કરવાના અવસર અનેક આવે છે, પરંતુ ભલાઈની તક ફક્ત એક જ વાર આવે છે.*

## Education & Extra Development Committee

### JAYE TO JAYE KAHAN?

***Ashish :*** Four years ago my elder brother opted for Electronics & Computer Engineering from Nirma University and I also made up my mind to become an E.C. Engineer but now I hear that many I.T. professionals are returning from U.S. as situation there is worsening but they are getting good offers from Pune / Hyderabad.

***Mitesh :*** My uncle says lot of infrastructure work is going all around so very good scope for Civil Engineers.

***Kruti :*** Lot of star hotel projects are coming up every where. Government also wants to encourage tourism. So I think Hospitality Management is the best for future.

***Paheli :*** My parents are Doctors. I know I can get rank in Board and very easily get admission into Medical College but I have seen their life and I do not like such hectic schedules. A girl staying next to me, did certificate course in jewellery designing and using her PC and Internet, she is earning fantastic amount. I always find her free to do other activities also.

***Mitesh :*** There is a tremendous shortage of Nurses abroad. So why not do nursing, go out of India and live better life?

***Ashish :*** We Indians are particularly good at Mathematics. So I am thinking as to why not teach online Maths to children abroad? Last vacation, when I was in London at my aunt's place, I taught Maths to many chaps n made some good pounds. Doors are being opened for foreign universities so why not opt for teaching profession?

***Paheli :*** When I see T.V. serials, I feel like making career in producing T.V. serials. What a life all participants must be enjoying?

***Abhishek :*** I have been listening to all of you for quite some time. I understand there is a scope in many areas other than those you mentioned. I was eager to hear about your own logical choice. May be during vacation you might have missed last month's Mangal Mandir. We were informed about "Aptitude Test" which analyses our own potential and strength. I have appeared for it. After the test, in about 10 days we were given results and I went to the center with my parents for counseling. You know what happened? My parents and me were thinking in opposite directions before the test, but all of us now are moving ahead in same direction. Earning with our choice and ability is like "Sone pe Suhaga."

***Paheli :*** How do we go about it?

***Abhishek :*** As simple as it is. Just register your names with any one of the following :

***Hiren Shah*** ***M. : 98250 13715***

***Vishal Shah*** ***M. : 94283 50038***

***Vimesh Shah*** ***M. : 98791 10467***

They will get back to you with details action plan for you. Also do not forget to inform all students of Samaj studying in Std. 8th to 12th because SKJSS - Ahmedabad has made arrangements for their Aptitude Test free of cost.

***Vimesh Shah,***
***Member - Education & Extra Development Committee***

*તમે જો સાચા છો તો દુનિયામાં કોઈ તમારું નામ દેનાર નથી. તમે કોઈને જગતમાં દુઃખ દેતા નથી, કોઈને દુઃખ દેવાની તમારી ભાવના નથી, તો તમને કોઈ દુઃખ દઈ શકે તેમ નથી.*

*એકાગ્ર ચિત્તે કામ કરવાથી સફળતા જરૂર મળે છે.*

## શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ

### જાયે તો જાયે કહાં?

***આશિષ :*** ચાર વર્ષ પહેલાં મારા મોટા ભાઈએ નિરમા યુનિવર્સિટીમાં ઈલેક્ટ્રોનિક્સ તથા કોમ્પ્યુટર એન્જિનિયરિંગમાં એડમિશન લીધું હતું અને મેં પણ ઈ.સી. ઈજનેર બનવાનું નક્કી કર્યું હતું. પરંતુ હમણાં સંભળાય છે કે અમેરિકામાં પરિસ્થિતિ ખરાબ થવાથી ઘણા આઈ.ટી. નિષ્ણાતો પરત આવી રહ્યા છે અને એમને પૂના / હૈદ્રાબાદમાં સારી ઑફર મળી રહી છે.

***મિતેષ :*** મારા કાકા કહે છે કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટનું કામ ચારે તરફ ધમધોકાર ચાલતું હોવાથી સિવિલ ઈજનેર માટે વિપુલ તક રહેલી છે.

***કૃતિ :*** બધી બાજુ એટલી બધી સ્ટાર હોટેલો બની રહી છે અને સરકાર પણ પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહન આપી રહી છે. એટલે મારા મતે હોટલ મેનેજમેન્ટનું ભવિષ્ય ખૂબ જ ઊજળું છે.

***પહેલી :*** મારા માતા-પિતા બંને ડૉક્ટર્સ છે. મને ખબર છે કે મારો બોર્ડમાં રેન્ક આવશે અને મને મેડિકલમાં એડમિશન મળશે. પણ મેં એમની જિંદગી જોઈ છે અને મને આટલી વ્યસ્ત જિંદગી પસંદ નથી. મારી પડોશી છોકરી જ્વેલરી ડિઝાઈનિંગનો સર્ટિફિકેટ કોર્સ કર્યા પછી ઘેર બેઠા કમ્પ્યુટર અને ઈન્ટરનેટનો ઉપયોગ કરી સારું એવું કમાય છે.

***મિતેષ :*** પરદેશમાં નર્સની તીવ્ર અછત હોવાથી શું કામ નર્સિંગનો કોર્સ કરી, ભારત બહાર જઈ, સારી જિંદગી ન જીવવી?

***આશિષ :*** આપણે ભારતીયો ગણિતમાં ઍક્કા હોવાથી હું વિચારું છું કે વિદેશી બાળકોને શું કામ ઑનલાઈન ગણિત ના શીખવાડવું? ગઈ રજાઓમાં હું ફોઈને ત્યાં લંડન હતો ત્યારે બચ્ચાંઓને ગણિત શિખવાડીને સારા એવા પાઉન્ડ ભેગા કર્યા હતા. હવે જ્યારે આપણે વિદેશી યુનિવર્સિટીઓ માટે આપણા દ્વાર ખોલી રહ્યા છીએ ત્યારે શિક્ષણની વ્યવસાય તરીકે પસંદગી શા માટે ન કરવી?

***પહેલી :*** જ્યારે હું ટી.વી. સીરિયલ જોઉં છું ત્યારે મને લાગે છે કે કારકિર્દી તો ટી.વી. સીરિયલ પ્રોડ્યુસર તરીકેની જ નક્કી કરવી. કેટલી સરસ મજાની જિંદગી એ લોકો જીવતા હશે.

***અભિષેક :*** હું ઘણા વખતથી તમારી વાતો સાંભળી રહ્યો છું. મને ખ્યાલ છે ત્યાં સુધી તમે કીધા એ સિવાય પણ ઘણા ક્ષેત્રોમાં વિપુલ પ્રમાણમાં તક ઉપલબ્ધ છે. મારે તમારી તર્કબદ્ધ પસંદગી સાંભળવી હતી. રજાઓને લીધે કદાચ તમારું ગયા મહિનાનું **'મંગલ મંદિર'** વાંચવાનું રહી ગયું હશે. તેમાં આપણને એપ્ટિટ્યૂડ ટેસ્ટ વિશે માહિતી આપવામાં આવી હતી. એ ટેસ્ટ આપણી વિશેષતા તથા યોગ્યતાઓનું વિશ્લેષણ કરે છે. મેં એ ટેસ્ટ આપી હતી. ટેસ્ટ આપ્યા પછી દસ દિવસમાં રિઝલ્ટ આવી ગયા પછી હું મારા માતા-પિતા સાથે કાઉન્સેલિંગ કરવા સેન્ટર ઉપર ગયો હતો. તમને ખબર છે શું થયું? હું અને મારા મા-બાપ અલગ દિશામાં વિચારતા હતા તેના બદલે ટેસ્ટ અને કાઉન્સેલિંગ પછી એક જ દિશામાં આગળ વિચારતા થઈ ગયા. આપણી પસંદગી અને કુશળતાથી સારી કમાણી કરવી એટલે 'સોને પે સુહાગા.'

***પહેલી :*** તો હવે શું કરવાનું?

***અભિષેક :*** બહુ જ સરળ છે. નીચેના ત્રણ પૈકી કોઈ એકને તમારું નામ નોંધાવી દો.

| | |
|---|---|
| *હીરેન શાહ* | *મો. ૯૮૨૫૦ ૧૩૭૧૫* |
| *વિશાલ શાહ* | *મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮* |
| *વિમેશ શાહ* | *મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭* |

તમારા માટેનો સંપૂર્ણ પ્લાન લઈને તેઓ તમારો સંપર્ક કરશે. બીજું, સમાજના ધોરણ-૮થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જાણ કરવાનું ભૂલતા નહીં. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે એમના માટે નિઃશુલ્ક એપ્ટિટ્યૂડ ટેસ્ટની વ્યવસ્થા કરી છે.

***વિમેશ શાહ, સદસ્ય - શિક્ષણ તથા ઇતર ડેવલોપમેન્ટ સમિતિ***

## શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ

### એપ્ટિટ્યુડ ટેસ્ટના પરિણામો પછી 'ટાન્ગ્રામ' સંસ્થાના અધિકારીશ્રીઓ સાથેની મુલાકાતનો અહેવાલ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારજનોના ધોરણ-૧૦ના કેટલાક યુવાનો અને યુવતીઓ પોતાની ક્ષમતા અનુસાર કયા અભ્યાસક્રમ અને કયા વિષયોમાં પ્રવીણતા ધરાવે છે તે જાણવા અર્થે તેઓને ટેસ્ટ અને કાઉન્સેલિંગ સેન્ટર "ટાન્ગ્રામ"માં તાજેતરમાં મોકલાવવામાં આવ્યા હતા. તે અંગેનું પરિણામ તૈયાર થઈ જતા રવિવાર તા. ૨૩-૫-૨૦૧૦ના રોજ શ્રી કચ્છી જૈન ભવનમાં આ સમિતિના ઉપક્રમે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમિતિની કામગીરીના અનુસંધાનમાં એક મહત્ત્વપૂર્ણ બાબત એ હતી કે ઉપરોક્ત "ટાન્ગ્રામ" સંસ્થાના અધિકારીશ્રીઓ શ્રીમતી અને શ્રી સિંઘ સાહેબે જાતે ઉપરોક્ત કાર્યક્રમમાં હાજરી આપી હતી. ઉપસ્થિત સર્વે જણને ટેસ્ટના પરિણામ સંબંધી વિગતવાર અને રસપ્રદ વિગતો રજૂ કરીને સમગ્ર ક્ષેત્રની વિગતથી સમજ પૂરી પાડી હતી. તેમણે રજૂ કરેલ અહેવાલ મુખ્યત્વે ત્રણ ભાગમાં હતો : (૧) વ્યક્તિની વિવિધ ક્ષમતા (ન્યુમેરિકલ વર્બલ રિઝનિંગ વગેરે), (૨) સ્પોર્ટસ, સાયન્સ રચનાત્મક અને અન્ય ક્ષેત્રોમાં વિદ્યાર્થીઓના રસ અને કૌશલ્ય, (૩) વિદ્યાર્થીઓનું વ્યક્તિત્વ તેમજ વધુ વિકાસ કયા ક્ષેત્રમાં સાધવાની જરૂર છે તેમજ તે અર્થે શું કરી શકાય તેની વિગતથી સમજ પૂરી પાડી હતી.

વધુ અગત્યની બાબત એ હતી કે, ઉપરોક્ત કાર્યક્રમ દરમિયાન અધિકારીશ્રીઓએ પ્રત્યેક વિદ્યાર્થીઓ તેમજ તેમના વાલીઓ સાથે વ્યક્તિગત રૂપે કાઉન્સેલિંગ કરીને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આ ક્ષેત્રમાં તેમના પરિવારજનો માટે જે પ્રયત્નો કરે છે તેની પ્રશંસા કરી હતી.

આ કાર્યક્રમમાં સમાજનાં ટ્રસ્ટી આગેવાનો, સમિતિનાં સદસ્યો તથા અન્ય મેમ્બરોએ ભાગ લઈ તેમાં યોગદાન આપેલ.

*સંબંધોનો આધાર સ્વાર્થ નહિ પણ ત્યાગ છે.*

# યુવા વિકાસ સમિતિ

**પબ્લિક સ્પિકીંગ અને પર્સનાલિટી ડેવલપમેન્ટ વર્કશોપનો અહેવાલ**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પ્રેરિત અને યુવા વિકાસ સમિતિ દ્વારા આયોજિત પબ્લિક સ્પિકીંગ અને પર્સનાલિટી ડેવલપમેન્ટ વર્કશોપનો અહેવાલ.

સોમવાર તા. ૧૦-૫-૨૦૧૦નો દિવસ. સાંજના ૪.૪૫ની આજુબાજુ કેટલાક વિદ્યાર્થીઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ભેગા થયા. થોડીક ઔપચારિક્તા બાદ તે દરેક વિદ્યાર્થીઓ વારાફરતી આગળ આવતા ગયા અને પોતાનો પરિચય આપતા ગયા. પરિચય વિધિ બાદ સૌપ્રથમ શ્રી દીપકભાઈ (Sir) પર્સનાલિટી કેટલા પ્રકારની હોય તે બાબતે સમજણ આપી. તેમજ નાના નાના ઉદાહરણો દ્વારા ખૂબજ સહજતાથી બાળકોને સમજાવ્યા. ત્યારબાદ ફરીથી બધાને પોતાનો પરિચય આપવા માટે કહ્યું. ખરેખર ફક્ત ૧૫ મિનિટના સેશન બાદ બીજીવાર પોતાનો પરિચય આપનાર બાળકના અવાજ, ઊભા રહેવાની રીત, બોલવાની રીતમાં ઘણો જ સુધારો જોવા મળ્યો.

પ્રથમ દિવસે બાળકોને પર્સનાલિટી અને તેમના Body Language વિશેની માહિતી - સમજણ આપવામાં આવી. આજનું લેશન (હોમ વર્ક) "મારી મા" વિશે ફક્ત બે મિનિટ સુધીનું વક્તવ્ય લખીને તેમજ વક્તવ્ય રૂપે તૈયાર કરી લાવવાનું. આ રીતે રોજ બાળકોને કોઈ એક વિષય (પોતાના મનપસંદ) ઉપર શરૂઆતમાં બે મિનિટ અને ચોથા દિવસથી ૩થી ૫ મિનિટ સુધી નિબંધ લખીને તેમજ બોલવા માટે તૈયારી કરી આવવાનું અને બીજા દિવસે બધાની સમક્ષ રજૂ કરવાનું. જે તે વિદ્યાર્થીની રજૂઆત બાદ તેના હકારાત્મક પાસાંઓ (પ્લસ પોઈન્ટ્સ) બીજા વિદ્યાર્થીઓને પૂછવામાં આવતા. આ રીતે ધીમે ધીમે દરેક વિદ્યાર્થીમાં આત્મવિશ્વાસનો વધારો થતો ગયો. આ ઉપરાંત રોજ નવા નવા વિષય શીખવાના તો ખરા જ. આ રહી તે વિષયોની એક ઝલક : Time Management, Body Language, How To Get Success (SWOT), Attitude, Communication, Public Speaking, Manners & Ettiquetes તથા Memory Technique.

આ વર્કશોપમાં ૧૯ બાળકોએ ભાગ લીધેલ.

આ વર્કશોપ દરમ્યાન ખરી મજા આવી તા. ૧૭-૫-૧૦ના કે જે દિવસે બાળકોએ ખરા અર્થમાં પબ્લિક સ્પિકીંગ કર્યું. જી હા,એ દિવસે શ્રી દીપક સરની રાહબરી નીચે બધા બાળકોને અમે લઈ ગયા પરિમલ ગાર્ડનમાં. સાંજના ૪.૪૫ કલાકથી રાત્રિના ૮.૦૦ વાગ્યા સુધી જાહેરમાં પબ્લિકની વચ્ચે, પશુ-પંખી અને માનવીઓ તેમજ અજાણ્યા વાતાવરણ વચ્ચે દરેકે દરેક બાળકે ખૂબજ આત્મવિશ્વાસથી ભરપૂર પ્રદર્શન કર્યું. બાળકોના એ દિવસના પ્રદર્શનથી પધારેલ અમુક વાલીઓને પણ પોતાના બાળકોની પ્રગતિથી સંતોષ થયો, આનંદ થયો.

જોતજોતામાં ૧૦ દિવસ ક્યાં પસાર થઈ ગયા તેની ખબર જ ના પડી. ૨૦-૫ના પૂરી થતી વર્કશોપ એક દિવસ વધારે કરાવી. ઉપરાંત બીજા ત્રણ દિવસ પ્રેક્ટિસ માટે શ્રી દીપક સરે ફાળવ્યા ને પોતાના તરફથી બાળકો માટે તમામ હકારાત્મક કોશિશ કરી જેના ફળ સ્વરૂપે તા. ૩ થી ૧૦ના રોજ પાલડી ભવન ઉપર રાખેલ GPD પ્રસંગે દરેકે દરેક બાળક પોતાની પ્રતિભા નિખારીને વડીલો સમક્ષ, પોતાના વાલીઓ સમક્ષ રજૂ થયો.

બાળકોમાં રહેલી શક્તિઓ બહાર લાવવા માટેનો આ પ્રયાસ ખરેખર ખૂબ જ સારો હતો. શ્રી કચ્છી જૈન સેવા સમાજના વડીલોની પ્રેરણા થકી તેમજ વિદ્યાર્થીઓ અને વાલીઓના સાથ સહકાર વડે અને શ્રી દીપક સરના યોગ્ય માર્ગદર્શનથી આ વર્કશોપનું આયોજન સફળ થયું તે બદલ યુવા વિકાસ સમિતિ સૌનો આભાર માને છે. કચ્છી જૈન ભવનના તમામ સ્ટાફ મેમ્બરો તથા કેન્ટીનના સંચાલકનો પણ આભાર માનીએ છીએ.

***વર્કશોપમાં ભાગ લેનાર બાળકોના નામ :*** સલોની લાલકા, મોક્ષા લાલકા, જયદીપ ધરમશી, ઉષ્મા શાહ, નિકીતા લાલન, જયદીપ મૈશેરી, ધનંજય મૈશેરી, વિધિ શાહ, રાજુલ ત્રેવડિયા, વૈશાખી ત્રેવડિયા, રોહન મોતા, કીર્તિ સોની, ધ્રુવ છેડા, સંદીપ મોતા, ફોરમ કંસારા, હર્ષ કંસારા, સ્મિત જયેશ શાહ.

***કન્વીનર, યુવા વિકાસ સમિતિ***

*પોતાની ભૂલો દેખાવાની શરૂ થાય ત્યારથી પરમાત્મા થવાની શરૂઆત થઈ ગઈ!*

*સંબંધો બાંધવા સહેલા પણ નિભાવવા અઘરા છે.*

# યુવા વિકાસ સમિતિ

***આગામી કાર્યક્રમો***

યુવા વિકાસ સમિતિ દ્વારા યોજવામાં આવેલ આગામી કાર્યક્રમોમાં નીચે મુજબ ફેરફાર કરવામાં આવેલ છે.

★ **શ્રીમતી છાયાબહેન વિનોદચંદ્ર દેઢિયા ચત્રકલા હરીફાઈ :**

જૂની તારીખ : ૨૦-૬-૨૦૧૦ રવિવારના બદલે
નવી તારીખ : ૨૭-૬-૨૦૧૦ રવિવારના રોજ રાખવામાં આવેલ છે.
સમય સવારના ૯.૦૦ કલાકે ● સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.
નામ નોંધાવવાની છેલ્લી તા. ૨૦-૬-૨૦૧૦ સુધી પાલડી ભવન ઓફિસ ખાતે નોંધાવી જવા વિનંતી.

★ **શ્રી હરખચંદ કુંવરજી સાવલા નિબંધ હરીફાઈ :**

જૂની તારીખ : ૨૦-૬-૨૦૧૦ રવિવારના બદલે
નવી તારીખ : ૨૭-૬-૨૦૧૦ રવિવારના રોજ રાખવામાં આવેલ છે.
સમય સવારના ૯.૧૫ કલાકે ● સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.
નામ નોંધાવવાની છેલ્લી તા. ૨૦-૬-૨૦૧૦ સુધી પાલડી ભવન ઓફિસ ખાતે નોંધાવી જવા વિનંતી.

★ **શ્રી કાંતિલાલ રામજી શાહ વક્તૃત્વ હરીફાઈ :**

તારીખ : ૨૭-૬-૨૦૧૦ રવિવારના રોજ સવારના ૧૦.૦૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન પાલડી મધ્યે રાખવામાં આવેલ છે. આ હરીફાઈમાં રાખવામાં આવેલ છે. આ હરીફાઈમાં ભાગ લેવા ઈચ્છુક સભ્યોએ પોતાનું નામ, ઉંમર તથા સંપર્ક નંબર તા. ૨૦-૬-૨૦૧૦ સુધીમાં નીચેની વ્યક્તિઓ પાસે નોંધાવવાના રહેશે.

શ્રી નવીન લાલકા : મો. ૯૩૭૭૭ ૪૨૪૨૧, શ્રી વિમેશ શાહ : મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭

આ હરીફાઈમાં નીચે મુજબ ગ્રૂપ પાડવામાં આવેલ છે. તે ગ્રૂપ મુજબ વિષયો આપવામાં આવેલ છે અને તે વિષયો ઉપર આપના વિચારો રજૂ કરવા માટે વધુમાં વધુ ૩ મિનિટની સમય મર્યાદા રહેશે.

- ગ્રૂપ-એ (ઉંમર વર્ષ ૧૨થી ૧૮ વર્ષ સુધી)

  વિષય : ૧. મારો એ દિવસ જ ખરાબ હતો.
  ૨. પરીક્ષાઓ હોવી જોઈએ કે નહિં?
  ૩. રમત — ઈન્ડોર કે આઉટડોર સારી?

- ગ્રૂપ-બી (ઉં.વર્ષ ૧૯થી ૪૦ વર્ષ)

  વિષયો : ૧. વ્યક્તિ અને સમાજ — સિક્કાની બે બાજુ.
  ૨. મોડા લગ્ન ફાયદા - ગેરફાયદા.
  ૩. શિક્ષણ - સેલ્ફ ફાઈનાન્સ કે સરકારી સબસિડી (ગ્રાંટ) વાળી સંસ્થાઓ દ્વારા સારું.

- ગ્રૂપ-સી (ઉં.વર્ષ ૪૧થી ઉપર)

  વિષયો : ૧. ભારતના વડાપ્રધાન લોકો દ્વારા સીધી રીતે ચૂંટાયેલ હોવા જોઈએ?
  ૨. જૈન ધર્મ, ફક્ત આસ્થા કે વૈજ્ઞાનિક અભિગમ?
  ૩. મહિલા અનામત હોવું જોઈએ કે નહીં?

★ **શ્રીમતી પ્રભાબહેન શાંતિલાલ મૂળજી સાવલા જનરલ નોલેજ હરીફાઈ (ક્વીઝ કોન્ટેસ્ટ) :**

તારીખ : ૨૭-૬-૨૦૧૦ રવિવાર. સમય : સવારના ૧૦.૩૦ કલાકે. સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.
આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક સ્પર્ધકોએ પોતાના નામ (૧) શ્રી વિમેશ શાહ (મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭) તથા (૨) શ્રી વિશાલ શાહ (મો. ૯૪૨૮૩ ૫૦૦૩૮, ફોન : ૨૬૭૬ ૩૬૪૮)ને તા. ૧૯-૬-૨૦૧૦ સુધી લખાવવાના રહેશે.

★ **નિયમો :**

૧. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્ય પરિવારના સભ્યો જ આ સ્પર્ધાઓમાં ભાગ લઈ શકશે.
૨. નિયત તારીખ સુધીમાં આપના નામ નોંધાવવા જરૂરી છે.
૩. નિર્ણાયકોનો નિર્ણય સર્વે સ્પર્ધકોને બંધનકર્તા (માન્ય) રહેશે અને તે નિર્ણય આખરી ગણાશે.
૪. ઉપરોક્ત હરીફાઈઓમાં સમય અને તારીખમાં સંજોગો મુજબ જરૂરી ફેરફાર કરવાની સત્તા શ્રી યુવા વિકાસ સમિતિ - અમદાવાદ પાસે રહેશે.

***પહેલાં સંબંધો હૃદયે તોળાતા, આજે ત્રાજવે તોળાય છે.***

# યુવા વિકાસ સમિતિ દ્વારા આયોજિત શૈક્ષણિક પ્રવાસ

## રવિવાર, તા. ૨૫-૪-૧૦ • શૈક્ષણિક પ્રવાસની બોલતી તસવીરો



*યુનીક ટેગ લિ.ની ફેક્ટરીમાં બનતા લેબલને નજદીકથી નિહાળતા સ્ટડી ટૂરના સભ્યો*



*યુનીક ટેગ લિ.ની ફેક્ટરીમાં લેબલ બનાવતા મશીન પાસે સ્ટડી ટૂરના સભ્યો*



*યુનીક ટેગ લિ.ના ચેરમેન તથા મેનેજિંગ ડાયરેક્ટર શ્રી નરેન્દ્ર રામજી દેઢિયા (ભુજપુર) સાથે સ્ટડી ટૂરના સભ્યોનો ગ્રૂપ ફોટો*



*નવનીત પબ્લિકેશન્સની દંતાલી ખાતેની ફેક્ટરીમાં પ્રિન્ટીંગ મશીન પર પ્રિન્ટ થતી મેટર નિહાળતા સ્ટડી ટૂરના સભ્યો*



*દંતાલી ખાતેની નવનીત પબ્લિકેશન્સની પ્રિમાઈસીસમાં સ્ટડી ટૂરના સભ્યોનો ગ્રૂપ ફોટો*



*સ્ટડી ટૂરના સભ્યો – અડાલજની વાવ નિહાળતા*

*આત્મશ્રદ્ધા એટલે પોતાની જાત પર વિશ્વાસ, પોતાની આવડત પર શ્રદ્ધા.*

# વાંચન અને આપણે

• સલોની નવીનભાઈ લાલકા •

એક પીપરમિન્ટ (MENTOS)ની જાહેરાતમાં ગધેડાને વાનરનો માલિક બતાવાય છે. પોતાને મળેલી પીપરમેન્ટ સેવક (વાનર) પોતાના માલિક (ગધેડા)ને ખાવા આપે છે. પરંતુ આળસુ માલિક આરામ ફરમાવતો હોવાથી એ પીપરમિન્ટનો અસ્વીકાર કરે છે અને સેવક (વાનર) એ પીપરમિન્ટ ખાય છે. એના દિમાગની બત્તી ઝગમગી ઊઠે છે અને એ પ્રગતિના પથ પર દોડવા લાગે છે. આ તો ફક્ત એક જાહેરાતની વાત થઇ. પરંતુ વાસ્તવિક જીવનમાં પણ આદિ મનુષ્યએ જે અવનવી શોધો, સંશોધનો, નવા આવિષ્કારો કર્યા છે, તે પૈકીની એક શોધ એટલે કે લિપી. અલગ-અલગ દેશ અને પ્રાંતની અલગ-અલગ ભાષા, અલગ-અલગ લિપી અસ્તિત્વમાં આવી. જે તે પ્રદેશના લોકોએ કરેલ અવનવા સંશોધનો, પ્રયોગો, તેમનો ધર્મ, રીત-રિવાજ વગેરેનું પોતાની સ્થાનીય ભાષામાં વિવિધ પ્રકારના ગ્રંથો દ્વારા સંચય કર્યું અને એ ગ્રંથોના આધારે એક નવી પેઢી તેના વાંચન દ્વારા જ્ઞાન મેળવે અને પ્રગતિ કરે. ટૂંકમાં, વિવિધ ભાષામાં, વિવિધ લિપીમાં લખાયેલ ગ્રંથોના અભ્યાસ કરવાની પદ્ધતિ એટલે વાંચન.

ગુજરાતીમાં વાંચન, અંગ્રેજીમાં Reading, હિન્દીમાં પઢના, સંસ્કૃતમાં પઠન, અરબી ભાષામાં ઇક્રા તો મરાઠીમાં વાચતે, મલયાલમમાં વાયકવા, તમિલમાં પડીકદ તો વળી જાપાનીઝમાં યોમીટોરી (YOMITORI).

આ દરેક શબ્દોનો મૂળભૂત અર્થ તો એક જ વાંચન... વાંચન... અને વાંચન. સામાન્ય રીતે જોઇએ તો જે-તે લિપીમાં તૈયાર થયેલ ગ્રંથ, લખાણને ઓળખવું, સમજવું એટલે વાંચવું કે વાંચન કરવું એમ કહેવાય. પણ મિત્રો આપણે જે વાંચીએ છીએ તેને સમજીએ, તેનું મંથન કરીએ અને વાંચેલાને ગ્રહણ કરીએ તેને ખરું વાંચન કહેવાય. હું કે તમે વાંચવા ખાતર વાંચીએ તો એ મારા કે તમારા કામનું નહીં રહે. પરંતુ જો સારી રીતે સમજીશું એમાંની સારી વસ્તુ, સારો બોધ ગ્રહણ કરીશું તો એ આપણને જીવનમાં ઘણું ઉપયોગી થશે. એટલે જ કોઇકે કહ્યું છે :

*'છે જ્ઞાનનો ભંડાર વાંચન,*
*છે અંધકારમાં ઊજાસ વાંચન,*
*જો જાણીને માણી શકીએ આપણે,*
*તો જીવનનો અનોખો લહાવો છે વાંચન.'*

મિત્રો, વાંચન આપણા જીવનમાં એવી રીતે સંકળાયેલું છે કે આપણા દિવસની શરૂઆત પણ વાંચનથી થાય છે. સવારે ઊઠીને આપણને છાપું વાંચવા જોઇએ છે કેમ? દુનિયાની જાણકારી મેળવવા. ખરું ને? કોઇ એવું ક્ષેત્ર નથી જ્યાં વાંચનની જરૂરિયાત નથી. બાળપણની પા પા પગલી સાથે મેળવેલ મૂળાક્ષરોની ઓળખ હોય કે પરીક્ષાની તૈયારી રૂપે કરેલું વાંચન હોય, અરે આ વાત તો જવા દો, નોકરી માટે ઇન્ટરવ્યૂ આપવા જઇએ ત્યારે ત્યાં બેઠેલા મેનેજર્સ પણ વિવિધ ક્ષેત્રના પ્રશ્નો દ્વારા આપણા જ્ઞાનની ચકાસણી કરે છે અને આ ચકાસણીમાં આપણે તોજ ખરા ઉતરી શકીએ જો આપણે વિવિધ ક્ષેત્રના પુસ્તકોનું વાંચન કરીને આપણા જ્ઞાનનાં ભંડારને Update કરતા હોઇએ. આઝાદી બાદ આપણી પ્રજામાં, આપણા દેશમાં, વિદ્યાભ્યાસનો બહોળો પ્રચાર થયો છે. લોકો વિદ્યાભ્યાસનું મહત્ત્વ સમજવા લાગ્યા છે. પણ હજી પણ આપણા લોકમાનસમાં વાંચન પ્રત્યે એક ઉદાસીનતા, આળસ પ્રવર્તે છે. વાંચન પ્રત્યે આપણી પ્રજા હજી પણ પછાત છે એવું કહું તો એ કદાચ અતિશયોક્તિ નહીં કહેવાય.

આંધળા માણસ અને અભણ માણસ વચ્ચે કોઇ ભેદ નથી હોતો. આંધળો માણસ પોતાની શારીરિક ત્રુટીને લીધે વાંચી નથી શકતો. જ્યારે અભણ માણસ પોતાના જ્ઞાનની ત્રુટીને લીધે વાંચી નથી શકતો. અભણ માણસ આંધળા માણસ કરતાં પણ વધુ નિમ્ન કક્ષાનો છે એવું મારું માનવું છે. મારી આ વાત પરથી તમે સમજી જ ગયા હશો કે વાંચનનું આપણા જીવનમાં શું મહત્ત્વ છે. ચાલો એક મહાનુભવનો દૃષ્ટાંત આપું. એક વખત લોકમાન્ય ટિળકને કોઇકે પૂછ્યું કે, જો તમને મૃત્યુ બાદ નરકની સજા થાય તો તમે શું કરશો? ત્યારે શ્રી ટિળકે જવાબ આપ્યો કે 'હું મારી સાથે થોડાં પુસ્તકો લઇ જઇશ. કારણ કે, પુસ્તકોમાં નરકને સ્વર્ગમાં બદલવાની શક્તિ હોય છે.' મિત્રો, જો સારા પુસ્તકોનું વાંચન નરકને સ્વર્ગ બનાવી શકે તો આપણી પૃથ્વી પરનું જીવતર તો નરકની સરખામણીએ ખૂબ જ સુંદર છે. વાંચન આપણામાં જ્ઞાનરૂપી પ્રકાશ પાથરે છે. છોડ પર ઊગેલી એક નાનકડી કળી જ્યારે ફૂલ બનીને ખીલી ઊઠે છે ત્યારે પોતાનામાં રહેલી સુગંધને ચારેકોર ફેલાવે છે. સુગંધ ફેલાવનાર આ ફૂલ બધાને મનમોહિત કરે છે. આ જ રીતે મનુષ્યના જીવનમાં વાંચનની ટેવ કળી રૂપે ઊગી નીકળે છે અને જ્ઞાનરૂપે ખીલી ઊઠે છે. જ્ઞાનનાં ભંડારથી ભરપૂર માનવી પોતાની જ્ઞાન સુવાસ ચોમેર ફેલાવે છે. પોતાનામાં રહેલા જ્ઞાન અને આવડતની મદદથી તે નવા સંશોધનો કરે છે અને પોતાના જ્ઞાનનો લાભ દરેક જીવમાત્રને મળે તે માટે સતત પ્રયત્નશીલ રહે છે. પોતાના જ્ઞાનના ભંડારને ભરપૂર અને તરોતાજા રાખવા માટે પણ એક જ્ઞાની મનુષ્યએ પણ વાંચન તો કરવું જ પડે છે. અને એટલે જ કહેવાયું છે કે,

*'કરાવે મધદરિયે દીવાદાંડીનો ભાસ વાંચન,*
*ફેલાવે જીવનમાં જ્ઞાનનો ઊજાસ વાંચન.*
*લાવે જીવનમાં મઘમઘતી સુવાસ વાંચન,*
*બનાવે જીવનને કંઇક અલગ ને ખાસ વાંચન.'*

હવે એક નાનકડો કદાચ અઘરો સવાલ આપ સૌને.... ''આ વાંચનમાં આપણે ક્યાં?''

*આત્મશ્રદ્ધાથી જીવનની ઊંચાઈ સર કરી શકાય છે.*

સવાલ સહેલો નથી. આપે આપના જીવનમાં છેલ્લે ક્યારે પુસ્તકાલયની મુલાકાત લીધી હતી એ તમને યાદ છે? આપણા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના શ્રી કચ્છી જૈન ભવન - પાલડીમાં લગભગ સાડા અગિયાર સો (૧૧૫૦) પુસ્તકો ધરાવતી લાઈબ્રેરી છે. તમે કદી તેનો લાભ લીધો છે? અરે એ વાત તો જવા દો, દર મહિને આપણે ઘરે 'ઘેર બેઠા ગંગા' એ ઉક્તિને સાર્થક કરતું 'મંગલ મંદિર' આવે છે, આપણામાંથી એ વાંચનાર વર્ગ કેટલો? આ સવાલોના જવાબ તમે પોતે જ તમારી જાતને આપજો અને તમારી જાતનું મૂલ્યાંકન તમે જાતે જ કરજો. વાંચન પ્રત્યે આપ કેટલા સજાગ છો તેનો તાગ આપ ખુદ મેળવજો અને જો તમને એમ લાગે કે ના ખરેખર મારે મારી જાતમાં, મારી ટેવોમાં પરિવર્તન લાવવું જરૂરી છે, મારે મારું વાંચન વધારવું છે, સારા પુસ્તકોનું, સારા લેખકોના લેખોના મર્મને સમજવો છે, મારા જ્ઞાનના ભંડારને ભરપૂર કરવો છે અને એ જ્ઞાનથી અન્યોના પણ જીવનમાં પ્રકાશ લાવવો છે તો ખરેખર તમારું જીવન સ્વયં સૂર્ય સમાન પ્રકાશિત થઈ જશે. જેની હું આપ સૌને ખાતરી આપું છું. મારો આ લેખ લખવાનો મર્મ, મારા લેખ લખવાનો ઉદ્દેશ એક જ છે કે આપ સૌ સારા પુસ્તકો સાથે મૈત્રી કરો. સારા પુસ્તકો વાંચો અને અન્યોને વંચાવડાવો, અન્યોને વાંચવા માટે પ્રોત્સાહિત કરો. તેમ છતાં પણ જો મારી આ વાત તમને વાહિયાત લાગે, પાયા વિહોણી લાગે તો પણ હું તમારી આભારી છું કે કમ સે કમ તમે મારો લેખ વાંચ્યો તો ખરો. જ્ઞાનનાં આ વેપારમાં હું વેચેલો માલ સાભાર પરત લઈ લઈશ.

***સલોની નવીનભાઇ લાલકા (મો. ૯૩૭૫૯ ૨૭૨૫૨)***

# વયસ્ક સમિતિ

## રંગારંગ કાર્યક્રમનો અહેવાલ

વયસ્ક સમિતિ દ્વારા તા. ૧૭-૪-૨૦૧૦ને શનિવારના રોજ એક રંગારંગ કાર્યક્રમ યોજાઈ ગયો.

સર્વપ્રથમ નમસ્કાર મહામંત્રના પઠન પછી "મારા જીવનનો યાદગાર પ્રસંગ" એ વિષય પર નીચેના લોકોએ વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

(૧) વર્ષાબહેન પારેખ, (૨) ભવાનજી નાગડા, (૩) ધીરજલાલ સંઘવી, (૪) રમણિકભાઈ ગોસર, (૫) રજનીભાઈ પારેખ, (૬) પોપટલાલ ધરોડ.

ત્યારબાદ રજનીભાઈ પારેખે "૯"ના આંકડાની વિશિષ્ટા – ક્ષણભરમાં અબજોના સરવાળા '૯'ની મદદથી કેવી રીતે કરી શકાય તે બતાવ્યું હતું અને નવના ચોકઠાની રમત રમાડી હતી. તેમાં નીચેની વ્યક્તિઓ વિજેતા બની હતી.

(૧) મહેન્દ્ર વસા, (૨) દિલીપભાઈ દંડ, (૩) ભોગીલાલ છગનલાલ શાહ.

ત્યારબાદ શ્રીમતી મધુરીબહેન ગોસરે તીર્થધામના નામની રમત રમાડી હતી. તેમાં નીચેની વ્યક્તિઓ વિજેતા બની હતી.

(૧) મહેન્દ્ર વસા, (૨) સરલાબહેન શાહ, (૩) જયશ્રીબહેન, (૪) રંજનબહેન શાહ.

ત્યારબાદ રજનીભાઈ પારેખે લકી બર્થ-ડે અને લકી મેરેજ-ડે ગેમની રમત રમાડી હતી. તેમાં નીચેની વ્યક્તિઓ વિજેતા બની હતી.

બર્થડે માં (૧) ભારતીબહેન દિનેશભાઈ શાહ, (૨) મધુરીબહેન રમણિકભાઈ ગોસર, (૩) દિલીપભાઈ દંડ.

મેરેજ ડે માં (૧) સુરેન્દ્ર ભોગીલાલ, (૨) મગનભાઈ સંઘવી અને (૩) મીનાક્ષીબહેન પારેખ વિજેતા બન્યા હતા.

સર્વે વડીલોને 'ટાટા', 'બાયબાય', 'સાયોનારા' ગ્રૂપની રમત રમાડેલ હતી. તેમાં (૧) મંજુબહેન દિનેશભાઈ શાહ, (૨) રતનબહેન અને (૩) વર્ષાબહેન પારેખ વિજેતા બન્યા હતા.

અંતમાં સૌ ભોજન કરી છૂટા પડેલ હતા.

આ કાર્યક્રમનો તમામ ખર્ચ વયસ્ક સમિતિના સભ્યો (૧) શ્રી રજનીભાઈ પારેખ, (૨) શ્રી કે.ડી. શાહ, (૩) શ્રી રમણિકભાઈ ગોસર, (૪) શ્રી બાબુભાઈ મહેતા અને (૫) શ્રીમતી શીલ્પિબહેન શાહ દ્વારા સ્પોન્સર કરવામાં આવેલ હતો.

***રજનીભાઈ પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ***

*દાન એટલે કોઈ પણ જીવને સુખ આપવું. મનુષ્ય હોય કે બીજા પ્રાણી હોય, તેમને સુખ આપવું, એનું નામ દાન અને બીજા બધાંને સુખ આપ્યું એટલે એનું 'રિએક્શન' આપણને સુખ જ આવે. સુખ આપો તો તરત જ સુખ તમારે ઘેર બેઠાં આવે!*

*મિથ્યાભિમાન અને લઘુતાગ્રંથિ બન્ને સરખાં જ નુકસાનકારક છે.*

## સમય કહેશે પ્રેમ કેટલો મહાન છે?

એક વખત એક ટાપુ પર દરેક લાગણીઓ - સંવેદનાઓ, જેવી કે સુખ, ઉદાસીનતા, જ્ઞાન અને અન્ય સાથે પ્રેમ વગેરે જીવંત હતી.

એક દિવસ દરેક સંવેદના - લાગણીઓને એવું જણાવવામાં આવ્યું કે, આ ટાપુ દરિયાના પેટાળમાં ડૂબવા જઈ રહ્યો હતો. તેથી બધી લાગણીઓએ જીવિત રહેવા હોડીઓ તૈયાર કરી. ફક્ત પ્રેમ જ એવો હતો કે જે ટાપુ પર રહ્યો હતો. પ્રેમને એ છેલ્લી ક્ષણ સુધી તે ટાપુના સ્વર્ગને માણવું હતું. જ્યારે ટાપુ દરિયાના પેટાળમાં ડૂબવા આવ્યો ત્યારે પ્રેમે નક્કી કર્યું કે હવે બચવા માટેનો સમય થઈ ગયો છે. તે કોઈની મદદ માટે ફાંફા મારવા લાગ્યો.

ત્યારે દરેક સમૃદ્ધિઓ મોટી બોટ દ્વારા ત્યાંથી પસાર થતી હતી. પ્રેમે સમૃદ્ધિને કહ્યું, શું હું તારી બોટમાં આવી શકું છું?

સમૃદ્ધિએ કહ્યું, હું દિલગીર છું. મારી બોટમાં ઘણું બધું સોનું અને ચાંદી ભરેલા છે. એટલે તારા માટે જરાપણ જગ્યા નથી.

થોડીવારમાં ત્યાંથી રૂપકડા હોડીમાં પસાર થઈ. પ્રેમે બૂમો પાડી તેને લઈ જવા કહ્યું. ત્યારે રૂપ (સુંદરતા)એ કહ્યું કે, પ્રેમ તારું વજન ખૂબજ વધારે છે. મારી સુંદર હોડી બેડોળ થઈ જાય તો?

પછી નિરાશા ત્યાંથી પસાર થઈ. પ્રેમે બૂમો પાડી તેને મદદ કરવા કહ્યું. નિરાશાએ કહ્યું, પ્રેમ હું દિલગીર છું. પરંતુ મને અત્યારે એકલા રહેવાની જરૂર છે.

ત્યારપછી ત્યાંથી સુખની હોડી પસાર થઈ અને સુખને તેણે બૂમ પાડીને કહ્યું કે શું તું મને તારી સાથે લઈ જઈશ? સુખ તેના મૂડમાં હતો. તેણે પ્રેમનો અવાજ સાંભળ્યો જ નહીં.

પ્રેમ ફરી રડવા લાગ્યો.

એટલામાં પ્રેમે એક અવાજ સાંભળ્યો. પ્રેમ, અહીં આવ, હું તને મારી સાથે લઈ જઈશ. તે એક એલ્ડર (વડીલ) હતો. પ્રેમ તેનો આભાર માનતો તેની બોટમાં બેઠો અને ખુશ થયો. પરંતુ તે તેનું નામ પૂછવાનું ભૂલી ગયો.

જ્યારે કિનારો આવ્યો અને એલ્ડર (વડીલ) તેને ઉતારીને ચાલ્યો ગયો. પ્રેમને વાસ્તવિક્તા સમજાઈ કે તે એલ્ડરનો આભારી છે.

થોડીવારમાં પ્રેમે જ્ઞાનને શોધ્યો અને પૂછ્યું કે જેણે મને મદદ કરી હતી તે કોણ હતું?

જ્ઞાને કહ્યું, તે સમય હતો.

પ્રેમે કહ્યું પણ તે સમય મને ઓળખતો ન હતો. તો તેણે મને શા માટે મદદ કરી?

જ્ઞાન હસ્યો અને બુદ્ધિપૂર્વક જવાબ આપ્યો કે... 'કારણકે ફક્ત સમય જ તે સમજવા માટે કાબેલ છે કે પ્રેમ કેટલો મહાન છે.'

*પ્રેષક : પીયૂષ સાવલા - અમદાવાદ*

## પુરસ્કાર સમિતિ

### પુરસ્કાર વિતરણ યોજના

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ઉત્તીર્ણ થયેલા દરેક વિદ્યાર્થીઓને સમાજ વતી હાર્દિક અભિનંદન.

આપણા સમાજમાં ઉત્તીર્ણ થયેલા દરેક વિદ્યાર્થીઓને દર વર્ષે સમાજના નિયમાનુસાર પુરસ્કાર આપીને પુરસ્કૃત કરવામાં આવે છે. એ રીતે આ વર્ષે પણ પુરસ્કૃત કરવાના છે. પુરસ્કાર વિતરણના ફોર્મ "મંગલ મંદિર"ના આ જ અંકમાં અન્યત્ર (પાના નંબર-૧૦૭ ઉપર) છાપવામાં આવ્યા છે. જે ફોર્મ ભરીને **તા. ૩૦-૬-૨૦૧૦ સુધીમાં** સત્વરે સમાજના કાર્યાલય પાલડી ભવન પર મોકલી આપવા વિનંતી. ફોર્મ ભરતી વખતે ફોર્મ પાછળ આપેલી સૂચનાઓ અવશ્ય વાંચવી.

**આ વર્ષે પુરસ્કાર સમિતિ દ્વારા તા. ૧૫મી ઓગસ્ટે ધ્વજવંદન પછી ધોરણ-૮ અને તેથી ઉપરના વર્ગમાં ભણતા વિશિષ્ટ વિદ્યાર્થીઓનું "સરસ્વતી સન્માન" કરવામાં આવશે અને સામાન્ય પુરસ્કાર પણ તે જ દિવસે આપવામાં આવશે. જેની ધોરણ-૮ અને તેથી ઉપરના વર્ગમાં ભણતા વિદ્યાર્થી અને તેના વાલીઓએ ખાસ નોંધ લેવી.**

ધોરણ બાળવર્ગ (કે.જી.)થી ધોરણ-૭ સુધીના ઉત્તીર્ણ થયેલા બધા જ વિદ્યાર્થીઓને સ્વામિવાત્સલ્યના દિવસે પુરસ્કાર આપવામાં આવશે તેની પણ નોંધ વાલીઓએ જરૂરથી લેવી.

★ આપના બાળકો પુરસ્કારથી વંચિત ન રહે તેના માટે વાલીઓને વિનંતી કે તકેદારી રાખી, ફોર્મ સમયસર મોકલી આપશો.

★ ધોરણ-૫ અને તેથી ઉપરના વર્ગમાં ભણતા વિદ્યાર્થીઓની નિયમાનુસાર માર્કશીટ બીડવાની તકેદારી જરૂરથી લેશો.

★ ઉચ્ચકક્ષામાં ભણનાર વિદ્યાર્થીઓની માર્કશીટ પછીથી (Late) આવે એમ હોય તો પણ ફોર્મમાં તેની નોંધ જરૂરથી દર્શાવવી. ફોર્મ તો ભરીને મોકલાવી જ આપવા.

★ પુરસ્કારપાત્ર વિદ્યાર્થીના વાલીઓને વિનંતી કે તેઓના પુરસ્કાર જે-તે દિવસે મેળવી લેવા. જેની વિગત નીચે મુજબ છે. પછીથી ક્ષમા.

૧. ધોરણ-૮ અને તેની ઉપરના વર્ગમાં ભણતા વિદ્યાર્થીઓના ઈનામો તા. ૧૫મી ઓગસ્ટે સરસ્વતી સન્માનના દિવસે જ મેળવી લેશો.

૨. ધોરણ બાળ વર્ગથી ધોરણ-૭ સુધીના વિદ્યાર્થીઓના ઈનામો સ્વામિવાત્સલ્યના દિવસે જ મેળવી લેશો.

*કન્વીનર - પુરસ્કાર સમિતિ*

*આ 'રોડ' પરના વાહન વ્યવહારનો શો ધર્મ છે કે અથડાશો તો તમે મરી જશો. અથડાવામાં જોખમ છે. માટે કોઈની જોડે અથડાશો નહિ. તેમ આ વ્યવહાર ધર્મો પણ કહે છે કે કોઈને ત્રાસ ના આપવો. તમારે સુખ જોઈતું હોય તો બીજાને સુખ આપજો.*

*અન્યનું ભલું કરવું, અન્યનું અકલ્યાણ ન ઈચ્છવું.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## એપ્રિલ / મે - ૨૦૧૦

- **શુક્રવાર, તા. ૧૬-૪-૨૦૧૦**

☆ આજરોજ સવારના શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર શ્રી ભદ્રેશ્વર તીર્થ કચ્છના ટ્રસ્ટી શ્રી કાંતિલાલ બાબુલાલ શાહ (ઘીવાલા) તથા અન્ય ટ્રસ્ટીઓ સાથે એક મિટિંગ યોજવામાં આવેલ અને ભદ્રેશ્વર તીર્થના ૧૦મા મોટા જીર્ણોદ્ધાર પછી તેના થનાર પ્રતિષ્ઠા મહોત્સવની વિગતો મંગલ મંદિરના મે-૨૦૧૦ના અંકમાં પ્રસારિત કરવા માટે લેવામાં આવેલ હતી.

- **શનિવાર, તા. ૧૭-૪-૨૦૧૦**

☆ આજરોજ બપોરના શ્રી કચ્છી જૈન ભવન - પાલડી મધ્યે પ્રિન્ટ વિઝનના શ્રી યજ્ઞેશભાઈ પંડ્યા તથા શ્રી અશ્વિનભાઈ વોરા સાથે એક મિટિંગ કરવામાં આવેલ હતી. જેમાં શ્રી અશોકભાઈ મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી હીરજી પાસુભાઈ શાહ, શ્રી હસમુખભાઈ ખાંડવાલા તથા મુદ્રા કોમ્પ્યુટર્સવાળા જયેશ શાહ ઉપસ્થિત રહ્યા હતા. વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માટે મંગલ મંદિર દર મહિને પ્રિન્ટ વિઝનમાં છપાવવાનું નક્કી કરવામાં આવેલ હતું. વર્ષભરના ભાવો પણ નક્કી કરી લેવામાં આવેલ હતા.

☆ આજરોજ સાંજના ૫.૦૦ વાગે આવાસ યોજનાની મ્યુનિસિપલ કાર્યવાહી માટે શ્રી અમૃતલાલભાઈ ઠક્કરને ત્યાં એક મિટિંગ ગોઠવવામાં આવેલ હતી. જેમાં શ્રી અશોકભાઈ મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી હસમુખભાઈ ખાંડવાલા ઉપસ્થિત રહેલ હતા.

☆ આજરોજ વયસ્ક સમિતિ આયોજિત વયસ્ક મિલનનો કાર્યક્રમ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર યોજવામાં આવેલ હતો. જેમાં ૮૦થી વધુ વયસ્કો હાજર રહેલ હતા. કાર્યક્રમની શરૂઆત સાંજે ૫.૦૦ વાગે થયેલ. મોડી સાંજે પૂરા થયેલ કાર્યક્રમ બાદ સમૂહ ભોજનનો આનંદ માણી સર્વે છૂટા પડેલ હતા.

- **મંગળવાર, તા. ૨૦-૪-૨૦૧૦**

☆ આજે રાત્રે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિની એક મિટિંગ મળેલ હતી. ૧૦મા ધોરણના જે વિદ્યાર્થી / વિદ્યાર્થિનીઓના એપ્ટિટ્યૂડ ટેસ્ટ લેવાઈ ગયેલ છે તેમના વડીલો સાથે કાઉન્સેલિંગ કરવાનો કાર્યક્રમ નક્કી કરવામાં આવેલ હતો. જેમાં શ્રી હીરેનભાઈ શાહ, શ્રી વિમલેશ શાહ, શ્રી દેવેન છેડા તથા શ્રીમતી હાસ્યલતાબહેન મહેતા ઉપસ્થિત રહેલ.

- **ગુરુવાર, તા. ૨૨-૪-૨૦૧૦**

☆ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી મધ્યે ચોમાસા પૂર્વે કરવાના જરૂરી કામોની ચર્ચા કરવા શ્રી અશોકભાઈ મહેતા, શ્રી કે.ડી. શાહ તથા શ્રી રમણિકલાલભાઈ ગોસરે શ્રી અનિલ સથવારા સાથે મિટિંગ કરી ૪-૫ પરચૂરણ કાર્યોના ભાવો નક્કી કરી, એ કામો તાત્કાલિક શરૂ કરવામાં આવે તેવા આયોજનો નક્કી કરેલ હતા.

☆ આવાસ યોજનાના કોન્ટ્રાક્ટર શ્રી અનિલ સથવારાના આવેલ ફાઈનલ સર્ટિફાઈડ બિલ પર શ્રી અશોક મહેતા, શ્રી હસમુખભાઈ ખાંડવાલાએ સાથે બેસી તેમની વિગતો સમજી ફાઈનલ તારવણી નક્કી કરેલ હતી.

☆ શ્રી કચ્છી જૈન ભવન પરના એ.સી. હૉલના વર્ષ ૨૦૧૦-૧૧ના મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટની શણગાર ડેકોર લિ.ના શ્રી સમીરભાઈની જવાબદારી હોતાં, શ્રી સમીરભાઈ, એ.સી. કોન્ટ્રાક્ટર શ્રી તેજસભાઈ, શ્રી અશોક મહેતા તથા શ્રી હસમુખભાઈ ખાંડવાલાએ સાથે બેસી જરૂરી ચર્ચા વિચારણા કરી શણગાર ડેકોર લિ. દ્વારા મેઈન્ટેનન્સ કોન્ટ્રાક્ટ તેજસભાઈને આપવા અંગે ફાઈનલ નિર્ણય લીધેલ હતો. તેના ભાવો પણ નક્કી કરવામાં આવ્યા હતા.

- **શનિવાર, તા. ૨૪-૪-૨૦૧૦**

☆ રવિવાર, તા. ૨૫-૪-૨૦૧૦ના યોજવામાં આવનાર ગૃહઉદ્યોગ સેમિનારની આજરોજ પૂર્વ તૈયારી કરવામાં આવેલ હતી.

☆ વિદ્યાર્થી પુરસ્કાર સમિતિના કન્વીનર શ્રી પંકજભાઈ ગોગરી સાથે મિટિંગ કરી મંગલ મંદિરના એપ્રિલ-૨૦૧૦ના અંકમાં છપાયેલ વિદ્યાર્થીઓને ભરવાના ફોર્મ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી અને આ ફોર્મ ભરાઈને વહેલી તકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર આવી જાય, તેના આયોજનો વિચારવામાં આવેલ હતા.

- **રવિવાર, તા. ૨૫-૪-૨૦૧૦**

☆ યુવા વિકાસ સમિતિના નેજા હેઠળ ૨૦ યુવક યુવતીઓએ આજે અમદાવાદ સ્થિત બે કચ્છી ગૃહ ઉદ્યોગની મુલાકાત લીધેલ હતી. આ બે ઉદ્યોગગૃહો એટલે એક યુનિક ટેગ પ્રા.લિ. કે જે ચાંગોદર ખાતે આવેલ છે તથા બીજું નવનીત પબ્લિકેશનનું પ્રેસ કે જે દંતાલી ખાતે આવેલ છે. બંને ઉદ્યોગગૃહોની મુલાકાત લેનાર યુવક યુવતીઓને ખૂબ જ સરસ રીતે આવકાર આપવામાં આવેલ અને બંને ઉદ્યોગ ગૃહોમાં તેમને મશીનરીની અને પ્રોડક્ટ્સ વિશેની વિગતવાર માહિતી - સમજ આપવામાં આવેલ

*સત્યનું આચરણ કદી ન છોડવું, નીતિના ભોગે કશું જ શુભ ન હોઈ શકે.*

હતી. આમ, આ ઉદ્યોગગૃહની મુલાકાત લેનાર યુવા વિકાસ સમિતિના સભ્યોએ જીવનમાં ઉપયોગી થાય તેવી ખૂબજ રસપ્રદ માહિતી મેળવેલ હતી.

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર ગૃહ ઉદ્યોગ અંગે એક સેમિનાર યોજવામાં આવેલ હતો. સી.ઈ.ડી.માંથી શ્રી હિતેન વસા તથા શ્રી સુરેશભાઈ રાવલ ઉપસ્થિત રહેલ હતા અને તેઓએ ગૃહ ઉદ્યોગ વિશે અનેકવિધ જાણકારી આપેલ હતી. સમાજમાંથી લગભગ ૧૨૫ જેટલી વ્યક્તિઓ આ પ્રકારની જાણકારી મેળવવા ઉપસ્થિત રહેલ હતી.

- **સોમવાર, તા. ૨૬-૪-૨૦૧૦**

☆ ભુજના શ્રી વિનોદ ગાલાના પુત્ર વિરલ ગાલાના દુઃખદ અવસાન નિમિત્તે ભુજ ખાતે યોજવામાં આવેલ પ્રાર્થના સભામાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વતી શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી મણિલાલ કુંવરજી ગોસર ઉપસ્થિત રહેલ હતા.

☆ શાહીબાગ ખાતે આવેલ શ્રી કચ્છી વિશ્રામગૃહ પર જે "કચ્છ આર્ટ ગેલેરી" સ્થાપવાનું આયોજન વિચારવામાં આવી રહેલ છે તેના અનુસંધાને શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી મણિલાલભાઈ ગોસરે 'કચ્છ મ્યુઝિયમ - ભુજ'ની મુલાકાત લીધેલ હતી અને ક્યુરેટર શ્રી સદાશિવન તથા ફોટોગ્રાફર શ્રી સમીર ભટ્ટ સાથે જરૂરી ચર્ચા પણ કરેલ હતી.

☆ કચ્છના સર્વાંગપણે ઈતિહાસ આલેખન અંગે ડૉ. કાંતિભાઈ ગોર સાથે ભુજ ખાતે શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી મણિલાલભાઈ ગોસરે આગળના આયોજનો અંગે જરૂરી ચર્ચા વિચારણા કરેલ હતી.

☆ કચ્છ જિલ્લા ભાજપના મહામંત્રી શ્રી પંકજ મહેતા સાથે શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી મણિલાલભાઈ ગોસરે નર્મદા નદીના કચ્છને ફાળવાયેલ સિંચાઈના પાણી માટેની "કચ્છ બ્રાંચ કેનાલ" અંગે કેટલીક ચર્ચાઓ કરેલ હતી. કચ્છના ફાળવાયેલ વધારાના પાણી અંગે પણ કેટલીક ચર્ચાઓ કરેલ હતી.

- **મંગળવાર, તા. ૨૭-૪-૨૦૧૦**

☆ પટકથા લેખક તથા દિગ્દર્શક એવા કચ્છ તેરાના મુંબઈ સ્થિત શ્રી વિનોદભાઈ ગણાત્રાના આમંત્રણથી અમદાવાદ સેટેલાઈટ વિસ્તારમાં આવેલ આનંદ નિકેતન હાઈસ્કૂલમાં શ્રી વિનોદભાઈ ગણાત્રાની ડોક્યુમેન્ટરી ફિલ્મ "હારૂન - અરુણ" નિહાળવા શ્રી અશોક મહેતા, શ્રી હરીશભાઈ રંગવાલા, શ્રીમતી ચારૂબહેન રંગવાલા, શ્રી જગદીશભાઈ ઠક્કર, શ્રી લખુબાપા ઠક્કર તથા શ્રીમતી રીનાબહેન ઠક્કર ઉપસ્થિત રહેલ હતા. ત્યારબાદ રાત્રે શ્રી વિનોદભાઈ ગણાત્રા સાથેની ડિનર પાર્ટીમાં તેઓએ અગાઉ ઉતારેલ ડોક્યુમેન્ટરી ફિલ્મ "હેડા-હૂડાં" તથા અત્યારની ફિલ્મ "હારૂન-અરુણ" નજીક આવતી અષાઢી બીજ (જુલાઈ-૨૦૧૦)ના સમયે ગુજરાતભરના વિવિધ શહેરોમાં પ્રદર્શિત કરવાના આયોજનો વિચારેલ.

☆ આજરોજ એવા સમાચાર મળેલ હતા કે કચ્છના ભુજ વિભાગના પૂર્વ ધારાસભ્ય અને જી.એમ.ડી.સી.ના ભૂતપૂર્વ ચેરમેન શ્રી મુકેશભાઈ ઝવેરીની નજદીકના ભવિષ્યમાં "સરદાર સરોવર નર્મદા નિગમ"માં એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર તરીકે નિમણૂક થનાર છે. જો આ નિમણૂકની મંજૂરી મળશે તો એ ખૂબ જ સારા સમાચાર કહેવાશે કેમકે શ્રી મુકેશભાઈ ઝવેરી કચ્છી હોવાના નાતે નર્મદા નદીના સિંચાઈના પાણી કચ્છના ખેતરોમાં શક્ય તેટલા જલદી પહોંચાડવા પ્રયત્ન કરશે.

- **બુધવાર, તા. ૨૮-૪-૨૦૧૦**

☆ ભદ્રેશ્વર પ્રોજેક્ટની ચર્ચા કરવા ઈન્ડોટેક્ષ હાઉસ ખાતે આજરોજ શ્રી અશોકભાઈ મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી નરેન્દ્ર છ. શાહ તથા શ્રી હસમુખભાઈ ખાંડવાલા એકત્રિત થયેલ હતા અને આ જમીન પર જે પ્રોજેક્ટો થઈ શકે તે અંગેની ચર્ચા વિચારણા વિસ્તૃતપણે કરેલ હતી.

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર મેડિકલ સમિતિની મિટિંગ મળેલ હતી કે જેમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કાંતિલાલભાઈ સાવલા, શ્રી અશ્વિનભાઈ સાવલા, ડૉ. હિતેન્દ્ર શાહ, શ્રી કે.આર. શાહ, શ્રી દિનેશ મહેતા, શ્રી નરેન્દ્ર ખોના, શ્રી લક્ષ્મીચંદભાઈ વીરા, ડૉ. દેવીન્દ્રાબહેન શાહ તથા દક્ષાબહેન રામાવત ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગમાં (૧) પેશન્ટોના અભિપ્રાય ફોર્મ તૈયાર કરાવવા, (૨) કલર ડોપ્લર મશીનના વધારે સારા ઉપયોગ માટે આ વિભાગને સવારના ૮.૩૦થી સાંજના ૫.૩૦ સુધી કાર્યરત રાખવાના આયોજનો ઘડવા, (૩) પેઈન ક્લિનિક અંગેના પેમ્ફલેટ છપાવવા, (૪) ફિઝિયોથેરાપી વિભાગમાં નવા આઈ.ટી.એફ. મશીન ખરીદવા વગેરે બાબતો અંગે ચર્ચા વિચારણા કરી જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

- **શુક્રવાર, તા. ૩૦-૪-૨૦૧૦**

☆ આજરોજ સવારમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર મુંબઈથી પધારેલ શ્રી ચંપકભાઈ છેડા (નાના આસંબિયા) તથા તેઓની સાથે આવેલ અન્ય સભ્યો સાથે મુંબઈ ખાતેના અતિથિ ભવનના અટવાયેલ બાંધકામ અંગે જરૂરી ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. આ સમયે શ્રી અશોકભાઈ મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી મણિલાલ કુંવરજી ગોસર ઉપસ્થિત રહેલ હતા.

☆ ગુલબાઈ ટેકરા પર આવેલ ૯૦૦ વારના પ્લોટના બંગલાના માલિક શ્રી સંજય શરદચંદ્ર પટેલ સાથે ગર્લ્સ હોસ્ટેલ માટે તે પ્લોટ ખરીદવા અંગે જરૂરી ચર્ચા વિચારણા કરવામાં આવેલ હતી. આ સમયે ઉપરોક્ત ટીમ ઉપસ્થિત રહેલ હતી. સાથે શ્રી કે.આર. શાહ પણ

*આપણો અંતરાત્મા ડંખે તેવું કામ ક્યારેય ન કરવું.*

ઉપસ્થિત રહેલ હતા.

- **શનિવાર, તા. ૧-૫-૨૦૧૦**

☆ મુંબઈના શ્રી જિજ્ઞેશ સંઘવી (મુંદ્રા)ના મેડિકલ એસોસિએશનના હોલમાં અમદાવાદ મેડિકલ એસોસિએશનની મહિલા વિંગ દ્વારા યોજવામાં આવેલ "ડીવાઈન" કાર્યક્રમમાં શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી જિજ્ઞેશભાઈ સંઘવીના આમંત્રણથી ઉપસ્થિત રહેલ હતા.

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર શ્રી કે.કે. આવેલ હતા. શ્રી અશોકભાઈ મહેતા તથા શ્રી હીરજી પાસુભાઈ શાહ ઉપસ્થિત રહેલ હતા. શ્રી કચ્છી જૈન ભવનની ૧.૮ તથા ૨.૨૫ રિવાઈઝ્ડ એફ.એસ.આઈ. મેળવવા અંગે જરૂરી ગણતરીઓ કરવામાં આવી હતી. આ મિટિંગમાં શ્રી હસમુખભાઈ ખાંડવાલા પણ પાછળથી જોડાયેલ હતા.

- **ગુરુવાર, તા. ૬-૫-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે સફાઈ કર્મચારીના પ્રશ્ન અંગે સમાજના શ્રી રજનીભાઈ પારેખ, મેનેજર શ્રી પરાશરભાઈ વ્યાસ તથા શ્રી ભદ્રેશભાઈ ભટ્ટે મુલાકાત લીધેલ અને જરૂરી ચર્ચા કર્યા બાદ પ્રશ્નના નિરાકરણ લાવેલ હતા.

☆ મુંબઈ સ્થિત શ્રી ખીમજી મોમાયા મામણિયાએ સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી (એસ.આર.એ.) પાસેથી આર.ટી.આઈ.ના માધ્યમ દ્વારા સાયન ખાતે ગેરકાયદેસર બંધાયેલ ૧૪ માળના મીડાસ ટાવર અંગે જે જાણકારી મેળવેલ હતી તેની વિગતો સમજવા શ્રી અશોક મહેતાએ તેમની રૂબરૂ મુલાકાત લીધેલ હતી અને જરૂરી માહિતી મેળવેલ હતી.

- **શનિવાર, તા. ૮-૫-૨૦૧૦**

☆ આજરોજ સાયન - મુંબઈ ખાતેના અતિથિ ભવનના ડેવલપર્સ શ્રી પારસ બાબરિયા સાથે શ્રી અશોક મહેતાએ રૂબરૂ મુલાકાત કરેલ હતી. તેઓશ્રીના કહેવા પ્રમાણે અતિથિ ભવનવાળા મકાનના પ્લિન્થ ઉપરની સી.સી. (બાંધકામની પરમિશન) આવતા થોડા દિવસોમાં મળી જાય તેવી પૂરેપૂરી શક્યતા રહેલ છે.

- **મંગળવાર, તા. ૧૧-૫-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ત્રણે ભવનની સિક્યુરિટી વ્યવસ્થા અંગે એક મિટિંગ મળેલ. જેમાં "હીડન આઈ" સિક્યુરિટીવાળા શ્રી સુભાષ શર્માને ત્રણે ભવનની સિક્યુરિટી વ્યવસ્થા સંભાળવાની જવાબદારી સોંપવાનું નક્કી કરેલ હતું. શ્રી પ્રતાપભાઈ દંડ, શ્રી કાંતિભાઈ સાવલા, ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, શ્રી બચુભાઈ રાંભિયા તથા શ્રી કે.ડી. શાહ ઉપસ્થિત રહેલ હતા.

☆ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતેના એ.સી. હોલમાં આવેલ એ.સી. મશીનોની કેપેસિટી વધારવા માટે તથા હોલમાં રહેલ ચાલુ એ.સી. મશીનોની યોગ્ય જાળવણી થાય તે બાબત યોગ્ય કાર્યવાહી કરવા માટે એ.સી. કોન્ટ્રાક્ટર શ્રી તેજસભાઈ, શણગાર ડેકોરેટરવાળા શ્રી સૌમિલભાઈ તથા શ્રી કે.ડી. શાહે હાજર રહી જરૂરી ચર્ચા કરેલ હતી.

☆ આજરોજ સવારના શ્રી કે.ડી. શાહ તથા શ્રી રજનીભાઈ પારેખે એસ.ટી. ભવનની મુલાકાત લીધેલ કે જેમાં એસ.ટી. ભવન ખાતે પાણીની વ્યવસ્થા અંગે લગાડેલ નવી પાણીની મોટરનું નિરીક્ષણ કરેલ હતું અને તે ઓટોમેટિક ચાલુ રહે તે બાબત ચર્ચા વિચારણા કરી કામ શરૂ કરવાનું જણાવેલ હતું.

- **બુધવાર, તા. ૧૨-૫-૨૦૧૦**

☆ આજરોજ સવારના ભાગે શ્રી અશોક મહેતા તથા શ્રી ખીમજીભાઈ મામણિયા એસ.આર.એ.માં જઈ ત્યાંના આસિસ્ટન્ટ એન્જિનિયર શ્રી માનેને મળેલ હતા અને સાયન પરની સ્કીમના કોમ્પોઝિટ બિલ્ડિંગ નં.-૩ ના સેલેબલ વિભાગની પ્લિન્થ ઉપરની સી.સી. મેળવવા અંગે પૃચ્છા કરેલ હતી. શ્રી માનેએ જણાવેલ કે આ બાબતનો કેસ હાલે હાઈકોર્ટમાં ચાલે છે. હાઈકોર્ટે "મીડાઝ ટાવર"ના બાકી રહેલા ૬ ફ્લેટ ૫ર ટાંચ મૂકી, સંપૂર્ણ વિગત એસ.આર.એ.ની હાઈપાવર કમિટીને રીફર કરવા મોકલેલ છે. હાઈપાવર કમિટી પોતાનો રિપોર્ટ કદાચ આવતા પંદર દિવસમાં હાઈકોર્ટને સુપરત કરશે. ત્યારબાદ એકાદ મહિનામાં હાઈકોર્ટ પોતાનું જજમેન્ટ જાહેર કરશે અને તેના અનુસંધાને જો શક્ય હશે તો આ બિલ્ડિંગની સી.સી. આપવામાં આવશે. જ્યાં લગી હાઈકોર્ટનો ચુકાદો આવે નહીં, ત્યાં લગી એસ.આર.એ. આ બાબતે કોઈ પણ પ્રકારનો નિર્ણય લઈ શકશે નહીં.

☆ આજરોજ બપોર પછી શ્રી અશોક મહેતા મહારાષ્ટ્ર રાજ્યના મંત્રાલય ખાતે ગયેલ હતા અને મહારાષ્ટ્રના કેટલાક વગદાર નેતાઓને સાયન ખાતે શરૂ કરવામાં આવેલ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના અતિથિ ભવનની વિગતો સમજાવેલ હતી. સાથે સાથે સુરત સ્થિત શ્રી શરદભાઈ દંડ પણ આ મિટિંગના સમયે ઉપસ્થિત રહેલ હતા. શ્રી શરદભાઈ દંડ દ્વારા આ મિટિંગનું આયોજન ગોઠવવામાં આવેલ હતું.

- **ગુરુવાર, તા. ૧૩-૫-૨૦૧૦**

☆ આજરોજ સાંજના પાલડી ભવન ખાતે બંધારણ સમિતિની એક મિટિંગ મળેલ હતી. જેમાં ટ્રસ્ટીઓએ સૂચવેલા કેટલાક સુધારાઓ અંગે ચર્ચા કરી જરૂરી નિર્ણય લેવામાં આવેલ હતો. જેમાં શ્રી

મગનલાલ સંઘવી, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી પોપટલાલ ધરોડ, શ્રી સૂરજલાલ મહેતા તથા શ્રી આણંદજીભાઈ વીરા હાજર રહેલ હતા.

- **શુક્રવાર, તા. ૧૪-૫-૨૦૧૦**

☆ આજરોજ શ્રી અશોક મહેતા તથા શ્રી શરદભાઈ દંડ મહારાષ્ટ્ર રાજયના કેટલાક ઉચ્ચ અધિકારીશ્રીઓને મંત્રાલય ખાતે રૂબરૂ મળેલ હતા અને સાયન ખાતેના અતિથિ ભવનના બિલ્ડિંગની પ્લિન્થ ઉપરના બાંધકામની પરમિશન મેળવવા શક્ય પ્રયાસો કરેલ હતા. આ રૂબરૂ મુલાકાતના અંતે એસ.આર.એ.ના ઉચ્ચ અધિકારીશ્રીને સોમવાર, તા. ૧૭-૫-૨૦૧૦ના રૂબરૂ મળીને જરૂરી વિગતો સમજાવવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **શનિવાર, તા. ૧૫-૫-૨૦૧૦**

☆ આજરોજ શ્રી અશોક મહેતાએ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીની મુલુંડ ખાતેની તેમની ઓફિસે મુલાકાત લીધેલ હતી. એ સમયે શ્રી લાલ રાંભિયાએ કોસી નદીના પૂરના કારણે બિહારમાં જે પરિસ્થિતિ ઉત્પન્ન થયેલ છે તે દાખવતી ડોક્યુમેન્ટરી કેસેટ સ્ક્રીન પર બતાવેલ હતી. આ વિસ્તારમાં ભવિષ્યમાં કદાચ ૧૦૦ બૅડની હોસ્પિટલ સ્થાપી ત્યાંની ગરીબ પ્રજાની સેવા કરવાની ભાવનાને નજર સમક્ષ રાખી તે અંગેની ચર્ચાઓ કરવામાં આવેલ હતી. શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીના ટ્રસ્ટ દ્વારા બિહારમાં હોસ્પિટલ સ્થાપવા અંગેની કાર્યવાહી કરવાની શરૂઆત કરી દેવામાં આવેલ છે.

- **સોમવાર, તા. ૧૭-૫-૨૦૧૦**

☆ આજરોજ શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી શરદભાઈ દંડ તથા શ્રી ખીમજીભાઈ મામણિયા એસ.આર.એ.ની બાંદ્રા ખાતેની ઓફિસે ગયેલ હતા અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી એસ.એસ. ઝેંડેને ભાઉદાજી રોડ પરની એસ.આર.એ. સ્કીમના કોમ્પોઝિટ બિલ્ડિંગ નં.-૩ના વેચાણ બિલ્ડિંગ (કે જેમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે મુંબઈ ખાતેના અતિથિ ભવનના ચાર માળ તથા તેની ઉપરના શક્ય અન્ય માળો પૂનમ ડેવલપર્સ પાસેથી આજથી ત્રણ વર્ષ અગાઉ વેચાણે ખરીદી લીધેલ છે) માટે પ્લિન્થ ઉપરનું કન્સ્ટ્રક્શન સર્ટિફિકેટ રિલીઝ કરવા વિનંતી કરેલ હતી. આ સમયે એસ.આર.એ.ના એક્ઝિક્યુટિવ એન્જિનિયર શ્રી ભરત પાટીલ પણ ઉપસ્થિત રહેલ હતા. એસ.આર.એ.ના અધિકારીઓએ જણાવેલ કે જ્યાં લગી મિડાઝ ટાવરની નીકળતી એમાઉન્ટ પૂનમ ડેવલપર્સ ભરે નહીં ત્યાં લગી આ બિલ્ડિંગની બાકીની સી.સી. રિલીઝ કરવાનું અમારાથી શક્ય નથી. તેમ છતાં અમે આવતા બે દિવસમાં લાગતી વળગતી પાર્ટીને બોલાવી, તેમની સાથે રૂબરૂ ચર્ચા કરી, આ મેટરનું નિરાકરણ લાવવા કોશિશ કરીશું. તેઓશ્રીએ આ બાબતે મહારાષ્ટ્ર રાજયના મંત્રાલય ખાતે પણ યોગ્ય અધિકારી સાથે ફોન પર વાત કરેલ હતી.

☆ ત્યારબાદ પૂનમ ડેવલપર્સના શ્રી પારસ બાબરિયા સાથે પણ આ ટીમે રૂબરૂમાં ચર્ચા કરેલ હતી અને જરૂરી એમાઉન્ટ એસ.આર.એ.માં ભરાવવા અંગે વિગતવાર ચર્ચા કરેલ હતી. શ્રી પારસ બાબરિયાએ પણ આ અંગે જરૂરી યોગ્ય કાર્યવાહી, આવતા દિવસોમાં કરવામાં આવશે તેવું જણાવેલ હતું.

- **મંગળવાર, તા. ૧૮-૫-૨૦૧૦**

☆ આજરોજ ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી કાંતિલાલભાઈ સાવલા મુંબઈમાં અતિથિ ભવન માટેના સોલિસિટર શ્રી અશોક લક્ષ્મીચંદ ડી. શાહને મળેલ હતા અને મુંબઈના અતિથિ ભવનના અનુસંધાને જરૂરી ચર્ચા વિચારણા કરેલ હતી.

- **બુધવાર, તા. ૧૯-૫-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી નવીનભાઈ હરિયા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી હીરજી પાસુ શાહ તથા શ્રી ગિરીશ પોલડિયા અનૌપચારિક રીતે એકત્રિત થયેલ હતા અને મુંબઈ અતિથિ ભવન, આવાસ યોજના, ગૃહ ઉદ્યોગ, કચ્છ આર્ટ ગેલેરી તથા ગુજરાતના અન્ય શહેરોમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજની સ્થાપના અંગે વિગતવાર ચર્ચા કરેલ હતી.

- **રવિવાર, તા. ૨૩-૫-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર ટ્રસ્ટ મંડળની એક મિટિંગ મળેલ હતી કે જેમાં લગભગ ૧૦ ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. આવાસ યોજનામાં ડ્રો પદ્ધતિ દ્વારા જેઓને આવાસ ફાળવવામાં આવેલ હતા તેઓને ટ્રસ્ટ મંડળ દ્વારા આવાસ ફાળવણી અંગેના ઠરાવો કરવામાં આવેલ હતા. નવા આવેલ સભ્ય અંગેની જે અરજીઓ સભ્યપદ સમિતિ દ્વારા રજૂ કરવામાં આવેલ તેઓને મંજૂરી આપવામાં આવેલ હતી. મુંબઈ ખાતેના અતિથિ ગૃહ અંગેની છેલ્લી વિગતોની રજૂઆત કરવામાં આવેલ હતી.

- **બુધવાર, તા. ૨૬-૫-૨૦૧૦**

☆ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરની રુટીન કાર્યવાહી ચેક કરવા અને ઉદ્‌ભવેલ પ્રશ્નોના નિરાકરણ અંગે શ્રી કે.ડી. શાહે શ્રી કચ્છી વિશ્રામ ગૃહની મુલાકાત લીધેલ હતી અને ઉદ્‌ભવેલ પ્રશ્નોના નિરાકરણ કરેલ હતા. ■

## ઊડતી નજરે....

**એપ્રિલ-૨૦૧૦ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | પ્રવૃત્તિ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>કે જેમાંથી | ૮,૩૭૬ |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ........ ૩૪૫ | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ ૮૯ | |
| | (ખ) | મોતિયા - આંખના ઓપરેશન ........ ૧૩ | |
| | (ગ) | સોનોગ્રાફી ........ ૫૬૯ | |
| | (ઘ) | ટી.એમ.ટી. ........ ૧૦ | |
| | (ચ) | બોડી ચેક-અપ ........ ૨૫૪ | |
| | (છ) | અન્ય ........ ૭,૦૯૬ | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........<br>રૂમોનો ઓક્યુપન્સી રેશિયો ........ ૮૨.૯૭% | ૨,૦૫૮ |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | ૭૬૬ |
| | (બ) | રૂમોનો ઓક્યુપન્સી રેશિયો ........ ૯૨.૧૦% | |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ | ૬૨૪ |
| | (બ) | રૂમોનો ઓક્યુપન્સી રેશિયો ........ ૫૩.૩૯% | |
| ૫. | | એપ્રિલ-૨૦૧૦ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ........ | ૧૧,૮૨૪ |

## ભણતર સાથે ગણતર

૧૯૪૮માં સૌરાષ્ટ્ર સરકારની સ્થાપના થઇ ત્યાં સુધી અમારા અભ્યાસક્રમને કોઇએ સ્વીકૃતિ આપી ન હતી. અમને સમય, પિરિયડો તથા પરીક્ષા વગેરેના જડબંધનો ન હતા. વરસાદ શરૂ થાય એટલે બીડ-ડુંગરમાં નાહવા, ધોધમાં કૂદવા નીકળી પડીએ. વર્ષ નબળું હોય ત્યારે અનાજ સમિતિમાં પણ વિદ્યાર્થીઓને જોતરીએ. રસોયો ભાગી જાય તો તરત રોટલાવર્ગ શરૂ થાય. રસોડામાં સૌ નાનાં મોટા કામે લાગી જાય. રસોયાની સાડીબારી નહીં.

અમે જોયું કે બધાની ભણવાની ભૂખ **શિક્ષણ શાસ્ત્રે** નક્કી કરેલી ઉંમરે અને સમયે ઊઘડે જ એ માન્યતા સાચી નથી. અમે કોઇની બૌદ્ધિક પ્રગતિ જોઇને એને આગલો નંબર આપતા નહીં. જેની જે બાબતમાં આવડત તેને અમે સૌ પાસે ધરી દેતા. શિક્ષણમાં હોશિયારીનો આજનો ગજ એ નરી ફિશિયારી જ છે એમ અનુભવે કહી શકું છું.

એ કાળના આ રીતે ભણેલા સૌ વિદ્યાર્થીઓમાં મોટાભાગના પોતાનો રસ્તો સ્વમાનભેર જાતે કાઢનારા નીકળ્યા, તે પણ અમે જોયું.

ખરી રીતે સવાલ માહિતી આપવાનો નથી પણ આત્મવિશ્વાસ અને સમજણ આપવાનો છે.

*- મનુભાઇ પંચોળી 'દર્શક' (પ્રેષક : શાંતિલાલ સંઘવી)*

***અન્ન, જળ અને સુભાષિત એ ત્રણ મહારત્નો છે.***

CUT FROM HERE

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## વર્ષ ૨૦૧૦ની વિવિધ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાઓનું માહિતી પત્રક

**(નોંધ : ફોર્મ ભરતાં પહેલાં પાછળની સૂચનાઓ અવશ્ય વાંચી જવી)**

નોંધણી ક્રમાંક

તા. :

વાલીનું પૂરું નામ અને અટક ______________________
(વાલીનું નામ) (દાદાનું નામ) (અટક)

કચ્છમાં ગામ ____________ તાલુકો ____________ જ્ઞાતિ/પેટા જ્ઞાતિ ____________

પત્રવ્યવહારનું પૂરું સરનામું ______________________

______________________ પીન ____________ ફોન ____________

તા. – – ૨૦૧૦ વાલીની સહી ____________

| ક્રમ | વિદ્યાર્થીનું નામ – પિતા – દાદા – અટક | વય | ઉત્તીર્ણ કરેલું ધોરણ | કયા ધોરણમાં આવ્યા | મેળવેલ માર્ક | કુલ માર્ક | કુલ ટકા | પરીક્ષા પાસ કરી હોય તે શાળા/કૉલેજનું નામ અને સ્થળ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

***પુરસ્કારપાત્ર વિદ્યાર્થીના વાલીઓને વિનંતી કે તેઓના પુરસ્કાર સ્વામિવાત્સલ્યના દિવસે જ મેળવી લેવા. પછીથી ક્ષમા.***

**ફોર્મ ભરીને મોકલવાની છેલ્લી તારીખ : 30-૬-૨૦૧૦**

*(નામ વધુ હોય તો બીજું પાનું જોડવું)*

# સૂચનાઓ

(૧) આ પુરસ્કાર યોજના આ સમાજ હેઠળ આવરાયેલા અમદાવાદ - ગાંધીનગર અને તેની આજુબાજુના વિસ્તારોમાં વસવાટ કરનાર કચ્છી જૈન પરિવારોના અભ્યાસ કરતા બાળકો માટે છે.

(૨) ફોર્મમાં માગ્યા પ્રમાણેની પૂરી વિગતો સ્પષ્ટ વંચાય તે રીતે ગુજરાતી ભાષામાં સારા અક્ષરે ભરવી. નામો ટૂંકાક્ષરી ન લખતાં પૂરેપૂરાં લખવાં. ભરેલું ફોર્મ **તા. ૩૦-૬-૨૦૧૦** સુધીમાં મળી જાય તે રીતે આ સરનામે મોકલવું. **પુરસ્કાર સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦૦૦૬.** અન્યત્ર મોકલાયેલાં ફોર્મની કે ટપાલમાં મોડાં કે ટપાલમાં ગેરવલ્લે ગયેલાં ફોર્મની જવાબદારી સ્વીકારાશે નહી. પરબિડિયા પર યોગ્ય મૂલ્યની ટિકિટો (ટપાલના નવા દર પ્રમાણે) લગાડવી. દંડ થયેલી ટપાલ સ્વીકારાતી નથી.

(૩) ચાલુ વર્ષ દરમ્યાન ભણતા, ચાહે તે પાસ થયા હોય કે ફેઈલ, બધાના નામો મોકલવા. ધોરણ-૫થી ઉપરના વર્ગના દરેક વિદ્યાર્થીએ ફોર્મની સાથે ગુણ પત્રકની અધિકૃત નકલ જોડવી ફરજિયાત છે. જે વિદ્યાર્થીઓના ગુણપત્રક પછીથી આવવાના હોય તેમણે તેની નોંધ ફોર્મમાં જરૂરથી લખવી.

(૪) શૈક્ષણિક ક્ષેત્રે કોઈપણ વિશિષ્ટતા મેળવનાર વિદ્યાર્થીઓના ફોર્મ સાથે આવી વિશિષ્ટતાના અધિકૃત પુરાવા (વર્તમાન પત્રમાંના ઉલ્લેખો વગેરે)ની અધિકૃત નકલો સાથે અલગ કાગળ પર ઉલ્લેખ કરવો.

(૫) નીચેની વિગતો અનુસાર ચાલુ વર્ષે ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ પુરસ્કારને પાત્ર છે.

(ક) નર્સરી/બાલમંદિર/કે.જી. થી ધો ૭ સુધીના વર્ગોમાં ઉત્તીર્ણ થયેલા તમામ વિદ્યાર્થીઓ પુરસ્કારને પાત્ર છે. ઉત્તીર્ણ થયેલ ધોરણ-૫ થી ઉપરના વિદ્યાર્થીએ માર્કશીટ મોકલવી જરૂરી છે.

(ખ) ધોરણ-૮ અને તેથી ઉપરના વર્ગના દરેક વિદ્યાર્થીએ ફોર્મની સાથે ગુણપત્રકની અધિકૃત નકલ જોડવી ફરજિયાત છે.

(ગ) (i) ધો. ૮થી પૂર્વસ્નાતક **(Under graduate)** સુધીના તેમજ સર્ટિફિકેટ, ડિપ્લોમા કે તેમના સમકક્ષ વર્ગની પરીક્ષામાં **૬૦.૦ ટકા ગુણ** કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીના GUJCET નું પરિણામ જરૂરથી બીડવું.

(ii) સ્નાતક **(Graduate)** વર્ગની પરીક્ષામાં **૫૦.૦ ટકા** કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર, અને

(iii) અનુસ્નાતક **(Post Graduate)** વર્ગની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર **દરેક વિદ્યાર્થી** પુરસ્કાર પાત્ર છે. આવા વિદ્યાર્થીઓનાં ગુણપત્રકની અધિકૃત નકલો ફોર્મ સાથે બીડવી જરૂરી છે.

(૬) **પોતાનું ફોર્મ સમાજને મળી ગયું છે કે કેમ તે નિશ્ચિત કરવા ઈચ્છનારે પોતાના સરનામાવાળું પોસ્ટકાર્ડ (પૂરતી સ્ટેમ્પવાળું) સાથે બીડવું, જેના પર ફોર્મ મળી ગયાની પહોંચ અત્રેથી મોકલી આપવામાં આવશે. સંસ્થાની ઓફિસે રૂબરૂ ફોર્મ આપી જનારે પોતાના ફોર્મનો નોંધણી ક્રમાંક મેળવી લેવો.**

***<u>પુરસ્કાર સમિતિ</u>*** **: પંકજ ગોગરી (કન્વીનર), મનીષ વીરા, વિજય દેઢિયા, પારસ રાંભિયા, શ્રીમતી સ્મિતા શાહ, શશીકાંત ગાલા, કુ. સુજલ શાહ, નિમેષ ગોગરી.**

***પંકજ મેઘજી ગોગરી,*** *કન્વીનર - પુરસ્કાર સમિતિ*